
॥ હરિ:ૐ ॥



# શ્રી ઝીણાકાકા સાથે

# વાર્તાલાપ

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સૂરત

॥ હરિઃૐ ॥

# શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ

: લેખક :

ડૉ. મનસુખભાઈ પટેલ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : ટ્રસ્ટીમંડળ
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
website : www.hariommota.org

❑ © હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ

❑ આવૃત્તિ વર્ષ પ્રત

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૨૦૧૫ | ૩૦૦૦ |
| બીજી | ૨૦૧૭ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૬ + ૨૧૩ = ૨૨૯

❑ કિંમત : **રૂ.** ૩૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ મુદ્રણશુદ્ધિ : **શ્રી જયંતીભાઈ જાની** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ **અક્ષરાંકન : અર્થ કૉમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી.યુ. શાહ કૉલેજ પાસે, ઈન્કમટેક્સ,
અમદાવાદ-૩૮૦ ૦૧૪, ફોન : મો. ૦૯૩૨૭૦૩૬૪૧૪
email : kanubhai.arth@gmail.com

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨ ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટાના સાહિત્યના અભ્યાસને જ પોતાના જીવનનો નિત્યક્રમ બનાવનાર, પોતાના જીવનમાં પૂ. ભાઈશ્રી નંદુભાઈનો સંગ પામી ધન્ય થઈ ઘણું ઘણું પામનાર, શ્રી ઝીણાકાકાના અત્યંત પ્રિય અને કૃપાપાત્ર, સવિશેષ જેમના નિમિત્તે શ્રી ઝીણાકાકા વ્યક્ત થયા, આ પુસ્તકની પ્રથમ આવૃત્તિના પ્રણેતા અને આદર્શ દંપતી

**આદરણીય ડૉ. શ્રી મનસુખભાઈ પરસોત્તમભાઈ પટેલ**

તથા

**શ્રીમતી શારદાબહેન મનસુખભાઈ પટેલને**

'શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ'ની આ બીજી આવૃત્તિ સપ્રેમ સમર્પણ કરતાં અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા.૫-૪-૨૦૧૭
રામનવમી, સં.૨૦૭૩
શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કારદિન

**-ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી ઝીણાકાકાને અર્ઘ્ય

ભક્ત બીજ પલટે નહિ, જો જુગ જાય અનંત,
ઊંચનીચ ઘર અવતરે આખર સંત કો સંત.
**(ભક્તમાળ)**

# વિભૂતિયોગ

કૈં જે વિશેષ જાણીતા વિશ્વમાં તે થયા ન છે,
પ્રતિષ્ઠા જે થયેલામાં છો ના તેમનું સ્થાન છે.
પોતાના કરતાં એવા ઘણા બીજાને અર્થ તે,
હર્ષે ફના થયેલ છે છતાં જાણ્યું ન કોઈએ.
પોતાને માટ ઉચ્ચાર્યો એક્યે શબ્દ ના કદી,
અજાણ્યા એકલા પોતે આવ્યા તેવા ગયા મરી.
સંસારથી તરી એવા અદૃશ્ય વીર કોઈક,
એવાય શા વિભૂતિને યોગ્ય છે પાત્ર લાયક !

'જીવનગીતા', અધ્યાય-૧૦ **- મોટા**
પૃ. ૨૩૧, આ. ૪

॥ હરિ:ૐ ॥

# લેખકનું નિવેદન

ઈ. સ. ૧૯૭૨માં સૌ પ્રથમ વખત મારા આપ્ત મિત્ર ડૉ. હર્ષદભાઈ મહેતાના નિમિત્તે હરિ:ૐ આશ્રમની મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ય થયું. ત્યારે પૂ. શ્રીમોટાનાં દર્શન પણ થયાં. પછી પૂ. નંદુભાઈના ગાઢ સંપર્કમાં રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. સમય હતો ઈ. સ. ૧૯૭૫ થી ઈ.સ. ૧૯૮૭નો. આમ, પૂરાં બાર વર્ષ ભાઈશ્રી નંદુભાઈનું સાંનિધ્ય સાંપડ્યું. તે સમય દરમિયાન શ્રી ઝીણાકાકાને પણ મળવાનું થતું, પરંતુ શ્રી ઝીણાકાકાના ગાઢ સંપર્કમાં આવવાનું થયું ઈ. સ. ૧૯૮૦ થી ઈ.સ. ૨૦૦૪ સુધી.

આ સમય દરમિયાન મારા જીવનના અંગત પ્રશ્નો લઈને પણ હું, ઝીણાકાકા પાસે જતો. તેઓ દરેક પ્રશ્નોનું ખૂબ જ સરળતાથી નિરાકરણ કરી આપતા. પછી ભલે એ પ્રશ્નો આધ્યાત્મિક હોય કે અંગત કૌટુંબિક હોય. આ દરમિયાન મને મનમાં થયું કે ઝીણાકાકા સાથે થતાં વાર્તાલાપને રેકર્ડ કર્યો હોય તો બીજા જિજ્ઞાસુઓને પણ ઉપયોગમાં આવી શકે.

આમ તો ઝીણાકાકા પોતાની વાણી રેકર્ડ કરવાની અનુમતિ કોઈને આપવા રાજી નહિ, પરંતુ એક દિવસ હિંમત કરીને મેં આ બાબતમાં તેઓની અનુમતિ માગી. સદ્‌ભાગ્યે તેઓએ ખૂબ જ પ્રેમપૂર્વક રેકર્ડ કરવાની અનુમતિ આપી. ત્યાર પછી આ રેકર્ડ કરવાનો સિલસિલો શરૂ થયો, ઈ.સ. ૧૯૯૦ થી ઈ.સ. ૨૦૦૪ સુધી.

છેલ્લાં છ વર્ષોથી મને મનમાં થયા કરતું હતું કે આવી સત્સંગની વાતોની યોગ્ય જાળવણી થઈ શકે તો કેવું સારું !

આથી, પૂ. શ્રીમોટાના આશીર્વાદથી બધી જ કૅસેટો સાંભળીને લખવાનું શરૂ કર્યું. તે કામમાં મારા સહૃદયી મિત્રોનો પણ દિલનો સાથ મળ્યો. આ કાર્યમાં મને મદદરૂપ થનાર મારા મિત્રો તથા અન્ય તમામ સજ્જનોનો હું આભાર માનું છું.

હું કોઈ સાહિત્યકાર કે લેખક નથી. અહીં ઝીણાકાકા સાથેના વાર્તાલાપમાંથી જીવનનું માર્ગદર્શન પુસ્તકરૂપે રજૂ કર્યું છે, જેમાં આધ્યાત્મિક તેમ જ રોજબરોજના સામાન્ય પ્રશ્નોનું અને કોયડાઓનું નિરાકરણ છે. પૂ. ઝીણાકાકાની વાતો વ્યક્તિગત તેમ જ સમાજોપયોગી છે. સાંપ્રત સમયમાં સૌ કોઈ આ વાતોમાંથી પોતપોતાનો ઉકેલ મેળવી શકે એવી શુદ્ધ અને નમ્ર ભાવનાથી આ રજૂઆત કરી રહ્યો છું. હરિઃૐ આશ્રમ, સુરતનું ટ્રસ્ટીમંડળ આ પુસ્તકનું પ્રકાશન કરી રહ્યું છે, તે આનંદની વાત છે. હું ટ્રસ્ટીમંડળનો આભાર માનું છું.

સૌથી વિશેષ હું, પૂ. શ્રીમોટાનો ઋણી છું, જેમણે મને આ કાર્ય ઉપાડવાની પ્રેરણા આપી, પૂર્ણ કરવાની બુદ્ધિ અને બળ આપ્યું. હું, પૂ. શ્રીમોટાનો વિનમ્ર ભાવે આભાર માનું છું અને આ પુસ્તક તેઓશ્રીનાં ચરણે અર્પણ કરું છું. હરિઃૐ.

**- ડૉ. મનસુખભાઈ પટેલ**
સુરત

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

(પ્રથમ આવૃત્તિ)

પૂ. શ્રીમોટાએ શ્રી ઝીણાકાકાને 'કૃપા' પુસ્તકમાં વિસ્તૃત ભાવાંજલિ સમર્પણ કરી છે. તેનો કેટલોક અંશ પ્રસ્તુત કરીએ છીએ.

(અનુષ્ટુપ)

આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,
કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી.

આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,
ફરિયાદતણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી.

જેના વિના કદી ચાલે નહિ આશ્રમ કો રીતે,
સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને.

'પ્રાણ આશ્રમના પોતે, છતાં પોતે ન કૈં જ છે,'
એ રીતે જીવને વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે.

પૂ. શ્રીમોટામાં શ્રીરામનાં દર્શન કરનાર, અનન્ય ભક્ત અને કર્મયોગી વીર પૂ. શ્રી ઝીણાકાકા, હરિઃૐ આશ્રમ, સુરતના પાયાના પથ્થર અને પૂ. શ્રીમોટાના અનન્ય સેવક બની રહ્યા.

**શ્રી ઝીણાકાકા કહેતા કે -**

**'ભગવાનના માર્ગે વિચારી વિચારીને કશું થતું નથી. શ્રદ્ધાના બળથી જ આગળ વધાય છે. આપણે જે ફોટાને પગે લાગીએ છીએ, તે ફોટાનું દર્શન કરી લઈએ તોપણ *મોટા*નું દર્શન થઈ જાય. ફોટામાં છે તે *મોટા* આપણી વાત સાંભળે તો છે જ, પણ**

**બોલતા નથી એટલું જ ! *મોટા* એટલે જ ભગવાન. ભગવાન જે કરે તે સારા માટે કરે, ભગવાન જે કરે તે સારું કરે.'**

**શ્રી ઝીણાકાકા એવું પણ કહેતા કે,**

**'સાહિત્યને લગતું કામ હોય કે આશ્રમને લગતું કામ હોય, એ કામ *મોટા*ને યાદ રાખીને, ભાવ રાખીને કરવું જોઈએ.' *મોટા* કહેતા, 'આશ્રમનું કામ કરો તે પણ ભગવાનની ભક્તિ છે. અહીં આવીને ખાલી ખાલી પગે લાગીને ચાલ્યા જશો તો તેનો કોઈ અર્થ નથી.'**

સ્વરાજ આશ્રમ, બારડોલીવાળાં નાનીબહેન (શ્રીમતી નિરંજનાબહેન કલાર્થી) કહેતાં કે, **મોટા**, તમારા વિશે (શ્રી ઝીણાભાઈ વિશે) કહેતા કે, 'જો નાની, આ ઝીણાભાઈ અમારી કર્મયોગી મા છે.'

પૂ. શ્રીમોટાના પડ્યા બોલે પ્રખર પુરુષાર્થ થકી કૃપાના અધિકારી એટલે શ્રી ઝીણાભાઈ, આશ્રમમાં આવનાર બાળકોના વહાલા ઝીણાદાદા, સૌ સ્વજનોને મન આદરણીય ઝીણાકાકા, ચીવટાઈ, સ્વચ્છતા અને સમયના આગ્રહી. તેઓને આશ્રમનાં કોઈ પણ કર્મની નાનમ નહિ. સેવકો ગામ ગયા હોય કે કામ બાકી રહી ગયું હોય તો શરીર અને ઉંમરનો વિચાર કર્યા વિના હાથમાં ઝાડુ લઈને સફાઈ કરવા માંડે. **શ્રી ઝીણાકાકાએ મુક્ત મને કરેલ વાતો સાંપ્રત સમાજને ઉપયોગી બની રહેશે. પૂ. શ્રીમોટાના હૃદયોદ્‌ગાર છે,**

**'ઝીણાભાઈ, વહાલા ઝીણાભાઈ, તને તો કેમ ભૂલું ?**
**તું તો મારો આશ્રમ છે.'**

અસ્તુ

સુરત, તા. ૨૮-૩-૨૦૧૫ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી સં. ૨૦૭૧ હરિઃૐ આશ્રમ, સુરત
પૂ. શ્રીમોટાનો ૭૭મો
સાક્ષાત્કારદિન

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

સુરત, હરિઃૐ આશ્રમમાં આવનાર સ્વજન શ્રી ઝીણાકાકાને જાણે નહિ એવું બને જ નહિ. સૌના લાડીલા, સૌને પોતીકા ગણનારા, સ્વભાવે ઓછું બોલનારા, સતત કાર્યરત અને પૂ. શ્રીમોટાના વિચારોમાં સતત મગ્ન રહેનારા શ્રી ઝીણાકાકા જેવું વિરલ વ્યક્તિત્વ ભાગ્યે જ જોવા મળે. સંતપુરુષ પ્રત્યેનો શરણભાવ અને સમર્પણભાવ કોને કહેવાય તે શ્રી ઝીણાકાકાને જોતાં જ જણાઈ આવે.

શ્રી ઝીણાકાકાએ ડૉ. મનસુખભાઈ પટેલને (સુરત) પોતાની વાતો તેમ જ પ્રશ્નોત્તરીનું ટેપરૅકૉર્ડિંગ કરવાની અનુમતિ આપીને સૌ સ્વજનો પર કૃપા કરી છે. શ્રી ઝીણાકાકાની અનુમતિ આપણને ડૉ. સાહેબની ભૂમિકાનો ખ્યાલ આપી જાય છે. અંદાજે ૧૦૦ જેટલી કૅસેટવાણીમાંથી ચુનંદા વિષયો ઉપર વીણી વીણીને એકઠી કરેલી માહિતી પુસ્તક આકારે પ્રસ્તુત કરવામાં ડૉ. સાહેબ તથા તેમના સહયોગીઓએ જે મહેનત કરી છે, તેનું મૂલ્ય શબ્દોથી આંકી શકાય એમ નથી. માત્ર ને માત્ર પૂ. શ્રીમોટા, પૂ. ભાઈશ્રી નંદુભાઈ અને શ્રી ઝીણાકાકા પ્રત્યેનો હૃદયસ્થ ભાવ જ આ કાર્ય કરાવી શકે. અમો ડૉ. શ્રી મનસુખભાઈ પટેલ તથા તેમના સહયોગી સ્વજનોનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આ વાર્તાલાપમાં શ્રી ઝીણાકાકા, આશ્રમની સ્થાપના વિશે, પૂ. શ્રીમોટા વિશે, આદરણીય શ્રી ભીખુકાકા વિશે, રંગૂનવાળા

પરિવારના મોભી આદરણીય શ્રી કમુબા વિશે તથા પોતાના જીવનના પ્રસંગો વિશે ખુલ્લા મને વ્યક્ત થયા છે.

શ્રી કમુબા અને પૂ. શ્રીમોટાનો સંબંધ અનન્ય હતો. સામાન્ય જન કરતાં વેંત ઊંચો. આથી, આ પુસ્તકમાં શ્રી કમુબાની વાતોને અલગથી સ્વતંત્ર પ્રકરણમાં સમાવવામાં આવી છે.

આ તમામ માહિતી પુસ્તક આકારે 'શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ'ના શીર્ષક હેઠળ પ્રકાશન થઈ રહી છે, જે તમામ રીતે માહિતીસભર, લોકોપયોગી સંપૂર્ણ પુસ્તક છે. સંસારી જીવનનું માર્ગદર્શન આ વાર્તાલાપમાંથી સ્વજનોને જરૂર મળી રહેશે. આ પુસ્તકના કેટલાક અંશનું ઓડિયો સીડીરેકૉર્ડિંગ 'પૂ. ઝીણાકાકાએ કહેલી વાતો'ના શીર્ષકથી આશ્રમમાં વેચાણ માટે ઉપલબ્ધ છે.

આ પુસ્તકની બીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ વિના મૂલ્યે કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગને કારણે જ પૂ. શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજનાં ચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ

તા.૫-૪-૨૦૧૭ **-ટ્રસ્ટીમંડળ,**

રામનવમી, સં.૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કારદિન

॥ હરિ:ૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રી ઝીણાકાકા સાથે વાતો | ૧ |
| ૨. | શ્રી શ્રીઝીણાકાકા સાથે આશ્રમ અંગેની તથા શ્રી શ્રીમોટા વિશેની વાતો | ૬૮ |
| ૩. | શ્રી ઝીણાકાકાના મુખે શ્રી ભીખુકાકાની વાતો | ૯૨ |
| ૪. | શ્રી ઝીણાકાકાની 'કૃપા' વિશે વાતો | ૯૬ |
| ૫. | પૂજ્ય શ્રીમોટાના સાહિત્ય વિશે | ૧૦૪ |
| | **વિશિષ્ટ વ્યક્તિઓ** | **૧૧૩** |
| ૬. | શ્રી ઝીણાકાકાએ કહેલી હેતુલક્ષી વાર્તાઓ | ૧૧૮ |
| ૭. | કમુબા સાથે પ્રશ્નોત્તરી (આશ્રમ - પૂ. શ્રીમોટા - શ્રી ઝીણાકાકા વિશે) | ૧૨૩ |
| ૮. | શ્રી ઝીણાકાકાનાં વિચારપુષ્પો | ૧૪૪ |
| ● | **પૂ. ઝીણાકાકા પ્રસંગો કહે છે...** | |
| – | **પોતાના વિશેના** | **૧૪૭** |
| ૧. | ગાંધીજી - મહાન વિભૂતિ | ૧૪૭ |
| ૨. | ભગવું પહેરીને આવે તે ભગવાન જ | ૧૪૮ |
| ૩. | શ્રીબાલયોગી મહારાજનું પ્રથમ દર્શન | ૧૪૯ |
| ૪. | પૂજ્ય શ્રીધૂણીવાળાદાદાનું દર્શન | ૧૫૦ |
| ૫. | પચાસે પડી ફાળ | ૧૫૧ |
| ૬. | અમારે ત્યાં આવી કઢી બનતી નથી ! | ૧૫૧ |
| ૭. | દક્ષિણ ભારતની યાત્રા - ધ્રુવ જેવો ભાવ | ૧૫૨ |
| ૮. | ઉત્તર ભારતની યાત્રા | ૧૫૩ |
| ૯. | મારે પગે પણ બહુ મોટો સાપ અથડાયો | ૧૫૫ |

૧૦. કૂતરાને રોટલો નાખવા બાબતે ૧૫૬
૧૧. તારા વતી હું બધું કરી લઈશ ૧૫૭
૧૨. મારા કાનમાં કોઈ કહ્યા કરે છે ૧૫૭
૧૩. આશ્રમ ફરતે દીવાલ ૧૫૮
૧૪. અમને બધું **મોટા**એ જ શિખવાડેલું ૧૫૯
૧૫. રસોડામાં સાપ ૧૫૯
૧૬. હું તારા કરતાં વધારે કામ કરતો ૧૬૦
૧૭.ત્યારે ખાતરી થઈ કે **મોટા** ને ભગવાન એક ૧૬૧
૧૮. જો મગન, ટાંકી ભરાઈ ગઈ ૧૬૨
૧૯. આપણી તો આ જ હિમાલયયાત્રા ૧૬૩
૨૦. **મોટા**એ ગલેલી ખવડાવી ! ૧૬૪
૨૧. માફ કરવું તે બહુ મોટી વાત ૧૬૪
● **પૂ. શ્રીમોટાના જીવનના પ્રસંગો** **૧૬૭**
૧. મૂળજીકાકાને સ્મશાનમાં બીક લાગી ૧૬૭
૨. અમે તો એમની પાસે ચાના કપ ધોવડાવતા ૧૬૮
૩. ચંપલનું પોટલું માથે લઈને **મોટા** સુરત આવતા ૧૬૮
૪. આપણે એની કદર કરવી જોઈએ ૧૬૮
૫. ઈચ્છામૃત્યુ આપ્યું ૧૬૯
૬. તોપણ તેઓને લાભ તો ખરો જ ૧૭૦
૭. આપણને તો ભગવાન અંદરથી બોલ્યા જ કરે ૧૭૦
૮. આપણે ટિફિન ભરી લેવું ૧૭૧
૯. સહજાનંદ સ્વામી અને **મોટા** મળ્યા ૧૭૧
૧૦. મૃત્યુ સમયે **મોટા**નું દર્શન ૧૭૧
૧૧. પરદેશમાં સુખાભાઈને મદદ ૧૭૨
૧૨. સંતનું અવળું બોલીએ તો ૧૭૩
૧૩. હે ભગવાન ! અમારી લાજ રાખજે ૧૭૩

૧૪. મહાદેવ તો તમારી સામે જ બેઠેલો છે ૧૭૫
૧૫. રાજગરી ગામના નીરાબનમાં **મોટા** ૧૭૫
૧૬. મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર ૧૭૬
૧૭. વિનાયકભાઈ બહુ મસ્તી અને આનંદમાં ૧૭૭
૧૮. મૌનમંદિરના રસ્તા વિશે ૧૭૭
૧૯. લોકો આ માટી લઈ જશે ૧૭૮
- **શ્રી ભીખુકાકાના પ્રસંગો ૧૭૯**
૧. આમ, મારું પેટ ક્યારે ભરાય ? ૧૭૯
૨. હું અહીં બોર્ડ મારવાનો છું ૧૮૦
૩. હું વકીલનો મોટો ભાઈ ૧૮૦
૪. આવા હતા ભીખુકાકા ૧૮૧
૫. ભીખુભાઈએ આ વાત કરી હતી ૧૮૧
૬. આશ્રમનું નિમિત્ત ભીખુકાકા ૧૮૨
૭. ભીખુકાકાને લીધે લોકોને **મોટા**ની જાણ થઈ ૧૮૫
૮. ભીખુભાઈનું તેજ ને રૂપ હનુમાનદાદા જેવું ૧૮૬
૯. એના ભાગ્યમાં નહિ ૧૮૭
૧૦. **મોટા**ને ટપલી મારીને વાત કરતા ૧૮૭
૧૧. કામ મારું છે કે ભીખુકાકાનું ? ૧૮૮
૧૨. જમીન ફાડીને અનાજ નીકળશે ૧૮૮
૧૩. ભગવાનને ધરાવીને જ ખાવું ૧૮૮
૧૪. તમારાથી આટલું ખાવાનું છૂટતું નથી ૧૮૯
૧૫. બન્ને ભાઈઓ ખાવાના ભારે શોખીન ૧૮૯
૧૬. વિદ્યાકાકીનું મોત માગવા ભીખુકાકા **મોટા** પાસે ગયા ૧૯૦
૧૭. ખાવાનું ખૂટ્યું નહિ ૧૯૧
૧૮. હસતાં હસતાં ભીખુભાઈનું ડોકું ઢળી ગયું ૧૯૧

- **અન્ય પ્રસંગો** **૧૯૩**

૧. 'એ જ ગીતાજીનું રહસ્ય' - ગાંધીજી ૧૯૩
૨. નથ્થુરામ એ જ મગરમચ્છ ૧૯૪
૩. શ્રીધૂણીવાળાદાદાએ બાળકને ધૂણીમાં ફેંકી દીધું ૧૯૫
૪. મોહનકાકા વૈદ્ય બહુ દાનેશ્વરી ૧૯૫
૫. ભગવાન તરફ બિલકુલ મોં નહિ ૧૯૬
૬. શ્રીકૃષ્ણ ભગવાનની કેટલી નમ્રતા ૧૯૬
૭. એક ભાઈ સાજા થઈ ગયા ૧૯૬
૮. અહીં પ્રેમનું ઝરણું ફૂટેલું છે ૧૯૭

- **લવાછાના ભગત** **૧૯૮**
- **ભાવાંજલિ - વહાલા ઝીણાભાઈને ચરણે..** **૨૦૫**


•

॥ હરિઃૐ ॥

# શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- મોટા**

‘જીવનદર્શન’, આ.-૧૧, પૃ-૪૩૧

**હે ભગવાન, તમારે જેમ કરાવવું હોય તેમ કરાવજો, પણ અમને સદ્‌બુદ્ધિ આપજો.**

**- ઝીણાકાકા**

॥ હરિ:ૐ ॥

# (૧) શ્રી ઝીણાકાકા સાથે વાતો

**સ્વજન :** કાકા, ભાવ વિશે બરાબર સમજાવોને ?

**ઝીણાકાકા :** આપણામાં ભાવ જાગે તો એ સમજાય. આપણે ભાવભક્તિ જગાડવાં પડે. ભાવ જાગે તેની લક્ષણોથી ખબર પડે. શરૂઆતમાં આપણને બહુ અઘરું લાગે, પરંતુ **મોટા**એ કહ્યું છે કે, **'તમે મારું કામ કરો તો આશીર્વાદ પણ મળશે ને ભાવ પણ જાગશે.'** ભાવભક્તિ આપણામાં જાગે તો જુદી મઝા એની.

**સ્વજન :** ભાવ જાગે ત્યારે શું થાય ?

**ઝીણાકાકા :** જ્યારે ગુરુમાં કે ભગવાનમાં મન લાગે, ત્યારે અંદરથી ઉત્સાહ, પ્રસન્નતા અને ભાવ જાગે. જ્યારે ભાવ જાગે, ત્યારે આપણું હૈયું ગદ્ગદ થઈ જાય. આપણી અંદર એટલી બધી ઊર્મિ પ્રગટે ને રસ પણ એટલો બધો જામે

કે ન પૂછો વાત ! તે વખતે આપણને ઘણું સારું લાગે. આપણી આંખમાંથી આંસુ પણ નીકળી જાય. ભાવ જાગે એટલે આપણામાં રહેલી તૃષ્ણાઓ ઓછી થઈ જાય. આપણે નામસ્મરણનો એકધારો મહાવરો પાડીને, અભ્યાસ કરીને મથ્યા કરીએ ત્યારે અંદરથી ભાવની છોળો ઊછળે. પછી ગુરુમહારાજની કૃપા થાય.

**સ્વજન :** આપણામાં ભાવ જાગે પછી જળવાઈ રહેવો જોઈએને ?

**કાકા :** આપણે વિચારે ચડી જઈએ ને મન ભમતું થઈ જાય તો ભાવ જતો પણ રહે. આપણામાંથી રાગદ્વેષ વગેરે ઓછા થઈ જાય તો ભાવ કાયમ જાગતો થઈ જાય, પણ એ તો બહુ ઊંચી દશા હોય ત્યારે થાય.

**સ્વજન :** ભાવને ટકાવવા માટે શું કરવું ?

**કાકા :** ભાવને ટકાવી રાખવા માટે તો ખૂબ જ જાગૃતિ રાખવી જોઈએ, પણ એ આપણાથી રહેતી નથી. એટલે રાગદ્વેષ આવીને ઊભા રહે છે અને રાગદ્વેષ આવી જાય એટલે પછી આપણામાં ભાવ ટકે નહિ. યોગ્ય ભૂમિકા ના મળે તો ભાવ ટકાવવો અઘરો. ભાવ પાછો જતો પણ રહે.

**સ્વજન : મોટા**એ 'ભાવ' વિશે કેવું સરસ લખ્યું છે !

**કાકા :** ભાવ વિશે કોઈએ લખ્યું નથી. 'ભાવ' વિશે લખવું એ નાનીસૂની વાત નથી. 'ભાવ' વિશે તો **મોટા** જ લખી શકે.

**સ્વજન :** એકનિષ્ઠ ભાવની સ્થિતિ થવામાં કેટલાય જન્મો જતા હશેને ?

**કાકા :** હા, એકનિષ્ઠ ભાવની સ્થિતિ થવામાં ઘણા જન્મો જાય, પરંતુ જો **મોટા** તરફ પ્રીતિ થઈ જાય તો **મોટા** ઘણા જન્મો ટાળી પણ દે. એ જ ભગવાનની કૃપા. સદ્‌ભાવ જળવાઈ રહેવો જોઈએ. બસ.

**સ્વજન :** નમ્રતા કેવી રીતે આવે ?

**કાકા :** એ ગુણોને કેળવવા પડે. કેળવીએ તો આવે. ગુણો એટલે ઉદારતા, વિશાળતા, સહનશક્તિ, ધીરજ, સાહસ, હિંમત, પ્રસન્નતા વગેરે.

**સ્વજન :** કોક દિવસ હૃદયથી ભાવ જાગે ને કોક દિવસ વળી ભાવ ખૂટતો હોય એવું લાગે, ઝીણાકાકા ?

**કાકા : 'હૃદયથી ભાવ જાગે ત્યારે જાણવું કે *મોટા*ની હાજરી છે.' *મોટા*એ એવું લખ્યું છે.**

**સ્વજન :** આપણે ધંધા પર હોઈએ ત્યારે નામસ્મરણ કેવી રીતે થાય ?

**કાકા :** મનમાં થઈ શકે અને આપણે જે કાંઈ કરીએ તે સમર્પણભાવે ભગવાનને અર્પણ કરી દેવું અને કહેવું કે, **'તમારે જેમ કરાવવું હોય તેમ કરાવજો, પણ અમને સદ્‌બુદ્ધિ આપજો.'**

**સ્વજન :** નવરાશના વખતમાં ઘણા વિચારોમાં મન ચાલ્યું જાય છે. તેનું શું કરવું ?

**કાકા :** એટલે કે આપણું મન હજુ કેળવાયું નથી. સંસાર-વહેવારમાં રચ્યુંપચ્યું છે. તેને માટે તો પ્રાર્થના ને સ્મરણ કરીએ તો વિચારોમાંથી ધીમેધીમે મન નીકળશે. જો તેને માટે આપણે કાંઈ મહેનત નહિ કરીએ તો નહિ નીકળે.

**સ્વજન :** કાકા, આશીર્વાદથી થઈ જાય એવું તો નહિને ?

**કાકા :** ના, **મોટા** કહેતા કે, 'બે પૈસાની વરિયાળી પણ ગાંધીને ત્યાં મફત મળતી નથી, તો પછી મફતમાં આશીર્વાદ ક્યાંથી મળવાના !' ઘણી વાર **મોટા** એમ પણ કહેતા કે, 'આ મારી સાસુનાને કાંઈ કરવું નથી ને મને એમ કહે છે કે, 'આશીર્વાદ આપો !' 'મારી સાસુનો' એવો શબ્દ **મોટા** ઘણી વાર વાપરતા હોં !

**સ્વજન :** કાકા, રાગદ્વેષ કાઢવાનું બહુ અઘરું લાગે છે. આપણને એવું હોય કે રાગદ્વેષ નીકળી ગયા છે, પણ મન એમાં અટવાતું જ હોય.

**કાકા :** લાગે કે રાગદ્વેષ નીકળી ગયા પણ એ તો અંદર હોય જ.

**સ્વજન :** રાગદ્વેષનું બી અંદર પડેલું જ હોય, એ બીજને બાળવા શું કરવું ?

**કાકા :** એને માટે તો આપણામાં ઉત્સાહ અને ધગધગતી તમન્ના જાગે તો જ રાગદ્વેષ જાય. આપણે એની પાછળ પડવું જોઈએ, પણ આપણાથી પડાતું નથીને ! આ માર્ગમાં તો ફનાગીરી કરવી પડે. **મોટા** એમ કહેતા કે, 'આ તો ફનાગીરીનો ધંધો છે.' પછી કોઈ એમ વિચારે કે, આપણે તો સંસારમાંય રહેવું છે ને આ પણ કરવું છે તો તેમ ના થાય. સંસારમાં થોડું અઘરું તો પડે, પણ એમાં બહુ પાકું થાય. એમાંથી જે બહાર નીકળે એનું એકદમ પાકું થઈ જાય. પેલો સાધુ તો એકાંતમાં બેસીને સાધના કર્યા કરે, એના કરતાં સંસારમાં રહીને કરીએ તો ઘણું પાકું થાય.

સંસારમાં તો આપણને કેટલાં બધાં વિઘ્નો આવે, આંટીઘૂંટીઓ આવે. એ બધાંમાંથી આપણે નીકળવું પડે અને એને માટે આપણે ભારે તપ કરવું પડે. બધાં સાથે વિનય-વિવેક રાખવો પડે. કોઈ કાંઈ બોલી જાય તોપણ આપણે એને માટે ભાવ રાખવો પડે. કોઈને નહિ ગમતું હોય એને માટે પણ ભાવ રાખવો પડે. આ રીતે સંસારમાં બહુ પાકું થાય.

**સ્વજન :** તમે આ પરમાર્થ કરવાનું કહ્યું, તો કયા અર્થમાં પરમાર્થ સમજવો ? અને ત્યાગ એટલે શું ?

**કાકા :** પરમાર્થ એટલે બીજા લોકોની ભલાઈનાં કામો કરવાં. જેમ કે કોઈ ગરીબ માણસ હોય એને મદદ કરવી. ગરીબ છોકરાંઓને ભણવામાં મદદ કરવી કે એવી ભાવના રાખવી અને ત્યાગ એટલે કોઈને આપી છૂટવું. કોઈને મદદ કરવી એને પણ ત્યાગ કહેવાય.

**સ્વજન :** આપણા વ્યાવહારિક જીવનમાં પણ ત્યાગ કરવાનો આવે. જેમ કે બે-ત્રણ ભાઈઓ હોય તેમાં....

**કાકા :** હા, ત્યાગ કરવાનો આવે જ, પણ એવો ત્યાગ કરવાની આપણામાં વૃત્તિ હોય તો જ આપણાથી ત્યાગ થઈ શકે. ધારો કે બે-ત્રણ ભાઈઓ હોય, તેમાં કોઈ કહે કે, મારે આ જોઈએ છે ને તે જોઈએ છે.' તો આપણે જતું કરી દઈએ અને કહીએ કે, 'હા ભાઈ ! તને જે ગમે તે લઈ લે.' એ ત્યાગ !

**સ્વજન :** ત્યાગ કેળવાયેલો હોય તો જ આપણે જતું કરી શકીએને ?

**કાકા :** હા, તો જ આપણે જતું કરી શકીએ. પછી

આપણને મનમાં કાંઈ લાગેય નહિ અને કાંઈ થાય પણ નહિ. જો ત્યાગ કેળવાયેલો ના હોય તો આપણને એમ થાય કે, એ લઈ લે છે તો આપણે કેવી રીતે આપવું ? આપણને પોતાને પણ જોઈએને ? એવું મનમાં થાય તો ત્યાગની ભાવના પ્રગટે જ નહિ.

**સ્વજન :** કોઈ વિશે આપણને ખોટી સમજણ પડી ગઈ હોય તે છોડીએ, એ પણ ત્યાગ કહેવાય ?

**કાકા :** હા, એ પણ ત્યાગ કહેવાય. કોઈ વિશે ગ્રંથિ બંધાઈ ગઈ હોય, તે છોડી દઈએ એનું નામ પણ ત્યાગ. જો ત્યાગ કેળવાયેલો હોય તો જ ગ્રંથિ છૂટે, નહિ તો બુદ્ધિ ખેંચીને પકડી રાખે પણ આપણા માટે થોડું અઘરું ખરું. મનમાં ચણચણાટી આવી જ જાય.

ધીમે ધીમે બધું સારું થાય. આટલી સમજણ ઊગી એ પણ આપણા માટે તો સારું કહેવાય. નહિ તો ઘણાંને એવી સમજણ જ ના હોય. એટલે તેઓ કાંઈ કશું ના કરી શકે, પણ જો આપણામાં જાગૃતિ આવે, તો બધું ઝડપથી થાય. જાગૃતિ ન આવે તો કશું થાય નહિ.

**સ્વજન :** સદ્‌ભાવ રાખવા માટે શું કરવું ?

**કાકા :** આપણે જેના માટે ત્યાગ કરવો પડ્યો હોય તે વ્યક્તિ આપણને નજર સામે દેખાય એટલે આપણા મનમાં ચણચણાટી થાય. આપણે બધાં સંસારી વાતાવરણમાં ખરાંને ! એટલે એ વાત આપણને ગળે નહિ ઊતરે, પણ ગળે ઉતારવાની. પ્રયત્ન કરીને પણ ઉતારવાની. કોઈ વાર અટકી પણ જવાય એવું બને ખરું. આપણે એટલી આધ્યાત્મિક કક્ષાએ પહોંચેલાં ન હોવાથી પેલી વ્યક્તિ સાથે મળવાનું થતાં

આપણામાં રાગદ્વેષના સંસ્કારો જાગી ઊઠે એવું થાય. એટલે **રાગદ્વેષ આપણને હેરાન કરે તો એ વખતે આપણે ભગવાનને તેમ જ સદ્‌ગુરુને પ્રાર્થના કરવી જોઈએ. એ જ મોટું બળ છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નહિ.** એટલે આપણે ભાવથી પુરુષાર્થ કરીએ તો પછી ધીમેધીમે પેલી વ્યક્તિ પ્રત્યે આપણામાં સદ્‌ભાવ આવે એવું થઈ શકે ખરું !

ધીમેધીમે બધું સારું થાય. આપણને આટલી સમજણ ઊગી એ પણ આપણા માટે તો સારું કહેવાય. નહિ તો ઘણાંને એવી સમજણ જ ના હોય. એટલે તેઓ કાંઈ કશું ના કરી શકે, પણ જો આપણામાં જાગૃતિ આવે તો બધું ઝડપથી થાય. જાગૃતિ ન આવે તો કશું થાય નહિ. આ બાબતે **મોટા**માંથી ઘણું શીખવા જેવું છે, પણ આપણાથી બધું શીખી ના શકાય. થોડું આ જન્મે, થોડું બીજા જન્મે, એમ કરતાં કરતાં બધું થશે ને ગાડી આગળ ચાલશે.

**સ્વજન :** ઝડપથી થાય તો સારુંને ?

**કાકા :** ઝડપથી કરવા માટે તો **મોટા** જેવી ઉત્કંઠા જાગવી જોઈએ. એટલી બધી ગરીબાઈમાં **મોટા**એ ધાર્યું હોત તો પૈસા કમાઈ શક્યા હોત. પરદેશની આફ્રિકાની નોકરી મળી હતી, પણ એમણે નિયમ લીધો હતો કે નોકરી નથી કરવી પણ દેશની સેવા કરવી છે. એ ત્યાગ, **અંદરનો ત્યાગ અને એ જ સાચો ત્યાગ.**

**સ્વજન :** એટલે ત્યાગ અને પરમાર્થ બન્ને કરવા જોઈએને ?

**કાકા :** હા, ત્યાગ અને પરમાર્થ બન્ને થોડાઘણા તો કરવા જ જોઈએ.

**સ્વજન :** અંદર તો સદ્‌ભાવ જ રાખવાનોને ?

**કાકા :** હા, ઉપરથી ભલે એમ લાગતું હોય પણ અંદર તો સદ્‌ભાવ જ રાખવો.

**સ્વજન :** એટલે અંદરથી સદ્‌ભાવ રાખવાને માટે સદ્‌ગુરુને નિવેદન કરવાનું એમને ?

**કાકા :** જ્યારે પ્રસંગ ચાલુ હોય ત્યારે જ સદ્‌ગુરુને યાદ કરીને પ્રાર્થના ને નિવેદન કરી દેવું.

**સ્વજન :** તો જ રસ્તો થાય, નહિ તો રાગદ્વેષના સંસ્કાર પડી જાયને ?

**કાકા :** રાગદ્વેષના સંસ્કાર પડી જ જાય. આમ જુઓ તો **મોટા**ને માર્ગે ચાલવું બહુ અઘરું છે. મથવું પડે, પણ તોયે તમે સારું મથો છો.

**સ્વજન :** આપણને એમ ખબર પડી જાય કે આપણને અન્યાય જ થાય છે અને એ પણ ખબર પડી જાય કે આપણે સામેવાળા માટે ઘસાવું પડે છે અને એ આપણા માટે ઘસાવા જરા પણ તૈયાર નથી. વળી, એવી પણ ખબર પડી જાય કે તે વ્યક્તિ આપણને ઘસારો આપવાની જ વૃત્તિ ધરાવી રહી છે, તો આપણે એવા સમયે એની સાથે કેવી રીતે વર્તવું ?

**કાકા :** હા, આપણાથી એટલું બધું નહિ ઘસાવાય. સંત-પુરુષોની વાત જુદી છે. જે સંતપુરુષ થવાના હોય એ તો પૂર્વભૂમિકા તૈયાર લઈને જ જન્મ્યા હોય. જુઓને **મોટા**ને કેટલી ગરીબાઈ હતી. છતાંય કેટલો બધો ત્યાગ કરીને તેઓ સાધનામાં જોડાયા ! ખાવાપીવાની તકલીફ પણ **મોટા**એ બહુ ભોગવેલી. વળી, ભગવાન તરફની કેટલી બધી ઉત્કંઠા કે, બસ, ધ્યેય સુધી પહોંચવું જ છે. એટલું જ યાદ હોય ! એવું

થઈ જાય ત્યારે સમજવું કે આપણી ભૂમિકા પાકી થઈ.

**સ્વજન :** અમારે ગૃહસ્થાશ્રમવાળાઓ માટે અઘરું ખરું.

**કાકા :** થોડું અઘરું ખરું, પણ જો આપણી એવી ભૂમિકા થઈ જાય તો ભગવાન મદદ કરે ખરા. ડગલે ને પગલે મદદ કરે. કાંઈ ઘટવા ના દે. ભાવથી ને પ્રેમથી ત્યાગ કરવાનું થતું હોય તો **મોટા** ઘટતું પૂરું કરે જ.

**સ્વજન :** આપણને થતા અન્યાયનો આપણે સ્વીકાર કરવો કે પ્રતિકાર કરવો ?

**કાકા :** આપણે જ્ઞાનપૂર્વક અન્યાયનો સામનો કરવો. સામનો કરતી વખતે આપણે છંછેડાઈ જવું નહિ કે અંદર હાલી ઊઠવું નહિ મનમાં ચણચણાટી પણ થવા દેવી નહિ, પરંતુ જ્ઞાનપૂર્વક સામનો તો કરવો જ. સામનો કરતી વખતે આપણે લેવાઈ જવું ના જોઈએ કે કોઈના તરફ દ્વેષ પણ થવો ના જોઈએ. અન્યાય કરનારની સામે જોઈને મોં ના બગડવું જોઈએ, પણ એમ કરવું બહુ અઘરું કામ. ધીરેધીરે કરવું તો પડશે જ. છૂટકો નથી. ધીરેધીરે કરવું તો પડવાનું જ છે.

**સ્વજન :** તો પહેલેથી જ અન્યાયનો સ્વીકાર કરવો કે પ્રતિકાર કરવો ?

**કાકા :** સમજી લો કે આ સ્વીકાર કરવા જેવું છે તો સ્વીકાર કરવો. પછી વધારે થાય તો બુદ્ધિપૂર્વકનો સામનો કરવો જ પડે.

**સ્વજન :** સામનો ન કરીએ તો સામેવાળી વ્યક્તિ વધારે બગડેને ?

**કાકા :** હા, **મોટા**એ કેસેટમાં કહ્યું છે કે, 'એ સમયે તમે સામેવાળી વ્યક્તિને પ્રેમથી કહી શકો, કારણ કે એ આપણું

સ્વજન છે.' આપણે તેને પ્રેમથી નહિ કહીએ તો આપણે ગુનેગાર છીએ. એટલે જે કહેવું તે પ્રેમપૂર્વક કહેવું. પ્રેમપૂર્વક કહીએ તો જ સ્પર્શે અને જો દ્વેષ રાખીને કહીએ તો ઊલટા પાછા સામેવાળાના રાગદ્વેષ વધે એવું પણ બને.

**સ્વજન :** આમેય ઝીણાકાકા, સામેવાળા જીવની જે કક્ષા હોય એ કક્ષામાં આપણા કહેવાથી કોઈ ફેરફાર થવાનો નથી અને આપણી જે કક્ષા હોય તેમાં એને સમજણ ના પડે. તેની આ બધી ધમાચકડી છે.

**કાકા :** આપણી કક્ષાની સામેવાળા જીવોને ખબર નથી. એટલે આપણે જ્યારે તેઓને સમજાવવા જઈએ, ત્યારે તેઓ આપણી વાતને યથાયોગ્ય રીતે સમજી શકે નહિ. આથી, આપણા મનમાં ચણચણાટી થઈ જાય. આ ચણચણાટી થવાનું મૂળ કારણ આપણામાં રહેલા રાગદ્વેષ છે.

**સ્વજન :** જો આપણે સહન જ કર્યા કરીએ તો આપણો બહુ જ દુરુપયોગ થતો હોય એમ લાગે છે.

**કાકા :** હા, અમુક લોકો એવા હોય છે કે તે આપણો દુરુપયોગ કર્યા જ કરે, પરંતુ આપણે આપણો દુરુપયોગ ના થવા દેવો જોઈએ. તેને આપણે એ રીતે કહેવું જોઈએ કે જેથી તે આપણો દુરુપયોગ ના કરી શકે.

**સ્વજન :** કહેવા જઈએને તો દુવિધા ઊભી થઈ જાય એવું લાગે છે તો શું કરવું ?

**કાકા :** 'ભક્તરાજ' કરીને એક ચોપડી છે. મુકુલભાઈ કલાર્થીએ લખેલી છે, તે તમે વાંચજો. તેમાં એવું બધું આવે છે. ચોપડીનો મૂળ હેતુ સાધનાનો છે. એ સરસ ચોપડી છે.

એમાં સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણ વિશેની વાત આવે છે. ભગવાન તરફ જવું હોય તો શું કરવું તે પણ આવે છે.

મુકુલભાઈ કલાર્થીએ સરસ લખ્યું છે. તે વાર્તામાં ત્રણ જણ ભગવાનની શોધમાં નીકળે છે. એમાંથી બે જણા ભાગી જાય છે. એટલે ‘રજોગુણ’ ને ‘તમોગુણ’ ભાગી જાય છે. છેલ્લે એક જણ જ ધ્યેય સુધી પહોંચે છે : સત્ત્વગુણ. એટલે કહેવાનો અર્થ એ કે ભગવાન પાસે પહોંચવામાં સત્ત્વગુણ જ કામ આવે છે, પણ આપણે સહન કરવું પડે. બહુ સહન કરવું પડે.

**સ્વજન :** કાકા, સમતાનો ભાવ કેવી રીતે કેળવાય ?

**કાકા :** સમતાને તો કેળવવી પડે. એ ધીમેધીમે કેળવાય. આમ તો સમતાને કેળવવી એ અઘરી વાત છે. આપણામાં રાગદ્વેષ ઓછા થઈ જાય એટલે પછી ધીમેધીમે સમતા કેળવવાની પ્રક્રિયા શરૂ થાય અને જેમજેમ સમજણ પ્રગટતી જાય તેમતેમ ધીમેધીમે તટસ્થતા અને સમતા વગેરે આવવા માંડે.

**સ્વજન :** કોઈ વિશે આપણા મનમાં કાંઈ થવું ન જોઈએ. એને જ સમતા કહેવાયને ?

**કાકા :** હા, એને જ સમતા કહેવાય. આપણાથી નામસ્મરણ ને પ્રાર્થના વગેરે થયા કરે પછી ધીમેધીમે સમતાનો ગુણ પ્રગટવા માંડે અને સાધનામાં બહુ ઝડપ થાય. આપણામાં રાગદ્વેષ, કામક્રોધ, લોભ, મોહાદિ ઓછા થતા જાય, ત્યાર પછી તટસ્થતા ને સમતા વગેરે ગુણો આપણામાં પ્રગટે.

**સ્વજન :** ઝીણાકાકા, એવો નિયમ તો નથી કે કોઈ આપણી ઈર્ષા ના કરે કે કોઈ આપણા તરફ રાગદ્વેષ ના રાખે ?

**કાકા :** ના, એવો કોઈ નિયમ નથી. સામેવાળો માણસ

આપણા પ્રત્યે ઈર્ષા કે રાગદ્વેષ કે ગમે તે રાખતો હોય તોપણ આપણને તો તેના પ્રત્યે ભાવ જ રહેવો જોઈએ.

**સ્વજન :** એમ થવું બહુ અઘરું છે, કાકા.

**કાકા :** અઘરું તો ખરું જ.

**સ્વજન :** સામેવાળો જીવ આપણા પ્રત્યે દ્વેષ કરે પણ આપણે તેના પ્રત્યે દ્વેષ ન કરવો જોઈએને ?

**કાકા :** આપણે દ્વેષ ના કરવો. પેલો સામેવાળો જીવ ભલે કરે, કારણ કે એને તો એવી સમજણ ના હોય. એટલે એ તો દ્વેષ કરે જ. એ તો સંસારી જીવ પ્રમાણે વર્તે. એનામાં તો ઈર્ષા, રાગદ્વેષ એવું બધું હોય જ. એટલે તે ઈર્ષા કરેય ખરો. તેમ છતાંય **આપણે એના પ્રત્યે સદ્‌ભાવ રાખીએ તો પછી *મોટા*એ કહ્યું છે તેમ સામેવાળાને પણ ધીમે ધીમે આપણા પ્રત્યે સદ્‌ભાવ રહેવા માંડે.** મહત્ત્વનું તો એ છે કે આપણે સદ્‌ભાવ ચૂકીએ નહિ એટલે પછી ધીમેધીમે એનામાં પણ આપણા પ્રત્યે સદ્‌ભાવ જાગશે. આપણે ધીરજ અને જાગૃતિ રાખવી પડે, અને રાહ જોવી પડે.

**સ્વજન :** આપણને સામેવાળા જીવની કક્ષાનો ખ્યાલ આવ્યા પછી તેમની સાથે મેળ રાખવો એ બહુ અઘરું પડે છે, કેમ કે ઘણાંની જીવનપદ્ધતિ નીચલા સ્તરની જ હોય છે.

**કાકા :** હા, મોટેભાગે તો નીચલા સ્તરની જ હોય છે, કારણ કે તેઓ જીવસ્વભાવના હોવાથી તેઓની જીવનપદ્ધતિ નીચલા સ્તરની જ હોવાની.

**સ્વજન :** એવા જીવ સાથેની સદ્‌ભાવના ઘટવી તો ના જોઈએને ?

**કાકા :** ના, સદ્‌ભાવના તો ઘટવી ના જ જોઈએ. એમની

કક્ષા પ્રમાણે એ જીવે, એ વર્તે અને એ પ્રમાણે એ તો બોલે, તોપણ આપણે તો સદ્‌ભાવના જ રાખવી.

**સ્વજન :** આટલું બધું ભણવાનું ને સમજવાનું બીજા કોઈ સંતમાં આવતું નથી.

**કાકા :** હા, **મોટા** જેવું ભણવાનું ને સમજવાનું કોઈ સંતમાં આવતું નથી. બીજા મહાત્માઓ થયા પણ **મોટા**ની રીત અનોખી ને મૌલિક છે.

**સ્વજન :** રાગદ્વેષ, ઈર્ષા વગેરે કેટલું બધું ઝીણુંઝીણું કરીને આપણામાં પડેલું એ કાઢવાનું છે. **મોટા**ના માર્ગમાં આમતેમ ચલાવી લેવાનું સહેજ પણ ચાલે નહિ.

**કાકા :** હા, **મોટા**ના માર્ગમાં ચલાવી લેવાનું જરા પણ ના ચાલે. ભીખુકાકાને લખેલા કાગળોમાં **મોટા**એ લખ્યું છે કે, ‘જો આપણે ખેતી કરવી હોય તો ખેતરને નીંદવું પડે. સારી રીતે નીંદણ કરીએ તો પાક સારો આવે. એવી રીતે આ માર્ગમાં પણ નીંદણ કરવાનું છે. આપણામાં હજુ ઘણા દોષો રહેલા હોય તેને નીંદીને કાઢવા પડે. તમે ખેડૂત છો એટલે સમજી શકો.’

પરંતુ જો કોઈ જીવ **મોટા**ના સંબંધમાં આવેલો હોય, પરિચયમાં હોય કે નિમિત્તમાં હોય તો એ જીવ ભલેને નીચલી કક્ષાનો હોય તોપણ એ જીવને **મોટા** પોતાની રીતે એને ખબરેય ન પડે એવી રીતે ઊર્ધ્વમાર્ગે ચડાવી દે.

**સ્વજન :** કાકા, તમે કહ્યું કે, ‘જેવી રીતે પ્રેમ કરીએ, એવી જ રીતે સહન કરવું જોઈએ.’ એનો અર્થ શું ?

**કાકા :** હા, પ્રેમ કરીએ તેમાં આપણને કેવો ઉમળકો હોય એમ સહન કરવામાં પણ મનમાં જરાય ચણચણાટી ના

રહેવી જોઈએ, પણ આપણાથી ચણચણાટી થઈ જાય. આપણા જેવા માટે એ મુશ્કેલ છે, પરંતુ આપણા રાગદ્વેષ મોળા પડી જાય અને આપણે ભાવનાથી સહન કરીએ તો જ આગળ રસ્તો થાય.

**સ્વજન :** એ રાગ કયા અર્થમાં સમજાવો ?

**કાકા :** રાગ એટલે એક જાતના મોહ જેવું ગણાય. ધારો કે એક માણસ આપણો અંગત સંબંધી હોય તો આપણે તેના પર વારીવારી જઈએ. એને રાગ કહેવાય. અને બીજો માણસ અજાણ્યો હોય તો તેના તરફ આપણને બિલકુલ આકર્ષણ નહિ થાય. જ્યારે સંતોને તો બધાં જ પ્રત્યે સરખો ભાવ હોય. પછી તે અજાણ્યો હોય કે જાણીતો હોય.

**સ્વજન :** દ્વેષ કાઢવો અઘરો કે રાગ ?

**કાકા : મોટા**એ એક જગ્યાએ લખ્યું છે કે, 'રાગ કાઢવો અઘરો.' રાગ જીવનને બાંધે છે. રાગદ્વેષ બાંધે છે. રાગદ્વેષ કાઢવા માટે નામસ્મરણ અખંડ કરવું જોઈએ. નામસ્મરણ અખંડ થાય તો જ આપણી અંદર ભાવ જાગે, ભાવ જાગે એટલે રાગદ્વેષ મોળા પડે જ.

**સ્વજન :** નામસ્મરણ એટલે ભગવાનને યાદ કરવા એમ જને ?

**કાકા :** સ્મરણ એટલે યાદ. ભગવાનને યાદ કરવા. ભગવાનને પ્રાર્થના કરવી. એ બધું સ્મરણ કહેવાય. 'હરિઃ ૐ...હરિઃૐ' બોલવું કે ભગવાનનું કોઈ પણ નામ લેવું એને જપ કહેવાય. મનોમન ભગવાનને યાદ કરવા એને સ્મરણ કહેવાય.

**સ્વજન :** રાગદ્વેષ મોળા પાડવાનો બીજો કોઈ ઉપાય ખરો ?

**કાકા :** હા, બીજો ઉપાય પણ ખરો. ગુરુમાં આપણું દિલ લાગી જાય તોયે બસ છે. દિલ લાગી જાય તોયે રાગદ્વેષ મોળા પડે.

**સ્વજન :** એટલે રાગદ્વેષ કાઢવા જ પડે એમને ?

**કાકા : મોટા**એ કહ્યું છે કે, 'તમારે બીજું કાંઈ વિચારવું નહિ. ભગવાનનું નામસ્મરણ કર્યા કરવું.' બસ, સ્મરણ કરતાં કરતાં તમારામાં રાગદ્વેષ ઓછા થશે અને રાગદ્વેષ ઓછા થશે એટલે પછી ધીમેધીમે ભાવ પણ જાગશે અને અંદરથી ઉમળકોય જાગશે. પાણીનો ફુવારો ફરર...ઊભરાય તેવું થશે.

**સ્વજન :** ધીમેધીમે ગતિ થાયને કાકા ?

**કાકા :** જો ભગવાન તરફ થોડુંઘણું વળાય તો પછી એમ કરતાં કરતાં ધીમેધીમે ગતિ થતી જાય. થોડીક મહેનત તો કરવી જ પડે.

એક સાધુ હતો. તેની પાસે એક જણ રોજ જઈને બેસે. તેનો સત્સંગ સાંભળે. પેલો માણસ એક દિવસ કહે, 'બાપજી, હું ઘણાં બધાં સાધન કરું છું, સત્સંગ પણ સાંભળું છું, પણ મારું મન ઠેકાણે રહેતું નથી.' સાધુએ કહ્યું, 'તું સાધુઓ પાસે સત્સંગ કરવા અને એમને સાંભળવા જાય છે, એટલે તારી એક ઇંદ્રિય (શ્રવણેદ્રિંય) કાબૂમાં આવીને તું એ તરફ જતો થયો. હવે ધીમેધીમે બીજી બધી ઇંદ્રિયો કાબૂમાં આવશે. સત્સંગ કરવાનું ચાલુ રાખજે.'

**સ્વજન :** ધગધગતી તમન્ના જગાડવા માટે શું કરવું ?

**કાકા :** એ તો એની કૃપા હોય તો જ જાગે. આપણે મથવું તો પડે જ. મથ્યા વગર કૃપા નહિ થાય. મથવાની સાથેસાથે કૃપા પણ જોઈએ. તો પછી ધગધગતી તમન્નાય જાગે.

**સ્વજન :** મથવા માટે આપણે પુરુષાર્થ તો કરવો જ પડેને ?

**કાકા :** હા, પુરુષાર્થ તો કરવો જ પડે ને તો જ મથી શકાય. 'મારે મારું જીવન આવું બનાવવું છે' એવું અંદરથી થયા કરે એ જ ધગધગતી તમન્ના. એ આપણા માટે અઘરું ખરું. થશે, પણ બીજા જન્મે થશે.

**સ્વજન :** બરાબર મંડી પડીએ તો થાયને ?

**કાકા :** તો જ થાય. મંડી પડવું પડે. છોડવું નહિ. વળગી રહેવું. પણ આપણાથી એવું થતું નથી.

**સ્વજન :** આપણામાંથી આળસ, પ્રમાદ ને ઊંઘ નીકળી જવાં જોઈએને ?

**કાકા :** હા, તે નીકળવાં જ જોઈએ, પણ એ તો ભગવાનનું સ્મરણ થાય તો જ નીકળે. એક જણાએ **મોટા**ને કાગળ લખેલો. તેમાં લખેલું કે, '**મોટા**, મારે તમને **ગુરુ** કરવા છે.' **મોટા**એ એનો જવાબ આપતાં લખેલું કે, 'ગુરુબુરુની વાત કરવી નહિ. ભગવાનનું સ્મરણ નદીનાં વહેતાં પાણીની જેમ સતત એકધારું ચાલ્યા કરે, ત્યારે તમે શિષ્ય બની શકો.' નદીનું પાણી કોઈ દિવસ અટકે નહિ. એ તો સતત એકધારું ચાલ્યા જ કરે, એ રીતે સ્મરણ ચાલવું જોઈએ, તે આપણા ગજા બહારની વાત છે.

**સ્વજન :** કાકા, અમારા માટે ગજા બહારની વાત છે. તમારાથી તો થઈ શકે છે. જુઓને તમને તો **મોટા**એ કહેલું કે, 'હું તારું બધું કરી લઈશ.'

**કાકા :** અમારાથી થતું તો કાંઈ નથી, પણ **મોટા**એ એમ કહ્યું છે એટલે વિશ્વાસ છે.

**સ્વજન :** મુશ્કેલીના સમયમાં ગુરુ પાસે મદદ માગીએ તો એમની મદદ તો મળેને ?

**કાકા :** આપણામાં ઘણું જોશ હોય ત્યારે મદદ મળે. આપણે ભક્તિ વધારવી પડે. નિવેદન અને પ્રાર્થના વગેરે કરવાં પડે. ઉપર ઉપરથી ખાલી ગળામાંથી બોલીએ તેમાં કશો દહાડો નહિ વળે. એટલે પ્રાર્થના, નિવેદન એ બધું હૃદયથી થવું જોઈએ. જો એ બધું કરીએ તો ભગવાનની મદદ જરૂર મળે. **મોટા** કૅસેટમાં એવું બોલે છે કે, 'ભાવભક્તિથી જ આવા પુરુષો સમજાય.' ભાવભક્તિ આપણામાં જાગે તો એની મઝા કંઈ ઑર છે. **ભગવાનમાં મસ્ત બનાવે એ જ ભક્તિ.**

**સ્વજન :** ગુરુ, શિષ્યને કદી છોડી ના દેને ?

**ઝીણાકાકા :** ના, કોઈ દિવસ છોડે નહિ. આપણે છોડી દઈએ પણ એ છોડે નહિ. આપણા સમાજમાં કોઈ ખરાબ માણસ હોય તો તેને સમાજ ફેંકી દે. 'આ તો આવો છે ને તેવો છે' એમ ગણીને, પણ સંતો એને ધુતકારશે નહિ. એ તો એને સાથે રાખીને સુધારવાનો પ્રયત્ન કરશે.

**સ્વજન :** ગુરુમાં શ્રદ્ધા રાખવી જોઈએને ?

**કાકા :** આપણે બસ એનું સ્મરણ કર્યા કરવું અને પ્રાર્થના કર્યા કરવી, એટલે આપણી ગાડી ધીમેધીમે તો ચાલશે અને

ધીમેધીમે જશે તોય એમ કરતાં કરતાં ધ્યેય સુધી પહોંચશે.

**સ્વજન :** મને આ વખતે **મોટા**નું દર્શન થયું, એ પૂર્વનો સંસ્કાર ખરોને ?

**કાકા :** હા, એટલી આપણને રાહત થઈ. આ જન્મે આટલું, બીજે જન્મે તેનાથી આગળ. એમ કરતાં કરતાં કાળ પાકી જશે એટલે બેડો પાર. આપણને એ બાજુનો રસ, ઉત્સાહ ને ધગધગતી તમન્ના જાગે ત્યારે બેડો પાર થાય. **ભગવાનનું નામ લેવું એ આવતા જન્મનું ભાથું છે.** જો સાધન-ભજન કરીએ તો મનુષ્યયોનિમાં જ ભગવાનનું દર્શન થઈ શકે. દેવયોનિમાં ભગવાનનું દર્શન નહિ થાય.

**સ્વજન :** અનુભવી પુરુષનો સહવાસ કામ લાગેને ?

**કાકા :** એવા પુરુષ સાથે પરિચય થાય અને એમની સાથે વાતચીત થાય તે વધારે કામ લાગે. નકામું નહિ જાય. કોઈ સંસારી જીવ એવા પુરુષના સમાગમમાં આવ્યો હોય તોપણ તેનામાં પડેલા અનુભવી પુરુષના સંસ્કારો ઉદય વર્તમાન થવાના અને એ જીવને ઊંચે લઈ આવવાના. ***મોટા* તો બહુ મહાન અનુભવી. બધાંની આગળ વાત નહિ થાય આવી. *મોટા*ની બહુ ઊંચી કક્ષા. ઊંચામાં ઊંચું શિખર *મોટા* !**

**સ્વજન :** આપણું ચિત્ત સદ્‌ગુરુમાં પરોવાયેલું રહે અને બીજા વિચારો ના આવે એટલા માટે **મોટા**એ આ મૌનરૂમો બનાવ્યા હશેને ?

**કાકા :** હા, મૌનરૂમો બનાવીને **મોટા**એ આપણા જેવા સંસારી જીવો માટે એક સારી યોજના બનાવી છે. **મોટા** એમ કહેતા કે, 'એકવાર મૌનરૂમમાં દાખલ તો થઈ જા, પછી બધું

થયા કરશે.' મૌનઓરડા બનાવવાનો શ્રીધૂણીવાળાદાદાનો **મોટા**ને આદેશ હતો, એટલે **મોટા**એ મૌનઓરડા બનાવ્યા.

**સ્વજન :** બધાં સાથે સદ્ભાવ જાળવી રાખવા માટે શું કરવું ?

**કાકા :** સદ્ભાવ જાળવી રાખવા માટે તો દરેક પ્રત્યે સદ્ભાવ ને પ્રેમ જ રાખવો પડે. માનો કે કોઈએ આપણા પ્રત્યે ક્રોધ કર્યો કે આપણને કંઈ બોલ્યા, તો તે વખતે આપણને ગુસ્સો આવી જાય, પણ આપણે તે વખતે ગુસ્સો કરવો નહિ. તે વખતે આપણે યાદ રાખવું કે, 'મારે ગુસ્સો નથી કરવો. એ ભલે ગુસ્સો કરે પણ મારે તો સદ્ભાવ જ રાખવો છે.'

**સ્વજન :** તો એને કારણે સામેવાળો જીવ કંઈક ઊંધું સમજે તો ?

**કાકા :** ઊંધું સમજે તો સમજવા દેવું.

**સ્વજન :** ઝીણાકાકા, માણસ એમ ને એમ સહન કર્યા જ કરે તો કોઈ એનો દુરુપયોગ કરે એવું ના બને ?

**કાકા :** દુરુપયોગ નહિ કરે. ભક્તને પડખે ભગવાન હોયને, એટલે એ બધું સાચવી લે. યોગ્ય રીતે સહન કરવું એને **મોટા** તપ કહે છે.

**સ્વજન :** કાકા, ગુસ્સો નહિ આવે એવું કરવા માટે શું કરવું ?

**કાકા :** એના માટે તો ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ. ગુસ્સો એકદમ કાબૂમાં નહિ આવે, કારણ કે આપણામાં કેટલાય જન્મોથી જે રાગદ્વેષના સંસ્કારો પડેલા હોય તે એકદમ કાંઈ ભુસાઈ નહિ જાય. ચિત્ત નિર્મળ થતા ટાઈમ લાગે. થોડું

આ જન્મે, થોડું બીજા જન્મે, એમ કરતાં કરતાં ચિત્ત નિર્મળ થશે. હા, એવું બને ખરું કે કોઈને એક જન્મે પણ થઈ જાય.

**સ્વજન :** પણ આપણો એવો પુરુષાર્થ હોવો જોઈએને ?

**કાકા :** હા, પ્રયત્ન હોય તો એક જન્મે પણ થઈ જાય. **મોટા**ને જ્યારે સાપ કરડ્યો ત્યારે એક બાજુ સાપના તીવ્ર ઝેરને કારણે **મોટા**ને મગજ ફાટી જતું હોય એવું થતું હતું. સાપનું ઝેર એટલું બધું જોરદાર કે હચમચાવી મૂકે અને બીજી બાજુ **મોટા**નું હરિસ્મરણ જોરશોરથી ચાલતું હતું. આમ, સામસામી બન્ને સ્થિતિ હોય તો એમાંથી આપણને શીખવાનું મળે.

**સ્વજન :** કોઈ પ્રેમથી સહન કરે ને કોઈ જોર લગાવીને સહન કરે એ બન્નેમાં ફેરને ?

**કાકા :** હા, એ બન્નેમાં ફેર. જેમકે કોઈ માણસ ઉત્સાહથી કામ કરે અને બીજો માણસ છે તે બેળેબેળે કામ કરે. હવે જે માણસ ઉત્સાહથી કામ કરે છે, તેનાં કર્મનું પરિણામ સારું આવશે. તેના ચિત્તમાં સારા સંસ્કારો પડશે, જ્યારે બીજો માણસ બેળેબેળે કામ કરે તો તેના સંસ્કાર ખરાબ પડશે.

**સ્વજન :** અમે તો **મોટા**ને જોયા જ નથી.

**કાકા :** નથી જોયા તેથી શું થયું ? આ જન્મે આટલું મળ્યા તોયે બસ છે. આપણા સંસ્કારો સારા એટલે એ સંસ્કારો આપણને આ બાજુ ખેંચી લાવ્યા. નહિ તો આપણે ક્યાંય અટવાઈ જતે. જુઓને ઘણા લોકો કેવા અટવાઈ જાય છે.

**સ્વજન :** કાકા, હજુ અમારું તો કાંઈ ઠેકાણું પડ્યું નથી ?

**કાકા :** તમારાથી પૂછડું પકડાયું છેને ? પૂછડું પકડાયું છે તે છૂટી ના જાય તે જોવું. એટલું ધ્યાન રાખવું. પૂછડું બરાબર પકડી રાખવું.

**સ્વજન :** કાકા, ગુસ્સો બહુ આવે છે.

**કાકા :** ગુસ્સો કઈ બાજુથી આવે છે, તેનો રસ્તો ક્યાંથી છે, તે જોઈ લેવું. તે પછી તે રસ્તો બંધ કરી દેવો અને ‘આપણે ગમે તેવું બોલવું નહિ’ એવું મનમાં નક્કી કરવું. બોલવાનો વિચાર મગજમાં આવી જાય તો તે વિચારને રોકી દેવો. એટલે ગુસ્સો એની મેળે શાંત થઈ જશે અને પછી ગમેતેમ આપણાથી બોલાશે પણ નહિ.

**સ્વજન :** આળસ ને પ્રમાદ કેવી રીતે નીકળે ?

**કાકા :** ઘણા જન્મોના સંસ્કારો પડ્યા હોય એટલે પછી ભગવાનની કૃપા થાય તો જ આપણામાંથી આળસપ્રમાદ એ બધું નીકળે. અથવા તો ગુરુમહારાજની કૃપા થાય તો નીકળે. બીજો કોઈ ઉપાય નથી.

**સ્વજન :** મહેનત વધારે થાય તો પરિણામ જલદી આવેને ?

**કાકા :** હા, એ તો ખરું, જેમ કંઈક પરિણામ મેળવવું હોય તો તેને માટે મહેનત વધારે કરવી પડે. મહેનત કરીએ તો જલદી થાય. થશે ખરું. આપણાથી સતત એકધારું સ્મરણ થયા કરવું જોઈશે, પણ તે આપણાથી થતું નથી. આપણે સતત સ્મરણ કરવું. બસ, બીજા કશામાં પડવું નહિ.

**સ્વજન :** કાકા, આ જન્મમાં કરેલું હોય તે આવતા જન્મે ખપમાં આવેને ?

**કાકા :** કરેલું નકામું નહિ જાય. ભાથું હોય તે કામ લાગે. આપણે સંસારમાં રહીને થોડું થોડું ભગવાનને માર્ગે વળ્યાં હોઈએ, તો એકબે જન્મમાં થોડી વધારે એ તરફ ગતિ થાય. કોઈક જન્મ એવો આવી જાય કે ભગવાનની લગની લાગી જાય.

**સ્વજન :** અગ્નિના જેવી ભભૂકતી જિજ્ઞાસા જગાડવામાં કૃપા કામ કરે કે મહેનત કરવી પડે ?

**કાકા :** જિજ્ઞાસા જગાડવા માટે મહેનત તો કરવી પડે, પણ સાથે સાથે સંતપુરુષની કૃપા પણ જોઈએ. જુઓને શ્રીબાલયોગી મહારાજે **મોટા**ને કપાળમાં ખીલો માર્યો, ત્યારે **મોટા**ને તરત જ ધ્યાન લાગી ગયેલું. એ કૃપા થઈ કહેવાય.

**સ્વજન :** મનની ઇચ્છાઓ કેટલી ફળે ?

**કાકા :** તેની પાછળ તો આપણો જોરદાર પુરુષાર્થ હોવો જોઈએ. પુરુષાર્થ જોરદાર કરીએ તો ફળે. ઉપરવાળાની મરજી અને પુરુષાર્થ બન્ને હોવાં જોઈએ. ઉપરવાળાની મરજી હોય, પરંતુ આપણે બેસી રહીએ તો કશું થાય નહિ.

**મોટા** એમ કહેતા કે, 'આપણે ફળની આશા ના રાખવી, પણ મહેનત કર્યા કરવી.' બે ડગલાં ચલાય તો એટલો રસ્તો કપાય. અને એમ પણ કહેતા કે, 'અજપાજપ થઈ જાય તે પછી તમારું બધું ભગવાન સંભાળી લે.' **ભગવાન એમ કહે છે કે, 'તમે મારા ભક્ત બની જાવ, તો હું તમારું બધું સંભાળીશ.'** તમે તો બધાં સંસારવહેવારમાં રચ્યાંપચ્યાં રહો છો ને ઉપરથી ભગવાન મારું કરશે, એવી ઇચ્છા રાખો તો ભગવાન ક્યાંથી બધું કરે ?

આપણામાં એના પ્રત્યેનાં શ્રદ્ધા ને વિશ્વાસ એકવાર જાગી જાય અને પછી એને આપણે પકડી રાખીએ તો એ આપણને છોડે નહિ. આ માર્ગમાં વિચારી વિચારીને કશું થતું નથી. શ્રદ્ધાના બળથી જ આગળ વધાય છે.

**સ્વજન : મોટા**ની મદદ તો મળે જ છે ?

**કાકા :** હા, મદદ મળે જ છે. આપણને ખ્યાલેય ના હોય ને આપણાં કામ બધાં ઊકલી જાય, એ જ **મોટા**ની કૃપામદદ.

**સ્વજન : ઝીણાકાકા, સંત કોને કહેવાય ?**

**કાકા : જે પ્રસંગ ઊભો કરે, તેનું નામ સંત.***

**સ્વજન :** અમે તો **મોટા**નાં દર્શન પણ નથી કર્યાં.

**કાકા :** દર્શન નથી કર્યાં તેથી શું થઈ ગયું ? માનો કે **મોટા** હતા ત્યારે તેમની પાસે કોઈ ના આવતું હોય, તોપણ **મોટા**ની મદદ તેઓને મળતી. એવા ભક્ત પણ છે કે તેઓ ભલે અહીં આશ્રમે આવી શકતા ના હોય, પરંતુ **મોટા** પ્રત્યે એમને ભાવ હોય, એટલે **મોટા**ને મળ્યા બરાબર કહેવાય.

**સ્વજન :** કાંઈ થતું નથી એનું શું કરવું ?

**કાકા :** આપણા ચિત્તમાં ઘણા જન્મોના રાગદ્વેષના સંસ્કારો પડેલા હોય તે સંસ્કારો આપણે ઘણો પ્રયત્ન કરીએ તોયે આપણને સંસારમાં ખેંચી જાય, ઘસડી જાય, પરંતુ પ્રયત્ન કરતાં કરતાં થોડું આ જન્મે, થોડું પછીના જન્મે, એમ આગળ વધી શકાય. તેમાંય જેનો પુરુષાર્થ પ્રબળ, તેનો બેડો પાર ! ત્યાર પછી તો કૃપા પણ થાય.

**સ્વજન :** 'મને જે જે મળેલાં છે...' એવું **મોટા**એ કયા અર્થમાં કહેલું છે ?

**કાકા :** એનો અર્થ એ કે, ભલે તમે **મોટા**ને (પ્રત્યક્ષ) શરીરથી નહિ મળ્યા હોવ, પણ **મોટા** તરફ તમને જે ભાવ થયો તે **મોટા**ને

---

* પોતાના સ્વજનને ઊર્ધ્વભૂમિકામાં લઈ જવા માટે સંતપુરુષ સ્વજનના જીવનમાં નિમિત્તો થકી પ્રસંગ ઊભો કરે છે. (જુઓ પાન-૩૨)
પૂ.શ્રીમોટાએ સંતની વ્યાખ્યા (સમજ) આપતા જણાવ્યું છે કે, 'જે વ્યક્તિ Wealth, Power & Sex એટલે કે ધન, સત્તા અને સ્ત્રીથી જે પર છે, તેને સંત કહેવાય.'

મળ્યા બરાબર છે. **મોટા**એ લખ્યું છે કે, 'સંત સાથેના સહવાસના સંસ્કારો પડેલા હોય તે સંસ્કારો જીવદશાના સંસ્કારોને મોળા પાડી નાખે છે અને પછી એ જીવ ભગવાન તરફ થોડુંઘણું વળે એટલે એ જીવની ઊર્ધ્વગતિ થતી જાય છે.'

**સ્વજન :** કાકા, **મોટા**ને અમે બરાબર જોયા પણ નથી.

**કાકા :** આ વરંડામાં આપણે જે ફોટાને પગે લાગીએ છીએ, તે ફોટો પ્રસન્નતાવાળો ને ભાવવાળો છે. તે ફોટો બધાંને બહુ ગમે તેવો છે. એ ફોટાનું દર્શન કરી લઈએ તોપણ **મોટા**નું દર્શન થઈ જાય. ફોટામાં છે તે **મોટા** આપણી વાત સાંભળે તો છે જ, પણ બોલતા નથી એટલું જ.

**સ્વજન :** શરૂઆતમાં '**મોટા** એક મહાન પુરુષ છે' એવું મને સમજાયેલું નહિ.

**કાકા :** તે વખતે કાળ પાકેલો નહિ. હવે કાળ પાકી ગયો તમારો. ધીરે ધીરે થશે ખરું અને આવતે જન્મે તમારી ગાડી આગળ ચાલશે.

**સ્વજન : મોટા** જેવી સમજાવવાની સરળ પદ્ધતિ બીજા કોઈની નહિ હોય.

**કાકા : બીજાં ઘણાં બધાં સંતો થઈ ગયાં. તેઓએ ઘણું સમજાવ્યું છે, પણ *મોટા*એ જે સમજાવ્યું છે તે ગળે ઊતરી જાય તેવું છે. અત્યાર સુધીમાં *મોટા* જેવું કોઈએ કર્યું નથી.**

**સ્વજન :** આ જગતમાં આપણું સાચું સગું કોણ કહેવાય ?

**કાકા : મોટા** કહેતા કે, 'આપણો સાચો સગો તો એક ભગવાન જ છે. આપણું બધું ભગવાન જ સંભાળે છે.' બીજા સંસારવહેવારનાં સગાંવહાલાં આપણું બધું જ સંભાળી શકે નહિ.

**સ્વજન :** કાકા, આ માર્ગે આગળ વધવા શું કરવું ?

**કાકા :** એને માટે તો આપણે સતત ભગવાનનું નામ લીધા કરવું અને ભગવાનને બધું સમર્પણ કર્યા કરવું. જો આપણાથી એ પણ ન થઈ શકે તો પછી જેટલો પ્રયત્ન થઈ શકે તેટલો કર્યા જ કરવો. આળસપ્રમાદ ઓછાં કરતાં જવાં. **મોટા** જે રીતે નામસ્મરણનો સમયગાળો વધારતા ગયા હતા તેમ નામસ્મરણનો સમય આપણે વધારતાં જવું. તો ધીમે ધીમે આ માર્ગે આગળ વધી શકાય.

**સ્વજન :** કાકા, **મોટા**ની તો વાત જ નહિ થાય.

**કાકા :** હા, એ તદ્દન સાચી વાત. **મોટા**ની પૂર્વની ભૂમિકા પાકી હતી. એકવાર મથુરીબહેન ખરેએ **મોટા**ને એમના જન્મ વિશે પૂછતાં **મોટા**એ કહેલું કે, **'અમારા બાપદાદાની આગલી પેઢીમાં એક સંત થઈ ગયા હતા, તે જ અમો પોતે સંતરૂપે પાછા થયા.'**

**સ્વજન :** તમારું પણ કાકા એવું કાંઈ હશે ?

**કાકા :** અમે તો કાંઈ નથી. અમે તો **મોટા**ના પગની પાનીની પણ નીચેના ગણાઈએ એવા છીએ. અમારી તો એક પૈસાની પણ કિંમત નહિ. એક પૈસોય ઊપજે નહિ અમારો તો ! એવું છે હવે અમારું તો. શું કરીએ હવે ?

**સ્વજન :** અત્યારે અમે તમારો આદર્શ રાખી શકીએ ?

**કાકા :** ના, અમારા પ્રત્યે નહિ પણ **મોટા** પ્રત્યે આદર્શ રાખવો. અમને યાદ કરો તે શું કામનું ? ઊલટા ખાડામાં પડશો. આપણે તો ખાડામાંથી બહાર નીકળવાનું છે. આપણે **મોટા**ને જ સામે રાખવા. **મોટા,** હાથ પકડીને બહાર કાઢી

શકશે. **મોટા**ને લીધે જ આપણને એકબીજા પ્રત્યે પ્રેમ છે. તેના મૂળમાં તો **મોટા** જ છે. આપણે **મોટા**ને જ યાદ રાખવા.

**સ્વજન :** એટલે **મોટા**ને લીધે જ તમારી સાથે અમારો સંબંધ છે એમ માનવાનુંને ?

**કાકા :** હા, **મોટા**ને લીધે જ સંબંધ છે. આશ્રમ છે તો આપણે અહીં ભેગાં થયાં. નહિતર તમે ક્યાં હોત ને અમે ક્યાં હોત. આપણને બધાંને **મોટા**એ ભેગાં કર્યા છે અને એ જ **મોટા**ની કરામત છે. બધાંને ભેગાં કરવાં માટે તો આવી જગ્યા જ જોઈએ અને એટલે જ **મોટા**એ આશ્રમો બનાવ્યા. **મોટા** આપણને બધાંને ભેગાં રાખવાનાં જ છે. એમાંયે તમે તો ભાગ્યશાળી.

**સ્વજન :** કોઈ કોઈનું તો ભગવાન સાંભળેને ?

**કાકા :** ભગવાનને લાગે કે આમનું કહેવું યોગ્ય છે, બરાબર છે અને સાંભળવા જેવું છે તો સાંભળે. ભગવાન બધાંનું નહિ સાંભળે.

**સ્વજન :** કાકા, ધીરજ રાખવી પડેને ?

**કાકા :** હા, ધીરજ તો રાખવી પડે. આપણે આટલે સુધી આવ્યા તોયે આપણને તો ફાયદો જ છેને. આ માર્ગમાં નુકસાન તો કાંઈ નથી અને આ ધંધામાં ખોટ પણ નથી જવાની. **મોટા** આપણને બધાંને સાથે રાખવાનાં છે, એ હકીકત તો પાકી થઈ ગઈ છે.

**સ્વજન :** શિષ્ય બનવા માટે શું કરવું ?

**કાકા :** શિષ્ય બનવા માટે તો ફના થવું પડે. એવું ભીખુકાકા ઉપરના પત્રોમાં **મોટા**એ લખ્યું છે. એક ભાઈએ

**મોટા**ને પત્ર લખેલો કે, '**મોટા**, તમે મારા ગુરુ ને હું તમારો શિષ્ય.' ત્યારે **મોટા**એ કહેલું કે, 'શિષ્ય થવા માટે તો નદીના પ્રવાહની માફક અખંડ નામસ્મરણ ચાલુ રહેવું જોઈએ. નહિ તો પછી ગપ્પાં.' આપણાથી એટલું પણ થઈ શકે તેમ નથી. એટલે ***મોટા*** **કહેતા કે, 'તમે મારી સાથે દોસ્તી કરો, ભાઈબંધી કરો. શિષ્ય થવાની વાત જવા દો.'**

**સ્વજન :** ભેગું કરેલું કામ આવેને ?

**કાકા :** શરીર ના ચાલતું હોય, ત્યારે પૈસા ભેગા કરેલા હોય તે કામ આવે. પૈસા ના હોય તો તકલીફ ઊભી થાય. તેમ આ માર્ગમાં પણ ભેગું કરેલું જ કામ આવે.

**સ્વજન :** દોષો તો આપણે પોતે જ કાઢવા પડેને ?

**કાકા :** આપણને ઊર્ધ્વમાર્ગની લગની લાગે તો જ દોષો દૂર થઈ શકે. એમ ને એમ તો દોષો દૂર ના થાય. દોષો કાઢવા એ નાનીસૂની વાત નથી. જેમ રોટલો રળવા માટે મહેનત કરીએ છીએ, તેમ ઊર્ધ્વમાર્ગ માટે પણ મહેનત કરવી જોઈએ.

**સ્વજન :** કાકા, અમારા માટે તમે પ્રાર્થના કરજો.

**કાકા :** તમારામાંય થોડુંઘણું પડેલું છે. તમારામાં સારી સમજણ છે. એ ભગવાનની કૃપા છે. **મોટા**એ સંસારને દાવાનળ કહેલો છે. આટલું જે તમે કરો છો ને અમલમાં મૂકો છો એ ઘણું સારું છે. તમારા માટે ઘણું સારું છે.

**સ્વજન :** જો આપણામાં ભક્તિ હોય તો સંસારમાં જે દુઃખો આવી પડે એવા સમયે આપણને **મોટા**નો સહારો મળેને ?

**કાકા :** ભગવાનનું નામ લેવાય તો આપણને એની મદદ જરૂર મળે અને આફતમાં જલદી ઊગરી પણ જવાય. ભગવાનનું નામ મુખ્ય સાધન, જો તે આપણાથી લેવાય તો.

**સ્વજન :** ભગવાનનું નામ લેવું બહુ કપરું છે.

**કાકા :** એની પાછળ લગની લાગે તો કંઈક વળે. ભાવથી પ્રાર્થના કરીએ, તો ભગવાન જરૂર સાંભળે. મનમાં સંસારનું જે બધું પડેલું છે તેને કાઢવાનું છે. તે બધું ભગવાનના નામથી જ નીકળશે.

**સ્વજન :** જીવનમાં તકલીફ આવે તો જ આ બધાં ભજનો ગમે છે.

**કાકા :** જુઓને, કુંતામાતાએ દુઃખ જ માગેલુંને !

**સ્વજન :** કાકા, જીવનમાં મોટામાં મોટું દુઃખ કયું?

**કાકા :** મોટામાં મોટું દુઃખ પરાધીનતા. પરાધીનતા જેવું બીજું કોઈ દુઃખ નહિ.

**સ્વજન :** આ જગતમાં કોઈને સુખી થવાની તાલાવેલી કેમ નહિ જાગતી હોય ?

**કાકા :** ખરું સુખ કોને કહેવાય એ જ લોકોને ખબર નથી. એ જ તો એમની કમનસીબી છે.

**સ્વજન : સુખી થવાની અમૂલ્ય ચાવી કઈ ?**

**કાકા : 'દરેક પ્રત્યે સદ્ભાવ રાખવો.' એ જ સુખી થવાની ચાવી છે.**

**સ્વજન :** નાનીમોટી દરેક બાબતમાં ગુરુનો ઉપયોગ કરવો જોઈએને ?

**કાકા :** હા, ગુરુનો ઉપયોગ કરવો જ જોઈએ. દરેક પ્રસંગ વખતે ઉપયોગ કરીએ તો આપણી સ્વછંદતા ઘટે ને ભગવાન તરફ આપણું લક્ષ રહે. **ભગવાનમાં ભાવ રહે એટલા માટે સારુંનરસું બધું ભગવાનને કહેતા રહેવું. સૌથી સરળમાં સરળ ઉપાય એ છે. બાકી પૈસાટકાથી કાંઈ સુખી નહિ થવાય.**

સંસારવહેવારની વિટંબણાઓ વચ્ચે જે આનંદ અને ઉત્સાહથી ભગવાનને યાદ કરીને રહે એનો બધો ભાર હળવો થઈ જાય. સંસારવહેવારમાં રાહતની બહુ જરૂર. આપણે પ્રાર્થના કર્યા જ કરવી. **મોટા કહેતા કે, ‘ સંસારવહેવારમાં અનેક ઉપાધિઓ ને ગૂંચો આવવાની. એવા કપરા સમયમાં ભગવાનનું નામ જ આપણને શાંતિ આપશે.’**

**સ્વજન :** છતાંય સંસારમાં રહેવું અઘરું લાગે છે.

**કાકા :** હા, જાણે છે તેને માટે તો અઘરું જ છે, પણ નથી જાણતા તેને તો કંઈ ખબર જ નથી હોતી કે આ સંસારનું જીવન કેટલું બધું કપરું છે.

**સ્વજન :** સંસારમાં સુખી થવા માટે શું કરવું ?

**કાકા :** સંસારમાં સુખી થવા માટે ભાવથી રહેવું. કોઈ કંઈ બોલે તો આપણે સાંભળી લેવું. કંઈ સામું બોલવું નહિ. આપણે સામે બોલીએ નહિ તો ક્લેશ, કંકાસ એવું કંઈ થાય જ નહિ.

**સ્વજન :** સંસારમાં પતિપત્નીએ કેવી રીતે રહેવું ?

**કાકા :** સંસારમાં સુખી થવા માટે પતિ-પત્નીએ એક થઈને રહેવું. બન્ને એક થઈને રહે તો સંસારવહેવારમાં કોઈ દિવસ

ક્લેશ, કંકાસ થાય જ નહિ. પતિપત્નીએ એકબીજાનું સહન કરી લેવું. આપણામાં જો સહનશીલતાનો ગુણ કેળવાઈ જાય તો સંસારમાં આનંદથી રહી શકાય. અને બીજું પતિપત્ની બન્નેએ મિત્રોની જેમ રહેવું. એકબીજા પ્રત્યે સદ્ભાવ રાખવો. પતિપત્ની બન્ને ખરેખર મિત્રો જ છે. **મોટા**એ પણ 'લગ્ન હજો મંગલમ્' ચોપડીમાં લખ્યું છે કે, **'પતિપત્નીએ મિત્રભાવે રહેવું.'**.

**સ્વજન :** ઘરમાં શાંતિ કેવી રીતે રહે ?

**કાકા :** ઘરમાં રહેતાં બધાં માણસોમાં સારી સમજણ હોય તો જ ઘરમાં શાંતિ રહી શકે.

**સ્વજન :** એ બહુ અઘરી વાત છે. એ માટે તો ભગવાનની દયા જોઈએ.

**કાકા :** હા, ભગવાનની દયા તો જોઈએ જ. સામેવાળી વ્યક્તિ ગમેતેમ વર્તતી હોય તોય આપણે એમના તરફ પ્રેમભાવ રાખીને વર્ત્યા કરવું ને જોયા કરવું. તો કંઈક સીધું ચાલે. એટલે પછી સામેવાળો જીવ એની મેળે જ ધીરેધીરે શાંત થઈ જશે. આપણે સદ્ભાવ રાખવો. જો આપણે સદ્ભાવ રાખીશું તો ભગવાન સામેવાળાનું મન જરૂર ફેરવશે. **ભગવાન જે કરે તે સારા માટે કરે. ભગવાન જે કરે તે સારું કરે.**

**સ્વજન :** સંસારમાં રહીને સહન કરવું એ તપ જ કહેવાયને ?

**કાકા :** હા, એ તપ જ કહેવાય. પ્રેમથી ને આનંદથી સંસારમાં રહેવું. બધાં સાથે સદ્ભાવ ને સુમેળ રાખવો. બધાંનો પ્રેમ મેળવવો એને તપ કહેવાય. **મોટા** કહેતા કે, 'માળા ફેરવવી એ તપ નહિ.'

**સ્વજન :** કાકા, સંસારમાં ઘણું શીખવાનું મળે છે.

**કાકા : મોટા** કહેતા કે, **'સંસાર તો પાઠશાળા છે. સંસારમાં ઘણું શીખવાનું મળે છે. સંસાર ડૂબી મરવા માટે નથી મળ્યો. સંસાર તો તરવા માટે મળ્યો છે.'**

**સ્વજન :** અમારા બધાંનું મન ભગવાન તરફ રહે, બધાં સુખશાંતિથી રહે તથા બધાં જ **મોટા** તરફ આગળ ધપીએ એવી પ્રાર્થના તમે કરજો.

**કાકા :** હા, અમે ભગવાનને પ્રાર્થના કરીશું.

**સ્વજન :** આ જન્મે કરેલું આવતા જન્મે કામ લાગેને?

**કાકા :** હા, એ ભાથું આવતા જન્મે કામ લાગવાનું. પૂર્વનું ભાથું હોય તો જ આ માર્ગે જવાય. નહિ તો નહિ જવાય. ધીમેધીમે કાળ પાકે તેમ ફેરફાર થાય. **મોટા** એમ કહેતા કે, **'પૈસાટકા કે પ્રતિષ્ઠા, કાંઈ સાથે નહિ આવે, સંસ્કારોનું ભાથું જ સાથે આવશે.'**

**સ્વજન :** કાકા, મન ભગવાન તરફ સતત કેમ રહેતું નહિ હોય ?

**કાકા :** આપણામાં આગળના જન્મોના સંસ્કારરૂપે જે કાંઈ ભરેલું પડેલું હોય તે નીકળતા વાર લાગે. એ સંસ્કારો જે પડેલા હોય, તે આપણે સતત એકધારું નામસ્મરણ કરીએ તો જ ભુસાય.

**આશ્રમમાં મૌનમાં બેસીને જે ભજન થશે, એના જે સંસ્કારો ચિત્ત ઉપર પડશે, તે સંસ્કારો કાળેકાળે ઉદયવર્તમાન થવાના, થવાના ને થવાના જ. બીજી બધી કમાણી તો ઉપર ઉપરની છે.**

**સ્વજન :** લક્ષ તો આપણે રાખવું પડેને ?

**કાકા :** લક્ષ તો રાખવું જ પડે, પરંતુ સદ્‌ગુરુ તો એટલા બધા કૃપાળુ હોય છે કે આપણે કેટલીક વખત લક્ષ ચૂકી જઈએ તોય પ્રસંગ ઊભો કરીને આપણને સીધે માર્ગે લઈ લે. જે પ્રસંગ ઊભો કરે એનું નામ જ સદ્‌ગુરુ. **મોટા** જેવા ગુરુ મળવા મુશ્કેલ.

**સ્વજન :** એટલે મૂળ વાત એ કે સદ્‌ગુરુનો રાજીપો મેળવવો જોઈએ.

**કાકા :** હા, સદ્‌ગુરુનો રાજીપો એ શિષ્યનો ખજાનો થઈ જાય. આપણે આપણી ભૂમિકા એવી બનાવવી જોઈએ કે સદ્‌ગુરુ આપણામાં કામ કરતો થાય. આપણામાં નમ્રતા ને ભક્તિના ગુણો પ્રકટી જાય તો સદ્‌ગુરુ આપણા પર વારીવારી જાય અને એ આપણામાં જરૂર કામ કરે.

***મોટા* એટલા બધા સમર્થ પુરુષ કે જેનો જોટો ના મળે. સમર્થોમાંય શિરોમણિ. ગુરુદયાળ મલ્લિકે કહેલું કે, 'દુનિયામાં એવા ત્રણથી ચાર મહાન સંત છે, હિંદુસ્તાનમાં જ નહિ પણ દુનિયામાં, તેમાંના એક *મોટા* !'**

ગુરુદયાળ મલ્લિક બહુ મોટા માણસ હતા. **મોટા** માટે એમને બહુ ભક્તિ. અને એમનામાં નમ્રતા અને પ્રેમ પણ બહુ જ. જાણે સંત જેવા ગણાય. તેઓ ભગવાનની બહુ નજીક હતા.

**સ્વજન :** ભગવાન, આપણે કરેલી પ્રાર્થના સાંભળેને ?

**કાકા :** સાચા ભાવથી પ્રાર્થના કરીએ તો તે ભગવાન જરૂર સાંભળે, અને એવી થયેલી પ્રાર્થના જ ફળે.

**સ્વજન :** અત્યારે તમને આ જગત કેવું લાગે છે ?

**કાકા :** અત્યારે આખું જગત સ્વાર્થમાં જ રચ્યુંપચ્યું લાગે છે. ગુંડાગીરી ને એ બધું એટલું વધી ગયું છે કે જરાય શાંતિ નથી.

**સ્વજન :** એકવીસ દિવસ એકવીસ વખત મૌનમાં બેસીએ તો આપણા જન્મો ઘટી જાયને ?

**કાકા :** હા, પણ તેને માટે તો સભાનતાપૂર્વક જાગૃતિ રાખીને અને એની પાછળનું ધ્યેય નક્કી કરીને પછી આપણે મૌનમાં બેસવું.

**આપણામાંનાં ઘણાં એકવીસ દિવસ એકવીસ વાર મૌનમાં બેઠાં છે, તેમ છતાં તેઓમાં કાંઈ બહુ જોઈએ તેવો ફેરફાર નથી દેખાયો.**

એકવીસ દિવસના મૌનમાં એકવીસ વાર બેસવું તેના કરતાં તમારાથી સતત નામસ્મરણ થઈ શકે ને અજપાજપ થઈ જાય તો બેડો પાર થઈ જાય. એ વધારે મહત્ત્વનું છે. જો એમ થઈ જાય તો **મોટા**એ કહ્યું છે, એ પ્રમાણે પછી ભગવાન તમારું બધું સંભાળી લે.

રાગદ્વેષ, કામક્રોધાદિ મોળા પડી જાય એટલે પ્રકૃતિનો કબજો આપણા હાથમાં આવી જાય ને પ્રકૃતિ ગૌણ બની જાય અને દર વર્ષે જે મૌનમાં બેસે તેનો જન્મ વહેલો થાય.

**સ્વજન :** હરિઃૐ કાકા.

**કાકા :** હરિઃૐ મુક્તાબહેન. એકવીસ દિવસ માટે તમે કેટલી વખત મૌનમાં બેઠાં ?

**સ્વજન :** ત્રણ વખત.

**કાકા :** હવે પછી મૌનમાં બેસવું ત્યારે એકવીસ દિવસ બેસવું.

**સ્વજન :** સારું, તમે બેસવાની શક્તિ આપજો.

**કાકા :** શક્તિ **મોટા** આપશે.

**સ્વજન :** તમે **મોટા**ને કહેજો. તમારું **મોટા** સાંભળે.

**કાકા :** સારું, અમે **મોટા**ને કહીશું. **મોટા** તમને શક્તિ આપશે.

**સ્વજન :** કાકા, **મોટા** તમારું જલદી સાંભળે.

**કાકા :** તમારુંય સાંભળે. ઊલટું વધારે સાંભળે. **મોટા** એમ કહેતા કે, 'સ્ત્રીઓનાં હૃદય બહુ કૂણાં હોય છે. પુરુષો તો મારા બેટા, શઠ હોય છે. આવતે જન્મે હું સ્ત્રી થઈશ ત્યારે તે બધાને સમજણ પાડીશ. હું બહુ રૂપવતી સ્ત્રી બનવાનો છું. ક્યાંય જોવા ન મળે એવી રૂપાળી સ્ત્રી થઈશ. હું ધનની છોળો વચ્ચે જન્મીશ, પણ છોકરાં જણનારી સ્ત્રી નહિ થાઉં.'

**સ્વજન :** **મોટા** શા માટે સ્ત્રીનો જન્મ લેવાના ?

**કાકા :** બહેનોની વચ્ચે રહીને કાર્ય કરવાનું હોય તો પુરુષના શરીરને મર્યાદા આવી જાય. જો સ્ત્રીનું શરીર હોય તો તેઓ સરળતાથી બહેનોની સાથે હળી, મળી, ભળી શકે અને કાર્ય પણ કરી શકે. એટલા માટે **મોટા** સ્ત્રીરૂપે જન્મવાના છે.

**સ્વજન :** થોડી મહેનત તો કરવી પડેને ?

**કાકા :** જેમ આપણે રોટલા રળવા આઠ કલાક મહેનત કરીએ છીએ તેમ આ માર્ગે પણ મહેનત કરવી પડે.

**સ્વજન :** આ માર્ગે ઝડપથી વિકાસ કેવી રીતે થાય ?

**કાકા : ગુરુના હુકમનું પાલન કરવું. એને *મોટા* બહુ મહત્ત્વનું ગણતા. આપણાથી એટલું થાય તોય બસ ! હુકમના પાલનથી આપણો વિકાસ ઝડપથી થાય.**

**સ્વજન : મોટા**ની યાદ સતત રહે તે માટે શું કરવું ?

**કાકા : મોટા**નું સ્મરણ સતત થયા કરે તો **મોટા** યાદ રહે. સ્મરણ એ સરળમાં સરળ સાધન છે. **મોટા**થી (એમના સદ્ગુરુનું) એવું સ્મરણ થયું પણ આપણા જેવાથી થતું નથી.

**સ્વજન : મોટા**ને લીધે સંસારનો તાપ ઓછો લાગે એવું ખરુંને ?

**કાકા :** હા, **મોટા**ને લીધે આપણને સંસારનો તાપ ઓછો લાગે. નહિ તો **સંસારનો તાપ બહુ ભારે હોય. સૂર્યની ગરમી કરતાંય સંસારનો તાપ ભારે !**

**સ્વજન :** 'મોટા' નામ જ સાર્થક છે. 'મોટા' એટલે 'મોટા' !

**કાકા :** '**મોટા** સૌથી મોટા ! **મોટા** હિમાલયની ટોચ ઉપર છે ! એટલે કે એટલા ઊંચા છે' એમ ગુરુદયાળ મલ્લિકે **મોટા** વિશે કહ્યું હતું.

**સ્વજન :** મોટાનાં કામોમાં બીજાં કયાં કયાં કામો આવે અને તે કેવી રીતે કરવાં ?

કાકા : **સાહિત્યને લગતું હોય કે આશ્રમને લગતું હોય, એ કામ *મોટા*ને યાદ કરીને, ભાવ રાખીને કરવું જોઈએ. *મોટા* કહેતા કે, 'મારું કામ એટલે મારા શરીરની સેવા કરો છો તેટલું જ નહિ, પરંતુ તમે મારા આશ્રમનું કામ કરો તે પણ ભગવાનની ભક્તિ છે. અહીં આવીને ખાલી ખાલી પગે લાગીને ચાલ્યા જશો તો તેનો કોઈ અર્થ નથી.'**

**સ્વજન :** આવા સંઘર્ષના કાળમાં ક્લેશ, કંકાસ, સંઘર્ષણ

અને કૂટ પ્રશ્નો પણ જીવનમાં હોય તો તેના નિવારણ માટે શું કરવું ?

**કાકા :** આપણે એમાં જ જીવવાનું છે અને બીજું એ કે એને માટે તો **મોટા**નું સાહિત્ય વાંચીને એનો અભ્યાસ કરીએ તો તેમાંથી આપણને કાંઈક સમાધાન મળી આવે અને રસ્તો સીધો થાય.

**સ્વજન :** સમાધાન માટે તો સમજુ માણસને ઘસાવાનું આવેને ?

**કાકા :** હા, તો જ સમાધાન થાય. ઘસાઈને આપણે જતું કરીએ તે આપણા પોતાના હિતને માટે અને આપણા જીવનની ગતિ ઊર્ધ્વ થાય એને માટે છે, એવું સમજીને આપણે જાણી જોઈને જતું કરીએ તો **મોટા** કહે છે કે એ 'તપ' થયું કહેવાય.

**સ્વજન :** મૂળ તો સદ્ભાવ એ જ મુખ્ય ચાવીને ?

**કાકા :** બધાં પ્રત્યે સદ્ભાવ જાગે તે ઉત્તમ. 'ૐ શરણ ચરણ લેજો...' એ આરતીમાં **મોટા**એ જે સમજાવેલું છે, તેટલું આચરણમાં મૂકી શકાય તોય બસ છે. આરતીમાં **મોટા**એ કહ્યું છે કે, 'જ્યાં આપણું અપમાન થાય ત્યાંય ભાવ વધવો જોઈએ. અપમાનને પ્રેમપૂર્વક સ્વીકારીએ તો તે બહુ હળવું થઈ જાય. સંસારમાં તો કોઈ ને કોઈ રીતે બધાં જ મૂંઝવણમાં હોય. ક્લેશ, કંકાસ, મૂંઝવણ, સંઘર્ષણ એવું બધું તો સંસારમાં રહેવાનું જ. પૈસેટકે માણસ સુખી હોય તેને પણ મૂંઝવણ તો હોય જ. એને વળી બીજી રીતની મૂંઝવણ હોય. એવી મૂંઝવણ વખતે ભગવાનનું નામ જ કામ આવે.'

**સ્વજન :** મનમાં જે પ્રશ્નો ઊઠતા હોય તેનું નિરાકરણ

થવું જરૂરીને ?

**કાકા :** હા, મનમાંથી પ્રશ્નો નીકળી જાય તો મન હળવું થઈ જાય. નહિતર મનમાં ને મનમાં માણસ ગૂંચવાયા કરે. ભલે નફો થાય કે નુકસાન થાય તેમ હોય, તોય તે ના ગણવું, પણ મનને ખાલી કરી નાખવું. મનમાંથી કાઢી નાખવું.

**સ્વજન :** માણસને સામાજિક ભય મોટો, એમાં જ માણસ મૂંઝાઈ જાય.

**કાકા :** હા, 'કોઈ આમ કહેશે, કોઈ તેમ કહેશે' એવી સમાજની બીક મનમાં લાગે. એટલે પછી તેમાંથી નીકળવું મુશ્કેલ. જો એનું ભગવાન તરફ લક્ષ થઈ જાય, તો એવો ભય નીકળવો હોય તો નીકળી જાય. પછી એ માણસ એમ વિચારે કે, 'લોકોને જેમ બોલવું હોય તેમ છોને બોલે, આપણે આપણું કામ કરો.'

**સ્વજન :** કાકા, આનંદમાં રહેવા માટે શું કરવું ?

**કાકા : હેતુની સભાનતા રાખીને આપણે કર્મ કરીએ તો જ આનંદમાં રહી શકાય. કાયમી આનંદમાં રહે તે સુખી માણસ.**

**સ્વજન :** ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો આપણે શું કરવું ?

**કાકા :** ભગવાનની પ્રાપ્તિ માટે તો એની પાછળ આપણે લગની લગાડવી પડે. આપણે ફક્ત બે માળા ફેરવીને મંદિરે જઈને આવીએ એમાં ભગવાનની પ્રાપ્તિ કોઈ દહાડો થવાની નથી, પણ એની પાછળ તમારે મંડ્યા રહેવું પડશે. સતત જપ કર્યા કરવા પડશે. જપ કરતાં કરતાં તમારી અંદર ભાવ પણ જાગશે ને કરુણા પણ ઊપજશે અને ભગવાન પ્રત્યે

એવો ભાવ જાગશે કે આપણાથી રડાઈ પણ જવાશે ને આંખમાંથી આંસુ પણ વહી જશે. આપણને મનમાં પશ્ચાત્તાપ થશે કે અરર ! મને મનુષ્યનું જીવન મળ્યું તોય મેં કશું કાંઈ ભગવાનના માર્ગનું કર્યું નહિ. આવું મનમાં થશે એટલે એમાંથી મનમાં એવી કરુણા ઊપજશે કે આપણને ભગવાન માટે ફના થઈ જવાનું મન થઈ જશે.

**સ્વજન :** કાકા, અમારેય એવું કરવું છે જો થાય તો.

**કાકા :** એવું કરવા માટે તો **આપણે જે કાંઈ કર્મ કરીએ તે 'ભગવાન માટે જ હું કરું છું' એવું મનમાં થઈ જવું જોઈએ.** એવું મનમાં થઈ જાય ત્યારે થાય.

**મોટા**ની તો પૂર્વની ભૂમિકા તૈયાર હતી એટલે **મોટા**થી સતત ભગવાનનું નામ લેવાવા માંડેલું. **મોટા** શ્રીબાલયોગી મહારાજ પાસે ગયા, ત્યારે તેઓ આ માર્ગ વિશે કાંઈ પણ જાણતા નહોતા. ત્યાં તેઓની પાસે ગયા. ત્યારે ત્યાં જઈને ચાર દિવસ ધ્યાનાવસ્થામાં એટલા બધા મશગૂલ થઈ ગયેલા કે ચાર દિવસ કેવી રીતે નીકળી ગયા, તેની પણ એમને ખબર ના પડી !

એટલે કે **મોટા**ની પૂર્વની ભૂમિકા તૈયાર હતી અને પૂર્વના સંસ્કારો પણ જોરદાર હતા, પણ આપણે તો નામસ્મરણ કર્યા જ કરવું. સૌથી ઉત્તમ નામસ્મરણ.

**સ્વજન :** મૌનમંદિરો તો ચાલુ જ રહેવાં જોઈએને ?

**કાકા :** એ તો ચાલુ જ રહેવાનાં. કોઈ પૈસા ના આપે તો કાંઈ નહિ. તેનું કાંઈ કામ નથી. દાન કરવાની કાંઈ જરૂર નથી. લોકો ભગવાનનું નામ લે તોય બસ.

**સ્વજન :** ગુરુમાં દિલ લગાડવા માટે શું કરવું ?

**કાકા : મોટા** જ્યારે પહેલી વાર **શ્રીધૂણીવાળાદાદાનાં** દર્શન કરવાં સાંઈખેડા ગયા હતા, ત્યારે શ્રીધૂણીવાળાદાદાએ **મોટા**ને કહેલું કે, 'તારે હવે મૌન, એકાંત, અભય અને નમ્રતા આ ચાર સાધન પાળવાં અને ભજન, કીર્તન, સ્મરણ અને નિવેદન આ ચાર સાધન તારે કરતાં રહેવું. આમ, આ આઠ સાધન તારે કરવાં.' અને છેલ્લે જ્યારે **મોટા** ગુરુમહારાજની રજા લેવા ગયા ત્યારે શ્રીધૂણીવાળાદાદાએ **મોટા**ને કહ્યું કે, **'બીજું કાંઈ ના થાય તો કંઈ નહિ, પણ તું મારામાં દિલ લગાડી દે. એટલે તારું બધું થઈ જશે. જા !' ગુરુમહારાજ પ્રત્યે રાગ થઈ જાય તોય દિલ લાગી જાય.**

**સ્વજન :** કોઈ માણસ ફક્ત ધંધો જ કરે તો તે કેવો થઈ જાય ?

**કાકા :** હા, પછી એ માણસ ધંધાની અંદર જ પરોવાઈ જાય. ભગવાન તરફ એનું લક્ષ રહે નહિ. હોય તોય જતું રહે.

**સ્વજન :** લોકો એમ કહે કે ઘડપણમાં ભક્તિ કરીશું. ઘડપણમાં ભક્તિ થઈ શકે ?

**કાકા :** કાંઈ કામ નહિ હોય ત્યારે ઘડપણમાં બેઠાંબેઠાં ભક્તિ કર્યા કરીશું એમ બધાં વાત કરે ખરાં, પણ ઘડપણમાં કાંઈ ના થાય, ઊલટી ઉપાધિ થાય. શરીર બગડે એટલે તેમાં જ મન ભરાયેલું રહે. ખરેખરી ભક્તિ તો જુવાનીમાં જ થાય, કેમ કે જુવાનીમાં શરીર સારું હોય, શરીરમાં જોમ હોય. થોડી ઉંમર થાય એટલે રોગ આવે ને સંસાર વળગે.

**સ્વજન : મોટા**ની હાજરી હોય તે શી રીતે જણાય ?

**કાકા : જ્યારે આપણામાં ઓચિંતો ભાવ જાગી આવે ત્યારે ત્યાં *મોટા*ની સૂક્ષ્મ હાજરી છે, એમ સમજવું.**

**સ્વજન :** કાકા, પ્રાર્થના કેવી રીતે કરવી જોઈએ ?

**કાકા : *મોટા,* ઘણી વાર એવું કહેતા કે, 'જો તમે હૃદયથી પ્રાર્થના કરશો તો હું આવીને હાજર થઈ જઈશ.' આપણે હૃદયથી પ્રાર્થના કરવી.**

**સ્વજન :** સાધકે તો પળેપળ સાચવવી પડેને ?

**કાકા :** હા, સાધકે તો પળેપળ સાચવવી પડે, પણ આપણાથી સચવાય નહિને. ગબડી પણ જવાય. જોકે પાછો એ ઊભો તો થઈ જાય, પણ થોડો પાછળ પડી જાય. સાધકને પૂર્વના સંસ્કાર સારા હોવાથી એકડે એકથી ઘૂંટવું નહિ પડે. તેની ગાડી આગળ ચાલશે.

**સ્વજન :** કાકા, 'જીવનગીતા' વિશે **મોટા** શું કહેતા ?

**કાકા : *મોટા* એમ કહેતા કે, 'સંસારી લોકોએ ગીતાજી એટલે કે જીવનગીતાનો બારમો અને સોળમો અધ્યાય રોજ વાંચવો.' બારમા અધ્યાયમાં પ્રભુપ્રાપ્તિના ચાર સરળ ઉપાયો ભગવાને બતાવ્યા છે ને સોળમા અધ્યાયમાં ધર્મઅધર્મ વૃત્તિઓ વિશે સમજાવ્યું છે, પણ જો આપણને *મોટા* પ્રત્યે ભક્તિ હોય તો જ વાંચવામાં રસ પડે.**

**સ્વજન :** સાધના કરતાં કરતાં કોઈ ગબડી પડે તો એમની કેવી ગતિ થાય ?

**કાકા :** જીવનગીતાના છઠ્ઠા અધ્યાયમાં **મોટા**એ લખ્યું છે કે,

## અભયવચન

(અનુષ્ટુપ)

વળતા બોલિયા ત્યારે પાર્થને ભગવાન ત્યાં,
'ખરે ! થાય જ ના નાશ એવા શ્રદ્ધાળુનો કદા. ૬૩

કલ્યાણમાર્ગ લેનારો દુર્ગતિ નહિ પામશે;
ગમે તેમ થતાં એનું અકલ્યાણ નહિ થશે.' ૬૪

એવા યોગભ્રષ્ટ જીવની મરણ પછી શી ગતિ થાય છે, તે જણાવી અર્જુનના મનમાં આ વિશેની રહીસહી શંકા દૂર કરે છે.

## યોગભ્રષ્ટની ગતિ

પ્રમાણે કર્મની એવો મૃત્યુની પછી કોઈયે
પુણ્યલોકે વસી પાછો આવે છે જગ ઉપરે; ૬૫

★પવિત્ર ઘેર તે જન્મે, આવો છે જન્મ દુર્લભ,
કરેલો પૂર્વનો એનો ઊગી સૌ નીકળે શ્રમ. ૬૬

## જન્મ્યા પછી

સંસ્કારો શુભ તેના સૌ પૂર્વના કાંઈ જે હશે,
આપોઆપ ફળે સર્વે જન્મ્યા પછીય જીવને. ૬૭
પુરુષાર્થ પછી એનો ઉત્કટ એ વધુ બને !
અંતે તે એમ સિદ્ધિને નિશ્ચયે પાર્થ ! પામશે. ૬૮

'જીવનગીતા', પૃ-૧૫૧/૧૫૨, આ.-૭ — **મોટા**

---

★જ્યાં સાનુકૂળ સંજોગો જીવન હેતુ સાધવા,
એવાં માતાપિતા વચ્ચે તે અવતરતો તદા.

**સ્વજન :** ભગવાનને માર્ગે ચાલ્યા એવું ક્યારે કહેવાય?

**કાકા :** ભગવાનને યાદ કરતાં કરતાં આંખમાંથી આંસુ નીકળે અને ભાવ જાગે ત્યારે આપણે એમ સમજવું કે હવે આ માર્ગમાં કંઈક પગલું મંડાયું.

**સ્વજન :** ભગવાનને માર્ગે વળવું બહુ અઘરું છે ?

**કાકા :** હા, ભગવાનને માર્ગે વળવું બહુ અઘરું છે. પૂર્વનું ભાથું હોય તો જ આ માર્ગે અવાય. આમ તો બધાં થોડું ઘણું ભાથું લઈને જ જન્મેલા હોય છે. **મોટા**એ એક જગ્યાએ લખ્યું છે કે, **મને જે મળેલાં છે અને હવે પછી જે મળશે; ભલેને તે સંસારમાં રગદોળાતા હોય પણ તે જીવોને ભગવાનના પંથે આવ્યા વિના છૂટકો નથી.**

**સ્વજન :** અમારો ગૃહસ્થાશ્રમ અને તમારો સંન્યાસાશ્રમ, એમાં ફેર તો ખરોને ?

**કાકા :** તમે કર્મ કરો છો તેમ અમે કર્મ કરીએ છીએ.

**સ્વજન :** પણ તમારાં કર્મો પ્રભુપ્રીત્યર્થે હોયને ?

**કાકા :** હા, તે વાત તો સાચી, પણ અમારે આશ્રમમાં રહેવાનો હેતુ જુદો હોય તો અમેય બંધનમાં પડીએ.

**સ્વજન :** નમ્રતા અને સદ્‌ભાવ આપણામાં કેવી રીતે આવે ?

**કાકા :** એ ગુણોને આપણે કેળવવા પડે. કેળવીએ તો આવે.

**સ્વજન :** 'ચોર આવશે ને માલ બધો લઈ જશે રે,
પછી દીવો સળગાવ્યાથી શું થશે રે'...
એ કડીનો અર્થ શું થાય ?

**કાકા :** એનો અર્થ એ થાય કે ચોર આવીને બધું ચોરી જાય ને પછી દીવો સળગાવીએ તો શું કામનું ? એટલે કે તમે મોડા

આવશો તેમાં શું થવાનું. માટે તમે વહેલા જલદી આવો. પ્રાણ નીકળી જશે ને પછી તમે આવશો તો કશું વળવાનું નથી.

**સ્વજન :** ભગવાનને માર્ગે આગળ વધવા શું કરવું ?

**કાકા :** **સમજણપૂર્વક સભાનતાથી જાગૃતિ રાખીને જે** ભગવાનનું નામ લે, તે જલદી આગળ જઈ શકે અને તેનો વિકાસ પણ ઝડપથી થાય. એને જ ભગવાનની કૃપા કહેવાય.

**સ્વજન :** કોઈને આપણે પૂછીએ કે, તમને સંસાર વહાલો કે ભગવાન ?

**કાકા :** બધાં એમ જ કહેવાના કે 'ભગવાન વહાલો', પણ ભગવાન વહાલો ના હોય. સંસાર જ વહાલો હોય. સંસાર તરફ વધારે વહાલ હોય અને મન પણ વધારે સંસાર તરફ જ હોય. કોઈનું ઓછું વધતું હોય એવું બને ખરું.

**સ્વજન :** સમર્થ સ્વામી રામદાસ રચિત 'દાસબોધ'માં મેં વાંચેલું કે આળસને સુખ ગણવું નહિ.

**કાકા :** આળસમાં આપણને સુખ લાગે પણ આળસ એ સુખ નથી. **આળસ એ મોટામાં મોટું દુઃખ છે. આળસથી માણસનું પતન થાય. આળસને લીધે આખુંય જીવન ખતમ થાય.**

**સ્વજન : મોટા**એ સ્વેચ્છાએ શરીરનો ત્યાગ કર્યો ?

**કાકા :** એ બહુ મોટી વાત કહેવાય. **મોટા**ની બહુ ભારે શક્તિ.

**સ્વજન :** અમુક ફેંસલા માણસ પોતાની રીતે લે અથવા ગુરુની પાસેથી સલાહ લઈને લે એ બન્નેમાં ફેરને ?

**કાકા :** ગુરુ જે નિર્ણય કરે તે પાકો નિર્ણય હોય. ગુરુમાં શ્રદ્ધા હોય તો ગુરુ આપણને બરાબર સાચવે અને યથાયોગ્ય સલાહ પણ આપે.

**સ્વજન :** સમય જતાં વાર નથી લાગતી. બહુ ઝડપથી સમય પસાર થઈ જાય છે.

**કાકા :** એક પછી એક રવિવાર પસાર થઈ જાય છે, તેવી રીતે જીવન પણ પસાર થઈ જવાનું. સમય બહુ ઝડપથી જાય છે. આવા સમયમાં ભજન થતું હોય તો સારું. ભગવાનમાં મન રહે તોય ઘણું સારું.

**સ્વજન :** કાકા, માની સેવા સારી રીતે કરવી જોઈએને ?

**કાકા :** મા ખુશ રહેવી જોઈએ. **મોટા** એવું કહેતા કે, 'જે 'મા'ને નહિ સમજે તે અમને શું સમજવાના ?' 'મા'ની કોઈ સેવા કરે તો 'મા'ના ઘણા આશીર્વાદ મળે. મા એટલે મા. 'મા'નું ઋણ ના વળે.

**સ્વજન :** આમ તો મા બહુ ભોળી હોય છે, તરત સ્વીકારી લે !

**કાકા :** તેનું નામ જ મા !

**સ્વજન :** બા, આપણે નસીબદાર કે આવા મહાપુરુષના સાંનિધ્યમાં આપણે બેઠાં છીએ.

**કાકા :** એનું સાંનિધ્ય પાછું જન્મોજન્મ રહેવાનું.

**બા : મોટા** જેવું કોઈ થયું નથી ને થવાનુંય નથી. આવા સંત દુનિયામાં ક્યાંય નહિ મળે.

**કાકા :** બાની વાત સાચી. **મોટા** આપણને સાથે જ રાખવાના ને સાથે જ રહેવાનું. આપણે સાથે નહિ રહેવું હોય તોય આપણને ખેંચીને લઈ આવશે **મોટા** ! ભીખુકાકા કહેતા કે, **'સિંહની પકડ અને સંતની પકડ બેઉ સરખી. પછી એમાંથી છુટાય નહિ.' મોટા**ને જે જે મળ્યાં છે, એમાંથી કોઈ ખસવાનું નથી. **મોટા** ખસવા દે પણ નહિ. એ તો પાછા પકડી લાવશે.

બા, તમે નસીબદાર ! નિમિત્ત હોય તે જ આશ્રમમાં અવાય. બા, આશ્રમના માલિક **મોટા** તમને અહીં ખેંચી લાવ્યા. તમે ખીલે બંધાઈ ગયાં. હવે ગમે તેટલાં તોફાન કરીએ તોય છૂટી નહિ શકાય.

**સ્વજન :** હરિઃૐ ઝીણાકાકા.

**કાકા : ભગવાનનું નામ લેજે. 'ભગવાનનું નામ લેવામાં પૈસા નથી બેસતા' એવું *મોટા*એ લખેલું છે.** છતાં પણ આપણને ભગવાનનું નામ લેવાનું અઘરું લાગે છે.

**સ્વજન :** કાકા, આપણો સમય શાંતિ પ્રસન્નતાથી પસાર થતો હોય તો સમય ઝડપથી પસાર થઈ જાય છે.

**કાકા :** હા, શાંતિ પ્રસન્નતાથી સમય પસાર થાય તોય સમય જલદી પસાર થઈ જાય, પરંતુ ભગવાનને યાદ કરતાં કરતાં જે સમય પસાર થાય તે ઉત્તમ.

**સ્વજન :** દુઃખમાં માણસે કેમ રહેવું ? એ વિશે **મોટા**એ કહ્યું છે કે,

**દુઃખ એ તો નિશાની છે પ્રભુકેરી કૃપાતણી,**
**દુઃખને જે અવમાને, નકારે પ્રભુની પ્રીતિ.**

**કાકા :** દુઃખને પ્રેમથી સ્વીકારવું જોઈએ. 'મને આમ થાય છે ને મને તેમ થાય છે' એવી ફરિયાદ ના કરવી જોઈએ. તકલીફ હોય તો જ વિકાસ થાય. તકલીફ વગર કદી પણ વિકાસ ના થાય. ખાલી નવરાશમાં દિવસો પસાર થઈ જાય એટલું જ.

**સ્વજન :** વહેવાર સારી રીતે ચાલે એટલી વ્યવસ્થા તો કરવાનીને ?

**કાકા :** હા, વહેવાર સારી રીતે ચાલે એટલી વ્યવસ્થા

તો કરવી, પણ પ્રમાણમાં કરવી. આપણું મન તો ભગવાનમાં જ હોવું જોઈએ.

**સ્વજન :** 'સંસારમાં દુઃખનો ભાગ જ વધારે, સુખ તો જરા સરખું જ જોવા મળે' એવું કૅસેટમાં **મોટા** બોલે છે.

**કાકા :** દુઃખ આવીને ઊભું જ હોય. દુઃખના સમયે વધારે આનંદમાં રહેવાય તો જ સાચું, પણ દુઃખમાં તો માણસને આમતેમ આડાઅવળા વિચારો આવ્યા કરે, પણ દુઃખ વખતે જો માણસ ભગવાનનો વિચાર કરે તો એને રાહત મળે. એવા સમયે આપણે ધીરજ રાખવી જોઈએ અને **મોટા** તરફ ભાવ રાખવો જોઈએ.

**સ્વજન :** સંસારમાં જે આવી પડે તકલીફો - મૂંઝવણો, એમાં પણ ભગવાનનું નામ જ કામ લાગેને ?

**કાકા :** હા, એ જ કામ લાગે. એના સિવાય બીજો કોઈ રસ્તો નથી. **ભગવાનના નામથી જ શાંતિ મળે ને સમસ્યાનો ઉકેલ નીકળે.**

**સ્વજન :** એવો સમય છે કે કોઈને કાંઈ કહેવાય તેમ નથી.

**કાકા :** હા, કોઈને કાંઈ કહેવાય એમ નથી. કહેવા જઈએ તો ખોટું લાગી જાય.

**સ્વજન :** કોઈ કામ શક્ય ના લાગતું હોય તેમ છતાં થઈ જાય તો શું સમજવું ?

**કાકા :** તો સમજવું કે **મોટા**ની સૂક્ષ્મ હાજરીનું પરિણામ છે.

**સ્વજન :** કાકા, તમે ને **મોટા** ઘણા જન્મોથી ભેગાને ?

**કાકા :** મને **મોટા** એક દિવસ કહેતા હતા કે, 'આપણે આ જન્મે ભેગા નથી થયા પણ ઘણા જન્મોથી ભેગા છીએ.'

**સ્વજન :** માફ કરવા માટે તો ક્ષમાનો ગુણ હોવો જોઈએને ?

**કાકા : આત્માના ગુણધર્મો આપણામાં પ્રગટે, ત્યારે ક્ષમાનો ગુણ આપણામાં આવે. તટસ્થતા, સમતા અને સાક્ષીભાવ આ ત્રણેય આત્માના ગુણધર્મો છે.**

પરંતુ સંસારી લોકોને એવું કાંઈ નહિ. એ તો બદલો લેવાની ઈચ્છા રાખે અને બદલો લે પણ ખરા. સંસારી લોકો ક્યારેય માફ ના કરી શકે, પણ ભગવાન એવું નથી કરતો. ભગવાન દયાળુ છે. આપણું બધુંય ભગવાન ચલાવે છે. ભગવાન તો આપણને ખબરેય ના હોય તેવું પણ ચલાવી લેતા હોય છે. જુઓને આપણે ભગવાનના કેટલા બધા ગુના કરીએ છીએ તોપણ ભગવાન આપણું એવું બધું જતું કરે છે કે નહિ !

**સ્વજન :** હરિઃૐ કાકા.

**કાકા :** એકતા, તમારે બધાંએ ઘેર જઈને નાહવું પડશે. નહિ તો અભડાઈ જશો. અમે તો હરિજન છીએ.

**સ્વજન :** કેમ કાકા ?

**કાકા :** પહેલા અસલના વખતમાં હરિજનોને કોઈ અડી જાય, ત્યારે નાહવું પડતું. તેમ તમારે હવે ઘેર જઈને નાહવું પડશે. અમે હરિજન છીએ એટલે. (સહુનું હાસ્ય)

**સ્વજન :** તમારા જેવા હરિજનોને અડી જઈએ તો સારુંને.

**કાકા :** હા, એમ. એકતા, તું મૌનમાં ક્યારે બેઠી હતી ?

**સ્વજન :** લગ્ન પહેલાં એકવાર હું મૌનમાં બેઠેલી, પણ મૌનમાં બેઠી હતી, ત્યારે અંદર બહુ બીક લાગતી હતી.

**કાકા : મોટા** હોય પછી બીક કેવી ?

**સ્વજન :** કાકા, બીક તો લાગે હોં.

**કાકા :** બીક લાગે જ નહિ. આશ્રમના કંપાઉંડમાં કોઈ આવી જ શકે નહિ. ભૂતબૂત બધું જ ચાલ્યું જાય.

**સ્વજન :** કાકા, હું **મોટા**ની કૅસેટ સાંભળું છું.

**કાકા : બાબો પણ છાનોમાનો સૂતાં સૂતાં સાંભળતો જ હોય. એ ભલેને સૂઈ ગયો હોય તોપણ કૅસેટના શબ્દો એના કાનમાં પડે જ. બાબાને રોજ 'હરિઃૐ ધૂન' અને *મોટા*નાં બીજાં ભજનો સંભળાવ્યાં કરવાં.**

**સ્વજન :** હું બાબાને દૂધ પાઉં ત્યારે 'પ્રભુ શરણ ચરણમાં રાખો રે, પાવલે લાગું' એ ભજન રોજ ગાવું છું.

**કાકા :** એ બહુ સારું. તારે ભગવાનનું નામ લીધા કરવું. ભજનો ગાયાં કરવાં અને સદ્વાંચન કર્યા કરવું. એમ કરવાથી ચિત્તમાં સારા સંસ્કારો પડે છે.

**સ્વજન :** આળસ કેવી રીતે નીકળે ?

**કાકા : જેમ પિત્તળનાં વાસણને ખાટી આમલીનું પાણી લગાવીને સાફ કરીએ એટલે વાસણ એકદમ ચકચકિત થઈ જાય તેમ આપણે પણ મનને સાફ કરવા માટે અંદર કાંઈ નાખવું પડશે, તો મન સાફ થાય અને આળસ પણ નીકળી જાય. ભગવાનનું નામ લેવાથી આળસ ને પ્રમાદ નીકળે.**

**સ્વજન :** રોગ વખતે ભગવાનમાં મન રાખવા શું કરવું ?

**કાકા :** હા, જો આપણામાં ભગવાન તરફની ભક્તિ હોય તો બીમારી હોવા છતાં પણ આપણું મન ભગવાનમાં રહે ખરું. **મોટા** કહેતા કે, 'મારા શરીરને કેટલા બધા રોગો છે, તોય હું ભગવાનનું નામ લઉં છું ને ચોપડીઓ લખ્યા કરું

છું, એટલે રોગો મને સતાવતા નથી.' **મોટા**ને હતા તે રોગો તો બહુ ભારે ! એ તો **મોટા** જ સહન કરે, આપણા જેવા કોઈ સહન કરી શકે નહિ. આપણા જેવાનું કામ નહિ.

**સ્વજન :** કાકા, ગ્રહો નડે ખરા ?

**કાકા :** અમને એકવાર ગ્રહોનો વિચાર આવેલો. ત્યારે મેં **મોટા**ને પૂછેલું કે, '**મોટા**, ગ્રહો નડે તે વાત સાચી ?' ત્યારે **મોટા** એવું બોલેલા કે, 'કોઈ નડતું નથી. આપણે જ આપણને નડીએ છીએ. આપણને આપણું અહમ્ નડે છે. કોઈ ગ્રહ કે એવું બીજું કાંઈ નડતું નથી. મન મજબૂત હોય તો કશું પણ નડતું નથી. મન મજબૂત હોય તો કાંઈ કશું થતું નથી. કોઈ નડતું નથી ને કાંઈ નહિ. મન છે તે ભગવાનના નામથી જ મજબૂત થાય છે. બીજી કોઈ રીતે થતું નથી.'

**સ્વજન :** કરકસર ને લોભ એ બેમાં શો ફેર ?

**કાકા :** જરૂર પ્રમાણે પૈસા ખરચીએ પણ કારણ વગર ના ખરચીએ એને કરકસર કરી કહેવાય. કરકસર કરવી, પણ બહુ ના કરવી. કરકસર એ લોભ ના થઈ જાય તે જોવું.

**સ્વજન :** ઘરની બનાવેલી ખીચડી કઢી ને ઉત્સવમાં બનતી ખીચડી કઢી એ બન્નેના સ્વાદમાં ફરક હોય, તેનું શું કારણ હશે ?

**કાકા :** ઉત્સવની ખીચડીકઢીમાં ભાવ રેડાતો હોય છે. એટલે ભાવની વાત જ જુદી છે. **મોટા કહેતા કે, 'ભગવાનનું નામ લેતાં લેતાં રસોઈ કરીએ તો રસોઈ પણ બહુ સ્વાદિષ્ટ બને. પણ જો ઘરમાં કોઈનું મોં ચડી ગયું હોય ને તે રસોઈ કરે તો એમાં ભલીવાર નહિ.'**

**સ્વજન :** પંદરથી વીસ મિનિટ ધ્યાનમાં બેસું છું. જાત જાતના વિચારો આવે છે.

**કાકા : આપણે નામસ્મરણ કર્યા કરવું. કોઈ પણ નામ લેવું. નામસ્મરણ જ ઉત્તમ. નામસ્મરણથી આપણામાં રાગદ્વેષ ઓછા થાય અને બીજું એ કે નામસ્મરણ કરવાથી આપણો સ્વભાવ બદલાઈ જાય. સ્વભાવ બદલાઈ જાય એ જ એનું લક્ષણ છે. નામસ્મરણથી આપણી પ્રકૃતિનું રૂપાંતર થઈ જાય.**

**સ્વજન :** સંસારમાં ટકી રહેવા માટે ભગવાનનો આશરો જ કામ આવેને ?

**કાકા :** હા, એ જ કામ આવે. બીજું કાંઈ કામ નહિ આવે. પૈસાય કામ નહિ આવે.

**સ્વજન :** અમે તો **મોટા**ને જોયા જ નથી.

**કાકા :** જોયા નથી તેથી શું થઈ ગયું ? જેઓએ **મોટા**ને નથી જોયા તેવા લોકો પણ જો **મોટા**ને વળગશે તો તેઓને પણ **મોટા**ની મદદ મળશે. **મોટા**ની મદદ મળે છે તે સાબિત પણ થઈ ગયું છે, કારણ કે **મોટા**ની તે જીવો પ્રત્યે કરુણા હોય છે કે આ મારાં છે. એટલે મદદ મળે જ.

**સ્વજન : મોટા** જેવું થવું બહુ કપરું, કાકા.

**કાકા : મોટા** જેવું થવા માટે તો અવિરત સાધના ને ભક્તિ કરવી પડે. ***મોટા*** **તો બહુ મહાન અનુભવી. બધાંની આગળ વાત નહિ થાય આવી. *મોટા*ની બહુ ઊંચી કક્ષા. ઊંચામાં ઊંચું શિખર *મોટા.*** કોઈ સંસારી જીવ **મોટા**ના સમાગમમાં આવ્યો હોય તોપણ તેનામાં પડેલા સંસ્કારો ઉદયવર્તમાન થવાના અને તે જીવને ઊંચે લઈ આવવાના.

**સ્વજન :** કુંડલીની શક્તિ વિશે કોઈ **મોટા**ને પૂછતું, ત્યારે **મોટા** શું કહેતા ?

**કાકા : મોટા** કહેતા કે, 'મને કોઈ પૂછે તો હું તો એમ જ કહું કે મને નથી આવડતું. આ બધાં મારી સાસુના રાગદ્વેષથી ભરેલા છે ને કુંડલીની વિશે વાતો કરે છે.' જો આપણામાં રાગદ્વેષ, કામક્રોધ વગેરે બધું પડેલું હોય ને કુંડલીની શક્તિ વિશે શીખવા જઈએ તો ઊલટા આપણે ઊંધે રસ્તે ચડી જઈએ એવું બને. રાગદ્વેષ મોળા પડે તો કંઈક આપણી ગાડી આગળ ચાલે.

**સ્વજન :** ઘણી સાધના કરીએ ત્યાર પછી સ્વભાવ બદલાયને ?

**કાકા :** એક દિવસ અમે બધા રસોડામાં જમવા બેઠેલા. તે સમયે કોઈ બોલ્યું : '**મોટા**, ★જમુનો સ્વભાવ બદલાઈ ગયો.' ત્યારે **મોટા** 'એમ !' એવું બોલીને પેટ પકડીને બહુ હસેલા. તેઓ બોલ્યા હતા કે, 'સ્વભાવ બદલાઈ જવો તે તો બહુ મોટી વાત છે.'

**સ્વજન : જ્યાં કામ બરાબર થતું ના હોય ત્યાં કહેવું પડેને ?**

**કાકા : વહેવારમાં કહેવું તો પડે. ના કહીએ તો નુકસાન થાય. કહેવામાં સદ્‌ભાવ રાખવો, પણ કહેવું તો ખરું જ. અંદરથી તેના પ્રત્યે ભાવ તો રાખવો જ.**

**સ્વજન : કોઈ ના સમજે તેવું પાત્ર સામે હોય તો શું કરવું ?**

**કાકા : તો જરા મોટા અવાજે બોલવું પડે. ફૂંફાડો મારવો**

---

★જમુ = આશ્રમનો એક સેવક

**પડે તો મારવો, પણ કરડવું નહિ. સાપ ફૂંફાડો મારે તેમ ફૂંફાડો મારવો.**

**સ્વજન : કાકા, અમુક પાત્રો તો ફૂંફાડો મારીએ તોય સમજે નહિ એવા હોય છે. તેનું શું કરવું ?**

**કાકા : તો પછી તેનો તો કોઈ ઉપાય નહિ.**

**સ્વજન : આપણે ત્યારે પણ તેના પ્રત્યે સદ્‌ભાવ તો રાખવો જને ?**

**કાકા : હા, ભગવાનને માર્ગે જનારે સદ્‌ભાવ તો રાખવો જ પડે, છૂટકો નહિ. ઘણું નુકસાન વેઠીને પણ સદ્‌ભાવ તો રાખવાનો જ.**

**સ્વજન : કાકા, ક્યાં સુધી જતું કરવું ?**

**કાકા : ભગવાનને રસ્તે જનારે જતું કરવું જ પડે. ભગવાનની લીલા ખરી છે હોં.**

**સ્વજન : બધું જતું કરવું ?**

**કાકા : હા, વિવેક રાખીને જતું કરવું.**

**સ્વજન :** અનુભવી પુરુષના સહવાસની અસર તો પડેને ?

**કાકા :** અનુભવી પુરુષના સહવાસની અસર તો પડે જ. એકવાર કોઈ બોલ્યું કે, '**મોટા**, અમે તો એવા ને એવા રહી ગયા છીએ.' ત્યારે **મોટા** ગુસ્સે થઈને બોલ્યા હતા કે, 'તું એવું ના બોલ. અંદર ફેરફાર થતો હોય તેની તને શું ખબર પડે ?'

**સ્વજન :** કાકા, આશ્રમની યાદ આવે તે સારું કહેવાયને ?

**કાકા :** હા, બહુ સારું કહેવાય. આપણે જે જગ્યાએ જતા હોઈએ તે જગ્યાને યાદ કર્યા કરવી જોઈએ. દા.ત.,

સાકુરીમાં ઉપાસનીબાબાનો આશ્રમ છે, એવું યાદ કરવાથી ઉપાસનીબાબા અને ગોદાવરીમાતાની યાદ આવે જ. એટલે કહેવાનો મતલબ એ કે જગ્યાનું નામ યાદ આવે તોય બસ.

**સ્વજન :** અશ્વિનીકુમાર સ્થિત ઉપાસનીબાબાના આશ્રમે ગોદાવરીમૈયા આવેલાં, ત્યારે દર્શન કરતી વખતે માતાજી સાથે તમે શું વાત કરેલી ?

**કાકા :** માતાજીને અમે એમ કહેલું કે, '**મોટા**ના આશ્રમે પધારો, માતાજી.' ત્યારે તેઓએ કહ્યું હતું કે, 'ફરી આવીશ ત્યારે આવીશ.' માતાજી બહુ ઓછું બોલતાં.

**સ્વજન :** અનુભવી પુરુષ ઓળખાય ખરા ?

**કાકા :** અનુભવી તો કોઈક જ હોય. એવા લોકો સહેલાઈથી ઓળખાય પણ નહિ. જીવનમાં જેને આવા સંત-મહાત્માનો ભેટો થયો હોય, તેઓ ઘણા પુણ્યશાળી ગણાય.

**સ્વજન : મોટા** આવતે જન્મે અમને બધાંને સાથે રાખશેને ?

**કાકા : મોટા**એ કહેલું છે કે, 'આવતે જન્મે હું બધાંને સાથે રાખવાનો છું.' એટલે એ તો સાથે જ રાખવાના.

**સ્વજન :** અમે બધાં પણ ખરાંને ?

**કાકા :** હા, બધાં જ. ભલે તમે **મોટા**નું શરીર હતું તે વખતે અહીં આવતા ન હતા, પરંતુ પછી તો છો જને ?

**સ્વજન :** ઘણા જન્મોનાં પુણ્યકર્મોના સંસ્કાર જાગે, ત્યાર પછી જ આ માર્ગમાં પ્રવેશ મળતો હશેને ?

**કાકા :** હા, ઘણા જન્મોનાં સારાં કર્મોના સંસ્કાર જો જાગી જાય, તો તો જલદીથી આ માર્ગમાં પ્રવેશ મળી જાય ને

ઝડપથી આપણી સાધનાનું કામ ચાલે. તમારામાં એટલા બધા ગાઢ સંસ્કારો પડી ગયા છે કે આવતે જન્મે તમારી ગાડી ઝપાટાભેર આગળ ચાલશે અને ભગવાનની કૃપા છે કે તમારો સંસાર સારો ચાલે છે. **મોટા**માં તમે બન્ને રંગાઈ ગયાં. તમે બન્ને ભજન સારું કરો છો. ભગવાને સરસ જોડી બનાવી આપી છે. આપણે હંમેશાં ભગવાનનો જ આભાર માનવો જોઈએ, કારણ કે આપણા ઉપર એની કૃપા ઊતરી તેથી આપણાથી બધું થઈ શક્યું.

તમારું જીવન **મોટા**એ લગ્નવિધિમાં કહ્યું એવું છે. એમાં **મોટા**એ કહ્યું છે કે, 'પતિપત્નીએ મિત્રભાવે રહેવું.' તમારું બન્નેનું જીવન મિત્રભાવે ચાલે છે !

અને બીજું એ કે, અમારા ઉપર શારદાબહેનનું ઋણ ચડેલું છે. ભગવાનને કહીને ઋણ અદા કરવું પડશે. શારદાબહેન **મોટા**નું કામ કરે છે. કોઈ **મોટા**નું કામ કરે તે **મોટા**ને ગમે. **મોટા**નું કોઈ ને કોઈ કામ કર્યાં જ કરવું. અહીં આવીને બેસી ના રહેવું.

આપણને **મોટા** જેવા મહાન પુરુષ મળ્યા એ ભગવાનની કૃપા.

**સ્વજન :** કાકા, **મોટા** અમને 'વહાલા' લાગે છે.

**કાકા :** તમે બીજા બધાં કરતાં **મોટા**ની વધારે નજીક આવી ગયા છો એ વાત ખરી.

**સ્વજન :** અમને આ વખતે **મોટા**નું દર્શન થયું, એ પૂર્વના સંસ્કાર ખરાને ?

**કાકા :** હા, તમને **મોટા**નું દર્શન થયું ને તમે **મોટા**ના પરિચયમાં પણ આવ્યા. **મોટા**નું સાહિત્ય વાંચીને તમારું આખુંય

રૂપાંતર થઈ ગયું, એ કેવું મઝાનું. એટલી રાહત થઈ. આ જન્મે આટલું, બીજા જન્મે તેનાથી આગળ એમ કરતાં આગળ જવાશે.

આપણને એ બાજુનો રસ જાગે, આપણામાં ઉત્સાહ જાગે અને ધગધગતી તમન્ના જાગે ત્યારે બેડો પાર થાય. ભગવાનનું નામ લેવું એ આવતા જન્મનું ભાથું છે. જો આપણે સાધન-ભજન કરીએ તો ભગવાનનું દર્શન થઈ શકે છે. મનુષ્યયોનિ સિવાય બીજી કોઈ યોનિમાં ભગવાનનું દર્શન થતું નથી. દેવયોનિમાં પણ નહિ.

**સ્વજન :** કાકા, **મોટા**એ તમને કઈ વાત કરેલી ?

**કાકા :** હા, **મોટા** એકવાર એમ બોલેલા કે, 'દીવે દીવો પ્રગટાવીને જ પછી દેહ છોડવો છે, પણ અત્યારે એવી લાયકાતવાળું કોઈ દેખાતું નથી.'

**સ્વજન :** લગ્નવિધિ ચાલુ હોય ત્યારે વરકન્યાએ કેવો ભાવ રાખવો ?

**કાકા :** જ્યારે લગ્નવિધિ ચાલુ હોય તે સમયે વરકન્યાએ મનોમન **મોટા**ને યાદ કરીને પ્રાર્થના કર્યા કરવી કે, અમારું લગ્નજીવન સમૃદ્ધ અને સુખમય બની રહો અને સાથે સાથે હરિઃૐ, હરિઃૐનો જપ કર્યા કરવો.

**સ્વજન :** રતિકાકા રંગૂનવાલાને ત્યાં ***મોટા*નો ઉત્સવ થયો** ત્યારે **મોટા** શું બોલેલા ?

**કાકા : ત્યારે *મોટા* એવું બોલેલા કે, 'આજે જે કોઈ દિલથી પ્રાર્થના કરશે, તેઓની પ્રાર્થના જરૂર ફળશે.' એ દિવસ *મોટા*ના સાક્ષાત્કારનો દિવસ હતો, એટલે *મોટા* એવું બોલેલા.**

***મોટા*નો સંકલ્પ હોય એટલે ભગવાનને કરવું પડે અને એથી જ સદ્ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશથી ઉપરના ગણવામાં આવ્યા છે. ભગવાને પણ સદ્ગુરુનું કહેલું કરવું પડે છે.**

***મોટા* કહેતા કે, 'અમારે ને હરિને ન તો દોરાપુર છેટું છે.' એટલે કે અમારે ને હરિને દોરા જેટલું પણ છેટું નથી. બન્ને એક જ !**

**સ્વજન :** રોકડા પૈસાની સલામતી કેટલી ?

**કાકા :** એક સમય એવો આવશે કે સરકાર બૅંકમાંથી પૈસા લઈ લેશે. સરકાર લઈ લે એના કરતાં જમીન અને સોનામાં પૈસા રોકવા સારા. મકાન તો રહેવા પૂરતું જ હોવું જોઈએ. મકાનોમાં વધારે પૈસા રોકવા નહિ. રોકડા રૂપિયા રાખવા જેવા નહિ. રોકડા રૂપિયા કલમને ગોદે જશે.

એટલે **મોટા**નું કહેવું એવું કે રોકડા પૈસા બહુ વધારે ઘરમાં મૂકી રાખવા નહિ.

**સ્વજન :** બૅંકમાં પૈસાની સલામતી ખરી ?

**કાકા : મોટા**ને એક ભાઈએ પૂછેલું કે, '**મોટા**, તમારા ગયા પછી તમારા પૈસાનું શું થશે ?' ત્યારે **મોટા**એ કહેલું કે, 'અમારાય જશે.'

**સ્વજન :** બૅંકમાં પૈસા હોય તે બધા જ જાય ?

**કાકા : બૅંકમાં પૈસા હોય તે બધા જ જશે. એવો સમય આવશે કે બૅંકમાં મૂકેલા પૈસા સરકાર લઈ લેશે, કારણ કે સરકારને જ પૈસાની જરૂર પડશે. એટલે આવાં ટ્રસ્ટો હોય**

**એના પૈસા જપ્ત કરી લેશે. કહેવાનું એમ કે ટ્રસ્ટના પૈસાય વાપરી નાખવા. વધારે ભેગા નહિ કરવા. સરકાર નહિ રહેવા દે. સરકાર લઈ લે એના કરતાં આપણે વાપરી કાઢીએ તો સારું. યોગ્ય રીતે વપરાય તો ખરા.**

**સ્વજન : મોટા,** ગરીબ અને કચડાયેલા લોકો વિશે શું કહેતા ?

**કાકા : મોટા** ગરીબાઈમાં ઊછરેલા એટલે **મોટા**ને ગરીબો માટે ખૂબ લાગી આવે તે સ્વાભાવિક છે અને એ જ **મોટા**ની કરુણા છે. **મોટા**એ લખ્યું છે કે, 'ગરીબો અમારા જાગશે, ત્યારે બધાં હેઠાં પડશે અને સૂકા સાથે લીલું પણ બળી જશે.' દુઃખ અને ગરીબીમાં જ ભગવાન યાદ આવે. સુખમાં એટલી યાદ નહિ આવે.

**સ્વજન :** ગરીબીમાં જેવો વિકાસ થાય એવો અમીરીમાં નહિ થતો હોયને ?

**કાકા :** ના, ગરીબીમાં જે વિકાસ થાય, તેવો અમીરીમાં નહિ થાય. **મોટા**એ લખ્યું છે કે, 'ગરીબાઈ પણ જરૂરની છે.' ભગવાનને રસ્તે જવું હોય તો ગરીબાઈ જ કામ લાગે.

**સ્વજન : મોટા** એમ કહેતા કે, 'આ કાળ બહુ વિપરીત છે.'

**કાકા :** 'હા, 'આ કાળ બહુ વિપરીત કાળ છે' એમ **મોટા**એ કહેલું છે. માણસને આડેઅવળે રસ્તે ચડાવી દે, એવો આ કાળ છે. એવા આ કાળમાં ભગવાનનું નામ જે લેશે, તે જ બચી શકશે. હજુ તો આના કરતાં પણ વધુ વિપરીત કાળ આવશે.

**સ્વજન : મોટા**ને ખૂબ ગરીબીમાંથી પસાર થવું પડ્યું હતું.

**કાકા :** જેવા સમયમાંથી ને જેવી ગરીબીવાળી સ્થિતિમાંથી **મોટા** પસાર થયા, તેવી સ્થિતિમાંથી આપણે પસાર ન થઈ શકીએ. **મોટા**એ જેવી કારમી ગરીબી પચાવી, એવી ગરીબી પચાવવી એ આપણા જેવાનું કામ નહિ.

**સ્વજન :** જરૂરિયાત જેટલા પૈસા ભગવાન આપે તોય બસ.

**કાકા :** આપણું તંત્ર ચાલ્યા કરવું જોઈએ અને ક્યાંય હાથ લાંબો ના કરવો પડે, એટલું ભગવાન આપે તોય બસ.

**સ્વજન :** કાકા, કોઈના ઋણમાં ના રહેવું જોઈએને ?

**કાકા :** ના, ક્યારેય કોઈના ઋણમાં ના રહેવું જોઈએ.

**સ્વજન :** ઋણમાં રહેવાથી શું થાય ?

**કાકા :** ઋણમાં રહેવું સારું નહિ. કોઈ ને કોઈ જન્મે આપણે એ ઋણ ચૂકવવું જ પડે.

**સ્વજન :** તો પછી દેવું પણ ના હોવું જોઈએને ?

**કાકા :** દેવું ના હોય ત્યાં સુધી સારું અને દેવું હોય તો ધીરેધીરે ચૂકવી દેવું જોઈએ. બસ, આપણાથી કોઈના ઋણમાં ના રહેવાય.

**સ્વજન : કર્મ કેવી રીતે કરવું ?**

**કાકા : આપણે કામ તો સુખે કે દુઃખે નાછૂટકે કરવું જ છે, તો પછી કંટાળો લાવીને શા માટે કરવું જોઈએ ? કર્મ પ્રેમથી કરવું જોઈએ, પણ આપણાથી એ પ્રેમથી થઈ શકતું નથી. માણસને કંટાળો આવી જાય. પ્રેમથી ક્યારે થાય કે જ્યારે આપણામાં એ કામ પરત્વેનો ઉત્સાહ ને ભાવ જાગે, ભાવના જાગે, ત્યારે થાય. નહિતર બેળેબેળે થાય.**

**સ્વજન :** સારી ઊંઘ કેવી રીતે આવે ?

**કાકા :** આપણું શરીર થાકી જાય, એટલી મહેનત કરવી. પછી સૂઈ જવું. એટલે એક ઊંઘે સવાર થઈ જાય. એ ઊંઘ ઉત્તમ.

**સ્વજન :** આપણામાં બીજી વૃત્તિ ઊઠે નહિ તથા મન આડુંઅવળું થાય નહિ, તે માટે શું કરવું ?

**કાકા : મોટા** કહેતા કે, 'એકવાર મૌનરૂમમાં અંદર દાખલ તો થઈ જા, પછી બધું થયા કરશે.' ત્યાં અંદરનું વાતાવરણ હોયને, ઉત્તમમાં ઉત્તમ તો એ છે.

આ મૌનઓરડાઓ **મોટા**એ શ્રીધૂણીવાળાદાદાના આદેશથી બનાવેલા છે.

**સ્વજન : મોટા**નાં પૂર્વજન્મનાં બહેન પ્રભાબહેનની વાત કરોને, કાકા.

**કાકા :** શરૂઆતમાં **મોટા** સુરત આવતા, ત્યારે પ્રભાબહેનને ત્યાં રહેતા. ત્યારે સુરતમાં એક પણ માણસ **મોટા**ને ઓળખતું નહિ અને કોઈ એમના વિશે કંઈ કશું જાણતુંય નહિ. 'પ્રભાકિરણ'* નામની ચોપડી પ્રભાબહેને લખેલી છે. તેઓ **મોટા**નાં પૂર્વજન્મનાં બહેન હતાં. પ્રભાબહેનના પતિનું નામ ચૂનીભાઈ હતું. ચૂનીભાઈ રેલવેમાં માસ્તર હતા. અમે પ્રભાબહેનને ત્યાં ઘણી વાર જતા. ત્યારે પ્રભાબહેન અમને પાન આપતા, તે અમે ખાઈ લેતા. આમ તો અમે પાન ખાતા નહિ. **મોટા**ને પણ પ્રભાબહેને જ પાન ખાવાનું ચાલુ કરાવેલું. પ્રભાબહેનના નિમિત્તે જ **મોટા** પાન ખાતા.

શરૂઆતમાં એકવાર એવું બનેલું કે, હું **મોટા** સાથે પ્રભાબહેનના ઘેર ગયેલો, ત્યારે પ્રભાબહેને **મોટા**ને પાન

---

* પ્રભાબહેન રચિત ભજનોનું પુસ્તક

આપ્યું અને **મોટા**એ એ પાન મને આપ્યું ને ખાવાનું કહ્યું. ત્યારે અમે **મોટા**ને કહેલું કે, '**મોટા**, હું તો પાન નથી ખાતો.' પછી અમને ખબર પડી કે પાન ખાધું હોત તો સારું થાત. આપણે ના નહોતી પાડવી જોઈતી.

**સ્વજન :** નંદુભાઈના 'મહાજન' કરીને મિત્ર હતા, તેમની સાથે **મોટા** પિક્ચર જોવા જતાને ?

**કાકા : મોટા**એ આપણને એમના તરફ ખેંચવા હોય, તો આપણે કહીએ તેમ **મોટા** કરે ! આપણે એમ કહીએ કે, '**મોટા**, ચાલો પિક્ચર જોવા.' તો **મોટા** આપણી સાથે પિક્ચર જોવા પણ આવે. આપણને તો ખ્યાલેય ના હોય કે એવું કરીને **મોટા** આપણને એમની તરફ ખેંચતા હોય છે ! અનુભવી પુરુષની આવી કળા હોય છે.

**સ્વજન :** શ્રીબાલયોગી મહારાજનું શરીર કેવી રીતે છૂટ્યું ?

**કાકા :** શ્રીબાલયોગીજી મહારાજે અફીણ મંગાવેલું અને 'મારું કામ પૂરું થયું હવે' એમ બોલીને બધું અફીણ તેઓ ખાઈ ગયા. તેઓએ અફીણ ખાઈને જ શરીર છોડેલું. એમનું શરીર અહીં સાબરમતીના બેટમાં જ છૂટ્યું હતું. અફીણ લાવી આપનાર ભાનુશંકર પંડ્યા હતા.

**સ્વજન : *મોટા* સમયને સહેજ પણ બગડવા ના દેતાને ?**

**કાકા : કોઈએ કહેલું હોય કે, 'મોટા, અમે વહેલી સવારમાં ચાર વાગ્યે ગાડી લઈને તમને લેવા આવીશું.' પછી ચાર વાગી જાય ને ગાડી ના આવે તો મોટા ચાર વાગતાં જ અહીં આશ્રમમાંથી ચાલતા નીકળી જાય. થોડેક સુધી જાય ને**

**પેલી ગાડી રસ્તામાં મળે એટલે ગાડીમાં બેસી જાય. *મોટા*ને સમયની ખૂબ કિંમત હતી.**

**સ્વજન : મોટા** પ્રાર્થના વખતે સવારે થોડું પ્રવચન કરતાને ?

**કાકા :** હા, જે લોકો મૌનમાં બેસવા આવે તે લોકો માટે અને જે મૌનમાંથી બહાર નીકળ્યા હોય, તેમને માટે **મોટા** નાનું એવું પ્રવચન કરતા. પછી **મોટા**એ દેહ છોડ્યાના ત્રણ-ચાર વર્ષ પહેલાં પ્રવચન આપવાનું બંધ કરી દીધેલું. આમ તો પ્રવચન કરવાનું જ બંધ કરી દીધેલું. **મોટા એવું બોલેલા કે, 'બધાં પ્રાર્થના કરવાં ને પ્રવચન સાંભળવાં આવે છે ખરાં, પરંતુ કોઈ અમલમાં મૂકતું નથી. આશ્રમના દરવાજા બહાર જાય ને પાછા હતા તેવા ને તેવા થઈ જાય છે.'**

**સ્વજન :** તરણકુંડ વિશે **મોટા** શું કહેતા ?

**કાકા : *મોટા* એકવાર એવું બોલેલા કે, 'મોટામાં મોટું દાન બાળકો માટે તરણકુંડો બનાવવા તે છે,** પણ કોઈને તરણકુંડો બનાવવાની પડી જ નથી. મારી પાસે પૈસા નથી, નહિતર હું તો બીજા પણ તરણકુંડો બનાવું. કોઈને આવું સરસ સમાજના વિકાસનું કામ દેખાતું નથી. અમે કાંઈ અમારાં છોકરાંઓ માટે આ કરતાં નથી. આ તો સુરત શહેર માટે કરીએ છીએ. તોય કોઈ પૈસા કાઢતું નથી.' **તરણકુંડો બનાવવામાં *મોટા*ને બહુ રસ. બાળકો ભણીને હોશિયાર થાય અને તેજસ્વી બને, એમનામાં સાહસિકતાના ગુણો આવે, એવું બધું *મોટા*ને બહુ ગમે.** આ બધી **મોટા**એ જે યોજનાઓ કરી છે, તેવી અત્યાર સુધીમાં કોઈએ કરી નથી. દરિયામાં તરવાની હરીફાઈ સૌ પ્રથમ **મોટા**એ જ ગોઠવી, બીજા કોઈએ ગોઠવી નથી.

**સ્વજન :** કાકા, **મોટા**ને સમર્પણ થયેલા જીવો તો કોઈક જ હોયને ?

**કાકા :** અહીં ઘણાં બધાં આવે છે, પણ આખુંય જીવન પ્રેમભક્તિપૂર્વક, હેતુની સભાનતા સાથે, સર્વ ભાવે ને સર્વ રીતે સમર્પણ થયેલા જીવો તો કોઈક જ હોય.

**સ્વજન : મોટા** વ્યાવહારિક સંત ખરાને ?

**કાકા :** ભલે, **મોટા** બહુ મહાન હતા પણ સંસાર-વહેવારમાંય **મોટા** ખરેખર બહુ વ્યાવહારિક સંત હતા. **મોટા** જેવું કોઈ બીજું વ્યાવહારિક નહિ. સંસારી લોકોને પોતાને ખબર નહિ હોય કે **મોટા** આવા મહાન સંત છે. તેઓ તો એમ જ સમજે કે **મોટા** શું જાણે વહેવારમાં ? સંસાર-વહેવારમાં એમને શું ખબર પડે ? પણ **મોટા**ને જેવી ખબર પડે, તેવી ખબર કોઈને ના પડે. **મોટા** તો વહેવારની કોઈ પણ ગૂંચને હલ કરી આપે. જરાક પણ ચૂકે નહિ.

એકવાર **મોટા**એ મને એક જ દિવસમાં ચાર હૉસ્પિટલોમાં માંદાઓની ખબર લેવા મોકલ્યો હતો. **મોટા**એ મને કહ્યું હતું કે, ‘એ લોકો આશ્રમમાં આવે છે ને આપણને મદદ પણ કરે છે, તેથી એ બધાં આપણાં સ્વજન કહેવાય. આપણે એમના ખબરઅંતર લેવા જવું જોઈએ. આપણે વહેવારમાં રહેવું.’ એવું પણ **મોટા** કહેતા.

**સ્વજન :** ઈંદ્રવદન શૅરદલાલે વિજ્ઞાનના સંશોધન વિશે તમને **મોટા**ની શું વાત કરેલી ?

**કાકા : ઈંદ્રવદને મને વાત કરેલી કે, ‘*મોટા* મને એકવાર કહેતા હતા કે વિજ્ઞાનમાં કોઈક નવું સંશોધન કરે, તો એવું**

**જે કોઈ હોય, તેને શોધી કાઢીને તેને એક લાખ રૂપિયાનો એવૉર્ડ આપણે આપવો. આમ દર વર્ષે એક લાખ રૂપિયાનો એવૉર્ડ અપાય તેવો મારો વિચાર છે.'**

**સ્વજન :** ભક્તિમાર્ગમાં ગુરુની આજ્ઞાનું પાલન કરવાનું મહત્ત્વ કેટલું ?

**કાકા :** જો ગુરુમાં ભક્તિ જાગે તો આપણામાંથી રાગદ્વેષ ને એ બધું ઓછું થઈ જાય. મૂળ વાત તો એ કે આપણને ગુરુમાં લગની લાગવી જોઈએ અને ગુરુ એ જ ભગવાન એવું મનમાં ઠસી જવું જોઈએ. હુકમના પાલનને **મોટા** બહુ મહત્ત્વ આપતા. પળેપળ ગુરુનો બોલેલો બોલ આપણે પાળવો જોઈએ એવું **મોટા** કહેતા.

**સ્વજન :** કાકા, દાન કેવી રીતે કરવું ?

**કાકા : સમાજની સમગ્રતાને સ્પર્શે એવી રીતનું દાન કરવું જોઈએ. ચીલેચલુ દાનનો કોઈ અર્થ નથી. *મોટા* એવું ઘણી વાર કહેતા.**

**સ્વજન :** ધીરે ધીરે ખબર પડે છે કે સંસાર તરવો બહુ કપરો છે.

**કાકા :** ઊર્ધ્વમાર્ગનું ચઢાણ ચઢવું અઘરામાં અઘરું છે અને મુશ્કેલ પણ છે. એ તો એની કૃપા થાય ત્યારે જ થઈ શકે. બાકી ના થઈ શકે. આપણે ભગવાનના નામનું સ્મરણ કર્યાં કરીએ, ને એટલો પુરુષાર્થ આપણાથી થાય, તો કૃપા તો છે જ.

**સ્વજન :** આશ્રમ માટે પૈસા ઉઘરાવવાનું **મોટા**એ કોને કહેલું ?

**કાકા :** એક ડૉક્ટર બહેન કે, જેનાં લગ્ન અહીં

આશ્રમમાં થયેલાં, એ બહેને **મોટા**ને કહ્યું કે, '**મોટા**, તમે અમેરિકા મારે ઘેર આવો.' **મોટા**એ ત્યારે કહ્યું કે, 'તું પૈસા ઉઘરાવી આપે તો આવું. તું તારા પોતાના આપે તો નહિ આવું. પૈસા તારે આજુબાજુથી ઉઘરાવી આપવાના હોય તો આવું.' એ બહેને પૈસા ઉઘરાવી આપવાની ના પડી. એટલે પછી **મોટા**એ અમેરિકા જવાની હા ન પાડી. **બીજા પાસે પૈસા ઉઘરાવવા જવું એ બહુ અઘરી વાત. અહં ઘવાય !**

**સ્વજન :** કાકા, પ્રવીણભાઈ માસ્તર વિશે તમે શું કહ્યું ?

**કાકા :** પ્રવીણભાઈ માસ્તરે કહ્યું, 'મારે આશ્રમમાં સેવા આપવી છે. આશ્રમનું બધું કામ કરવું છે.' ત્યારે મેં કહ્યું, 'સરસ.' પછી એમણે ધીરે ધીરે આશ્રમમાં આવવા માંડ્યું. હોળી, દિવાળી ઉપર આશ્રમનું કામકાજ કરે. થોડા દિવસ આશ્રમમાં રોકાય પણ ખરા. હમણાં તો તેઓ કાયમ આશ્રમમાં જ રહે છે.

**સ્વજન :** તેઓ લગ્ન નથી કરવાનાં ?

**કાકા :** ના, હમણાં તો એમણે ના પાડી છે.

**સ્વજન :** એમણે કઈ સાલમાં અહીં આવવાનું શરૂ કર્યું ?

**કાકા :** ઈ.સ. ૧૯૮૧ની સાલથી તેઓ અહીં આવ્યા અને ઈ.સ. ૧૯૯૯ની સાલથી આશ્રમમાં રહેવાનું થયું.

**સ્વજન :** તેઓ કાયમ હસતા મુખે કામ કરે ?

**કાકા :** હા, કામથી કંટાળે નહિ.

**સ્વજન :** મદ્રાસવાળા ડૉક્ટરની વાત કરોને, કાકા.

**કાકા :** મદ્રાસમાં એક ડૉક્ટર હતા. **મોટા** તે ડૉક્ટર પાસે દવા કરાવતા હતા. એક દિવસ ડૉક્ટરે **મોટા**ને કહ્યું,

'મારે તમને એક વાત કરવી છે.' **મોટા**એ કહ્યું, 'સારું.' પછી તેઓએ **મોટા** આગળ વાત શરૂ કરી. વાત કરતાં કરતાં તેઓ એટલા બધા રડ્યા કે રડતા જાય ને વાત કરતા જાય ! જીવનમાં મેં આમ કર્યું, આવું કર્યું આવું કર્યું, એમ વાત કરતા તેઓએ **મોટા**ને બધું જ જણાવી દીધું. સારુંનરસું બધું જ જણાવી દીધું. પછી તેઓનું મન હળવું ફૂલ જેવું થઈ ગયું. **મોટા** આગળ નિવેદન કરી દીધું એટલે મનમાંથી બધું નીકળી ગયું. મન સાફ થઈ ગયું.

**સ્વજન :** કાકા, સંસારમાં દુઃખનો ભાગ જ વધારે, તો એમાં કઈ રીતે રહેવું ?

**કાકા :** સંસારમાં દુઃખ આવીને ઊભું જ હોય. દુઃખના સમયે વધારે આનંદમાં રહેવાય, તો જ સાચું, પણ દુઃખમાં તો માણસને આમતેમ, આડા ને અવળા વિચારો આવ્યા કરે. દુઃખમાં જો માણસ ભગવાનનો વિચાર કરે તો એને રાહત મળે. દુઃખના સમયે આપણે ધીરજ રાખવી ને **મોટા** તરફ ભાવ રાખવો અને હૃદયથી ભાવ જાગે ત્યારે જાણવું કે **મોટા**ની હાજરી ત્યાં છે. **મોટા**એ એવું લખ્યું છે.

**સ્વજન :** કાકા, સંત રડે તો શું સમજવું ?

**કાકા :** સંત જો રડી પડે તો કોઈ ને કોઈ આફત આવવાની છે એમ જાણવું. એક વખત કોઈ બહેન ઉપાસનીબાબા પાસે આવ્યાં ને બાબા રડી પડ્યા. થોડા દિવસમાં તે બહેનના પતિ ગુજરી ગયા. ભગવાન જે સ્થિતિમાં રાખે તેમ રહેવું.

**સ્વજન :** નાળિયેર ચઢાવવાથી કે પૈસા ધરવાથી ભગવાન રીઝે ?

**કાકા :** **મોટા**એ લખ્યું છે કે, 'ભગવાનને નાળિયેર કે

પૈસાની જરૂર નથી.' એ તો આપણે આપણી મેળે જ આપણા મનમાં એવું ઠસાવી દઈએ છીએ કે આટલું આપણે ભગવાનને આપીશું એટલે આપણને સારું થઈ જશે, પરંતુ એમ સારું ના થાય.

**સ્વજન :** અગરબત્તી કર્યા વિના ભગવાનને પગે લાગીએ તો ચાલેને ?

**કાકા :** ચાલે, ચાલે, પણ જેને જે માન્યતા ફીટ થઈ ગઈ હોય તે નીકળવી બહુ મુશ્કેલ. એ તો **મોટા** જેવા થવાય ત્યારે માન્યતા જાય. ખૂબ ભક્તિ કરવી પડે. **મોટા** જેવું થવું બહુ કઠણ.

**સ્વજન :** કાકા, ઉત્સવમાં ખીચડી, કઢી ને શાકનો રિવાજ ક્યારથી શરૂ થયો ?

**કાકા :** વડોદરામાં એલેમ્બિક કંપનીવાળા રમણભાઈને ત્યાં ઉત્સવ હતો ત્યારે રમણભાઈએ **મોટા**ને પૂછ્યું કે, 'પ્રસાદમાં લાડુ બનાવીએ ?' ત્યારે **મોટા**એ કહ્યું કે, 'આમ તો ખીચડી, કઢી ને શાક જ ઉત્સવમાં હોય તો ઉત્તમ. તમે મારું માનો તો સારું.' એટલે પછી રમણભાઈ માની ગયા. ત્યારથી ઉત્સવ વખતે ખીચડી, કઢી ને શાક જ બનાવવાનું ચાલુ થઈ ગયું.

**સ્વજન :** એ બહુ સારું થયું.

**કાકા : મોટા,** ઘણા આશ્રમોમાં ફરેલા એટલે **મોટા**એ જોયેલું કે એ આશ્રમોમાં રહેનારાઓ બધા દૂધપાક ને માલપૂડા ખાયા કરીને પછી બ્રહ્મચર્ય કેવી રીતે પાળતા હશે !

**સ્વજન :** 'આપો આપો તેમ વધે' તે ભજન ક્યાં ગવાયેલું ?

**કાકા :** સુરતના અનિલભાઈ, ભીખુકાકા સાથે ફાળો ઉઘરાવવા માટે મુંબઈ ગયેલા. તેઓ મુંબઈમાં **મોટા**ના સ્વજન શ્રી વ્રજલાલ ગાંધીને ત્યાં રાત રહેલા. તે રાત્રે અનિલભાઈએ આ ભજન ગાયેલું. તે સમયે **મોટા** પણ ત્યાં હતા.

**આપો આપો તેમ વધે ઓ સંતો વહાલા !**
**આપો આપો તેમ વધે.**
**કોઈ દી ના ઘટે ઓ સંતો**
**આપો આપો તેમ વધે...**

સવારે ઊઠીને પછી **મોટા** પાસે આવીને અનિલભાઈએ પાંચસો કે હજાર રૂપિયા **મોટા**ને આપેલા.

**સ્વજન :** કાકા, પ્રાર્થના કેવી રીતે કરવી ?

**કાકા :** રોજ ગમે તે એક પ્રાર્થના આપણે નક્કી કરીને કરવી. પછી બીજે દિવસે બીજી પ્રાર્થના ગાવી. આમ રુચિ પ્રમાણે પ્રાર્થના નક્કી કરવી. જેમાં આપણને ભાવ જાગે તે પ્રાર્થના કરવી. **મોટા** કહેતા કે, 'મૌનમાં બેસવાનું થાય, ત્યારે તમને જે ભજનો આવડતાં હોય અને મનને ગમતાં હોય તે ભજનો ગાવાં. આપણને ગમતાં ભજનો ગાવાથી આપણામાં ભાવ જાગશે.'

**॥ હરિઃૐ ॥**

હરિ:ૐ

# (૨) શ્રી ઝીણાકાકા સાથે આશ્રમ અંગેની અને પૂ. શ્રીમોટાની વાતો

**બધાંએ મઝામાં રહેવું, આનંદમાં રહેવું ને ભગવાનનું નામ લેવું. એટલું આપણે કર્યાં જ કરવું. એ જ આપણું સાચું જીવન.**

**- ઝીણાકાકા**

**સ્વજન :** તમે **મોટા**ને સૌ પ્રથમ કેવી રીતે મળ્યા ?

**કાકા :** પહેલાં અમે નીરા મંડળીમાં કામ કરતા હતા. એક દિવસ ભીખુકાકાએ મને કહ્યું, 'ઝીણાભાઈ, **મોટા** આજે અમદાવાદથી ટ્રેનમાં બેસીને કુંભકોણમ્ જવાના છે. સુરતથી તેઓ પસાર થશે ને હું સુરત સ્ટેશને મળવા જવાનો છું.' ત્યારે મેં કહ્યું કે, 'હું પણ આવીશ.' આ પ્રસંગ ઈ.સ. ૧૯૫૪ નો છે.

અગિયાર વાગ્યે ગુજરાત એક્સપ્રેસ સુરત આવે, તેમાં **મોટા** નીકળવાના હતા. એટલે અમે સુરત રેલવે સ્ટેશને ગયા. બરાબર એ સમયે ભીખુકાકા **મોટા**ને મળીને ડબ્બામાંથી ઊતરીને જતા હતા ને અમે પહોંચ્યા. ગાડી પ્લૅટફૉર્મ ઉપર ઊભી હતી. અમે ડબ્બામાં ગયા ને **મોટા**ને પગે લાગ્યા. તે સમયે **મોટા**

એકીટસે મારી સામે જોયા કરતા હતા. તે વખતે **મોટા** અમને વીસ વર્ષની ઉંમરના શ્રીરામચંદ્ર ભગવાન ફોટામાં દેખાય તેવા અમને દેખાયા ! બરાબર એ જ રૂપમાં દેખાયેલા ! એટલે અમને મનમાં એમ કે **મોટા** આવા જ હશે. આ જ રૂપ હશે **મોટા**નું. અમે તો પગે લાગીને ડબ્બાની નીચે ઊતરી ગયા, પણ હું નીચે ઊતરતો હતો, ત્યારે **મોટા**ની નજર મારી સામે જ હતી. એને ત્રાટક કહેવાય, પણ તે દિવસે મને ખબર નહિ, પછી મને સમજાયેલું કે આને ત્રાટક કહેવામાં આવે. તે દિવસે ત્રાટક કરેલું **મોટા**એ. પછી અમે આવતા રહ્યા.

પછી **મોટા** ચોમાસામાં ભાદરવા મહિનામાં કુંભકોણમ્‌થી ભીખુકાકાને ઘેર આવવાના હતા, એટલે ભીખુકાકાએ મને વાત કરેલી કે, '**મોટા** મારે ત્યાં આવવાના છે.' મેં કહેલું કે, 'હું **મોટા**ને મળવા આવીશ.' **મોટા**ના આવ્યાના સમાચાર અમને મળ્યા કે તરત અમે કતારગામ ભીખુકાકાને ઘેર ગયા.

**મોટા**ને ખાટલા પર બેઠેલા જોયા, પણ તે દિવસે સ્ટેશન ઉપર જે જોયેલા તેમાં અને ભીખુકાકાને ઘેર ખાટલા પર બેઠેલા જોયેલા તેમાં ફેર ! બહુ ફેર ! રેલવેના ડબ્બામાં **મોટા** રામના રૂપમાં હતા. ને વીસ વર્ષની ઉંમરના હતા ને આ તો પંચાવન-છપ્પન વર્ષની ઉંમરના હશે **મોટા** ! મને મનમાં થયું કે, **મોટા** દેખાતા નથી ? એટલે મેં ભીખુકાકાને પૂછ્યું, '**મોટા** ક્યાં બેઠા છે ?' તો ભીખુકાકા કહે, 'આ ખાટલા પર બેઠેલા છે તે **મોટા** જ છેને !' એટલે અમે **મોટા**ને પગે લાગ્યા ને બેઠા. તે દિવસે અમે કતારગામ ભીખુકાકાને ઘેર રાત રહેલા. સવારે કતારગામના તળાવેથી **મોટા** માટે બાલદી ભરીને

પાણી લાવ્યા હતા. **ઘણો વખત ગયા પછી મોટા સાથે સારો સંબંધ બંધાયા પછી મેં મોટાને વાત કરેલી કે, 'મને ટ્રેનમાં તમારામાં રામનું દર્શન થયેલું.' મોટાએ કહ્યું કે, 'આપણામાં ભક્તિ જાગે ત્યારે એવું થાય ને દેખાય, પણ આપણે જેને ને તેને વાત ન કર્યા કરવી.'** તેથી અત્યાર સુધી કોઈને મેં વાત કરેલી નહિ. હમણાં હમણાં જ વાત કરું છું.*

**સ્વજન :** કાકા, **મોટા** ને ભગવાન બન્ને એક જને ?

**કાકા :** મને તો ફેર નથી લાગતો, કારણ કે **અમને તો પહેલે દિવસે જ *મોટા* રામરૂપ દેખાયેલા અને તે દિવસથી જ એટલો બધો વિશ્વાસ બેસી ગયેલો કે '*મોટા* એટલે જ ભગવાન !'**

**સ્વજન :** ભગવાનને માર્ગે જવાના સંસ્કાર તમારામાં પહેલેથી જ હતાને ?

**કાકા :** હા, તે ખરું જ. અમને પહેલાં એવો વિચાર આવ્યા કરતો હતો કે નર્મદા કિનારે જઈને કોઈ સાધુની સાથે ત્યાં રહેવું. **મોટા** મળ્યા તેના ત્રણચાર વર્ષ પહેલાં એવા વિચારો અમને આવતા હતા. પછી તો **મોટા** જ મળી ગયા એટલે નર્મદા કિનારાને બદલે તાપી કિનારે રહેવાનું બન્યું.

**સ્વજન :** કાકા, તમે 'આર્તપોકાર' ચોપડીનાં ભજનો ગાતાં ?

**કાકા :** અમે અમારી રીતે ભજનો ભાવથી ગાતાં ને ભગવાનને પ્રાર્થના પણ કરતાં. શરૂઆતમાં તો ભજન ગાતાં ગાતાં આંખમાંથી આંસુ પણ ચાલ્યાં જતાં. તે વખતે એટલો બધો ભાવ થતો કે આપણે હચમચી જઈએ. મને લાગે છે કે એ વખતે અમને **મોટા**ની મદદ મળતી હતી.

---

*પૂ.શ્રીમોટાનું પ્રથમ દર્શન વર્ષ ૧૯૫૪માં અને ૧૯૯૦માં ટેપ રેકોર્ડમાં વ્યક્ત થયા.

**સ્વજન :** કાકા, શરૂઆતમાં તમે નામસ્મરણ કરતાને ?

**કાકા :** શરૂઆતમાં મોટેથી નામસ્મરણ થતું હતું. સ્મરણ થાય, ત્યારે અંદરથી ભાવ જાગે. અંદરથી ભાવ જાગે, એ તેનું લક્ષણ. એ ભાવ આવતે જન્મે ગાડી આગળ ચલાવવામાં કામ આવશે.

**સ્વજન :** તમારે એવો સમય રહેતો ?

**કાકા :** હા, છેક શરૂઆતમાં રાતે સમય રહેતો. ઈ.સ. ૧૯૫૬-૫૭-૫૮માં સમય રહેતો. આખો દિવસ મન એમાં જ રહ્યા કરતું. કામ કરતા હોય, ત્યારે તો કામ જ હોય, પરંતુ સાંજે કે સવારે ભજન કરવા માટેનો સમય અમને રહેતો. કામ તો ઘણું જ રહેતું. **મોટા** એમ કહેતા કે, 'આપણે હંમેશાં કામમાં પરોવાયેલાં જ રહેવું.'

**સ્વજન :** તમે 'આશ્રમભજનાવલી'માંથી કયું ભજન ગાતા ?

**કાકા : 'મારી નાડ તારે હાથ, હરિ સંભાળજો રે,**
**મુજને પોતાનો જાણીને પ્રભુ પત પાળજો રે ...'**

એ ભજન બહુ સરસ છે. એ આશ્રમભજનાવલીમાં છે. અમે જ્યારે મૌનમાં બેસતા ત્યારે એ ભજન ગાતાં. તે વખતે એટલો બધો ભાવ થતો કે આંખમાંથી આંસુ નીકળી જતાં.

***મોટા* ઘણી વાર કહેતા કે, 'જો તમે હૃદયથી પ્રાર્થના કરશો તો હું આવીને હાજર થઈ જઈશ.'**

**સ્વજન :** તમે **મોટા**ને સવારે ચાર વાગ્યે ચા પિવડાવતા એ વખતે **મોટા** સાથે કાંઈ વાતચીત થયેલી ?

**કાકા :** ના, તે વખતે અમારે **મોટા** સાથે કોઈ પણ વાતચીત થઈ નથી. મેં **મોટા**ને અત્યાર સુધીમાં એક પણ પ્રશ્ન પૂછ્યો નથી. શરૂઆતમાં જ્યારે **મોટા** પહેલવહેલા કતારગામ ભીખુકાકાને ત્યાં ઊતરેલા, તે સમયે બપોરે **મોટા** પાસે હું બેઠેલો હતો. ત્યારે અમે **મોટા**ને ફક્ત એટલી જ વાત કરેલી કે, '**મોટા**, મારે લગ્ન નથી કરવાં.' ત્યારે **મોટા**એ એમ કહેલું કે, 'હા, ભાઈ આપણે લગ્ન નહિ કરવાં.'

**સ્વજન : મોટા**એ તમને બીજું કાંઈ કહેલું ?

કાકા : **એકવાર અમે એકલા હતા, ત્યારે એવું *મોટા*એ કહેલું કે, 'ભાઈ, આપણે ધ્યાન-બ્યાન વગેરેમાં પડવું નહિ. આપણે નામસ્મરણ કર્યા કરવું, બસ.'**

**સ્વજન :** કાકા, આશ્રમમાં ક્યાંય કચરો જોવા ના મળે, બહુ જ ચોખ્ખાઈ !

**કાકા :** અમે જ્યારે મદ્રાસ (ચેન્નાઈ) ગયેલા, ત્યારે **મોટા** પણ તે વખતે ત્યાં જ હતા. એટલે પછી અમે **મોટા**ની સાથે જ મદ્રાસમાં રહેલા. ક્યારેક અમે **મોટા**ની સાથે મદ્રાસના દરિયા કિનારે ફરવા પણ જતા. મદ્રાસ શહેરમાં એક જગ્યાએ મોટું વડલાનું ઝાડ હતું ને ત્યાં આગળ એક આશ્રમ જેવું કોઈ સ્થળ હતું. એ જગ્યા બહુ જ ચોખ્ખી અને સ્વચ્છ હતી, એટલે **મોટા**એ અમને એ સ્થળ જોવા મોકલ્યા.

**મોટા**નો હેતુ એ કે આપણે પણ આપણા આશ્રમમાં એ સ્થળ જેવી ચોખ્ખાઈ રાખવી જોઈએ.

**સ્વજન :** કાકા, કામ તો ખંતથી જ કરવું જોઈએને ?

**કાકા : એકવાર મુંબઈના બેચાર ભાઈઓ કોઈ કામકાજ**

**માટે પુરુષોત્તમ જીનમાં આવેલા. ત્યાંથી પછી તે લોકો આશ્રમ જોવા આવ્યા. અહીં આવીને તેઓ જાજરૂ ગયા હશે. તે સમયે જાજરૂ અમે જ સાફ કરતા. જાજરૂ તો એકદમ ચોખ્ખાં ને સ્વચ્છ રહેતાં. પેલા ભાઈઓ અંદરોઅંદર વાતો કરતા હતા કે, 'જાજરૂ કેટલાં બધા સ્વચ્છ ને ચોખ્ખાં છે. અંદર ઊંઘ આવી જાય એવાં જાજરૂ છે !'**

**સ્વજન :** કાકા, તમને **મોટા** બોલાવતા ત્યારે તમે દોડીને જતાને ?

**કાકા : *મોટા* બૂમ મારે એટલે દોડીને જ જવું પડે, ધીમું ધીમું નહિ ચાલે. અમેય દોડીને જ જતા. અમને *મોટા* જે કામ સોંપતા તે કામ કરતાં કરતાં અમારા મનમાં ખૂબ ઉત્સાહ રહેતો. મનમાં એવું થતું કે, આપણે *મોટા*નું કામ કરીશું તો આપણામાં સંસ્કાર સારા પડશે.**

**સ્વજન : મોટા** તમને ઝીણાભાઈ કહીને બોલાવતા કે ઝીણાકાકા કહીને ?

**કાકા :** શરૂઆતમાં **મોટા** અમને ઝીણાભાઈ કહેતા. અમને આશ્રમમાં રહેવાને પાંચ-સાત વર્ષ થઈ ગયાં પછી **મોટા** અમને ઝીણાકાકા એવું કહીને બોલાવતા.

**સ્વજન :** કાકા, તમે ટ્રસ્ટી કેવી રીતે બન્યા ?

**કાકા : મોટા**એ મને એકવાર કહેલું કે, 'તમારે ટ્રસ્ટી બનવાનું છે.' મારા મનમાં તો એવું હતું કે આપણે ભણેલા નહિ, એટલે ટ્રસ્ટી તરીકે આપણું કામ નહિ. ટ્રસ્ટી બનવા માટે તો ભણેલો માણસ જોઈએ.

પરંતુ **મોટા**એ મને કહ્યું કે, ‘હું કહું છું એમ તારે કરવાનું.’ એટલે પછી ટ્રસ્ટી બનવાનું થયું. આપણાથી **મોટા**ને ના કેમ પડાય ?

**સ્વજન :** કાકા, તમારું મૂળ વતન કયું ?

**કાકા :** પાંચસો વર્ષ પહેલાં અમારાં વડવાઓ જૂનાગઢમાં રહેતાં હતાં. વંશાવલીના ચોપડામાં બધો ઈતિહાસ છે. અમારાં વડવાઓ જૂનાગઢથી ફરતાં ફરતાં લવાછા ગામમાં આવ્યાં હશે.

**સ્વજન :** ઝીણાકાકા, તમે કોઈ પણ સ્થળે જવાનો સંકલ્પ કર્યો હોય તો તે પછી બદલો નહિને ?

**કાકા :** સંકલ્પ કર્યો હોય એટલે જવું. ભલે તાવ હોય, ભલે શરીર સારું ન હોય, તોપણ જવું એટલે જવું જ.

**સ્વજન : મોટા**ને તાવ હોય ત્યારે તમે **મોટા**ના પગનાં તળિયાંમાં શું ઘસતા ?

**કાકા :** અમે **મોટા**ના પગનાં તળિયાંમાં દિવેલ લગાવી કાંસાનો વાટકો ઘસતા. એનાથી **મોટા**ને સારું લાગતું.

**સ્વજન :** કાકા, દક્ષિણ ભારત તમને કેવું લાગ્યું ?

**કાકા :** દક્ષિણ ભારતમાં કુદરતી સૌંદર્ય ખૂબ સરસ અને ત્યાંના માણસો પણ ખૂબ જ ભક્તિભાવવાળા. આપણે ટ્રેનમાં જતાં હોઈએ ને ઊભા હોઈએ તો તે લોકો ઊઠીને આપણને જગ્યા કરી આપે અને એમ પણ કહે ખરા કે, ‘અહીં બેસો.’ ત્યાંનાં મંદિરો પણ ખૂબ વિશાળ ને સરસ. મીનાક્ષીમાતાનું મંદિર તો આપણું આખું રાંદેર ગામ એમાં સમાઈ જાય એવડું મોટું છે ! એ મંદિર તો હિંદુસ્તાનમાં મોટામાં મોટું છે ! એ મંદિરમાં બધું પથ્થરનું બનાવેલું છે, લાકડું કે રેતી જરા પણ વાપરેલાં નથી.

**સ્વજન :** કાકા, તમે અલ્હાબાદ ક્યારે ગયેલા ?

**કાકા :** અમે ઈ.સ. ૧૯૬૪ની સાલમાં અલ્હાબાદ ગયા હતા. ત્યાં ગંગા, યમુના ને સરસ્વતી એમ ત્રણ નદીઓનો સંગમ થાય છે. જ્યાં ત્રણ નદીઓ ભેગી થાય તેને ત્રિવેણીસંગમ કહેવાય. જવાહરલાલ નહેરુનું એ જન્મસ્થળ, એટલે જે મકાનમાં એમનો જન્મ થયેલો હતો તે જોવા અમે ગયા હતા.

જ્યારે જવાહરલાલ નહેરુ સુરતમાં આવેલા, ત્યારે હું એમને જોવા ચોપાટી ઉપર ગયેલો. ચોપાટી ઉપર નહેરુજીએ ભાષણ કરેલું. અમે ઘણા દૂર બેઠેલા હતા. એથી અમોને બરાબર સંભળાયેલું નહિ. લાઉડસ્પીકર હતું તોપણ અમોને સંભળાયેલું નહિ. બરાબર એ જ દિવસે કોઈએ મને વાત કરી હતી કે, ‘આજે સુરતમાં વિનોબાજી પણ આવ્યા છે.’ અમે તો ગયા ચોપાટી સામેની કૉલેજમાં, વિનોબાજીનાં દર્શન કરવાં માટે. વિનોબાજી અમારી પાસેથી જ પસાર થયા. ત્યારે મેં વિનોબાજીને પગે લાગી લીધેલું. વિનોબાજી બહુ ઝડપથી ચાલતા. એમનું શરીર સૂકલકડી હતું, પરંતુ ચહેરા ઉપર તેજ બહુ હતું. નહેરુ અને વિનોબાજી આવ્યા હતા અલગ અલગ પણ દિવસ એક જ હતો.

**સ્વજન : કાકા, દેહ છોડ્યા પછી તમે શું કરશો ?**

**કાકા : અહીંથી જઈને વાતાવરણમાં ફરવાનું ને પછી નવો જન્મ લેવાનો.**

**સ્વજન : હજુ એકવાર તમે જન્મ લેવાનાને ?**

**કાકા : હા, એ જન્મ તો *મોટા* આપશે, તેઓ જ નક્કી કરશે અને ક્યાં જન્મવાનું છે, તે *મોટા*ના હાથમાં છે.**

## : આશ્રમ વિશે :

**સ્વજન :** કાકા, તમે પૂજ્ય શ્રીમોટા સાથે કેવી રીતે પરિચયમાં આવ્યા અને એમની સાથે જોડાયા ?

**ઝીણાકાકા :** કતારગામના ભીખુકાકાને પૂજ્ય શ્રીમોટા પહેલવહેલા મળેલા. તે સમયે અમે નીરાબનમાં નોકરી કરતા. નોકરી અમે બે વર્ષ જ કરી હતી. પછી તો અમે આશ્રમમાં આવી ગયા. અમને **મોટા** અમારી છવ્વીસ વર્ષની ઉંમર હતી ત્યારે મળેલા. ઈ.સ. ૧૯૫૬માં અઠ્યાવીસ વર્ષની ઉંમર હતી ત્યારે અમે આશ્રમમાં રહેવા માટે દાખલ થયેલા.

કતારગામ ભીખુકાકાને ઘેર જ્યારે **મોટા** આવવાના હોય ત્યારે ભીખુકાકા અમને જણાવે, એટલે અમે એમને ત્યાં જતા. તાપી કિનારે કુરુક્ષેત્રની ધર્મશાળામાં ૧૯૫૪, ૧૯૫૫ અને ૧૯૫૬માં ત્રણ વર્ષ સુધી વર્ષમાં બે બે મહિના **મોટા** મૌન ચલાવતા.

**મોટા**એ ભીખુકાકાને પહેલવહેલા ૧૯૫૪માં મૌનમાં બેસાડેલ. એ પછી રાંદેરના નારુશંકર ભટ્ટ મૌનમાં બેઠા. ત્યાર બાદ ચૂનીભાઈ તમાકુવાળા અને અમે બેઠા. ભીખુકાકાને **મોટા**એ કહ્યું, ‘જગ્યા મળે તો તપાસ કરો, આશ્રમ કરીએ.’ **મોટા**એ આ જગ્યા બતાવેલી અને બોલેલા કે, ‘આ જગ્યા મળે તો જ લેવી છે નહિ તો નથી લેવી.’ એટલે જગ્યાના માલિક પાસે ભીખુકાકા ગયા. જમીનમાલિકે જમીન આપવાની ના પાડી. પછી તો તે સમયના સુરતના કૉંગ્રેસી નેતા શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રીને સાથે લઈને ભીખુકાકા બીજી વાર જમીનમાલિક પાસે ગયા. જમીનમાલિકે તરત હા પાડી દીધી ને ૧૯૫૫માં ૩૭૧ રૂપિયામાં જમીનનો સોદો થઈ ગયો.

૧૯૫૬માં **મોટા**એ મને કહ્યું, 'તારે હવે અહીંયાં જ રહેવાનું.' એટલે ૧૯૫૬થી અમે અહીંયાં જ રહ્યા. ત્યારે એપ્રિલ મહિનો હતો અને ધર્મશાળામાં મૌન ચાલતું હતું. જ્યારે **મોટા** અહીંથી કુંભકોણમ્ ગયા, ત્યારે જતી વખતે મને કહી ગયેલા કે, 'તું આ ધર્મશાળામાં રહેજે.' મેં કહ્યું, 'સારું.' કારણ કે ત્યારે આ જગા પર બાંધકામ તો હતું નહિ. ખાલી આશ્રમ માટેની જમીન હતી ને ધર્મશાળા સ્મશાનભૂમિ પાસે જ. મહાદેવ મંદિરનાં પૂજારણ લલિતાબહેન જે ઘરમાં અત્યારે રહે છે, તે ઘર ખાલી પડી રહેતું ને એ લોકો રાંદેર ગામમાં રહેતાં. એક દિવસ લલિતાબહેને મને કહ્યું કે, 'મારું ઘર ખાલી છે, એમાં તમે રહો.' મેં કહ્યું, 'બહુ સારું એ તો.' એટલે પછી સાફસૂફ કરી, લીંપાવીને પછી એમાં રહ્યા. **મોટા** તે સમયે કુંભકોણમ્થી સીધા સુરત અહીં આવેલા, ત્યારે ચોમાસું હતું. **મોટા** ત્રણ દિવસ એ ઘરમાં રહેલા.

**સ્વજન :** સુરત હરિઃૐ આશ્રમ ક્યારે સ્થપાયો ?

**કાકા : તા. ૨૩/૪/૧૯૫૬નો એ દિવસ* હતો, ત્યારે રાત્રે હરિઃૐ આશ્રમ સુરતનું ખાતમુહૂર્ત ચાલતું હતું. બરાબર એ જ દિવસે પોંડીચેરીમાં શ્રીઅરવિંદ આશ્રમવાળાં માતાજી બોલેલાં કે, 'આજે કોઈ મહાન શક્તિનું અવતરણ થઈ રહ્યું છે.'** ત્યારે નંદુભાઈ કુંભકોણમ્માં હતા. તેઓ શ્રીઅરવિંદ આશ્રમ પોંડીચેરી સાથે સંકળાયેલા હતા. તેઓએ આ હકીકત જાણેલી એટલે એમનો પત્ર **મોટા** ઉપર આવ્યો, તેમાં માતાજી જે બોલેલાં તે હકીકત લખેલી હતી.

---

* તે દિવસે અમાસ હતી.

**સ્વજન :** સુરત આશ્રમ કઈ સાલમાં બંધાયો ? પહેલું કયું બાંધકામ કર્યું હતું ?

**કાકા :** ઈ.સ. ૧૯૫૬માં જેઠ મહિનામાં ઑફિસરૂમ અને મૌનરૂમ નંબર ૧-૨ (હાલમાં ૩-૪) નું પાયાનું કામ શરૂ કરેલું અને એ જ મહિનામાં પ્લીન્થ ચણેલી. દિવાળી પછી નવેમ્બર મહિનામાં આશ્રમના એ બાંધકામની શરૂઆત થઈ અને ત્રણ મહિનામાં એટલું બાંધકામ પૂરું થયું. આશ્રમનું કામકાજ કરવાનું **મોટા**એ ભીખુકાકાને સોંપ્યું હતું. આશ્રમનું બાંધકામ થયું, ત્યારથી ભીખુકાકા, તેમનાં પત્ની વિદ્યાકાકી બન્ને કતારગામ એમને ઘરે જતાં રહ્યાં. પછી હું એકલો અહીં રહેતો. આપણે બેઠા છીએ, એ મકાન (વરંડાવાળું-હાલનો પ્રાર્થનાખંડ) પહેલાં બંધાયેલું અને પછી પેલી બાજુનાં બે મૌનમંદિરો એક નંબર અને બે નંબર બંધાયેલાં (અત્યારે એ ત્રણ અને ચાર નંબરના રૂમ છે.) ત્યાર પછી ધીમે ધીમે એક એક મૌનમંદિર વધતું ગયું.

જ્યારે કુરુક્ષેત્ર મહાદેવના મંદિરમાં યજ્ઞ હતો, ત્યારે નટવરલાલ ચિનાઈ શેઠ (અમદાવાદના) અહીં આવેલા. એ સમયે **મોટા**એ તેઓને આશ્રમ બાંધવા વિશેની વાત કરી, એટલે ચિનાઈ શેઠે ત્યાં ને ત્યાં જ પૈસા ઉઘરાવીને **મોટા**ને આપી દીધા. પછી એ પૈસાનો ત્રીજો મૌનરૂમ બંધાયો. **મોટા**ને રહેવા માટેનો રૂમ બાંધવા બાબતે ભીખુકાકાએ અગાઉ **મોટા**ને પૂછેલું કે, '**મોટા**, તમારા માટે જુદો રૂમ બાંધીએ ?' ત્યારે **મોટા**એ કહેલું કે, 'મારાથી લોકોના પૈસા નહિ વપરાય.' ભીખુકાકાનાં પત્ની વિદ્યાકાકી પાસે છ હજાર રૂપિયા હતા. તેઓ મૃત્યુ પહેલાં કહી ગયેલાં કે, 'આ પૈસા મારા મરણ

બાદ **મોટા**ની રૂમ બાંધવા માટે વાપરવા, બીજા કશામાં વાપરવા નહિ.' ભીખુકાકાએ આ વાત **મોટા**ને કરી એટલે **મોટા**એ કહ્યું કે, 'હા, એ પૈસામાંથી રૂમ બાંધો.' એટલે પછી એ પૈસામાંથી **મોટા**નો ઓટલાવાળો રૂમ બંધાયો.

**સ્વજન :** આશ્રમનું રસોડું ક્યારે શરૂ કર્યું ?

**કાકા :** ઈ.સ. ૧૯૬૧ની સાલમાં રસોડું શરૂ કર્યું. પછી વરંડાવાળું બાંધકામ શરૂ થયું. (અત્યારે જ્યાં પ્રાર્થના થાય છે તે જગ્યા.)

**સ્વજન :** આશ્રમનું રસોડું શરૂ થયું એ પહેલાં ક્યાં રાંધતા ?

**કાકા :** શિયાળે ઉનાળે માંડવો બનાવીને ત્યાં રાંધતા અને ચોમાસામાં નંદુભાઈની રૂમમાં રાંધતા. એ રૂમ રસોડા તરીકે જ બાંધેલો. અત્યારે ઑફિસ છે તે રૂમ મારા માટે બાંધેલો પણ એમાં અમે એક દિવસ પણ સૂતા નથી. રસોડા અને મારા રૂમ વચ્ચે બારણું બનાવેલું. **મોટા**એ કહેલું, 'તારે હવેથી કાંઈ કામ હોય તો અહીંથી રસોડામાં જવું. વરંડામાં આવવાની જરૂર નહિ.'

**સ્વજન :** ઈ.સ. ૧૯૫૬માં તમે આખું વર્ષ અહીં એકલા જ સ્મશાન પાસેની ધર્મશાળામાં રહેલા ?

**કાકા :** ત્યારે અમે સ્મશાન ધર્મશાળામાં નહિ પણ મહાદેવના મંદિરના પૂજારીના ઘરમાં રહેતા.

**સ્વજન :** અહીં બીજું કોઈ રાત રહેતું ?

**કાકા :** ના, બીજું કોઈ નહિ. હું એકલો જ. તે સમયે મહાદેવના મંદિરમાં કોઈ વસ્તી નહોતી ને કોઈ બીજો બાવો (પૂજારી) પણ નહોતો.

**સ્વજન :** ત્યાં એકલા બીક ના લાગતી ?

**કાકા :** ના, ત્યારે મને બીક નહોતી લાગતી. ***મોટાએ* કહી રાખેલું કે, 'તારે ગભરાવું નહિ. હું તારી સાથે જ છું.'** એટલે મને બીક જેવું કાંઈ નહિ.

ગામલોકો આવતા ને મને કહેતા કે, 'તું અહીંથી જતો રહે. ચોર આવશે તો તને મારીને, તારો થાળી, વાટકો, લોટો અને પવાલુંય લઈ જશે.' તેમના કહેવા પ્રમાણે તે લોકોની વાત સાચી. તે સમયે મહાદેવના મંદિરના પૂજારી ત્યાં રહેતા. ચોર તેના ઘરમાંથી બધું લઈ જતા અને માર પણ મારી જતા તેમ જ બહારથી બારણું બંધ કરીને ઉપરથી આગળો મારી જતાં. એટલે પછી પૂજારી લોકો ગામમાં રહેવા ચાલ્યા ગયેલા. માત્ર તેઓ સવારસાંજ પૂજા કરવા આવતા. ઘર ખાલી પડેલું, એટલે મને પૂજારણ લલિતાબહેને કહેલું કે, 'તમે ત્યાં સ્મશાનમાં રહો છો, તેના કરતાં અહીં મારા ઘરમાં રહો. મારું ઘર ખાલી જ છે.' અમે કહ્યું, 'બહુ સારું.' ચોમાસામાં એ ઘરમાં બધે પાણી ગળતું. ખાલી એક પથારીની જગ્યા બાકી રહેતી. રાંદેરના ડૉ. જેભાઈ સેલરનાં બા બધું લીંપીને સાફસૂફ કરી ગયેલાં. પછી અમે તેમાં રહેવાનું શરૂ કરેલું.

આ વરંડામાં બે પાટ હતી. **મોટા**નો ફોટો મૂક્યો છે, તે પાટ ભીખુકાકાના ઘરની પાટ છે. બીજી પાટ અત્યારે ત્યાં **મોટા**ના ઓટલા પર છે તે પાટ પણ ભીખુકાકાના ઘરની છે. આ બેમાંથી એક પાટ પૂજારીના ઘરમાં અમારી પાસે હતી. તે પાટ પર અમે સૂતા. બીજે બધે પાણી ગળતું પણ પાટવાળી જગ્યામાં પાણી ગળતું નહોતું.

**સ્વજન :** કાકા, શરૂઆતમાં આશ્રમનું ચણતર તમે જાતે જ કરેલું ?

**કાકા :** હા, તે સમયે અમે જાતે જ આશ્રમનું ચણતર કરતા. **મોટા** અહીં બેઠા હોય અને તેઓ કહે તે પ્રમાણે અમે જાતે જ ચણતા. એક દિવસ **મોટા**એ કહ્યું હતું કે, 'અમે ચણવાનું કામ કર્યું નથી પણ અમને એ કામની સમજણ પડે ખરી.'

**અનુભવીને કાંઈ અજાણ્યું નહિ.** એકવાર રસ્તામાં ચાલતાં ચાલતાં કંઈક વાતચીત થતી હશે, ત્યારે કોઈએ **મોટા**ને કહેલું કે '**મોટા**, તમને સંસારમાં સમજણ ના પડે.' ત્યારે **મોટા**એ કહેલું કે, 'અમને સંસારમાં સમજણ નહિ પડે પણ અમે સમજીએ ખરા.'

સાધુ લોકોને તો સંસારવહેવારની એટલી બધી સમજણ પડે કે ભલભલાને પણ એવી સમજણ પડતી ના હોય. **મોટા** કૅસેટમાં એમ કહે છે કે, 'કોઈ મોટામાં મોટો માંધાતા હોય તેને જે સમજ ના પડે તેવી સમજ અનુભવીને પડે.'

**સ્વજન :** જ્યારે આશ્રમની ફરતે **દીવાલ** નહોતી બની ત્યારે સ્મશાનમાં ચિતા બળે તે જગ્યાએ તમે એકલા જ રહેતાને ?

**કાકા :** ના, એ વખતે તો ચૂનીભાઈ તથા શાંતિભાઈ તમાકુવાળા તેમ જ તેમનાં બા અહીં રહેતાં ખરાં.

**સ્વજન :** કાકા, તે પહેલાં ?

**કાકા :** સાવ તે પહેલાં તો ઈ.સ. ૧૯૫૪માં અમે મૌન લીધું. **મોટા**એ ઈ.સ. ૧૯૫૪માં પહેલવહેલા ભીખુકાકાને

મૌનમાં બેસાડ્યા અને પછી છેલ્લે એક અઠવાડિયું અમે બેઠા. બીજા વર્ષે ઈ.સ. ૧૯૫૫માં ભીખુકાકા મૌનમાં નહિ બેઠા હતા. ત્યારે પૈસા ઉઘરાવવાનું કામ હતું, એટલે **મોટા**એ ભીખુકાકાને મૌનમાં બેસવાની ના પાડી હતી. એટલે પછી ચૂનીભાઈ તમાકુવાળા અને અમે રહ્યા. ત્રીજે વર્ષે ઈ.સ. ૧૯૫૬માં ચૂનીભાઈ તમાકુવાળા પણ નહોતા. એથી નીરા મંડળીમાંથી કોઈ માણસને બોલાવવા એવું **મોટા**એ નક્કી કર્યું. તેવામાં ચૂનીભાઈ ફરીથી આવી ગયા. એમની સાથે એમનાં બા અને એમનાં પત્ની પણ આવ્યાં. એટલે પછી નીરા મંડળીમાંથી કોઈને બોલાવવાનો પ્રશ્ન જ ના રહ્યો.

**સ્વજન :** આશ્રમની જગ્યા ફરતે ત્યારે વાડ બનાવેલી ?

**કાકા :** હા, આ જગ્યા ફરતી વાડ કરેલી. વાડ બનાવવા માટે અડાજણથી બળદગાડામાં મેંદી અને કાચકા લાવતા. **મોટા** કહેતા કે, આશ્રમની ફરતી વાડ બનાવો ત્યારે કાચકા રોપજો, કેમ કે કાચકા હોય કાંટાવાળા એટલે એમાંથી સાપ અંદર ના જઈ શકે.

**સ્વજન :** શરૂઆતમાં મૌનરૂમો કેવા હતા ?

**કાકા :** વચ્ચે કંતાનનો પડદો બાંધીને તેમાં બે વિભાગ બનાવવામાં આવતા. પહેલા વિભાગમાં મૌનમાં બેસવાનું ને બીજા વિભાગમાં જાજરૂ જવાનું. જાજરૂ જવાના પૉટ મૂકેલા હોય, તે પૉટ ભરાઈ જાય એટલે ઊંચકીને બહાર ફેંકવા પડે. ચોતરા પાસે ખાડો હતો તેમાં મળ વગેરે ફેંકવાનું રહેતું.

**સ્વજન :** કાકા, આશ્રમ વિશે હજુ કાંઈ વિશેષ કહોને.

**કાકા :** ઈ.સ. ૧૯૬૧-૬૨માં **મોટા**એ એકવાર મને કહ્યું

હતું કે, 'મારું શરીર નહિ હોય, ત્યારે તમારે ચિંતા નહિ કરવી પડે. આશ્રમ સરસ ચાલશે, ઊલટો સારો ચાલશે. પછી તમારે ગામડે ગામડે અનાજ ઉઘરાવવા નહિ જવું પડે. બધું એની મેળે જ આવશે.' હવે અમે અનાજ ઉઘરાવવા જતા નથી. બધું આવે જ છે.

**મોટા** હતા, ત્યારે એક પારસીભાઈ અહીં આશ્રમે આવ્યા હતા. ત્યારે ઑફિસવાળો ઓરડો ઝીણાકાકાનો છે, એમ બધા જાણતા. કોઈ પૂછે તો કહેવામાં આવતું કે, આ ઝીણાકાકાનો ઓરડો છે. પેલા પારસીભાઈના મનમાં એમ હતું કે ઝીણાભાઈ તો ઘરડા થઈ ગયા હશે, એટલે **મોટા**એ ઝીણાભાઈ માટે ઓરડો બાંધ્યો હશે. પણ અમે તો જુવાન જ હતા. (હાસ્ય)

૧૯૫૫માં સુરતમાં વરાછારોડ ઉપર શ્રીહંસદેવજી મહારાજના આશ્રમ સિદ્ધકુટીરમાં યજ્ઞ થયો હતો. ત્યારે અમે ત્યાં ત્રણ દિવસ રહેલા. સાકુરી કન્યાકુમારી આશ્રમવાળાં ગોદાવરીમાતા પણ ત્યાં આવેલાં. તેઓએ અમને એક નાળિયેર આપ્યું હતું, જે અમે સાચવીને મૂકી રાખેલું. પછી અમે **મોટા**ને વાત કરી કે, માતાજીએ અમને નાળિયેર આપ્યું છે.' ત્યારે **મોટા**એ કહ્યું હતું કે, 'એ નાળિયેર તું સાચવી રાખજે. તારો ઓરડો બંધાવીશું એમાં એ નાળિયેરનો ઉપયોગ કરીશું.'

**સ્વજન :** એ નાળિયેરનો ઉપયોગ ક્યાં થયો અને તે ઓરડો કયો ?

**કાકા :** આમાં. **(એમ કહીને ઑફિસવાળો રૂમ બતાવ્યો. તેમાં ગોદાવરીમાતાએ આપેલું નાળિયેર પાયાના ચણતરમાં મૂક્યું છે.)**

**સ્વજન :** શ્રીધૂણીવાળાદાદાએ પ્રત્યક્ષ હાજર થઈને **મોટા**ને શું કહેલું ?

**કાકા :** ઈ.સ. ૧૯૫૫ની સાલમાં અમે બે દિવસ નડિયાદ આશ્રમે **મોટા** પાસે ગયેલા. ત્યારે એ દિવસોમાં વડના ઝાડ નીચે **મોટા**ને બેસવાનો હીંચકો હતો. ત્યાં આગળ હીંચકા પાસે શ્રીધૂણીવાળાદાદા પ્રત્યક્ષ હાજર થયેલા, એ વાત **મોટા**એ મને કહેલી.

**સ્વજન :** શ્રીધૂણીવાળાદાદાએ પ્રત્યક્ષ હાજર થઈને **મોટા**ને શું આદેશ આપેલો ?

**કાકા : શ્રીધૂણીવાળાદાદાએ પ્રત્યક્ષ હાજર થઈને *મોટા*ને એમ આદેશ આપ્યો કે, 'તારે સમાજનાં એવાં કામો કરવાનાં છે કે જે ચીલેચલુ ના હોવાં જોઈએ, પરંતુ લોકોમાં ગુણભાવ પ્રગટે એવાં કામો તારે કરવાનાં છે. એટલે તારે સાહસ અને હિંમત કેળવવા માટેની સ્પર્ધાઓ યોજવાનાં કામો પહેલાં કરવાં.' અને પછી પાછળથી આદેશ આપ્યો કે, 'ગરીબ ગામડાંઓ અને આદિવાસી વિસ્તારોમાં તારે પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવા.' ત્યારે *મોટા*એ કહ્યું કે, 'હું પૈસા ક્યાંથી લાવું ?' ત્યારે દાદાએ કહ્યું હતું કે, 'તારે ચિંતા કરવી નહિ. એ તો બધું થઈ જશે.'**

**શ્રીધૂણીવાળાદાદાનું શરીર ગયા પછી પણ દાદા કોઈ કોઈ વાર *મોટા*ને મળવા આવતા.**

**સ્વજન :** આશ્રમની શરૂઆતમાં તમે ઘેર ઘેર અનાજ ઉઘરાવવા જતાને ?

**કાકા :** હા, પણ ઘેર ઘેર અનાજ ઉઘરાવવું ને માગવાનું એ બહુ અઘરું કામ છે, કારણ કે ઉઘરાવવા જઈએ ત્યારે કોઈ આમ બોલે, કોઈ તેમ બોલે, એ બધું સહન કરવું પડે. અમે એકવાર કનાજ ગામે અનાજ ઉઘરાવવા ગયા હતા. એ વખતે એક જણે મને કહ્યું, 'તમે માગવા દોડ્યા કરો છો, એના કરતાં કામ કરતાં શું થાય છે ?' મેં કહ્યું, 'અમે સવારે ચાર વાગ્યે ઊઠીને રાતના દસ વાગ્યા સુધી કામ કરીએ છીએ.'

એ વખતે દૂરદૂરનાં ગામોમાં અમે સાઈકલ ઉપર અનાજ ઉઘરાવવા જતા. સાંજે પાછા આવીએ, ત્યારે સામો પવન હોય તો થાકી પણ જવાતું. અમારી સાથે ગાંડાભાઈ* પણ આવતા. અનાજ ઉઘરાવવા અમે બન્ને સાથે જ જતા. **મોટા**એ દેહ છોડ્યો પછી અનાજ ઉઘરાવવા જવાનું બંધ થઈ ગયું.

**સ્વજન :** કાકા, તમે **મોટા** સાથે કેટલાં વર્ષ રહ્યા ?

**કાકા :** ઈ.સ. ૧૯૫૫માં આશ્રમ માટે જગ્યા રાખી અને ઈ.સ. ૧૯૫૬માં **મોટા**એ મને કહ્યું કે, 'તારે અહીં રહેવાનું છે. આશ્રમ માટે જે જમીન આપણે રાખી છે, તેની ફરતે વાડ બનાવવાની છે અને મરામત કરવાની છે.' એ વખતે સ્મશાનભૂમિ પાસેની ધર્મશાળામાં મૌન ચલાવતા. શરૂઆતમાં માર્ચ-એપ્રિલ બે મહિના માટે જ મૌન ચાલતું. એ વખતે અહીં આ જગ્યા પર મકાન તો હતું નહિ. એટલે **મોટા**એ મને કહ્યું હતું કે, 'તું ધર્મશાળામાં રહેજે.' મેં કહ્યું, 'સારું, **મોટા**.' **મોટા**એ કહ્યું એટલે આપણે રહેવાનું. એ વખતે અહીં

---

* ઉર્ફે નાથુભાઈ, ટેકરા ફળિયું, લવાછા તા. ઓલપાડ, જિ.સુરત (હાલ સ્વર્ગસ્થ)

એક મોટું વડનું ઝાડ હતું.

મહાદેવના મંદિરના પૂજારી લોકો ગામમાં રહેતા હતા. એમનું ઘર ખાલી પડેલું હતું. આથી, એમણે સામેથી મને કહ્યું કે, 'મારું ઘર ખાલી છે એમાં તમે રહોને !' મેં કહ્યું, 'બહુ સારું.' પછી એ ઘર સાફસૂફ કરીને, લીંપાવીને એમાં હું રહેતો હતો. એ વખતે ઈ.સ. ૧૯૫૬ના એપ્રિલ મહિનામાં કુંભકોણમ્‌થી નડિયાદ જતી વખતે **મોટા** અહીં ઊતરેલા ને ત્યાં બાવાના (પૂજારીના) મકાનમાં અમારી સાથે ત્રણ દિવસ રહેલા. એ વખતે ભીખુકાકા, શાંતિભાઈ તમાકુવાળા ને ચૂનીભાઈ તમાકુવાળા એ બધા સાથે હતા.

**સ્વજન : મોટા** અહીં સુરત આશ્રમે કેટલો વખત રહેતા ?

**કાકા : મોટા** પંદર દિવસ અહીં ને પંદર દિવસ નડિયાદ રહેતા. પણ છેલ્લે અહીં વધારે રહેતા. અહીં **મોટા**ને સારું ફાવતું. છેલ્લે અહીં વીસ દિવસ અને નડિયાદ દસ દિવસ રહેતા.

શરૂઆતમાં અમે સવારે ઊઠીને તરત **મોટા** જે ઓરડામાં સૂતા હોય, ત્યાં જઈને પગે લાગતા. આમ બેચાર દિવસ થયા પછી **મોટા**એ કહ્યું, 'રોજ પગે ના લાગવું.' એટલે પછી અમે રોજ પગે લાગવાનું બંધ કર્યું ને જ્યારે **મોટા** નડિયાદથી સુરત આવે, ત્યારે અને સુરતથી નડિયાદ જાય, ત્યારે એમ બે વાર પગે લાગતા. બસ.

**સ્વજન : મોટા** અહીં આશ્રમમાં સવારે કેટલા વાગ્યે ઊઠતા ?

**કાકા :** શરૂઆતમાં **મોટા** સવારે અઢી વાગ્યે ઊઠીને રસોડામાં ચા પીવા માટે આવી જતા.

**સ્વજન :** તેઓ અહીં રસોડામાં ક્યાં બેસતા ?

**કાકા :** તેઓ અહીં ખાટલે બેસતા. અમે અઢી વાગ્યે ઊઠી જતા અને ચા બનાવવા માટે અમે ઉતાવળ કરતા, ત્યારે **મોટા** કહેતા, 'ધીમા, ધીમા, બહુ ઉતાવળ નહિ કરતો.' (હાસ્ય) ચા બનાવવામાં પાણી અને બે-ત્રણ ચાની પત્તી નાખવાની. બીજું કાંઈ નહિ. દૂધ પણ નહિ. ખાંડ કે બીજું કશુંય નહિ. ફક્ત ઉકાળો. અને પછી પાન બનાવી આપવાના. સુરતમાં પ્રભાબહેન નામના એક બહેન હતાં, જે **મોટા**નાં પૂર્વજન્મનાં બહેન હતાં. ચા પીધા પછી **મોટા** એ બહેનના નિમિત્તે એક પાન ખાઈને ને બે પાન સાથે લઈને ઓટલા ઉપર જતા રહેતા. ઓટલા પર એક અને અંદર ઓરડામાં એક, એમ બે પથારી રહેતી. **મોટા** સાંજે ઓરડામાં સૂઈ જતા અને અઢી વાગ્યે રાત્રે ઓટલા ઉપર બહાર ખાટલો છે, ત્યાં આવી જતા.

**સ્વજન :** ત્યાં હીંચકા ઉપર ક્યારે બેસતા ?

**કાકા :** હીંચકા ઉપર દિવસે અને સવારે પણ બેસતા. વળી દિવસે ચાર વાગ્યે પણ બેસતા. પછી થોડાં વર્ષો બાદ સવારે ચાર વાગ્યે ચા પીને **મોટા** ઓટલા ઉપર આવી જતા અને આવેલા લોકો સાથે ત્યાં સત્સંગ ચાલતો. ત્યાં ઓટલા પર ચોપડી લખવાનું કામ પણ ચાલતું. કાવ્યોમાંની મોટા ભાગની ચોપડીઓ ત્યાં ઓટલા પર જ લખાઈ છે.

**સ્વજન : મોટા** એકલા હોય ત્યારે ધ્યાનમાં બેસતા ?

**કાકા :** ના, **મોટા**ને ધ્યાનમાં બેસવાની જરૂર જ નહિ. કોઈ કોઈ વાર **મોટા** ઓટલા ઉપર એકલા બેસી રહેતા અને કોઈ વાર ચોપડી પણ વાંચતા.

**સ્વજન :** કાકા, આવી પવિત્ર જગ્યા **મોટા**એ ના બનાવી હોત તો અમે ક્યાં જાત ?

**કાકા :** આવી જગ્યા અહીં સુરતમાં થશે ને એ જગ્યાએ તમારે આવવાનું નિર્માણ થઈ ચૂકેલું હશે અને તમારું એવું નિમિત્ત પણ હોઈ શકે. જેને જેને અહીં લાવવાના હશે, તેને તેને કોઈ ને કોઈ નિમિત્ત બનાવીને **મોટા** અહીં લાવશે અને ધીમે ધીમે અહીં બધાંને ભેગાં કરશે.

**સ્વજન :** આવી જગ્યાએ જવાથી કેટલા બધા ફાયદા થાય ?

**કાકા :** આવી જગ્યાએ જવાથી ભાવના વધે એ તો હકીકત છે. ભાવના વધે એટલે સહનશક્તિ પણ વધવાની અને આ સંસારમાં ટકી રહેવામાં ભાવના જ કામ લાગશે.

**સ્વજન :** આશ્રમમાં મૌનમંદિરોની વ્યવસ્થા બહુ સરસ છે.

**કાકા :** પહેલાંના વખતમાં ઋષિમુનિઓ જંગલમાં એકાંતમાં બેસીને તપ કરતા. એવું એકાંત મળે એવાં મૌન-મંદિરો અહીંયાં છે. **મોટા**એ લખ્યું છે કે, ‘સંસારી લોકો વન-જંગલમાં ક્યાં તપ કરવા જશે ? એમનાથી જંગલમાં નહિ જવાય.’ એટલે સંસારમાં રહીને અહીંયાં ભગવાનનું ભજન થઈ શકે છે ને એમની ખાવાની ને એવી બીજી સુવિધાઓ મળી રહે તે માટે **મોટા**એ મૌનમંદિરો બનાવ્યાં છે.

અહીં આશ્રમમાં **મોટા**ની પદ્ધતિથી લગ્ન પણ કરાવવામાં આવે છે. ‘લગ્ન’ કરવા માટે પણ આ જગ્યા સારી છે.

**સ્વજન :** આ જગ્યા દુનિયામાં પવિત્રમાં પવિત્ર, કેમ કે અહીં કેટલા બધા સમયથી અખંડ નામસ્મરણ અને તપ થઈ રહ્યું છે. દુનિયામાં આ એક જ જગ્યા, કેટલી પવિત્ર જગ્યા !

**કાકા :** એ ખરું. તદ્દન સાચી વાત. આ આશ્રમની જગ્યાએ ભૂતકાળમાં બહુ ભારે તપ થયેલું છે. એટલે આ ભૂમિ પવિત્ર છે.

**સ્વજન :** આશ્રમ માટે કોઈ વસ્તુ મંગાવવી હોય, ત્યારે **મોટા** શું કહેતા ?

**કાકા : મોટા** એમ કહેતા કે, **'આશ્રમ માટે કોઈ વસ્તુ લાવવી હોય તો માગી લાવવી. પૈસા ખર્ચીને કાંઈ લાવવું નહિ. જો તમે પૈસા ખર્ચીને વસ્તુ લાવશો તો પછી તમને પૈસા ખર્ચવાની ટેવ પડી જશે.'**

**સ્વજન :** 'પચાસ વાર ચાખવું પડે તો પચાસ વાર ચાખવું', એવું **મોટા** બોલતાને ?

**કાકા : મોટા** માટે કાંઈ પણ વાનગી બનાવવી હોય તો બરાબર ચાખવું પડે. **મોટા** કહેતા કે, 'ભાઈ, પચાસ વાર ચાખવું પડે તો ચાખવું.' 'પચાસ વાર' શબ્દ **મોટા** ઘણી વાર બોલતા.

**સ્વજન :** ક્યારેય સાંભળેલું ના હોય, ક્યાંયે જોયેલું ના હોય, ક્યાંય ક્યારેય વાંચેલું ના હોય કે અનુભવેલું ના હોય, એવું બધું અહીંયાં જોવા ને અનુભવવા મળે છે.

**કાકા :** હા, એ વાત સાચી. એવું બધું અહીંયાં અનુભવવા મળે છે. ભલેને અજાણ્યો કોઈ માણસ આશ્રમે આવે તોપણ તે શાંતિનો અનુભવ કરે ખરો.

**સ્વજન :** આપણે એમ જ (ફરવાના બહાને) આશ્રમે આવીએ તોપણ એની અસર થાયને ?

**કાકા :** હા, થોડી અસર તો થાય જ. બીજે ક્યાંય તમે જાવ તેના કરતાં સારું.

**સ્વજન :** (નિરંજનાબહેન કલાર્થી,[+]) **મોટા** વખતે હું અહીં આશ્રમે આવતી, ત્યારે તમે બધાંને જમવાનું પીરસતા હોવ, તે સમયે **મોટા** તમને શું કહેતા ?

**કાકા :** એ તો અમને અત્યારે યાદ નથી આવતું.

**સ્વજન :** તો સાંભળો, **મોટા** તમને શું કહેતા તે હું તમને કહું. **મોટા** તમારા વિશે કહેતા કે, **'જો નાની, આ ઝીણાભાઈ અમારી કર્મયોગી મા છે.'** તમે અમને બધાંને જમવાનું પીરસો, પછી અમેય પીરસવા લાગતાં, પણ તમે તો બધાંને પીરસીને પછી જ જમતા. **મોટા** હતા, ત્યારે પણ તમારો આ જ નિયમ હતો.

તમે **મોટા** માટે સ્પેશિયલ દહીં બનાવતા, તે **મોટા** અચૂક ખાતા. કોઈ અમારા જેવા આવ્યા હોય, તેને પણ **મોટા** ચમચો, ચમચો દહીં આપતા. ***મોટા* દહીં ખાતાં ખાતાં એમ કહેતા કે, 'ઉપરથી જોઈને દેવલોકો ઈર્ષા કરતા હશે કે, આ લોકો કેવું સરસ દહીં ખાય છે !'**

**કાકા :** હા, એવું **મોટા** કહેતા. એક વખત અમે બધાં રસોડામાં ઉકાળો પીતા હતા. **મોટા**એ અમને પૂછ્યું, 'ઉકાળો પીવો છો ?' અમે કહ્યું, 'હા, **મોટા** ઉકાળો પીવે છીએ.' **ત્યારે *મોટા* બોલ્યા, 'આપણે ઉકાળો* નહિ પીવાનો. ઉકાળો તો સંસારી લોકોને. એ લોકો ઉકાળો પીવે. આપણે તો ચા* જ પીવી.'** પછી અમે અડધો અડધો કપ ચા શરૂ કરી.

---

[+] સ્વરાજ આશ્રમ, બારડોલી, જિ.સુરત

*ઉકાળો = અશાંતિ, સંસારનો તાપ

*ચા = ચાહ, પ્રેમ (સં.)

**સ્વજન :** તમે તો ઝીણાકાકા, **મોટા**ની સાથે કેટલું બધું રહ્યા ?

**કાકા :** સાથે રહેવાથી કાંઈ મહાન થઈ જવાતું નથી.

**સ્વજન :** હા, વાત તો જાણે ખરી, પણ **મોટા** સાથે આટલું રહેવું એ તમારું સદ્‌ભાગ્ય તો ખરું જ કે નહિ ?

**કાકા :** હા, સદ્‌ભાગ્ય તો ખરું જ. એની કોઈ ના નહિ પાડી શકે. **મોટા**એ કુંભકોણમ્‌થી મારા પર કાગળ લખેલો કે, આશ્રમ બને ત્યારે મારે તને મારી સાથે રાખવાનો વિચાર છે. એટલે હુંય ભગવાનને પ્રાર્થના કરું અને તુંય ભગવાનને પ્રાર્થના કરજે.

**સ્વજન :** એવો પત્ર લખેલો **મોટા**એ તમને ?

**કાકા :** હા, એવો **મોટા**નો પત્ર આવેલો ત્યારે અમે લવાછા હતા.

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# (૩) શ્રી ઝીણાકાકાના મુખે શ્રી ભીખુકાકાની વાતો

**ભીખુકાકા કામ પૂરું થાય નહિ**
**ત્યાં સુધી જંપે નહિ.**

**– ઝીણાકાકા**

**સ્વજન :** ભીખુકાકા વિશે વાત કરોને, ઝીણાકાકા.

**કાકા : મોટા** એમ કહેતા કે, 'મારા કરતાં ભીખુભાઈને ઝીણાભાઈ ઉપર બહુ પ્રેમ.' ભીખુકાકાને આમ તો મનમાં કાંઈ નહિ, પણ ગુસ્સો આવી જાય તો ખિજવાઈ જાય ખરા ! પણ અંદરથી બહુ સાફ. અંદર કાંઈ નહિ. તેઓ મૌનમંદિર આગળ બેસીને 'પાવલે લાગું....' એ ભજન ગાતા. ઓટલા ઉપર આવીને રોજ સાંજને વખતે પણ ભજનો ગાતા. ભીખુકાકાએ મને એમ કહ્યું હતું કે, 'મને આ જગતમાં કોઈની બીક નહિ લાગે. ફક્ત એક **મોટા**ની ને વિદ્યાની બીક લાગે.' વિદ્યાબહેન ભીખુકાકાનાં પત્ની હતાં.

ભીખુકાકાને **મોટા** એમ પણ કહેતા કે, 'ભીખુભાઈ, તમે ધરાસણાના સત્યાગ્રહમાં ગયા અને આટલી બધી લાઠીઓ ખાધી, તમારાં માથાં ફોડાવ્યાં પણ તમારાથી આટલું ખાવાનું છૂટતું નથી !' ભીખુકાકા ખાવાના બહુ શોખીન હતા. તેઓ કમુબાને એમ કહેતા કે, 'કમુ, આજે ભજિયાં બનાવજે.' તેઓ રોજ જમીને બપોરના એક કલાક સૂઈ જતા.

તેઓ કહેતા કે, 'પહેલાં અમારે તો એવું હતું કે કોઈ મને એક ધોલ મારે તો હું એને સાત ધોલ મારું ! અને સાત ધોલ મારું ત્યારે જ મને સંતોષ થાય.' પહેલાં ભીખુકાકા આર્યસમાજી હતા. મોહનકાકાને **મોટા**ની બીક નહિ લાગતી, પણ ભીખુકાકાની બીક લાગતી. ભીખુકાકાનો ચહેરો જ એવો હોય કે એ જોતાં જ મોહનકાકા ઢીલા પડી જતા. ખભામાં થેલો ભેરવીને ભીખુકાકા આશ્રમ માટે ફાળો ઉઘરાવવા નીકળે, ત્યારે ક્યારેક નાનાભાઈ ડૉક્ટર સાથે હોય તો ક્યારેક મોહનભાઈ સાથે હોય. આશ્રમ માટે પૈસા ઉઘરાવવાનું કામ ભીખુકાકા કરતા. ભીખુકાકા બહારથી આવીને બધી વાત મને કરતા.

**સ્વજન :** ભીખુકાકાને લીધે **મોટા**ને બધા ઓળખતા થયાને ?

**કાકા :** ભીખુકાકા સાથે સંબંધ થયો પછી ધીમે ધીમે શહેરમાં **મોટા**નો પરિચય થતો ગયો ને **મોટા** જાણીતા થતા ગયા. ભીખુકાકા મારફત જાહેર થવાનું નિમિત્ત હશે **મોટા**ને, એટલે તેઓ ભીખુકાકા દ્વારા જાહેર થયા.

**સ્વજન :** ત્યારે તો **મોટા**ને ખરેખર ઓળખવાવાળા તો બહુ ઓછા હશે ?

**કાકા :** હા, બહુ ઓછા. લોકો એમ જાણે ખરા કે '**મોટા** એક સંત છે' એવું ખરું. શરૂઆતમાં તો લોકો એવું કહેતા કે, 'ભીખુકાકાના ગુરુ આવ્યા છે.'

**સ્વજન :** ભીખુકાકાને **મોટા**એ બધી રીતે નિમિત્ત બનાવ્યા.

**કાકા :** હા, બધી જ રીતે નિમિત્ત બનાવેલા. ભીખુકાકામાં કોઈનું પણ કામ કરવાનો બહુ મોટો ગુણ હતો. કોઈ પણ કામ હાથમાં લીધું, એટલે ગમે તેમ કરીને તેઓ પાર ઉતારી આપે. કામ પૂરું થાય નહિ, ત્યાં સુધી જંપે નહિ.

**સ્વજન :** કાકા, નારુશંકર ભટ્ટે **મોટા**ને ભીખુકાકા વિશે શું ફરિયાદ કરેલી ?

**કાકા :** ભીખુકાકાનો સ્વભાવ જરા આકરો ખરો. એકવાર રાંદેરના નારુશંકર ભટ્ટે **મોટા**ને એવો કાગળ લખ્યો કે, આવા માણસને આશ્રમમાં રખાય નહિ. તેઓ ગુસ્સો બહુ કરે છે ને છોકરાંઓ પાસેથી કામ બહુ લે છે. **મોટા**એ એ કાગળ વાંચીને નારુશંકરભાઈને તરત જવાબ લખ્યો કે, ભીખુકાકાને તો કાલે જ કાઢી મૂકું, પણ ઘરબાર છોડીને અહીં આવીને રહેનાર છે કોણ ? ભીખુકાકાનો કેટલો બધો ત્યાગ ! વાળવાની સાવરણી પણ તેઓ લાવેલા. એ વખતે સાવરણી પણ કોઈએ આપેલી નહિ.

**સ્વજન :** ભીખુકાકાને **મોટા**એ શું કહ્યું હતું ?

**કાકા : મોટા**એ કહેલું કે, 'ભીખુભાઈ, તમારે વધારે વખત ઘરમાં જ રહેવું અને સમજણ પડે કે ના પડે, આપણાં બહાર પડેલાં પુસ્તકો, તમારી પાસે છે, તે બધાં વાંચી જવાં. **'આધ્યાત્મિક માર્ગમાં એકદમ કશા લાડવા દાટ્યા નથી.'**

**સ્વજન : મોટા**એ તમને કહ્યું હતુંને કે, 'મારા કરતાં ભીખુકાકાને ઝીણાભાઈ ઉપર વધારે પ્રેમ.'

**કાકા :** એ વાત ખરી હોં ! **મોટા** કહેતા કે, 'મારા કરતાં ભીખુકાકાને ઝીણાભાઈ ઉપર વધારે પ્રેમ.' તે વાતેય સાચી. અમને જ્યારે દક્ષિણ ભારતની જાત્રાએ ઈ.સ. ૧૯૬૧માં રમાકાંત જોષી સાથે **મોટા**એ મોકલ્યા, ત્યારે ભીખુકાકાને એટલો બધો ઉમંગ ને ઉત્સાહ કે સમાય નહિ. ખુશ થઈ ગયેલા ભીખુકાકા તો.

અને ત્યારે **મોટા**એ મથુરીબહેન ખરેને અમદાવાદથી બોલાવેલાં. અહીં આશ્રમમાં સવારની પ્રાર્થના વખતે મથુરીબહેન પાસે ભજનો ગવડાવીને અમને વિદાય આપેલી. તે સમયે **મોટા**એ 'યાત્રાનો હેતુ' એ મુદ્દા ઉપર પ્રવચન કરેલું. એ પ્રવચન 'મૌનમંદિરનો મર્મ' નામના **મોટા**નાં પુસ્તકમાં છપાયેલ છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# (૪) શ્રી ઝીણાકાકાની ‘કૃપા’ વિશે વાતો

**જેના વિના કદી ચાલે નહિ આશ્રમ કો રીતે,**
**સાથે સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને.**
**‘પ્રાણ આશ્રમનો પોતે, છતાં પોતે ન કૈં જ છે’,**
**એ રીતે જીવને વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે.**

**- મોટા**

ભાવાંજલિ
વહાલા ઝીણાભાઈને ચરણે
પુસ્તક : કૃપા, પાન નં. ૫
પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૭૩

**સ્વજન :** ભગવાનને માર્ગે આગળ વધવા શું કરવું ?

**કાકા :** સમજણપૂર્વક, સભાનતાથી, જાગૃતિ રાખીને જે ભગવાનનું નામ લે, તે જલદી આગળ વધી શકે અને તેનો વિકાસ પણ ઝડપથી થાય. એને જ ભગવાનની કૃપા કહેવાય.

**સ્વજન :** મથવા માટે આપણે પુરુષાર્થ તો કરવો જ પડેને ?

**કાકા :** હા, પુરુષાર્થ તો કરવો જ પડે. તો જ મથાય. ‘મારે મારું જીવન ભગવાનમય બનાવવું છે’ એવું અંદરથી થયા કરે એ જ ધગધગતી તમન્ના. એ આપણા માટે જરા અઘરું ખરું. થશે, પણ બીજા જન્મે થશે.

**સ્વજન :** ધગધગતી તમન્ના જગાડવા માટે શું કરવું ?

**કાકા :** એ તો એની કૃપા હોય તો જ જાગે. આપણે મથવું તો પડે જ. મથ્યા વગર કૃપા નહિ થાય. મથવાની સાથે સાથે કૃપા પણ જોઈએ. તો પછી ધગધગતી તમન્ના જાગે.

**સ્વજન :** બરાબર મંડી પડીએ તો થાયને ?

**કાકા :** તો જ થાય. મંડી પડવું પડે. છોડવું નહિ. વળગી રહેવું, પણ આપણાથી એવું થતું નથી, પણ ધીમે ધીમે થશે ખરું.

**સ્વજન :** ભગવાનની કૃપા મદદ ક્યારે મળે ?

**કાકા :** 'આપણાથી કોઈનું બૂરું થાય નહિ, કોઈના વિશે ખોટું આપણા દિલમાં પેસે નહિ, બધાંના વિશે સારો ભાવ આપણા દિલમાં જાગે, પ્રભુકૃપાથી કોઈ દુખિયારાને મદદમાં આવતા રહીએ ને સાથે સાથે ભગવાનનું નામ લેતા રહીએ, તો ભગવાનની મદદ તો છે જ.' **મોટા**એ આવું એક ચોપડીમાં લખ્યું છે.

**સ્વજન :** કૃપા સહજ રીતે થઈ જાય કે પછી મહેનત કરવી પડે ?

**કાકા :** આપણે મહેનત કરવી પડે. આપણી એવી સ્વીકારાત્મક ભૂમિકા થઈ જાય એટલે સંતોની કૃપા સહજ રીતે આપણામાં પ્રવેશી જાય.

**સ્વજન :** મહેનત વધારે થાય તો કૃપા જલદી થાયને ?

**કાકા :** હા, એ તો ખરું. જેમ કંઈક પરિણામ મેળવવું હોય તો તેને માટે મહેનત વધારે કરવી પડે. મહેનત કરીએ તો જલદી થાય. થશે ખરું. આપણાથી સતત એકધારું સ્મરણ થયા કરવું જોઈએ, પણ તે આપણાથી થતું નથી.

**સ્વજન :** કૃપા થાય તો ખરીને ?

**કાકા : કૃપા તો છે જ, પણ આપણામાં એને ઝીલવા માટેની ભૂમિકા નથી. ભગવાનની તમન્ના હોવી એ બહુ મોટી વાત છે. તમન્ના હોય તો અંદરથી એટલી બધી ધગશ જાગે કે ના પૂછો વાત !**

મને તો પેલી **મોટા**એ બતાવેલા છોકરાવાળી વાત યાદ આવે છે. એક છોકરાની મા ખોવાઈ ગઈ હતી. એ છોકરો રડતો રડતો જતો હતો. એ સમયે જહાંગીરપુરા ગામમાંથી આ બાજુ આવવાનો રસ્તો હતો. અત્યારે તો બધું બદલાઈ ગયું છે. છોકરો જહાંગીરપુરા ગામ બાજુથી રડતો રડતો આવતો હતો ને બોલતો હતો કે, 'ઓ મા ! ઓ મા ! મારી મા ક્યાં ગઈ ? ઓ મા...' એમ બોલતો તે હૈયાફાટ રડતો હતો. અહીંથી આશ્રમની ઝાંપલી ખોલીને દોડતો દોડતો નદી તરફ જતો હતો. **મોટા** તેને જોઈ ગયા. **મોટા**એ મને બોલાવ્યો અને કહ્યું, 'આમ જો, એ છોકરાની મા ખોવાઈ ગઈ છે. કેટલું બધું હૈયાફાટ રડે છે. મા માટે એને કેટલી બધી તાલાવેલી છે. આપણને ભગવાન માટે એવું થવું જોઈએ. એવી તાલાવેલી જાગવી જોઈએ.' પણ એ આપણામાં જાગતી નથી.

**સ્વજન :** સંતપુરુષ કૃપા કેવી રીતે કરે ? એની કૃપા મેળવવા શું કરવું ?

**કાકા :** જેના પર કૃપા થવાની હોય તે જીવ સાથે સંતપુરુષનું પૂર્વનું જોડાણ હોવું જોઈએ. તો તેના પર કૃપા થાય અને કૃપા મેળવવા માટે તો સંતપુરુષની સેવા કરવી જોઈએ. **મોટા** એમ કહેતા કે, 'સેવા કરેલી નકામી જતી

નથી.’ સંતો સાથેના વાતાવરણમાં રહેવાથી પણ સંતોની અસર આપણા ઉપર થાય છે.

**સ્વજન :** પણ ઝીણાકાકા, કંઈ થતું નથી એનું શું કરવું ?

**કાકા :** આપણામાં જન્મોજન્મના રાગદ્વેષના સંસ્કારો પડેલા હોય તે સંસ્કારો આપણે ઘણા પ્રયત્નો કરીએ તોયે આપણને સંસારમાં ઘસડી જાય છે. પ્રયત્ન કરતાં કરતાં થોડું આ જન્મે, થોડું હવે પછીના જન્મે આગળ વધાશે, પરંતુ જેનો પુરુષાર્થ પ્રબળ તેનો બેડો પાર. ત્યાર પછી તો ભગવાનની કૃપા ત્યાં પણ થાય.

**સ્વજન :** ભગવાનની લગની ક્યારે લાગે ?

**કાકા :** ગુરુની સાથેનું આપણું આગલા જન્મનું જોડાણ હોય તો લગનીય લાગે ને કૃપા પણ થાય. કૃપા તો છે જ પણ આપણે ઝીલી શકતાં નથી. ગુરુમાં જે રાગ થવો જોઈએ એ આપણાથી થતો નથી ને એને બદલે આપણને સંસારમાં રાગ થઈ જાય છે.

**સ્વજન :** કાકા, સંસાર બહુ કપરો લાગે છે.

**કાકા :** ચઢાણ ચઢવું બહુ મુશ્કેલ છે. અઘરામાં અઘરું છે. એ તો ભગવાનની કૃપા થાય ત્યારે જ એનું નામ લઈ શકાય. બાકી ના લઈ શકાય. ભગવાનની કૃપા તો હોવી જ જોઈએ.

**સ્વજન :** લક્ષ તો આપણે રાખવું પડેને ?

**કાકા :** સદ્‌ગુરુ તો એટલા બધા કૃપાળુ હોય છે કે આપણે કેટલીક વાર લક્ષ ચૂકી જઈએ તોય પ્રસંગ ઊભો કરીને આપણને સીધે માર્ગે લઈ લે. **પ્રસંગ ઊભો કરે તેનું નામ જ**

**સદ્‌ગુરુ - સંત. મોટા** જેવા ગુરુ મળવા મુશ્કેલ છે.

**સ્વજન :** કૃપા અંદર ઊતરીને કંઈક કરતી હશે ખરી ?

**કાકા :** હા, નહિ તો આપણાથી કશું થાય નહિ. **મોટા,** મુંબઈવાળા રતિલાલ મહેતાને કહેતા કે, 'તમે તમારી મેળે અહીં નથી આવતા. એ તો હું બોલાવું છું એટલે તમે અહીં આવો છો.' એનો અર્થ એ કે **મોટા** આશ્રમે આવવાની પ્રેરણા કરે છે, એટલે જ આપણાથી આશ્રમે અવાય છે અને એ જ ભગવાનની કૃપા.

**સ્વજન :** ભગવાનની કૃપા હોય તો જ પૂછડું પકડાયને ?

**કાકા :** હા, તો જ પૂછડું પકડાય. નહિતર પછી નથી પકડાતું. પકડવા જઈએ તોય નહિ પકડાય. મનને સીધું રાખવું બહુ કપરું છે. આશા, ઈચ્છા, લોલુપતા ને એવું બીજું એટલું બધું જોરદાર આવે કે એનું જોર જ વધી જાય. એ તો આપણો પુરુષાર્થ ભારે હોય તો જ થઈ શકે. આપણા જેવા માટે બહુ અઘરું છે, તોપણ આપણે વળગી જ રહેવું.

**સ્વજન :** અગ્નિના જેવી ભભૂકતી જિજ્ઞાસા કેવી રીતે જાગે ? એને માટે કૃપા કામ કરે કે મહેનત કરવી પડે ?

**કાકા :** અગ્નિ*ના જેવી જિજ્ઞાસા જગાડવા માટે આપણે મહેનત તો કરવી પડે, પણ સાથે સાથે સંતપુરુષની કૃપા પણ હોવી જોઈએ. જુઓને શ્રીબાલયોગી મહારાજે **મોટા**ને કપાળમાં ખીલો** માર્યો, ત્યારે તેઓને તરત જ ધ્યાન લાગી ગયેલું. તે વખતે ધ્યાન લાગી ગયેલું, એ કૃપા થઈ કહેવાય.

---

*જ્વાળામુખીનો અગ્નિ

**ખીલાના માથાનો ભાગ

**સ્વજન :** એટલે કે અમારી મહેનત ઓછી પડે છે એમને?

**કાકા :** હા, મહેનત ઓછી પડે છે. જેટલી થવી જોઈએ તેટલી થતી નથી, પરંતુ આ જન્મે કે બીજા જન્મે એમ કરતાં કરતાં આગળ વધાશે.

**સ્વજન :** આ જન્મમાં કરેલું હોય તે આવતા જન્મે ખપમાં આવેને ?

**કાકા :** હા, કામ લાગે, ભાથું કામ લાગે. કરેલું નકામું નહિ જાય. આપણે સંસારમાં રહીને થોડું થોડું ભગવાનને રસ્તે વળ્યાં હોઈએ તો એક-બે જન્મમાં થોડું વધારે એના તરફ દોરાઈએ. પછી કોઈક જન્મ એવો આવી જાય કે ભગવાન તરફની લગની લાગી જાય.

**સ્વજન :** આપણા ઉપર કૃપા ઊતરે તો બધું થઈ જાયને?

**કાકા :** કૃપા ઊતરે તો ખરી, પણ તેને માટે આપણે મથવું પડે. કૃપા એમ ને એમ કાંઈ ઉપરથી થોડી પડવાની ? એ તો આપણે જન્મોજન્મ થોડું થોડું આ માર્ગે આગળ વધતાં જઈએ તેમ તેમ ઘણા જન્મો જાય પછી એવો એક છેલ્લો જન્મ આવી જાય કે તમે સાધનામાં એકદમ ઝપાટાભેર આગળ ચાલી શકો ને સાધનામાં પરિપૂર્ણ થઈ જાવ. સાધના સહજ થઈ જાય તો ભગવાનની મદદ જરૂર મળે.

**સ્વજન :** બહુ મહેનત કરવાથી કાંઈ વળે કે નહિ તે ખબર નથી પણ કૃપાથી કંઈક થાય છે એવું સમજાય છે.

**કાકા :** મથામણ તો કરવી જ જોઈએ. કરેલી મહેનત નકામી જતી નથી અને મથામણ પણ ગમે તેટલી કરીએ

તોપણ કૃપા તો હોવી જ જોઈએ. પુરુષાર્થ ને કૃપા સાથે ને સાથે જ હોવાનાં.

**સ્વજન :** હજુ આળસ ને પ્રમાદ બહુ હેરાન કરે છે.

**કાકા :** ઘણા જન્મોના રાગદ્વેષના સંસ્કારો પડ્યા હોય એટલે ભગવાનની કૃપા થાય ત્યારે જ આપણામાંથી આળસ, પ્રમાદ ને એ બધું નીકળે અથવા તો ગુરુમહારાજની કૃપા થાય તો નીકળે. આપણામાં નીરવતા આવી જાય તો પછી આપણી ગાડી આગળ ચાલે.

**સ્વજન :** વહેલી કે મોડી ધીરેધીરે કૃપા તો થશેને ?

**કાકા :** વહેલી કે મોડી કૃપા તો થશે. કૃપા થવાની જ છે. ***મોટા*એ કહ્યું છેને કે 'મને જે જે સ્વજનો મળેલાં છે, તેઓ મને છોડીને જતાં રહેશે, પણ હું તેઓને છોડું નહિ. આ જન્મે નહિ તો આવતે જન્મે પણ હું તેઓને પકડીને લઈ આવીશ.'** ખીલે બાંધેલું ઢોર જઈ જઈને ક્યાં જવાનું ?

**સ્વજન :** 'મને જે જે મળેલાં છે, તેને હું છોડવાનો નથી' એવું **મોટા**એ કયા અર્થમાં કહેલું હશે ?

**કાકા :** એટલે કે તમે **મોટા**ને ભલે શરીરથી નહિ મળ્યા હો, પણ **મોટા** તરફ તમને જે ભાવ થયો, તે **મોટા**ને મળ્યા બરાબર છે. **મોટા**એ લખ્યું છે કે, સંત સાથેના સહવાસના સંસ્કારો ખૂબ જ જોરદાર હોય છે. સંત સાથેના સહવાસના જે સંસ્કારો પડેલા હોય, તે સંસ્કારો જીવદશાના સંસ્કારોને ફેરવી નાખે છે. પછી એથી એ જીવ ભગવાન તરફ થોડું ઘણું વળે, એટલે એ જીવની ગતિ થતી જાય, એને પણ ભગવાનની કૃપા કહેવાય.

**સ્વજન :** કાકા, કૃપા થાય તો જ ભક્તિ આપણામાં આવેને ?

**કાકા :** આપણી મહેનત પણ જોઈએ. મહેનત કરીએ તો પછી કૃપા થાય ને ભક્તિ પણ આવે.

**સ્વજન :** મહેનતમાં કાચા છીએ તેનું શું કરવું ? એમ ને એમ કૃપા મળે કે નહિ ?

**કાકા :** આપણાથી મહેનત પણ કૃપા હોય તો જ થઈ શકે. મુખ્ય કૃપા તો હોવી જ જોઈએ. કૃપા ના હોય તો મહેનત થાય જ નહિ. **મોટા** એવું કહેતા કે, 'હું કલ્પના* કરું એટલામાં જ મારા ગુરુમહારાજ હાજર થઈ જતા.' તો પછી ગુરુ સાથે દિલ લાગી જાય તો કેટલી મોટી વાત થઈ જાય.

॥ હરિઃૐ ॥

---

* યાદ

॥ હરિઃૐ ॥

# (૫) પૂજ્ય શ્રીમોટાના સાહિત્ય વિશે

***મોટા*નું સાહિત્ય એવું છે કે નાનામાં નાનો માણસ પણ તે વાંચે તો મોટો થઈ શકે.**

**– ઝીણાકાકા**

**સ્વજન :** કાકા, **મોટા**નાં પુસ્તકોમાંથી શીખવાનું મળે છે.

**કાકા :** હા, **મોટા**નાં પુસ્તકોમાંથી ઘણું શીખવા મળે તેમ છે. પચાસ વર્ષ પછી એ પુસ્તકોની કિંમત થશે. **મોટા**ના ગુરુ શ્રીધૂણીવાળાદાદાએ **મોટા**ને કહેલું કે, 'તું એવું લખજે કે ગામડાનો ઓછું ભણેલો માણસ પણ સમજી શકે.' **મોટા**એ એવી જ ભાષામાં લખ્યું છે. **મોટા**એ ધાર્યું હોત તો ઊંચી ભાષામાંય લખી શક્યા હોત, પણ **મોટા**એ એવી હળવી ભાષા જ વાપરી કે બધાં જ સમજી શકે.

**સ્વજન : મોટા**ની સમજાવવાની પદ્ધતિ મૌલિક છે.

**કાકા :** બીજા ઘણા બધા સંતો થઈ ગયા. તેઓએ ઘણું સમજાવ્યું છે પણ **મોટા**એ જે સમજાવ્યું છે, તે જલદી ગળે ઊતરી જાય એવું છે. અત્યાર સુધીમાં **મોટા** જેવું કોઈએ લખ્યું નથી.

**સ્વજન : મોટા**નાં પુસ્તકોના વાંચનના ફાયદા વિશે કહેશો ?

**કાકા :** સારું વાંચીએ તો ચિત્તમાં એ બધું પડી જાય. પછી સમય થાય ત્યારે તેના સંસ્કારો જાગવાના ને જાગવાના જ. જેમ ગમે ત્યાં બી પડેલું હોય, વરસાદ આવ્યા પછી તે ઊગી નીકળે છે તેમ. એટલે **મોટા**એ લખ્યું છે, તે વાંચ્યા જ કરવું. આપણને સમજણ ના પડે તોય વાંચ્યા જ કરવું. તમે **મોટા**નાં જે જે પુસ્તકો બહાર પડ્યાં છે, તે બધાં જ પુસ્તકો વાંચી જજો અને તમારી પાસે છે, તે પણ વાંચી જજો.

**સ્વજન :** કાકા, **મોટા**નું સાહિત્ય સમૂહમાં બેસીને વાંચીએ તો ફાયદો થાય કે નહિ ?

**કાકા :** સમૂહમાં વાંચીએ તો વાંચીને બધા છૂટા પડી જાય એટલું જ. બાકી, કાંઈ વિશેષ ફાયદો ના થાય. એના કરતાં કોઈ એકલો એકલો મથે તો મને લાગે છે કે ઊંડે ઊંડે કંઈક ફેરફાર અનુભવી શકે ને આગળ વધી શકે. જુઓને એકાંતમાં બેસીને, મથી મથીને **મોટા**એ પણ એમ જ કર્યું છેને.

**સ્વજન : મોટા**એ જેવી રીતનું લખ્યું છે તેવી રીતનું લખવાવાળા અનુભવી પુરુષો બહુ ઓછા.

**કાકા :** ‘રાગદ્વેષ’, ‘મોહ’, ‘ભાવ’, ‘શ્રદ્ધા’, ‘જિજ્ઞાસા’, ‘જીવનગીતા’, ‘શ્રીસદ્‌ગુરુ’, ‘નિમિત્ત’ ઉપર **મોટા**એ શાસ્ત્રો રચ્યાં. **મોટા**એ લખ્યું છે એવું કોઈએ લખ્યું નથી. **મોટા**એ કહ્યું છે કે, ‘મારાં પુસ્તકો પચાસ વર્ષ પછી સમજાશે, અત્યારે કોઈને નહિ સમજાય.’

**સ્વજન : મોટા**નાં પુસ્તકો દુનિયાની અજાયબી જેવાં છે !

**કાકા : *મોટા*નાં પુસ્તકો કોઈ એક-બે વાર વાંચી જાય તો તેના સ્વભાવનું રૂપાંતર થઈ જાય.**

**સ્વજન : મોટા**નું સાહિત્ય તરત બધાંને સમજાય એવું નહિને ?

**કાકા :** હા, એવું ખરું ! બધાં તરત વાંચવા માંડે તેવું નહિ. એ તો એવી જેની ભૂમિકા હોય તે જ વાંચી શકે. આમ તો **મોટા**ના શબ્દો સમજાય તેવા છે. રોજ મહાવરો પાડવો પડે. રોજના બે પાનાં વાંચવાં, વધારે નહિ.

**મોટા**ના સાહિત્યમાં જેને પૂર્વનું ભાથું હોય તેને જ રસ પડે અને પૂર્વની કમાણી ના હોય તો ધીમે ધીમે રસ પડે. ભાથા વિનાનું કંઈ નહિ થાય. આપણે ગામ જઈએ ત્યારે રસ્તામાં ભૂખ લાગે ત્યારે ખાવા માટે ભાથું બાંધી લઈએ છીએ, તેવી રીતે આ માર્ગનું પણ આવતા જન્મ માટેનું ભાથું બાંધવાનું છે. અત્યારે આપણે જે કંઈ કરીએ, જેમ કે વાંચન કરીએ, સ્મરણ કરીએ, ભજન-કીર્તન કરીએ એ બધું આપણા આવતા જન્મનું ભાથું છે. ***મોટા*ની ચોપડીઓ વાંચીએ છીએ એ *મોટા* સાથે સત્સંગ છે. આપણે મન ભરીને સત્સંગ કરી લેવો *મોટા* સાથે.**

**સ્વજન : મોટા**નું સાહિત્ય વાંચવું એ પણ અઘરું તો છે.

**કાકા :** હા, **મોટા**નું સાહિત્ય વાંચવું અઘરું તો છે જ, પરંતુ **મોટા** પ્રત્યે આપણને ભક્તિ જાગી જાય તો વાંચવું જરૂર ગમે. શરૂઆતમાં કદાચ ના સમજાય પણ પછી વારંવાર વાંચવાથી ધીમે ધીમે સમજાય ખરું. **મોટા**ના શબ્દો છે તે સમજાય તેવા છે. પદ્ય સાહિત્યમાં જે રીતે આપણને ઢાળ બેસે તે રીતે ગાયા કરવું. ગાવાથી કરીને પછી ભાવ જાગશે. મૂળ તો ભાવ જાગવો જોઈએ. આ માર્ગમાં ભાવ જ મુખ્ય છે.

**સ્વજન :** વાંચીએ તોય પાછું ભૂલી જવાય છે. પ્રસંગ આવે ત્યારે અમલમાં મુકાતું નથી એનું શું કરવું ?

**કાકા :** આપણે બધાં એવા ચક્કરમાં પડેલાં છીએ કે આપણે વાંચીએ તોય થોડું આમતેમ થઈ જાય અને ભૂલી જવાય તેમ બને ખરું, પણ વાંચેલું હશે તે યાદ તો આવવાનું જ છે. નકામું જવાનું નથી. વાંચેલું હશે તે ચિત્તમાં સંસ્કાર રૂપે અંદર પડી રહેશે. એ તો પછી આ જન્મે નહિ તો આવતા જન્મે તે ફૂટી નીકળશે અને અમલમાં મુકાશે. જેમ પેલું બી વરસાદ પડે ને ફૂટી નીકળે તેમ. વાંચ્યું એટલે બી પડ્યું એમ સમજવું. પડેલું બી નકામું નહિ જાય.

**સ્વજન :** કાકા, ઘણી વાર તો વાંચવાની જ આળસ થાય છે.

**કાકા :** મનમાં નક્કી કરવું કે **મોટા**ની કોઈ પણ ચોપડીનાં બે થી ત્રણ પાનાં રોજ વાંચવાં. એટલું તો વાંચી જ લેવું. ઓછું વંચાય તો આપણને સમજાય અને અંદર વધારે ઊતરે.

**સ્વજન :** કાકા, **લગ્ને હજો મંગલમ્** એ ચોપડી વિશે કહોને.

**કાકા :** લગ્નજીવનમાં પતિપત્નીના દિલ એક થાય એવી આ ચોપડી છે. બન્નેનું દિલ એક થાય, એનું આ ચોપડી પ્રતીક છે. આ રીતે જે કોઈ પતિપત્ની જીવે તો તેનો સંસાર સારો ચાલે.

**સ્વજન :** મૌનમંદિરની શ્રેણીનાં પુસ્તકો કઈ રીતે બન્યાં ?

**કાકા :** ધીરુભાઈ મોદીએ નંદુભાઈને કહેલું કે, 'મૌનમંદિરની શ્રેણીનાં આટલાં બધાં પ્રવચનો લખાઈ ગયાં તે સારું થયું. એ બધી **મોટા**ની વાણી છે. એને છપાવો.' પછી નંદુભાઈએ એ પ્રવચનો છપાવ્યાં ને એમાંથી મૌનમંદિરની શ્રેણીવાળાં પાંચ પુસ્તકો બન્યાં.

(૧) મૌનએકાંતની કેડીએ, (૨) મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા, (૩) મૌનમંદિરનો મર્મ, (૪) મૌનમંદિરમાં પ્રભુ અને (૫) મૌનમંદિરનું હરિદ્વાર. આવી રીતે પૂ. મોટાનાં પ્રવચનો દ્વારા પાંચ પુસ્તકોની શ્રેણી બની. આ પાંચેય પુસ્તકો આપણા બધાં માટે દીવાદાંડી સમાન છે.

**સ્વજન :** 'મૌનએકાંતની કેડીએ' સરસ પુસ્તક છે.

**કાકા :** એ પુસ્તકમાં તો **મોટા**એ જે કહ્યું છે તે ચૂનીભાઈ તમાકુવાળાને ઘણું ઘણું લાગુ પડે છે. ઘરમાં કેમ રહેવું, બધાંની સાથે સુમેળ કેમ રાખવો એ બધું તેમાં આવી જાય છે. ***મોટા*** **એક દિવસ એમ કહેતા કે, 'આ જે મારાં લખેલાં પુસ્તકો છે તેની કિંમત અંકાશે.'** ***મોટા*****એ કહ્યું છે કે, 'મારાં પુસ્તકો કબાટમાં મૂકી રાખજો. ભલે વાંચો નહિ તો કાંઈ નહિ. ક્યારેક એવો સમય જરૂર આવશે.' પચાસ વર્ષ પછી** ***મોટા*****નાં પુસ્તકો મળવાનાં નથી. પચાસ વર્ષ પછી લોકોને ઘણી બધી**

**વિટંબણાઓ આવશે ત્યારે *મોટા*નાં પુસ્તકોની એ બધાંને ગરજ જાગશે અને તે સમયે લોકો પુસ્તક શોધવા નીકળશે, પરંતુ એ સમયે *મોટા*નાં પુસ્તકો મળવાનાં નથી.**

**સ્વજન :** કાકા, **'*મોટા* અને શિક્ષણ'** પુસ્તક વિશે કહોને.

**કાકા :** *'મોટા અને શિક્ષણ'* વસાવવા જેવું પુસ્તક છે અને એક એક ઘેર રાખવા જેવું પુસ્તક છે. આમ તો બધાંએ વાંચવા જેવું પુસ્તક છે, પણ બહેનોએ તો ખાસ વાંચવું. બાળકોનું ઘડતર કઈ રીતે કરવું, પતિપત્નીએ કઈ રીતે જીવવું અને એમાંય બાળકોના ઘડતર ઉપર **મોટા**એ બહુ ભાર મૂક્યો છે. કૌશિકભાઈ મહેતાએ **મોટા**ના શિક્ષણ વિશેના વિચારો ઉપર પીએચ.ડી. કર્યું છે. કૌશિકભાઈ બહુ ઉત્સાહી માણસ છે. ચોપડીમાં લખાણ તો બધું જ **મોટા**નું, પણ એમણે સારી શૈલીમાં *મોટા*ને એમાં રજૂ કર્યા છે.

**મોટા** એમ કહેતા કે, **'મારે સમાજને બેઠો કરવો છે.'** સમાજને બેઠો કરવાનાં સૂચનો એ ચોપડીમાં છે. એટલે કે કહેવાનો મતલબ એ કે એ પુસ્તક બહેનો વાંચે અને એ રીતે જીવન જીવે ને એમાંથી જે સમાજ બને તે કેટલો બધો ઊંચા પ્રકારનો થાય. એવું બધું **મોટા**એ ઊંડાણથી લખેલું છે.

**સ્વજન :** કાકા. **'પ્રસન્નતા'** ચોપડી પણ સરસ છે. વાંચવા જેવી છે.

**કાકા :** હા, સરસ છે. ઓછાં પાનાં એટલે જલદી વંચાઈ જાય.

**સ્વજન :** **મોટા**એ **'જિજ્ઞાસા'** વિશે લખ્યું પણ છે. **મોટા**ની કૅસેટ પરથી બનેલી ચોપડીમાં લખાયું છે અને **મોટા** કૅસેટમાં પણ બોલે છે કે, **'જિજ્ઞાસા એક જ માત્ર, એક જ ચોપડી બસ છે, મને અને મારા કામને સમજવા માટે.'** કોઈએ નથી લખ્યું આવું.

**સ્વજન :** ઝીણાકાકા ! ગુરુ એટલે શું ? ગુરુને કેમ વળગવું ? એ બધું જ 'જિજ્ઞાસા' ચોપડીમાં આવે છે. સાધકની ભૂમિકા કેવી હોવી જોઈએ ? શ્રેયાર્થીનો પરિશ્રમ કેવો હોવો જોઈએ ? તેની ઉત્કંઠા કેવી હોવી જોઈએ ? એ બધું **'જિજ્ઞાસા'** ચોપડીમાં આવી જાય છે. **'જિજ્ઞાસા'** અને **'શ્રીસદ્‌ગુરુ'** આ બે પુસ્તકો ગુરુને સમજવા માટે મહત્ત્વનાં ખરાં.

**કાકા :** એ તદ્દન સાચી વાત છે, પણ રસ પડે તો જ સમજાય. **મોટા**એ 'નિમિત્ત', 'જિજ્ઞાસા', 'ભાવ', 'શ્રદ્ધા' વગેરે કેટલાં બધાં પુસ્તકો લખ્યાં છે. **મોટા**એ લખ્યું છે એવું કોઈએ લખ્યું નથી. **મોટા,** કૅસેટમાં બોલે છે કે, 'મારા ભગવાને મને હુકમ કર્યો ને મારી પાસે 'જિજ્ઞાસા' લખાવી. આ એક 'જિજ્ઞાસા' ચોપડી જ કોઈ વાંચે તો એ મારા જીવનને સાબિત કરવાને માટે પૂરતી છે અને એ હકીકત છે. એકલી 'જિજ્ઞાસા' જ કોઈ વાંચી જાય તો મારું આ જીવન અનુભવથી પ્રેરણાત્મક છે, એટલી એને ખાતરી જરૂર થઈ જાય.'

**સ્વજન : 'જીવનપગલે'** પુસ્તકમાં **મોટા**એ લખ્યું છે કે દુઃખ એ તો પ્રભુની પ્રસાદી છે.

**કાકા :** જો આપણે એવું માનીએ તો ! નહિ તો દુઃખ આપણને દબાવી દે. દુઃખ વખતે આપણે ભગવાનનું નામ લીધા કરવું.

**સ્વજન :** જેને ખ્યાલ આવે તેને જ ખબર પડે કે **મોટા**એ **ભાવ** વિશે કેવું લખ્યું છે !

**કાકા :** ભાવ વિશે લખવું એ નાનીસૂની વાત નથી.

**સ્વજન : 'સુખનો માર્ગ'** એ ચોપડી બધાંએ વાંચવા જેવી છે.

**કાકા :** 'સુખનો માર્ગ' એ ચોપડી સારી છે. સંસાર-વહેવારનું બધું એમાં આવી જાય છે. સંસારવહેવારમાં કેમ જીવવું ? પતિપત્નીએ એકબીજા સાથે કેમ વર્તવું ? એ પણ આ ચોપડીમાં આવી જાય છે.

**સ્વજન : નિમિત્ત**નું વિજ્ઞાન જગતને **મોટા**એ આપ્યું એ કેવડી મોટી વાત ! નિમિત્ત ઉપર કોઈએ લખ્યું નથી. **મોટા**એ આ નવીન વસ્તુ આપી છે.

**કાકા :** હા, નિમિત્ત ઉપરનું વિજ્ઞાન એ **મોટા**ની નવીન વસ્તુ છે. નિમિત્તનું આખુંય વિજ્ઞાન **મોટા**એ 'નિમિત્ત' પુસ્તકમાં લખ્યું છે. **મોટા**એ **નિમિત્ત** ઉપર ઉત્તમ લખ્યું છે.

**સ્વજન : મોટા**નું સાહિત્ય કેટલું મોટું ! **મોટા**નાં સિત્તેર એંસી પુસ્તકો હશે. એક એક પુસ્તક સમુદ્ર જેવું ગહન. બહુ ઊંડું. 'જિજ્ઞાસા', 'નિમિત્ત', 'શ્રીસદ્‌ગુરુ' આ બધાં પુસ્તકો તો જગતમાં ક્યાંય જોવાં ના મળે.

**કાકા :** ના, જોવાં ના મળે. તેમાંય સદ્‌ગુરુ ઉપર **મોટા**એ જે લખ્યું છે એવું તો બીજે ક્યાંય જોવા ના મળે.

**સ્વજન : મોટા**એ એવાં પુસ્તકો લખી આખા જગત ઉપર ઉપકાર કર્યો છે. વળી, એ પણ પત્રરૂપે. પત્રરૂપે લખવાવાળા એકલા **મોટા** જ હોં.

**કાકા :** બીજા કોઈ લખવા બેસે તો ગોઠવી ગોઠવીને, વિચારી વિચારીને લખે, જ્યારે **મોટા** તો એમને અંદરથી જેવું સ્ફુરે તેવું સીધું જ લખી દે. **મોટા**ને કાંઈ વિચારવાનું હોય નહિ.

**સ્વજન :** કાકા, **મોટા**એ કઈ ચોપડીમાં દિલ રેડેલું છે ?

**કાકા : 'જીવનમંડાણ'** પુસ્તકમાં એવું વાંચવામાં આવેલું કે, **'જીવનસંગ્રામ' પુસ્તકમાં મેં મારું દિલ રેડેલું છે, જે વાંચશે**

**તેને ફાયદો જ થવાનો છે. નહિ સમજાય તોયે વાંચ્યા કરવું. બધા સંસારી લોકોને કામ આવે, એવું *મોટા*એ લખ્યું છે.**

**સ્વજન :** *મોટા*નાં પુસ્તકો હવે મને નવી નવી રીતે સમજાય છે.

**કાકા : મોટા**નાં પુસ્તકો વારંવાર વાંચીએ તો તેનો વધારે અભ્યાસ થાય અને જેમ જેમ વાંચતા જઈએ તેમ તેમ આપણને નવું નવું સમજાતું જાય.

**સ્વજન : મોટા**ના સાહિત્યમાં રસ પ્રગટ્યા વિના **મોટા**નું સાહિત્ય સમજાય એવું નથી.

**કાકા :** હા, એ તદ્દન સત્ય વાત છે. ભાવ અને ભક્તિ જાગે તો રસ પણ પડે ને સમજાય પણ ખરું.

**સ્વજન :** કાકા, મન થોડું ઉદાસ હોય ત્યારે **મોટા**ની કોઈ પણ ચોપડી વાંચીએ તો જરૂર રાહત થાય.

**કાકા : મોટા**ની ચોપડીમાંથી આપણને જે જોઈતું હોય અને જરૂરી હોય તે જ નીકળે. સંસારવહેવારમાં સારી રીતે જીવવા માટે **મોટા**નાં પુસ્તકો બહુ કામ આવે તેવાં છે. **મોટા**નાં પુસ્તકો વાંચવાથી મનમાંથી બધું નીકળી જાય અને મન હળવું થઈ જાય.

**સ્વજન : મોટા**નું સાહિત્ય બહુ ઉપયોગમાં આવે તેવું છે.

**કાકા :** હા, **મોટા** જેવું બીજા કોઈએ લખ્યું નથી. **મોટાએ સાધનાને ખુલ્લી કરીને બતાવી છે અને *મોટા*નું સાહિત્ય એવું છે કે નાનામાં નાનો માણસ પણ તે વાંચે તો મોટો થઈ શકે.**

**સ્વજન : મોટા**એ બીમારીના સમયે જ લખ્યુંને આ બધું ?

**કાકા :** હા, ઓટલા ઉપર પુસ્તક લખતા ત્યારે **મોટા**ને બીમારી હતી જ.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# વિશિષ્ટ વ્યક્તિઓ

**સ્વજન :** રમેશભાઈ ભટ્ટ પહેલવહેલા મૌનમાં બેસવા માટે સુરત આશ્રમે આવ્યા, ત્યારે તેમના વિશે **મોટા**એ તમને શું કહેલું ?

**કાકા :** રમેશભાઈ પહેલવહેલા અહીં આશ્રમે મૌનમાં બેસવા માટે આવવાના હતા. ત્યારે **મોટા** મને વારંવાર કહ્યા કરતા હતા કે, 'આજે બહુ **મોટા** માણસ અહીં આવવાના છે. તો બધું વ્યવસ્થિત રીતે બરાબર રાખજો.' થોડી વાર થાય ને વળી પાછા **મોટા** બોલે કે, 'ઝીણાભાઈ, આજે બહુ મોટા માણસ આવવાના છે.' આવું આઠ થી દસ વાર **મોટા**એ રમેશભાઈ માટે કહેલું. એમ કરીને **મોટા** અમને રમેશભાઈ ભટ્ટની ઓળખાણ આપતા હતા.

**સ્વજન :** રમેશભાઈ ભટ્ટ **મોટા** વિશે બહુ સરસ બોલતા.

**કાકા :** જો રમેશભાઈ હયાત હોત તો હજુ પણ ઘણું બોલત. જો હજુ દસ વર્ષ રહ્યા હોત તો **મોટા**નાં સ્વજનોને ઘણું વધુ મળત. તેઓ ઘણું બોલ્યા, પણ **મોટા** વિશે તો

અદ્ભુત બોલ્યા. તેઓ અડસઠ વર્ષ જીવ્યા. વધારે પીડાયા નહિ. આમ તો સુખી થયા.

**સ્વજન :** હું આજે સવારે રમેશભાઈ ભટ્ટની કૅસેટ સાંભળતો હતો. ***મોટા* એટલે ભગવાન.** પહેલો શબ્દ એ હતો. **મોટા**ના સાહિત્યનું સૌથી વધારે વાંચન કરવાવાળા, **મોટા** વિશે સૌથી વધારે બોલવાવાળા, સૌથી વધારેમાં વધારે વ્યક્ત થવાવાળા, રમેશભાઈ ભગવદીય પુરુષ કહેવાયને ?

**કાકા :** હા, સમાજને ભગવાન તરફ વાળે એટલે ભગવદીય. ભગવાનનું કામ કરે એટલે ભગવદીય. બહુ સરસ કામ કર્યું છે રમેશભાઈએ. રમેશભાઈની કૅસેટો લોકો સાંભળશે ત્યારે રમેશભાઈને યાદ કરશે. રમેશભાઈને યાદ કરીને પ્રવચનો સાંભળવાં એ જ રમેશભાઈને અંજલિ.

**સ્વજન :** કાકા, તમે રવિશંકર મહારાજને મળેલા ?

**કાકા :** અમે રવિશંકર મહારાજનાં દર્શન માટે, ભટાર રોડ પર રહેતા ઈશ્વરભાઈ ગુલાબભાઈ દેસાઈને ઘેર ઈ.સ. ૧૯૫૪-૫૫માં ગયેલા. રવિશંકર મહારાજે ખાદી પહેરેલી હતી, પણ તે ધોયેલી ને ઊજળી ખાદી નહોતી. જોતાં જાણે મેલી દેખાય તેવી ખાદી હતી. અમે એમને પગે લાગેલા. તેઓની ઊંચાઈ થોડી ઓછી હતી અને તેઓ શરીરે પતલા હતા. તેઓની આંખો અંદર પેસી ગયેલી. તેઓ કાંઈ બોલી પણ શકતા નહોતા. પછી અમે કહ્યું, 'અમે હરિઃૐ આશ્રમેથી આવીએ છીએ.' ત્યારે તેઓ બોલેલા કે, '**મોટા**ના આશ્રમેથી આવ્યા છો ?' અમે કહ્યું, 'હા, **મોટા**ના આશ્રમેથી આવ્યા છીએ.' આવી રીતે તેઓએ **મોટા**ને યાદ કરેલા.

તેઓને છેલ્લી ઘડીએ થોડી તકલીફ પડેલી અને તેઓ બેભાન રહેલા.

જ્યારે રવિશંકર મહારાજ **મોટા**ને મળવા આશ્રમે આવે ત્યારે એક કવરમાં **મોટા** એક હજાર રૂપિયા તૈયાર રાખે. તેઓ આવે એટલે તરત જ આપી દે.

**સ્વજન :** શ્રીધૂણીવાળાદાદાના શિષ્ય શ્રીકેવળાનંદ મહારાજ અહીં આશ્રમે આવેલા ખરા ?

**કાકા : મોટા**નું શરીર ગયા પછી એકવાર અહીં આશ્રમે આવેલા અને એકવાર ચંદુભાઈ ભાવસારની સાથે અમદાવાદથી અહીં આશ્રમે આવેલા. એવી રીતે બે વખત સુરત આશ્રમે આવેલા.

**સ્વજન :** આપણે એમનાં દર્શન કરીએ ત્યારે એવું લાગે કે શ્રીધૂણીવાળાદાદા પાસેથી એમણે ઘણું જ્ઞાન મેળવ્યું હશે.

**કાકા :** હા, ઘણું મેળવેલું. એ સાચી વાત.

**સ્વજન :** હજુ આ સમયે આવી હસ્તી હયાત છે એ કેવું સારું !

**કાકા :** હા, એવા અનુભવી પુરુષ હયાત કહેવાય. આ યુગમાં એવા અનુભવી પુરુષ મળવા મુશ્કેલ.

**સ્વજન :** મને જયરામકાકાએ વાત કરેલી કે શ્રી કેવળાનંદ મહારાજ નંદુભાઈને મળવા જતા ?

**કાકા :** હા, તેઓ અવારનવાર નંદુભાઈને મળવા જતા ત્યારે તેઓ **મોટા**ની બહુ વાતો કરતા. તેઓ હા ..હા ...હા ...હા ... એમ કરી ખૂબ મોટેથી હસતા. વર્ષમાં બે-ચાર વાર નંદુભાઈને મળવા જતા અને તેઓ એકવાર તો એવું બોલેલા કે, **'આ વર્ષે નંદુને મળાઈ ગયું એટલે નાહવું નહિ પડે.'**

**સ્વજન :** ઈંદુકાકા ને જયશ્રીબહેનનાં મૃત્યુ વખતે શું થાય છે તે જોજો, એવું **મોટા**એ કહ્યું હતુંને ?

**કાકા :** હા, **મોટા**એ એમ કહેલું ખરું. **મોટા** તેઓના મૃત્યુ વખતે ત્યાં હાજર રહેવાના છે. તે સમયે.

**સ્વજન : 'મોટા**ની સાથે સાથે' પુસ્તકમાં **મોટા**એ કહ્યું છે કે, 'ઈંદુકાકા અને જયશ્રીબહેન મારી કેટલી બધી સેવા કરે છે, એ મને બહુ વહાલાં છે. એથી કેટલાક લોકો મને પૂછે છે કે એ લોકોનું ટ્રાન્સ્ફોરમેશન એટલે કે પ્રકૃતિનું રૂપાંતર થઈ ગયું છે ? એવું પરિવર્તન થશે કે નહિ તે જુદી વાત છે, પણ એમના મૃત્યુ સમયે કેવું થાય છે તે જોજો.'

**કાકા : મોટા** ઈંદુકાકાને હનુમાનજી કહેતા. **મોટા** કૂવામાં પડવાનું કહે તો કૂવામાં પડે ઈંદુકાકા. ઈંદુકાકા ને જયશ્રીબહેન વિશે **મોટા** એવું બોલેલા. તે અભયવચન કહેવાય.

**સ્વજન :** શ્રી ડોંગરેજી મહારાજની કથામાં **મોટા** ગયા હતા ?

**કાકા :** હા, યજમાન બોલાવે ને આમંત્રણ આપે એટલે **મોટા**ને કથામાં જવું પડે. સુરતમાં ડોંગરેજી મહારાજની કથા હતી, ત્યારે નારેશ્વરવાળા શ્રીરંગ અવધૂત મહારાજ સુરત આવેલા. તેઓ **મોટા**ને કથા સાંભળવા સાથે લઈ જતા. શ્રીરંગ અવધૂત મહારાજ આવે ને **મોટા**ને સાથે લઈ જાય એટલે **મોટા**એ જવું પડે.

**સ્વજન :** કાકા, તમે પણ સાથે ગયા હતા ?

**કાકા :** ના, અમે સાથે નહોતા ગયા. નંદુભાઈ, ભીખુકાકા ને **મોટા** ત્રણેય સાથે ગયા હતા, ત્યારે એક વખત નંદુભાઈએ

ભીખુકાકાને કહ્યું હતું કે, '**મોટા** કથામાં જાય એટલે આપણે જવું પડે. બાકી, આપણે કાંઈ કથા સાંભળવાની જરૂર નહિ.'

ઈ.સ. ૧૯૬૮ની સાલમાં સુરતમાં રૂવાળા ટેકરા ઉપર આ સપ્તાહ બેઠી હતી. ઠાકોરભાઈ મીઠાઈવાળાએ આ સપ્તાહ બેસાડેલી. સવારસાંજ બન્ને ટાઈમ **મોટા** કથામાં જતા અને બે બે કલાક કથામાં બેસતા પણ ખરા. લગભગ એક અઠવાડિયું **મોટા** સપ્તાહમાં ગયા હશે.

**સ્વજન :** જાદુગર કે. લાલ અહીં આશ્રમે આવેલાને?

**કાકા :** ઈ.સ. ૧૯૬૬-૬૭માં કે. લાલ અહીં આશ્રમે આવેલા. કે. લાલે **મોટા**ને આશ્રમ માટે ટિફિન ભેટ આપેલું. જ્યારે રંગઉપવનમાં કે. લાલનો પ્રોગ્રામ હતો, ત્યારે કે. લાલે **મોટા**ને ત્યાં બોલાવેલા. પ્રોગ્રામ શરૂ થાય તે પહેલાં **મોટા**એ સુરત શહેર વતી પ્રવચન આપેલું અને એમ બોલેલા કે, 'હું સુરત શહેર વતી કે. લાલનો આભાર માનું છું.' એ વખતે અમે પણ **મોટા**ની સાથે ગયા હતા.

**સ્વજન :** કરાંચીમાં **મોટા** જેમને ત્યાં રહેતા તે પરસદભાઈ પર **મોટા** ગુસ્સે કેમ થયેલા ?

**કાકા :** પરસદભાઈએ એકવાર કંઈક મજાક કરી કે બોલ્યા, ત્યારે **મોટા** ખિજવાઈ ગયેલા અને બોલેલા, 'તમને એટલું થતું નથી કે તમારો દીકરો આટલી ઊંચી પાયરીએ ચડ્યો ! એટલું તમને નથી દેખાતું ?' એવું **મોટા** બોલેલા, તે મેં સાંભળેલું. પરસદભાઈ **મોટા**ને જાણે ખરા કે '**મોટા** ભગવાનના ભક્ત છે,' પણ પૂરેપૂરું **મોટા**ને સમજી નહિ શકેલા.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# (૬) શ્રી ઝીણાકાકાએ કહેલી હેતુલક્ષી વાર્તાઓ

## કૂવામાં પડેલા સાધુની વાર્તા

ગામને પાદરે એક સાધુ મહારાજ આવીને બેઠેલા. બધાં લોકો એને પગે લાગવા જાય. એ ગામમાં એક શેઠ હતા. શેઠ બહુ પૈસાદાર, પણ એને છોકરું નહિ. ઘણી બધી બાધા લીધેલી અને દવાઓ પણ કરાવેલી, પણ સંતાન નહિ થયેલું. પછી પેલો શેઠ તો કંટાળી ગયો ને મનમાં ને મનમાં એણે વિચાર્યું કે હવે આપણે ક્યાંય જવું નથી.

એકવાર શેઠની વહુને ખબર પડી કે ગામને પાદરે કોઈ સાધુ મહારાજ આવેલા છે. તેને બધાં લોકો પગે લાગવા માટે જાય છે. એટલે પછી શેઠને કહ્યું, ચાલોને, આપણે પણ સાધુમહારાજનાં દર્શન કરવાં જઈએ. ત્યારે શેઠે કહ્યું, એવા તો ઘણા આવે. આપણે ઘણી જગ્યાઓમાં જઈ આવ્યાં છીએ.

હવે જઈને શું કરવું છે ? શેઠાણીએ કહ્યું, ચાલો તો ખરા, બધાં દર્શન કરવાં જાય છે તો આપણે પણ જઈએ. બીજા ગામથી પણ લોકો દર્શન કરવાં આવે છે. શેઠે કહ્યું, સારું, તો પછી ચાલો જઈએ. એ લોકો તો દર્શન કરવાં ગયાં ને સાધુ-મહારાજને બધી વાત કરી કે, અમારે બધું સુખ છે, પૈસેટકે સુખી છીએ, પણ અમારે ફરજંદ નથી તો તમે કંઈ કૃપા કરો. સાધુએ કહ્યું, હું ભગવાનને પ્રાર્થના કરીશ. પછી તો શેઠને ત્યાં છોકરું થયું. છોકરાનો જન્મ થયો. એટલે ખુશ થઈ ગયા. પછી શેઠે ગામમાં જાહેર કર્યું કે, આજે અમારે ત્યાં બધાંએ જમવા આવવાનું છે. બધાં માટે ભાતભાતની મીઠાઈઓ બનાવી. પછી વિચાર આવ્યો કે, આપણને પેલા સાધુ મહારાજની કૃપાથી છોકરું થયું છે, તો આપણે પહેલા એને જમવા બોલાવવા જોઈએ. એટલે પછી શેઠ-શેઠાણી તો ગયાં સાધુ મહારાજની પાસે ને કહેવાં લાગ્યાં કે, તમે અમારે ત્યાં જમવા પધારો. સાધુ મહારાજે તો ઘસીને ના પાડી ને કહ્યું કે, હું કોઈ જગ્યાએ જમવા જતો નથી. અમને એવું જમવાનું નહિ ફાવે માટે તમે જાવ. પછી શેઠ-શેઠાણી ત્યાંથી ઘરે આવ્યાં. પછી એ લોકોએ વિચાર્યું કે, જમવા મહારાજ ના આવે તો કાંઈ નહિ. આપણે ભોજનની થાળી આપી આવીશું. એટલે પછી ભાતભાતની મીઠાઈઓ ને એવું બધું આપવા માટે સાધુ પાસે ગયા. પેલા સાધુએ કહ્યું, મેં તમને ના પાડી હતી તોય તમે જમવાનું લઈને આવ્યાં ? એમ કરીને મારી લાત. થાળીમાં હતું તે બધું વેરાઈ ગયું. પેલાં શેઠ-શેઠાણીને અફસોસ થયો ને તેઓ બહુ દુઃખી થઈ ગયાં. પછી જતા રહ્યાં.

પછી પેલા સાધુએ પેલું નીચે પડેલું મીઠાઈનું કણ વગેરે ચાખી જોયું. ચાખ્યું એટલે એમને સ્વાદ લાગ્યો ને મન થયું ખાવાનું. પણ હવે શું કરવું ? ગામમાં જાહેર માર્ગેથી તો જવાય નહિ એટલે પાછલે રસ્તે થઈને શેઠના ઘેર જવા માટે નીકળ્યા, પરંતુ એ રસ્તામાં કાચો કઠેડા વગરનો એક કૂવો હતો. એ સાધુને ખબર નહિ. અંધારી રાત હતી એટલે સાધુને કૂવો દેખાયો નહિ. સાધુ તો બિચારા કૂવામાં પડ્યા. સાધુએ બૂમાબૂમ કરી મૂકી. ગામના જે બધાં લોકો હતા તે દોડી આવ્યા. તેમાં પેલા શેઠ પણ આવ્યા ને જોયું તો લાગ્યું કે આ તો પેલા બાપજી જેવા છે ! પછી બરાબર જોયું તો ખબર પડી કે આ તો પેલા બાપજી જ છે. સાધુ બોલ્યા કે, જવા દોને મેં તમને ના કહેલી કે ના લાવતા જમવાની થાળી. જુઓ, આ મેં કણ ચાખી જોયું તો મારી આ દશા થઈ.

એક વખત અમારે ચૂનીભાઈ તમાકુવાળા સાથે આ વાત થઈ હતી. પછી ચૂનીભાઈએ **મોટા**ને વાત કરેલી. **મોટા** આ વાર્તા સાંભળીને બહુ હસેલા ! એટલે આવું છે. આટલો બધો સંયમી માણસ તોય તે સંયમ ગુમાવી બેઠો સ્વાદમાં !!!

## એક સાધુની વાર્તા

મોટું ઘર હોય, અગરબત્તી સળગતી હોય ને સુગંધ આવતી હોય એવા ઘરમાં એક સાધુને પધરામણી કરવા માટે એક ભાઈ લાવ્યા. એ સાધુ ઘરમાં આવીને એમ બોલ્યા કે, તમારે ઘરે આવ્યો તો છું, પરંતુ મને અહીં તમારા ઘરમાં દુર્ગંધ બહુ આવે છે. હવે પેલો ભાઈ વિચાર કરે કે, આટલી

બધી અગરબત્તી સળગાવી, આટલાં બધાં ફૂલનાં કૂંડાં મુકાવ્યાં. ઘરમાં બધું સુશોભિત કર્યું ને દુર્ગંધ શેની આવતી હશે ?

પેલા સાધુ તો ઘરની બહાર નીકળી ગયા. પછી પેલા ભાઈને કહ્યું, ચાલ મારી સાથે. પેલા ભાઈને એ સમજાયું નહિ કે શા માટે સાથે આવવાનું કહે છે ? પછી એ તો સાધુ સાથે ગયો. ચાલતાં ચાલતાં એક નાનકડું ગામ આવ્યું. તે ગામ ચમાર લોકોનું હતું. એક લીમડાના ઝાડ નીચે એ સાધુ અને પેલો ભાઈ બેઠા. સામે જ ચમાર લોકોનાં ઘર હતાં. એ લોકો કોઈ ઢોરનું ચામડું પકવે, કોઈ ચામડું ઉતારે, કોઈ ચામડું સૂકવે. આવું બધું કામકાજ કરે. તેઓનાં છોકરાંઓ આજુબાજુમાં જ રમતા હોય. રસોઈ પણ ત્યાં જ એ લોકો કરે. પેલો સાધુ તો બેસી જ રહ્યો. પેલા ભાઈને તો ચામડાની બહુ ગંધ આવે એટલે તે બોલ્યો કે, બાપજી બહુ દુર્ગંધ આવે છે તો આપણે અહીંથી જઈએ ? બાપજી કહે કે, શેની દુર્ગંધ આવે છે ? પેલો કહે, ચામડાની. પછી બાપજીએ કહ્યું, એ લોકો રસોઈ કરીને ત્યાં ને ત્યાં જ ખાય છે, તોપણ એ લોકોને ગંધ નથી આવતી અને તને ગંધ આવે છે ? પેલાએ કહ્યું કે, એ લોકો તો ટેવાઈ ગયેલા છે. એની એમને ગંધ નથી આવતી. ત્યારે બાપજીએ કહ્યું કે, તમે પણ એ રીતે જ ટેવાઈ ગયેલા છો એટલે તમને તમારા ઘરમાં દુર્ગંધ નહિ લાગતી હોય.

તમારામાં રાગદ્વેષ, આશા, ઈચ્છા, મોહ, માયા આ બધું જે ભરેલું છે. તેનાથી તમે ટેવાઈ ગયેલા છો, એટલે તમને તે દેખાય નહિ. અમને દેખાય. તમને તેની દુર્ગંધ ના આવે, અમને આવે.

## સસલાની વાર્તા

એક સસલું માંદું પડેલું. નદીકિનારે જ્યાં પીવાનું પાણી અને ખાવા માટે ઘાસ પણ મળે, ત્યાં પાણી પીને ઘાસ ખાઈને માંદું માંદું બેસી રહે. થોડીક જગ્યામાં જ ઘાસ ઊગેલું હતું. પછી તો તે માંદું પડ્યું એટલે બીજાં સસલાં બધાં ખબર લેવા આવે. ખબર લેવા આવે તે બધાં પેલું ઘાસ ખાઈ જાય. એટલે પછી પેલું માંદું સસલું હતું, તે ભૂખ્યું ને ભૂખ્યું મરી ગયું ! (ખડખડાટ હાસ્ય)

**નોંધ :** પૂ. ઝીણાકાકા એકવાર બીમાર પડેલા, ત્યારે ડૉ. કોકિલાબહેનની હૉસ્પિટલમાં દાખલ થયેલા. ત્યારે હસતાં હસતાં આ વાત કરી હતી.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# (૭) કમુબા સાથે પ્રશ્નોત્તરી
## (આશ્રમ - પૂ. શ્રીમોટા અને શ્રી ઝીણાકાકા વિશે)

***મોટા*** **જેવા સંત આપણને મળ્યા ને આ સત્યને માર્ગે આપણે દોરવાઈ ગયાં. કાંઈ પણ થાય તો *મોટા*એ રેડેલા સંસ્કાર યાદ આવી જાય કે આપણે આ ખોટું કરીએ છીએ. આપણાથી આ થાય જ નહિ. એ પહેલું ખ્યાલમાં આવી જાય.**

**— કમુબા**

**સ્વજન :** કમુબા, પહેલવહેલા તમે આશ્રમ આવ્યાં તે અનુભવ કહોને ?

**કમુબા :** અમે પહેલવહેલા આશ્રમ આવેલ, ત્યારે મૌનમંદિર પાસે ઝીણાકાકાને ટોપી, ખમીસ અને પોતડી પહેરીને ઝાડુ કાઢતા જોયા હતા. એમને અમે પૂછેલું કે, 'મહારાજ, આશ્રમ તમે બતાવશો ?' ત્યારે ઝીણાકાકા અમને બોલેલા કે, 'અરે ભાઈ, અત્યારે કાંઈ અવાય ? આ અહીં આવવાનો ટાઈમ નથી.' ત્યારે સાંજના છ વાગેલા હતા. હું

અને મારો છોકરો બન્ને આવેલાં

પછી અમે લોકો તો ચાલ્યાં ગયાં. વળી પાછું મારા મનમાં મને થયું કે ફરીથી જવા દે અંદર ને પેલા મહારાજને (એટલે કે ઝીણાકાકાને) વિનંતી કરીએ ને કાંઈ બતાવે તો સારું. પછી હું તો પાછી ગઈ ને કહ્યું 'મહારાજ, આશ્રમ બતાવો તો સારું, હું તો કાલે ટ્રેનમાં મુંબઈ જવાની છું. પછી હું ક્યારે પાછી આવું, તે કાંઈ નક્કી નહિ. તો પછી બતાવોને આશ્રમ.' પછી તો બધું જ બતાવ્યું અને મૌનરૂમની બારી ખોલીને પણ બતાવ્યું.

**કમુબા :** ઝીણાભાઈ, એકવાર સાંજના ચારેક વાગ્યા હતા, તમે બાગમાં કામ કરો છો તે કરતા હતા. એવામાં **મોટા**નો અવાજ મારા કાને આવ્યો કે, 'ઓ ઝીણાકાકા, ઓ ઝીણાકાકા, અરે, અહીં કોણ આવ્યું છે ? જો.' ઝીણાકાકા તો ક્યાંય ખૂણે ખાંચરે કામ કરતા હોય. ક્યાં દેખાય ઝીણાકાકા ? રસોડામાંથી હું આવી **મોટા** પાસે ઓટલા પર. 'બોલો **મોટા** શું છે ?' **મોટા** કહે, 'જો અહીં કોઈ ભાઈ ફરી રહ્યો છે, તેને કહે કે આ ટાઈમ અહીં આવવાનો નથી.' પેલો ભાઈ સાંભળી ગયો ને સજ્જડ થઈ ગયો. પછી મેં પેલા ભાઈને કહ્યું, 'ભાઈ, અત્યારે જમવાનો ટાઈમ થયો છે તો તમે જાઓ તો સારું.' મેં આસ્તેથી કીધું. પેલો ભાઈ પછી ચાલ્યો ગયો.

**ઝીણાભાઈને *મોટા* ઝીણાકાકા એમ કહેતા અને ઝીણાકાકા આમતેમ હોય ને નહિ સાંભળે તો પેલો ઝીણોકાકો ક્યાં ગયો ? ક્યા ખૂણામાં ઘૂસ્યો છે ? એમ *મોટા* બોલતા. પણ ઝીણાકાકા તો કામ જ કરતા હોય. એમને અમે કામ**

**કરતા જ જોયા છે. તેઓ જમીન સમીનમી કરતા હોય, છોડ રોપતા હોય ને એમ કામ જ કરતા હોય. ત્યારે અમે ઘરેથી તેમને ચા બનાવીને આપવા આવતા. ત્યારે તો આશ્રમ ફરતે આ દીવાલ પણ નહોતી. અમે ઝીણાકાકાને કોઈ દિવસ બેઠેલા કે બપોરે આરામ કરતા જોયા નથી.**

**સ્વજન :** પહેલી જ વખત જોયા ત્યારે **મોટા** તમને કેવા લાગ્યા ?

**કમુબા : મોટા**ને પહેલી વાર જોયા ત્યારે જ મારા મનમાં વસી ગયા. એટલે એવું થયું કે રંગૂનમાં અમે રહેતાં હતાં ત્યારે ★રતિભાઈ અને જયંતીભાઈ બેઉ ભાઈઓએ ગુરુ કર્યા. પછી રતિભાઈ મને કહે, 'તમે લોકો પણ ગુરુ કરો.' મેં કહ્યું, 'હું કાંઈ જાણું કરું નહિ ને ગુરુ કરવા તે બરોબર નહિ. એટલે હું નહિ કરું ગુરુ.'

ગાંધીજીનું આપણે તો વાંચેલું એટલે છૂતાછૂતમાં હું માનું નહિ એટલે બ્રાહ્મણ સાથે આપણો મેળ નહિ પડે. માટે એવા સાધુ જોઈએ નહિ. મારે તો એવા સાધુ જોઈએ કે જે ખાદીધારી હોય અને પાછા સંત હોય, એને હું ગુરુ કરું. બાકી, ગુરુ કરું જ નહિ.

પછી હું તો સુરત આવી. **મોટા**ને જોતાં સાથે જ મેં **મોટા**ને વાત કરી કે મારે જેવા ગુરુ જોઈતા હતા તેવા ગુરુ તમે મને મળી ગયા ખાદીધારી.

**સ્વજન :** તમારા મનમાં એવું કેમ થયું કે ખાદીધારી ગુરુ હોય તે સારા ?

---

★રતિભાઈ – કમુબાના પતિ

**કમુબા :** રંગૂનમાં અમારે ઘેર 'હરિજનબંધુ' નામનું પેપર આવતું. તે હું વાંચતી. એટલે મનમાં થયું કે 'ગાંધીજીની પદ્ધતિવાળા ગુરુ હોય તો સારું.' 'હરિજનબંધુ' એ ચાર પાનાંનું પેપર, પણ એટલું સરસ કે તમારે પુસ્તક વાંચવું પડે નહિ. એટલું સરસ ! 'હરિજનબંધુ' નામનું છાપું ગાંધીજીએ બહાર પાડેલું. ગાંધીજી અને **મોટા**નું સાહિત્ય એક જેવું જ છે. **મોટા**ને મળતું આવે બધું.

પહેલે જ દિવસે **મોટા** બોલ્યા કે, 'જમીને જજો.' પછી **મોટા** મને કહે કે, 'તું ખાદી શા માટે પહેરે છે ?' મેં કહ્યું, '**મોટા**, હું થોડું ભણેલી છું. બહુ ભણેલી નથી. એટલે કે લખતાં વાંચતાં આવડે એટલું જ. બહુ ઊંડાણથી નહિ પણ મેં જેટલું વાંચ્યું છે ને જેટલી મને સમજણ છે, તેટલું મેં અમલમાં મૂક્યું છે.'

કારણ કે ખાદી પહેરવાથી ગરીબને રોજી મળે. એ ટાઈમ એવો હતો કે તે ટાઈમે અમે ઘરમાં રેટિયો કાંતતાં હતાં. મેં પોતે જાતે કાંત્યું છે. અમે તો બ્લાઉઝ જાતે જ સીવતા. એવી કરકસર કરતા. પૂણી કાંતીને એની આંટીઓ મેં બનાવેલી છે.

પછી **મોટા** મને કહે, 'આ સાડલા તું પહેરે છે ખાદીના. તે ફાટેલાં તૂટેલાં હશે ને તોય અમારે ગરીબ માણસને ચાલશે. તારા બે સાડલા હોયને, તે ફાટેલા હોય તે જ આપજે.' મેં કહ્યું, 'સારું.' પછી મને મનમાં એમ થયું કે **મોટા**ને કાંઈ ફાટેલા સાડલા અપાય ? મેં તો મારા કબાટમાં જે હતા, તે બે સાડલા મોકલ્યા, **મોટા**ને. નંદુભાઈ પણ **મોટા**ની સાથે બેઠેલા હતા. નંદુભાઈ અને **મોટા**એ સાડલા જોયા. પછી એ

લોકોએ વિચાર કર્યો કે આવા ભારે સાડલા કેમ વપરાય ? પછી એ સાડલા **મોટા**એ પાછા મોકલાવ્યા. મને કહે, 'અમે ગરીબ માણસો મોંઘી સાડીનો ઉપયોગ નહિ કરીએ. અમે તો ફાટેલી સાડીનો ઉપયોગ કરીએ માટે ફાટેલી સાડી હોય તે જ આપો.' પછી ફાટેલી સાડી આપી.

પછી બીજે દિવસે અમે આશ્રમમાં આવેલાં, ત્યારે મેં જોયું તો તે સાડીનો ફેંટો બાંધેલો **મોટા**એ. મારે **મોટા** સાથે બહુ વાતો થતી.

**એક વખત *મોટા*એ મને પૂછ્યું, 'કમુ, રંગૂન હતી, ત્યારે તેં કેમ ગુરુ ના કર્યા ?' મેં કહ્યું, '*મોટા*, મને છૂતઅછૂતવાળા ગુરુ ના ફાવે. એટલા માટે મેં ગુરુ ના કર્યા.' એટલે અંગ્રેજીમાં *મોટા* બોલ્યા, very good. પછી *મોટા* કહે, 'જો કમુ, હું કોઈનો ગુરુ છું જ નહિ. ગુરુનું કોણ સાંભળે છે ? ગુરુનું કોણ માને છે ? એટલે ગુરુ કરવાનો અર્થ જ કાંઈ નથી. જે મારું કામ કરે, તે જ મારો સાચો ભગત.'**

**મોટા** મને ઘણી વાર એમ કહેતા કે, 'તારે પ્રાર્થનામાં આવવું જ નહિ અને તારે મને પગે નથી લાગવાનું. તું મારું કામ કર, બસ. જે આ લોકો બધાં આવે છે તે 'તનમનિયા' એટલે કે ખાલી ખાલી માથાં નમાવે છે. તેથી કાંઈ વળવાનું નથી.'

**મારે તો મોટા એટલે જ ભગવાન.** હું કાંઈ મંદિરે-બંદિરે જાઉં પણ નહિ ને જાણું પણ નહિ. હું કોઈ દિવસ મંદિરે નહિ જાઉં. પહેલેથી જ.

સવારે અમે આશ્રમ આવીએ. **મોટા**ના ઓટલા ઉપર બેસીએ. **મોટા** ઓટલા ઉપર કેવા બિરાજતા હોય. **મોટા**ની

રૂમ છે ને તે ઓટલો. તે ઓટલા ઉપર પલંગમાં **મોટા** સૂતા હોય અને બેસતા પણ ખરા ને સત્સંગ પણ કરતા. **મોટા** ભજનો લખાવતા, તે પણ ઓટલા ઉપર જ. ધનસુખભાઈ ઘડિયાળી, અરવિંદભાઈ ચશ્માંવાલા એ બધાં ભજનો લખતા. અને ચૂનીભાઈ પણ ખરા, ભજનો લખવામાં. અમે બધાં બેસીએ. **મોટા** માટે પાપડી લાવ્યા હોઈએ તે છોલીએ. અમે **મોટા** માટે જ સો ગ્રામ પાપડી લાવતા ને ઓટલા ઉપર જ છોલતા ને દાણા કાઢતા. પછી એ જ શાક રોજ **મોટા** ખાતા. મોટી પાપડીના દાણાનું શાક રોજ ખાય અને **મોટા** માટે હું રોટલી બનાવું તેમ જ પોચો ભાત બનાવું. આટલું કરીને પરવારું અને પછી **મોટા** પાસે આવું ને થોડી વાર બેસું. તેવામાં **મોટા** તો ટાઇમ થાય એટલે ઘડિયાળ જુએ અને બોલે, 'કમુ, ટાઇમ થઈ ગયો. ઊઠો હવે રસોડામાં જાવ.' એટલે આપણે ચાલ્યા રસોડામાં. આપણને **મોટા**નો હુકમ થયો એટલે ખલાસ.

તે સમયે કોઈ નહોતું આવતું ભઈ, અમે પાંચ થી છ વ્યક્તિઓ આવતા. *નવ વાગ્યા સુધી અમે બેસતા. રસોડામાંથી આવીને હું પગે લાગવા જાઉં, ત્યારે **મોટા** બોલે, 'ઓ કમુ, પગે નથી લાગવું. જા, જા બસ આવી ગઈ. બસ આવી ગઈ. તું દોડ, દોડ, તું દોડ.' **મોટા** પગે નહિ લાગવા દે. મને પગે લાગવા જ નહિ દે.

**સ્વજન :** શું કહેતા **મોટા** એ સમયે તમને ?

**કમુબા : *મોટા* કહેતા કે, 'પગે નથી લાગવું. જા, તું મારું કામ કર. મારું કામ કરે એ મારો ભગત. મારું શોધીને કામ**

*સવારના નવ

**કરો. મારું બગડતું સગડતું હોય તે સુધારો. મને પગે લાગવાથી કોઈ દહાડો નથી વળવાનો. એમાં કાંઈ તમારું કલ્યાણ થવાનું નથી. કશું કલ્યાણ નહિ થાય. મારું કામ કરો, બસ !'**

આપણે **મોટા**નું કામ કરીએ, ચિત્ત દઈને ને ધ્યાન દઈને, તો જ આપણું બધું આ સરસ ચાલી રહ્યું છે.

**સ્વજન :** કમુબા, પેલી વાત કરોને રતિકાકા બીમાર હતા તે ?

**કમુબા : રતિકાકા બીમાર હતા, ત્યારે અમે *મોટા*ને કાગળ લખેલો કે, રતિભાઈ બહુ બીમાર છે. ત્યારે *મોટા*નો કાગળ આવેલો કે, કમુને કહો કે *મોટા*ની વાતો કરે ને સત્સંગ કરે, રતિકાકા સાથે ! સત્સંગ કરો, સારું થઈ જશે. કાંઈ વાંધો નહિ આવે, પણ સત્સંગ કરો ને *મોટા*ના ધ્યાનમાં રહો.** એવું લખીને **મોટા**નો કાગળ આવેલો. રોજ અમે સત્સંગ કરીએ, હું રોજ રતિકાકા પાસે ભજન ગાતી. રતિકાકા ભજન સાંભળીને સૂઈ જતા. **મોટા** આવેલા પણ ખરા અમારે ઘેર, રતિકાકાને જોવા.

સવારના પાંચ વાગતામાં **મોટા** અમારે ઘેર આવે. અમે લોકો સૂતેલા ઊભા થઈ જઈએ અને દોડાદોડ કરી મૂકીએ. અમારા ઘરમાં છે, તે **મોટા**નો પૂજાનો ઓરડો બરાબર વ્યવસ્થિત કરીએ, પલંગ બિછાવી દઈએ ને **મોટા**ને બેસાડીએ. પછી હું જલદી જલદી નાહી લઉં, નાહીને મારી વાડીમાંથી ફૂલ લઈ આવું. ફૂલ, ચોખા, કંકુ, ચંદન આ બધાથી **મોટા**ની પૂજા કરું. **મોટા**નો અંગૂઠો ધોઉં, અમે બધાં અંગૂઠાનું પાણી પીએ. **મોટા**ની પાઘડીમાં ફૂલ મૂકું. **મોટા**ને પગે લાગું. **મોટા** માટે પછી ચા મૂકું. ચામાં તો ખાલી ખાંડ વગરનો કાવો. ચા

માટે પાણી મૂકેલું હોય તેમાં ખાલી ચા જ નાખવાની. દૂધબૂધ કશું નહિ. એ ચા **મોટા**ને આપું. આનંદ આનંદ થઈ જતો. બાપ રે બાપ ! આજે એ બધું યાદ આવે છે.

**સ્વજન : મોટા**એ રતિકાકાને શું કહ્યું હતું ?

**કમુબા :** રતિકાકાને **મોટા**એ એમ કહ્યું હતું કે, 'રતિભાઈ, બહુ પાસે નહિ આવો, દાઝી જશો.' રતિકાકાએ જવાબ એવો આપ્યો કે, '**મોટા**, કાંઈ વાંધો નહિ, દાઝી જવાય તો એમાં શું થઈ ગયું ?' પછી તો દઝાડ્યા અમને. દઝાડ્યા તો ખરા, પણ અમારું બધું પાછું વાળ્યું ને જેવા હતા તેવા **મોટા**એ અમને કરી દીધા. આજે બે પૈસાની જોગવાઈ છે, પાકાં મકાન છે, બધું જ છે. રસ્તામાં બેસાડી દીધેલા અમને, બધુંય વેચાઈ ગયેલું અને જપ્ત થઈ ગયેલું.

**સ્વજન :** કમુબા, **મોટા**એ એકવાર એવું કહેલુંને કે, 'રતિકાકા, મારો ભગવાન સારું કરશે, તું મારું કામ કર.'

**કમુબા : *મોટા*એ મને એમ કહેલું કે, 'મારું કામ તું કરશે, તો તારું કામ મારો ભગવાન કરશે.' મોટા** તો વારેવારે મને એવું જ કહેતા હતા.

એકવાર અમારો સુભાષ ધાબા પરથી પડી ગયેલો. હું તો આશ્રમમાં હતી. આશ્રમેથી જઈને હું બાથરૂમમાં ગઈ. એ સમયે મારો સુભાષ ઉપર અગાસીમાં હતો, એટલે કોઈ પતંગ આવ્યો, તે પકડવા દોડ્યો ને તે નીચે પડી ગયો. ત્યાં આગળ પીપડા જેવું બધું મૂકેલું હતું. કશું વાગ્યું નહિ. બિલકુલ નહિ વાગ્યું. જરા ઉઝરડો પણ નહિ થયો !

તે દિવસે જ ઝીણાભાઈ **મોટા** માટે શીરો લેવા ઘરે

આવેલા. એટલે સુભાષ પડી ગયો, તે વાત ઝીણાભાઈ સાંભળી ગયેલા. **મોટા**ને એમણે વાત કરી હતી. પછી હું જ્યારે આશ્રમ આવી ત્યારે **મોટા**એ મને કહેવડાવ્યું કે, કમુબાને કહેજે કે આશ્રમમાં રહે. જાય નહિ. હું તો રહી ગઈ. હું **મોટા**ને રસોડામાં જમવાનું પીરસવા બેઠી ત્યારે **મોટા** બોલ્યા, 'તને વાત કરવાનું કશું પણ ભાન છે કે **મોટા**ને આપણે વાત કરીએ ?' મેં કહ્યું, '**મોટા**, શી વાત છે ? મને તો કંઈ ખબર નથી.' **મોટા** કહે, 'તારે ઘેર કાલે શું થયું હતું ?' મેં કહ્યું, 'હા **મોટા,** સુભાષ પડી ગયેલો. મને તો તમને વાત કરવાનો કાંઈ ખ્યાલ જ ના રહ્યો.' તો **મોટા** કહે, 'શું વાત કરે છે ? તું ભુલકણી છે સાવ. અરે, *શકોરુંય તારામાં કાંઈ નથી લેવાનું.' **મોટા** મને આવું બોલ્યા. પછી **મોટા**ની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. પછી **મોટા**એ મને વાંસામાં હાથથી થાબડીને કહ્યું, **'કમુ, જો તું પ્રત્યક્ષ જો. આ ભગવાન તારું કામ કરી રહ્યો છે, ને તારું કામ ભગવાન કરશે.'**

**મોટા, ગુરુદેવ, મારા વહાલા દયા કરજો, પ્રભુ મારા.**
**તમારાં ચરણ શરણમાં રાખજો.**
**તમારામાં જીવ રખાવજો મારો.**
**બસ બીજું કાઈ નથી માગતી, તમારી પાસે.**

**સ્વજન :** કાકા, કમુબાએ **મોટા**નું બાળક જેવું રૂપ જોયેલુંને ?

**કાકા :** કમુબા એક દિવસ **મોટા**ના પગ દબાવતાં હતાં. એ વખતે **મોટા**નું રૂપ નાના બાળક જેવું થઈ ગયું હતું !

---

***શકોરું = નકામું, ઠેકાણા વગરનું.**

કમુબા કહે, હું તો ગભરાઈ ગઈ હતી. પછી થોડી વારમાં **મોટા** હતા તેવા થઈ ગયેલા.

**કમુબા : મોટા** કહે કે, રતિભાઈને ત્યાં કહેવડાવી દો કે, 'અમારે ત્યાં બે-ચાર માણસ વધી ગયા છે. તો એના ભાગની રસોઈ વધારે કરશો.' ત્યારે રતિકાકાએ જવાબ આપ્યો કે, કમુ તો અન્નપૂર્ણા છે. એને ત્યાં કંઈ ઘટવાનું નથી. વધશે, પણ ઘટશે નહિ.

તે દિવસે ચિનાઈ શેઠનાં બહેન ઊર્મિલાબહેન, ડભાણવાળાં ડાહીબા, રાવજીકાકા, રાવજીકાકાનાં પત્ની ગંગાબા, એ બધાં આવેલાં. **મોટા**એ બાસુંદી કરવાનું કહ્યું હતું. એટલે અમારે ત્યાં બાસુંદી-પૂરી કરેલાં. અને **મોટા** એવું પણ બોલ્યા કે, 'બાસુંદી કરજે, પણ મારા માટે ઓછી ખાંડની કરજે.'

**કાકા :** અને એવું પણ કહેલું કે, 'એ બાસુંદી જુદી રાખજે.'

**કમુબા :** એટલે અમે **મોટા** માટેની બાસુંદી જુદી રાખેલી. દોઢ કિલો જેટલી કાઢી લીધેલી મેં. એ મેં પાણીની અંદર મારી જાતે *શીકામાં મૂકી દીધેલી. બાસુંદીમાં બૂરું એટલે કે ખાંડની ભૂકી નાખવાની, એની બદલીમાં સોડાખાર નંખાઈ ગયો. બધું દૂધ ફાટી ગયું. મારી નણંદ મને કહે, કમુબહેન, બૂરું અને સોડાખાર સરખા જ દેખાય. એટલે મેં તો સોડાખાર નાખી દીધો અંદર. દૂધ ફાટી ગયું ! બધું ખલાસ !! પછી હવે શું કરવું ? પણ એટલું ખરું કે જો ભગવાને કેવું કર્યું કે જેટલા જમવા માટે આવ્યા, તેને માટે બીજું બધું ચાલી ગયું !

---

*શીકું = દોરી કે તાર ગૂંથીને બનાવેલી અધ્ધર લટકાવાય તેવી ઝોળી, જેનો ઉપયોગ મહત્ત્વની ચીજવસ્તુઓ મૂકવા માટે કરવામાં આવે છે.

**સ્વજન : મોટા** માટે જુદી બાસુંદી કાઢી લીધી તે સારું કર્યું.

**કમુબા :** પછી અમે બીજા બધાંના માટે શ્રીખંડ મંગાવ્યો. અમારે ત્યાંથી જમવાનું થાય, ત્યારે અમારે જાતે પોતે જ રસોઈ જુદી કરીને મોકલવી પડે. બ્રાહ્મણ કે કોઈની કરેલી નહિ ચાલે. **મોટા** એમ કહેતા કે, 'જાતે રસોઈ કરીને ખવડાવવાની હોય તો લાવજે. નહિ તો લાવવાની જરૂર નથી.' એટલે આપણે તો રસોડામાં રાતે બે વાગ્યાથી લાગી જ જવાનું. રાત્રે પૂરી કરવાની હોય, લાપસી કરવાની હોય, ભજિયાં કરવાનાં હોય અને સવારે ૬ વાગ્યામાં આશ્રમેથી કોઈ ટિફિન લેવા આવે.

કોઈને ત્યાં જઈને રસોઈ કરવાની હોય તો મને **મોટા** એમ કહે કે, 'ત્યાં જઈને જોઈ આવજે.' ત્યારે હું **મોટા**ને એમ કહું કે, '**મોટા** તમે કહો તેમ.' **મોટા**ની અને નંદુભાઈની રસોઈ મારે જ કરવાની હોય.

**સ્વજન : મોટા**ની સાથે તમે હિંમતસિંહભાઈને ત્યાં લગ્નમાં ગયાં હતાંને ?

**કમુબા :** હા, હું હિંમતસિંહભાઈને ત્યાં **મોટા** સાથે લગ્નમાં ગઈ હતી. નીરાબનમાં પણ **મોટા**ની સાથે જતી. ત્યાં જઈને **મોટા**ની રસોઈ જુદી બનાવવાની હોય એટલે જતી. દાળ-ભાત, મરચાં, *મોરીને કોબી સાથે સંભાર બનાવતી અને લાડુ દર વર્ષે બનાવવાના. પછી **મોટા** જમે.

**કાકા :** તાડ+ના ઝાડમાંથી જે લોકો નીરો કાઢે, તે બધાને

---

* મોરીને = ગામઠી ભાષામાં શાક કાપવું, સમારવું

\+ તાડના ઝાડમાંથી નહિ પણ ખજૂરીના ઝાડમાંથી

વર્ષમાં એકવાર લાડુ અને ભજિયાં બનાવીને જમાડવા એવું **મોટા** કહેતા. એટલે નીરાબનમાં જમવાનો પ્રોગ્રામ રાખે. કમુબા અને બીજા બધાંને **મોટા** સાથે લઈ જાય. લાડુ અને બીજું જમવાનું કમુબા ને એ લોકો જ બનાવે. નીરામંડળીવાળા લગભગ બધા જ જમવા આવે. સોએક માણસ દર વર્ષે જમે. અડાજણ, પાલ એ બાજુ નીરાબનમાં કામ કરતા હોય તે બધા લોકો આવે.

**મોટા** એક વખત અડાજણમાં નીરાબનમાં નદીકિનારે રાત પણ રહેલા. સાથે ચંપકભાઈ ભૂતવાળા અને ચૂનીભાઈ તમાકુવાળા પણ હતા.

**કમુબા : મોટા**એ લલિતાબહેન, સરસ્વતીબહેન અને મને અહીં સ્મશાને રાત રહેવા મોકલેલાં. અમે એક હાથમાં ફાનસ અને બીજા હાથમાં લાકડી લઈને કાળીચૌદસની રાતે ગયેલાં.

**અમારે ત્રણેએ ત્યાં જઈને સાથે નહિ બેસવાનું. બધાંએ અલગઅલગ, દૂરદૂર, ખૂણેખૂણે બેસવાનું. કોઈએ ભેગાં નહિ થવાનું. એવું અમને મોટાએ કહેલું.**

**સ્વજન :** બીક લાગે કમુબા ?

**કમુબા :** બીકની તો જવા દોને વાત જ ! પછી તો પોટલું વળીને અમે આમ બેઠાં ચૂપચાપ. એમ કરતાં સવાર પડી. આમ જોઈએ કે, ત્યાં કોઈ દેખાય છે ? કોઈ દેખાતું નથી ! ત્યારે તો જંગલ જેવું લાગતું. પછી પાછા બેસીને હરિઃૐ, હરિઃૐ કરવા માંડીએ. એમ કરતાં કરતાં ચાર વાગ્યા. દાક્તરકાકા (નાનાભાઈ ડૉક્ટર) કામળો ઓઢીને આવ્યા. હું પહેલી જ બેઠેલી ને મને જ દેખાયું કે આ કામળો ઓઢીને કોઈ આવે છે. હું તો કોઈ આવે છે,

લલિતાબહેન, કોઈ આવે છે, એમ બોલતી બોલતી લલિતાબહેનના ખોળામાં ભરાઈ ગઈ. પછી તો સરસ્વતીબહેન પણ આવ્યાં અને ત્રણેય ભેગાં થઈ ગયાં. પોટલું વળીને સાથે બેસી રહ્યાં. પછી ડૉક્ટરે એકદમ કામળો ખોલી કાઢ્યો ને હસતાં હસતાં બોલ્યા, ‘બી ગયાંને, જોયું !’ એમ બોલ્યા. અમે સ્મશાને અમારી સાથે લાલટેન, લાકડી, ઓઢવાનો કામળો એવું બધું લઈને ગયેલાં.

અમે સુરતથી આશ્રમ આવીએ, ત્યારે એક બાટલીમાં પાણી ભરીને સાથે લાવીએ. કોઈને પણ ટટ્ટી લાગે ને જાજરૂ જઈએ ત્યારે પાણી હોય તો ઉપયોગમાં આવે. કેટલી **મોટા**ની ચોકસાઈ, જુઓ તો ખરા ! મંદિરે જઈએ ત્યારે પણ ચપટી ચોખા લઈને જવું. પાંચ પૈસા પણ લઈ જવાના. એમ ને એમ નહિ જવાનું. તમે જાજરૂ જાવ ને ત્યાં પણ પેલો માણસ હોય તો એને બે પૈસા આપવા. આ વાત મેં **મોટા**ના મોઢેથી સાંભળેલી છે.

**કાકા : ‘કોઈ સંત પાસે જઈએ તો એમ ને એમ ખાલી હાથે નહિ જવાનું. કંઈ ને કંઈ લઈને જ જવાનું.’ એવું *મોટા* કહેતા.**

**કમુબા : મોટા**એ કૂતરાની જેમ હડસેલ્યા પણ છે. **મોટા** એવું પણ કહેતા કે, ‘તારે આવવું હોય તો આવજે. તારે ત્યાં ચોખા મૂકવા નથી આવતો.’ બહુ ખિજવાય. ‘મારું કામ કરવું હોય તો સારું જ કરવાનું, નહિ તો અહીં આગળ આવવાની જરૂર નથી.’

આપણને તો જે આપણા ગુરુએ કહ્યું તે માથે ચડાવ્યું. ને હવે આપણે સુધરવાની વાત કરો. આપણે સુધરવું કેમ ? તે આપણે વિચારવાનું. **‘*મોટા*ની બસ વાતો જ યાદ કર્યા કરવાની.’ *મોટા* આવું કહેતા.** તો રાતે એ જ બધું યાદ આવ્યા કરે.

**અહીં આશ્રમે આવીને અમે કદી બેસી નથી રહ્યાં. રસોડામાં કામે જ લાગી ગયાં છીએ.** કોઈ સંત આવે કે કોઈ પણ આવે, ત્યારે પણ રસોડાની બહાર નથી નીકળ્યાં. રસોડામાં કામ જ કરવાનું બસ !

**કાકા : મોટા,** ઓચિંતા કમુબાને ઘેર એ લોકો સૂતા હોય ત્યારે પહોંચી જાય.

**કમુબા :** અમારો સુનીલ અને ગૌતમ છે એને તો મોટા મોટા દાણાવાળા શીતળા આવેલા. રોજ નંદુભાઈ અને **મોટા** સાંજના તેઓની ખબર કાઢવા આવે. આવીને ખુરશી ઉપર બેસે. છોકરાંઓને પૂછે, ‘કેમ છે, ભઈલા, સારું છેને છોકરાંઓ ?’ હું તો બેઠી બેઠી સાંભળ્યા કરું. થોડી વાર પછી **મોટા** બોલે, ‘ચાલો, અમે જઈએ.’ અમારો ગૌતમ બોલે, ‘તમે જશો તો હું બાંધી દઈશ હમણાં, પછી કઈ રીતે જશો ? તમને નથી જવા દેવાના.’ છોકરાંઓ એવું બોલે પછી હું છોકરાંઓને એમ કહું કે, ‘દાદાજીને તો પગે લાગવાનું હોય. હવે એવું ના બોલતા.’ તે વખતે મારા પર **મોટા** ગુસ્સે થાય અને કહે છે કે, ‘કેમ તું બોલી વચ્ચે ? અમારી વચ્ચે નહિ બોલવાનું. છોકરાં જેમ બોલે તેમ બોલવા દેવાનું. તારે વચ્ચે નહિ આવવાનું.’

મારાં છોકરાંઓ તો કેવાં ! **મોટા**ના માથા ઉપર ચડે ને ફેંટો કાઢી નાખે. આપણે તો જોયા જ કરવું પડે. આપણાથી કાંઈ બોલાય નહિ. આપણે તો ચૂપચાપ જ બેસી રહેવું પડે. બેઉ *પોયરાં સાથે **મોટા** નાચે ! અને **મોટા** બોલે, ‘જો, આજે હું આવ્યોને ? આજે જવા દે. બહુ કામ છે મારે, હું

*પોયરાં = છોકરાં

પાછો કાલે આવીશ.' છોકરાંઓ એમ બોલે કે, 'તમે કાલે આવશો ? કાલે નહિ આવો તો તમને બાંધી દઈશું !'

**મોટા** નિરંજનને કહે 'આ છોકરાંઓ માટે રમવાની રમકડાંની બે નાની નાની મોટરો લાવ.' નિરંજન કહે, '**મોટા,** હું કેવી રીતે મોટર લાવું ? સો-દોઢસો રૂપિયાની આવે. હમણાં મારો એવો મોટર લેવાનો ટાઈમ નથી.' **મોટા** કહે, 'એવો ટાઈમ હોય કે ના હોય, છોકરાંઓ માટે લાવવું પડે. જા, વહેલી તકે લઈ આવ.' નિરંજન મોટર લાવેલો. દોઢસો દોઢસોની બે મોટરો લાવેલો.

**કાકા :** હરિઃૐ કમુબા.

**કમુબા :** મરી ગયેલાં બેઠાં થયાંને અમે ? એટલે કુદરત જે કરે તે ખરું. આપણે કંઈ જ નથી કરતાં. ભગવાન સિવાય પાંદડુંય નથી હાલતું. બસ અહીં આવ્યાં, ભગવાનને જોયાં, ઝીણાકાકા, તમને જોયા. સંતોષ. બસ થઈ ગયું. બીજું શું ? વધારે બેસીને શું ફાયદો ? જો આપણે કાંઈ કામ કરવું હોય તો કરવું. આ તો આપણે ખાલીખોટા બેસી રહીએ ને ટાઈલા કરવા (ગપ્પાં મારવાં) એના કરતાં આપણે શાંતિથી ઘેર પહોંચી જઈએ તો સારું.

**કાકા : મોટા** તમને કહેતા કે, 'રસોડામાં જા રસોડામાં, કમુ !'

**કમુબા :** ઝીણાભાઈ, **મોટા**ની વાત જ જવા દો, બાપા ! **મોટા**ને યાદ કરતાં ક્યાં પાર આવે ! **મોટા**ની વાત જ આપણે યાદ નથી કરતાં, **મોટા**ને ભૂલી જ ગયાં છીએ એવું છે.

ઘરમાં બેઠાં બેઠાં આગલી વાતો યાદ આવે છે. કેવાં ચાર વાગ્યે આશ્રમ જતાં હતાં, આમ કેવાં બેસતાં હતાં **મોટા**

જોડે, કેવી વાતો કરતાં હતાં, ટાઈમ થાય એટલે આમ હાથ કરીને ઘડિયાળ જુવે ને **મોટા** બોલે, 'કમુ, ટાઈમ થયો છે, જા રસોડામાં જા. આપણું કામ નથી અહીંયાં.' એ ભગવાનની કેવી કૃપા હતી.

***મોટા* આપણા અંતરમાં એવા સમાઈ ગયા કે એના સિવાય બીજું કાંઈ ગમે જ નહિ ! આપણા ભલા માટે કરી ગયા બધું. આપણું તો કલ્યાણ કરી ગયા *મોટા* !**

એકવાર તો હું અહીં રાતે **મોટા**ના રૂમમાં રહેલી. **મોટા** મને એમ કહે કે, 'અહીં સૂઈ જા.' હું ને મંગુભાઈની વહુ જ્યોતિ અમે **મોટા**ના રૂમમાં બન્ને સૂઈ ગયાં. પછી અમને ચાર વાગ્યે **મોટા**એ ઉઠાડેલાં. **મોટા**ને બાથરૂમ જવું હશે. એટલે મને **મોટા**એ બહુ બૂમ પાડી. પણ મેં કાંઈ સાંભળી નહિ. હું તો ઊંઘી ગયેલી. ઉજાગરો ખરોને એટલે. જ્યોતિની ઊંઘ ઊડી ગયેલી. જ્યોતિએ તો પહેલાં **મોટા**ને એમ કહ્યું કે, '**મોટા** તમારે બાથરૂમ જવું હોયને તો હું તમને કમોડ આપું.' **મોટા** કહે, 'ના, તું એને જ ઉઠાડ !' મને જ્યોતિએ ઉઠાડી. પછી **મોટા** તો શું મારી ધોલાઈ કરે ! 'આવી તારી ઊંઘ છે ? આવી *નઘરોળ ઊંઘ હોય ? આમ ટાંકણી પડે ને ઊંઘ ઊડી જવી જોઈએ, તું શું શકોરું કરવાની છે ?' શકોરું શબ્દ બોલતા **મોટા.**

**મોટા** મને કહે, 'તું કમોડ લાવ, કમુ.' પછી **મોટા**એ કમોડમાં પેશાબ કર્યો. કમોડમાં પેશાબ હતો તે ઢોળી આવી. પછી **મોટા**ને મેં કહ્યું, '**મોટા**, હવે કંઈ કામ છે ? પગ દબાવું તમારા ?' તો કહે, 'ના, હવે તું સૂઈ જા.' **મોટાની વાતો કરતાં પાર ના આવે. મોટા**એ જે કાંઈ કર્યું છે ભાઈ, તે

*જડ

આપણા ભલા માટે કર્યું છે. ચાલો ઝીણાભાઈ, અમે તો રજા લઈએ હવે.

**કાકા :** અમે આવીશું તમારે ઘેર.

**સ્વજન :** કાકા, કમુબાના જીવનમાં **મોટા**નો ફાળો હશેને, તે વિશે વાત કરોને.

**કાકા :** કમુબાના જીવનમાં તો **મોટા**નો બહુ મોટો ફાળો છે. એક વખત કમુબા **મોટા**ને નવડાવતાં હતાં, ત્યારે **મોટા** રડી પડ્યા. એટલે કમુબાએ પૂછ્યું, 'કેમ **મોટા** ! રડો છો ?' **મોટા** કહે, 'કમુ, આપણા ઉપર મોટી આફત આવવાની છે. એટલે કે દુઃખ આવવાનું છે.' કમુબાને મનમાં એમ થયું કે શું દુઃખ આવવાનું હશે ? પછી કમુબાના ઘરની સ્થિતિ એવી થઈ ગઈ ને ઘરમાં જપ્તી આવી. સાધનસામાન બધું લઈ ગયા. માત્ર પહેરેલાં કપડાં જ રહેલાં. એટલી બધી ખરાબ સ્થિતિ થઈ ગઈ હતી. આવું થવાનું હતું, એટલે **મોટા** રડતા હતા.

અત્યારે પરિસ્થિતિ એટલી બધી સારી છે કે પૈસેટકે બધી રીતે તેઓ સુખી. તેઓ બહુ મોટી આફતમાંથી ને દુઃખમાંથી પસાર થઈ ગયા. **મોટા**એ તેમને બહુ મોટી આફતમાંથી ઉગાર્યા.

પહેલાં એ લોકો ડબગરવાડમાં રહેતા હતા. રતિકાકા ને મોહનકાકા એ બન્ને ભાઈ હતા. કમુબાને એમ થયું કે, આપણું એક અલગ ઘર હોય તો સારું. એ વખતે પૈસાબૈસા કાંઈ હતા નહિ. **મોટા**એ રતિકાકાને કહ્યું, 'કમુ રડે છે. તેને એક મકાન બાંધી દો. મકાન તો આપણે રહેવા માટે જોઈએ.' રતિકાકા કહે, '**મોટા**, પૈસા નથી.' **મોટા** કહે, 'ગમે ત્યાંથી

લાવ, કાળા ચોરના લાવ, પણ મકાન બાંધ.' તે વખતે તે લોકોએ પાંત્રીસ હજારમાં જમીન લીધેલી હતી, અત્યારે રહે છેને તે જમીન. એ જમીનમાં ત્રણ ભાગીદાર હતા. એક કાંતિભાઈ ઘાયલ, એક એમના ભાણેજ ને એક બીજા. એમ ત્રણ જણ ભાગીદાર હતા. રતિકાકાએ કોઈની પાસેથી પૈસા લાવીને મકાન બાંધી દીધું. મકાન બંધાયું. તૈયાર થયું અને તે જ વર્ષે **મોટા**નો ત્યાં ઉત્સવ પણ થયો. એ જમીનની કિંમત એટલી બધી વધી ગઈ કે તેમાંથી રતિકાકાને ઘણો ફાયદો થયો. એ ગુરુકૃપા !

**સ્વજન :** એમના ઘરે બધાં જ **મોટા**ને માનતા, ઝીણાકાકા ?.

**કાકા :** હા, બધાં જ **મોટા**ને માને. છોકરાં પણ માને. કમુબા તો **મોટા** સિવાય કોઈને માને જ નહિ. કોઈ સંતસાધુ પાસે જાય જ નહિ. કમુબાના હસબન્ડ રતિકાકા હતા. તેમણે કમુબાને કહ્યું કે, ‘ચાલો કોઈ સ્વામી આવ્યા છે, આપણે દર્શન કરવાં જઈએ.' ત્યારે કમુબા કહે, ‘તમારે જવું હોય તો જાવ. મારે નથી આવવું. એવા તો ઘણા સાધુ આવે.' પણ જ્યારે **મોટા**ને મળ્યા, ત્યારે કશું એવું કમુબા બોલ્યા નહિ. ***મોટા*ને મળ્યા પછી *મોટા* સાથે જોડાઈ ગયાં. એમાં રંગ લાગી ગયો. *મોટા* દિલમાં વસી ગયા, કારણ કે સાચી વસ્તુ હતીને. પાકા રંગાઈ ગયાં.**

**સ્વજન :** અત્યારે આટલી ઉંમર ને બીમારી હોવા છતાં પ્રસન્નતા કમુબાની સારી.

**સ્વજન :** કમુબા, **મોટા** બીમાર થતાં, ત્યારે તેઓને ભટ્ટની હૉસ્પિટલમાં દાખલ કરતાને ?

**કમુબા :** હા, ભટ્ટની હૉસ્પિટલમાં દાખલ કરતા. એક વખત મારા પ્રકાશનાં લગ્ન હતાં ને **મોટા**ને હૉસ્પિટલમાં દાખલ કરેલા. હું તો ઘરમાં હતી, ઘેરથી આશ્રમ આવી, ત્યારે ખબર પડી કે **મોટા**ને હૉસ્પિટલમાં દાખલ કરેલા છે. એટલે હું તો એકલી એકલી દોડતી ગઈ, ગાંડાની જેમ. હૉસ્પિટલમાં પહેલો જ રૂમ હતો **મોટા**નો. હું તો ચાલતી જતી હતી, ત્યારે અવાજ સંભળાયો **મોટા**નો, ‘ઓ કમુ, કમુ, દોડતી ક્યાં જાય છે ? હું અહીંયાં છું.’ મને તો **મોટા**ને જોઈને શું રડું આવે ! **મોટા**ને મેં કહ્યું, ‘**મોટા**, કાલે તો પ્રકાશનાં લગ્ન છે, તો શું થશે ?’ **મોટા**એ કહ્યું, ‘તું ગભરાય છે કેમ ? મને તો બહુ સારું છે. આ હૉસ્પિટલની મુલાકાત કરવી હતી, એટલે અહીં આવ્યા છીએ. શાંતિ રાખ. આપણે પ્રકાશનાં લગ્ન તો કરવાનાં જ. હું ઑક્સિજન મુકાવીને ઑક્સિજન બોટલ સાથે પણ ત્યાં આવીશ. તું ગભરાઈશ નહિ. તારું કામ હું કરીશ. તું ગભરાઈશ મા.’

**મોટા** લગ્નની વિધિ કરાવવા માટે બીજે દિવસે આવ્યા ખરા !

**સ્વજન :** શીરાની વાત કરોને કમુબા ?

**કમુબા :** એક વખત **મોટા**એ આશ્રમે મારી પાસે શીરો મંગાવ્યો. **મોટા** મને કહે કે, ‘કમુ, શીરો બનાવી લાવ. ગોળનો બનાવજે.’ ગોળનો શીરો બનાવીને બે-ત્રણ દિવસ લઈ ગયા.

**મોટા**ને મેં કહ્યું, ‘**મોટા** હું ચાર વાગ્યાની શીરો લઈને આવું છું, તેથી શીરો ઠંડો પડી જાય છે. માટે ઝીણાકાકાને જો સમય હોય ને તેઓ શહેરમાં આવવાના હોય તો તમારા માટે

ગરમ ગરમ શીરો લઈ જાય તો સારું.' **મોટા** કહે, 'ચાલ એમ જ કર.' તે દિવસથી ઝીણાભાઈ શીરો લેવા આવતા.

**એક વખત તો મને ભેટીને *મોટા* બહુ રડ્યા, બહુ રડ્યા ને બોલ્યા, 'કમુ, મારું કામ તારે કરવાનું. તારું કામ મારો ભગવાન કરશે. રતિકાકા પથારીમાં પડેલા તેને ભગવાન જોશે. મારું કામ તું કર, તારું કામ મારો ભગવાન કરશે.'**

***મોટા* જેવા સંત આપણને મળ્યા ને આ સત્યને માર્ગે આપણે દોરવાઈ ગયાં. કાંઈ પણ થાય તો *મોટા*એ રેડેલો સંસ્કાર યાદ આવે કે 'આપણે આ ખોટું કરીએ છીએ. આપણાથી આ થાય જ નહિ.' એ આપણને પહેલું ખ્યાલમાં આવી જ જાય.**

એક વખત ઓટલા* ઉપર હીંચકો છે, ત્યાં ટેબલ-ખુરશી મૂકીને **મોટા**ને હું સાંજના જમાડતી હતી. તે દિવસે વાલ બનાવેલા હતા. **મોટા** જમતા હતા તે સમયે જ ડાહીમા આવ્યાં. (તે સમયે આશ્રમમાં રહીને સાંજની રસોઈ અને કપડાં ધોવાંનું કામ કરતાં રાંદેરનાં એક બહેન). **મોટા** બોલ્યા, 'ઓ ડાહીમા, એક છાજ્યો ગાને છાજ્યો !' (છાજ્યો એટલે કોઈના પણ મરણ પાછળ છાતી કૂટીને ગવાતું ગીત) ડાહીમાને તો શરમ નહિ. એ તો છાતી ઉપર હાથ રાખીને છાજ્યો ગાવા માંડી. રડતાં રડતાં એટલું સરસ બોલે બધું ! આપણને તો નહિ આવડે ભાઈ !

એ સમયે **મોટા**એ એવું કહ્યું કે, 'હું મરી જાઉં, ત્યારે

---

*ચોતરો

ડાહીમા તું છાજ્યો કૂટજે.' ડાહીમા બોલ્યાં કે, '**મોટા**, મને આવડે છે.' એમ કરીને એ તો છાતી કૂટવા લાગ્યાં અને છાજ્યો લેવા માંડ્યાં.

એ સમયે **મોટા** ઊભા થઈને પેટ પકડી પકડીને લુંગી પકડી પકડીને એટલા હસે, એટલા હસે ગાંડાની જેમ ! બહુ ખુશ, બહુ ખુશ ! **મોટા** જ્યારે ફૉર્મમાં આવી જાય ત્યારે એવા હસે ને એવા નાચે !

ડાહીમા બિચારાંને માથું ઓળવાનોય ટાઈમ મળતો ન હતો, એટલું કામ કરતાં. તેઓ રાંદેરનાં હતાં. એ સમયે **મોટા**નો ને ડાહીમાનો ફોટો પાડવા જેવો હતો.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# (૮) શ્રી ઝીણાકાકાનાં વિચારપુષ્પો

(૧) ભગવાન જે કરે તે સારા માટે કરે. ભગવાન જે કરે તે સારું કરે.

(૨) **મોટા**એ એક જગ્યાએ લખ્યું છે કે, મને જે જે મળેલાં છે, ને હવે પછી જે જે મળશે, ભલે એ સંસારમાં રગદોળાતાં હશે તોપણ એમને ભગવાનને પંથે આવ્યા વિના છૂટકો નથી.

(૩) ભગવાનના નામ સિવાય બીજો કોઈ સુખી થવાનો માર્ગ નથી.

(૪) આપણે સારુંનરસું ભગવાનને કહ્યા કરવું. સરળમાં સરળ રસ્તો એ છે. બાકી, પૈસાટકાથી સુખી નહિ થવાય.

(૫) સાચા દિલથી કરેલી પ્રાર્થના ભગવાન જરૂર સાંભળે.

(૬) આળસ ને પ્રમાદ એ બે જ આપણને આગળ વધવા ના દે. રુકાવટ કરે આ માર્ગમાં. એને કાઢીએ તો જ આપણામાં જાગૃતિ આવે.

(૭) મુશ્કેલી હોય ત્યારે જ લોકો ભગવાનને યાદ કરે, યાદ કર્યા જ કરે. એટલે **મોટા**એ મુશ્કેલીને ભગવાનની કૃપા ગણાવી છે.

(૮) **સહેલાં કામ તો બધાં કરે, અઘરાં કામ જ આપણે કરવાનાં હોય. તો જ ખરાં આપણે.**

(૯) પૈસા તો કમાવા પણ જીવન જીવતાં પણ આવડવું જોઈએ. તો જ જીવનનો આનંદ મળે.

(૧૦) આપણે ડાહ્યાં રહેવું. ડાહ્યાપણામાં આનંદ આવે એવો બીજા કશામાં નહિ આવે. ડાહ્યાપણામાં જ આનંદ છે.

(૧૧) સાહસિકતાનો ગુણ કેળવાય એ **મોટા**ને સૌથી વધારે પસંદ.

(૧૨) આળસ એ સુખ નથી. આળસ એ મોટામાં મોટો દુર્ગુણ છે. આળસથી આપણું પતન થાય. આળસને લીધે આપણું આખુંય જીવન ખતમ થાય.

(૧૩) વાતવાતમાં જેને ખોટું લાગી જાય, તે માણસ ભગવાનના માર્ગે બિલકુલ ના ચાલે.

(૧૪) આપણામાં જો સહનશીલતાનો ગુણ કેળવાઈ જાય તો સંસારમાં આનંદથી રહી શકીએ.

(૧૫) તપ તો દરેકમાં કરવું જ પડે. તપ વગર પરિણામ નહિ.

(૧૬) **મોટા** કહેતા કે, 'પૈસાટકા, પ્રતિષ્ઠા કાંઈ સાથે

નહિ આવે. સંસ્કારોનું ભાથું જ સાથે આવશે.'

(૧૭) જીવનનું મોટામાં મોટું દુઃખ પરાધીનતા.

(૧૮) દરેક પ્રત્યે સદ્ભાવ રાખવો, એ સુખી થવાની ચાવી છે.

(૧૯) પ્રસંગ ઊભો કરે એ સદ્ગુરુ.

(૨૦) ભગવાનમાં મસ્ત બનાવે એ જ ભક્તિ.

(૨૧) ભગવાનનું નામ લેવું એ આવતા જન્મનું ભાથું છે.

(૨૨) આપણામાં ભાવ જાગે એટલે આપણામાં રહેલી તૃષ્ણાઓ ઓછી થઈ જાય, એટલે પછી રાગદ્વેષ મોળા પડી જાય.

(૨૩) જાણવા છતાં જતું કરીએ એનું નામ તપ.

(૨૪) આનંદમાં રહે તે જગતમાં સુખી માણસ.

(૨૫) જીવનની ઊર્ધ્વગતિ થાય એ જ ભગવાનની ખરી કૃપા.

(૨૬) હૃદયથી ભાવ જાગે તો જાણવું કે **મોટા**ની હાજરી છે.

(૨૭) ગુલાબનું ફૂલ ગમે ત્યાં જંગલમાં ઊગે તોય ખબર પડે કે આ ગુલાબ છે. સુગંધ આવે એટલે. તેમ માણસ પણ કોઈ એવા થઈ જાય એની ખબર પડી જાય. ગમે ત્યાં જન્મે તોય તેની સુગંધ આવે જ.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# શ્રી ઝીણાકાકા પ્રસંગો કહે છે...

**ભણ્યા ભલે ન છે પોતે, કિંતુ સાચું ભણેલ છે,**
**જીવન જે રીતે જીવે તે ભણતર, યોગ્ય છે.**

**– પૂ. શ્રીમોટા**

## ૧. ગાંધીજી મહાન વિભૂતિ

ગાંધીજીને ગોળી વાગી ને દેહ છૂટી ગયો, તે વાતના સમાચાર ખેતરમાં આઠ વાગ્યે હું કામ કરતો હતો, ત્યારે જાણ્યા. ને ત્યારે મારાથી રડાઈ ગયું હતું. આંખમાંથી આંસુ પડી ગયેલાં. આવી મહાન વિભૂતિ આપણા દેશમાંથી જતી રહી ને તેય ગોળીથી જતી રહી. અને અહીં આવ્યા પછી મને ગાંધીજીનાં સ્વપ્નાં પણ આવતાં. એમ તો એમને જોયેલા નહિ પ્રત્યક્ષ, પણ એમના ફોટા જોયેલા એટલે ને એમના વિશે છાપાંમાં વાંચેલું હોય, સાંભળેલું હોય, એટલે એના સંસ્કારો જે પડી ગયા હોય તેને લીધે સ્વપ્નમાં પણ આવતા.

## ૨. ભગવું પહેરીને આવે તે ભગવાન જ

એક વખત અમે લવાછા ગામમાં ઘરની અંદર જ ૧૦ દિવસનું મૌન લીધેલું. ત્યાં આશ્રમ જેવી બહુ સગવડ નહિ. મૌન એટલે બોલવું નહિ ને નામસ્મરણ કર્યા કરવાનું બસ. એક દિવસ મને કોઈએ કહ્યું, ‘કોઈ સાધુ આવ્યા છે.’ એટલે એને મળવા હું મૌનમાંથી બહાર નીકળ્યો ને સાધુને પગે લાગ્યો. પછી એ સાધુએ મારી પાસે પૈસા માગ્યા. અમારા કુટુંબના એક ભાઈ પૈસાવાળા હતા. મેં સાધુને કહ્યું કે, ‘એમની પાસે માગોને ! એમની પાસે બહુ પૈસા છે.’ સાધુએ કહ્યું કે, ‘એ પૈસા મારે જોઈતા નથી. રાવણ પાસે તો ઘણું હતું, પણ એ રામને શું કામ આવે ?’ પછી મેં સાધુને થોડા પૈસા આપ્યા. એ તો જતા રહ્યા. તેઓ ગયા પછી મને અંદરથી એવું થયું કે, આપણે મોટામાં મોટી ભૂલ કરી. આપણે એમને જમાડવા જોઈતા હતા. પછી મેં એક છોકરાને સાધુને બોલાવવા માટે મોકલ્યો. ઘણે દૂર સુધી તે છોકરો ગયો પણ સાધુ તો મળ્યા જ નહિ કે એને બોલાવીને જમાડીએ. સાધુને જમાડીને મોકલવા જોઈએ તેવું અંદરથી થયેલું.

એટલે પહેલેથી એ સંસ્કાર ખરા કે કોઈ ભગવાં કપડાં પહેરીને આવે, તો એમને માટે એટલું બધું માન ને ભક્તિ કે મનમાં એમ થઈ જાય ભગવાન જ આવ્યા. પછી ગમે તે માણસે ભગવું કપડું પહેરેલું હોવું જોઈએ. અમને ભાવ ખરો, ભગવાન તરફ. એ ખરું હોં. પહેલેથી જ.

## ૩. શ્રીબાલયોગી મહારાજનું પ્રથમ દર્શન

અહીં સ્મશાન પાસે ધર્મશાળામાં મૌન ચાલતું હતું, ત્યારે અમને શ્રીબાલયોગી મહારાજનાં દર્શન થયેલાં. સાલ હતી લગભગ ઈ.સ. ૧૯૫૫. તે વખતે કંતાનના પડદા પાડીને ચંપકભાઈ ભૂતવાલા અહીં ધર્મશાળામાં મૌનમાં બેઠેલા હતા. એ સમયે ચૂનીભાઈ તમાકુવાલા અને ચૂનીભાઈનાં બા એ બધાં મૌનમાં બેસવાં આવતાં. એટલે અમે આ બધી કંતાનની ઝૂંપડીઓ બનાવેલી. અમે એ બાજુ ક્યાંય ચૂનીભાઈનાં બા સાથે કામમાં હતાં ને ચંપકભાઈએ મૌનમાંથી 'હરિઃૐ, હરિઃૐ' એમ બૂમ પાડી. તે સમયે એક સાધુ ત્યાં ધર્મશાળામાં આવીને ઊભેલા. તેનું રૂપ અત્યારે આ ફોટામાં રૂપ છે તેવું જ હતું અને વાળ પણ બધા ગૂંચળાવાળા હતા. ચંપકભાઈએ મૌનમાંથી ચિઠ્ઠી લખી કે, એ સાધુને જમાડો. એટલે અમે તે સાધુને જમવા માટે કહ્યું. પણ એ કાંઈ બોલે નહિ. અમે પગે લાગીએ તો લાગવા ના દે. પાછા હટી જાય, પાછળ ખસતા જાય. જમવાનું કહ્યું તો ડોકું હલાવે. કંઈ બોલે નહિ. ત્યાં પાછળ એક રસ્તો હતો. એ રસ્તા પરથી નીકળીને પછી તેઓ ચાલ્યા ગયા.

પછી અમે ધર્મશાળામાં અંદર ગયા. ત્યાર પછી મને એકદમ ભાવ જાગ્યો કે, એને આપણે જમાડવા જ જોઈએ. એને પાછા પકડી લાવીએ. પછી તો અમે ગયા પાછળ પાછળ. પણ સાધુ તો મળે જ નહિ ! ગુમ ! મેં એક-બે જણાને પૂછ્યું કે, 'આ બાજુ કોઈ સાધુ જતા દેખાયા ?' તો કહે, 'ના, અમે

કોઈને જતા જોયા નથી.' એટલે એ રીતે અમને શ્રીબાલયોગી મહારાજનાં દર્શન થઈ ગયાં.

## ૪. પૂજ્ય શ્રીધૂણીવાળાદાદાનું દર્શન

ઈ.સ. ૧૯૫૬માં હું, ઈશ્વરભાઈ પૂજારીના મકાનમાં રહેતો હતો. ત્યારે ચોમાસામાં અત્યારે આશ્રમ છે, તે જગ્યામાંથી જૂના આકડા (આકડાનો છોડ) વગેરે કાઢવાના હોય. કંઈ ખોદકામ કરવાનું હોય એવું કામકાજ રહેતું. જમીન બધી ખાડાટેકરાવાળી હતી. એકસરખી ન હતી. ઈ.સ. ૧૯૫૬માં તો હજી હું અહીં એકલો જ હતો. બીજે ગામથી કાચકી (કાંટાળી વનસ્પતિ) વગેરે લાવીને ત્યારે ચારેબાજુ વાડ તો બનાવી દીધેલી.

હું અંદર કામ કર્યા કરતો હતો ને મને એમ વિચાર આવ્યો. ધારો કે અત્યારે ભગવાન આવે તો આપણે કઈ રીતે ઓળખીએ ? એવો વિચાર હજુ મારા મનમાં આવ્યો અને પેલા મહારાજ આવ્યા. મહારાજના હાથમાં લાકડી હતી. ખભામાં ઝોળી જેવું હતું. આ જગ્યા પર હું કામ કરતો હતો ને તેઓ લાલબાપુના આશ્રમ તરફથી આવ્યા અને ગામ તરફ જતા હતા. ત્યારે મેં તેઓને કહ્યું, 'આ રસ્તે જવાય નહિ બાપજી ! તે બાજુ નહિ જવાશે. રસ્તો બંધ છે.' તેઓએ મને સીધી ગાળ ચોપડાવી. આપણાથી બોલાય નહિ એવા શબ્દો તેઓ બોલ્યા, પણ ત્યારે મને દુઃખ નહિ લાગેલું. ઊલટો મને તેઓને માટે ભાવ થયેલો. મેં તેઓને કહ્યું કે, 'જમીને જાવ બાપજી !' તોપણ કાંઈ નહિ બોલે, પણ તે વખતે આપણને

એવી કાંઈ ખબર નહિ, પણ પછી ખબર પડી કે તેઓ તો ધૂણીવાળાદાદા હતા. ધૂણીવાળાદાદાનો ફોટો મેં જોયો ને એમનું મોં મેં ફોટામાં જોયું. અને ગુસ્સે થઈ જવું, ગાળ બોલવી - એવાં બધાં લક્ષણથી ખબર પડી કે 'આ ધૂણીવાળાદાદા જ હતા.' એવી રીતે **મોટા**ના બેઉ ગુરુઓનાં અમને દર્શન થયાં. એ તો **મોટા**ની જ કરામત.

## ૫. પચાસે પડી ફાળ

'પચાસે પડી ફાળ ને સાઠ થયાં પણ શઠ રહ્યો...' એવા શબ્દો 'જીવનપગરણ' ચોપડીમાં આવે છે. એવી પ્રાર્થના ગોપાલમામાને મૌનમાં તેઓ બેઠા હતા ત્યારે સ્ફુરેલી. મેં જ્યારે એ પ્રાર્થના વાંચી ત્યારે એ પ્રાર્થનામાંથી મને દિલમાં બરોબર લાગી આવેલું.

બીજે દિવસે તરત જ મેં 'જીવનપગરણ' ચોપડી ભીખુકાકા પાસેથી વેચાતી લીધી અને સળંગ વાંચી ગયો. ***મોટા*ની સૌથી પહેલી ચોપડી મેં 'જીવનપગરણ' વાંચી. બહુ સરસ ચોપડી છે.**

## ૬. અમારે ત્યાં આવી કઢી બનતી નથી !

અમે પાઉડરના દૂધમાંથી દહીં બનાવતા અને એ દહીંની કઢી બનાવતા, પણ એ કઢી બહુ સ્વાદિષ્ટ બનતી. બારડોલી પાસે મોતા નામનું ગામ છે. ત્યાં અમે દર વર્ષે ભાત ઉઘરાવવા જતા. ત્યાંના એક ભાઈનું નામ ભીખાભાઈ પરાગભાઈ હતું. એક દિવસ તેઓ સપરિવાર આશ્રમે આવેલાં. અમે જમી

લીધા પછી દસ સાડાદસ વાગ્યે તેઓ આવેલા. અમે તે લોકોને જમવા બેસાડી દીધા. જમવામાં ખીચડી, કઢી ને શાક હતું. જમતાં જમતાં તેઓ બોલ્યા કે, **'અમારે ત્યાં ભેંસો છે તોપણ આવી કઢી બનતી નથી ! ઘરનું દૂધ છે તોપણ આવી કઢી બનતી નથી !'**

## ૭. દક્ષિણ ભારતની યાત્રા - ધ્રુવ જેવો ભાવ

ઈ.સ. ૧૯૬૧ની સાલમાં **મોટા**એ મને વાત કરી કે, 'તમારે આ વર્ષે દક્ષિણ ભારતની યાત્રાએ જવાનું છે.' ત્યારે એ વાત સાંભળી ભીખુકાકાને એટલો બધો ઉમંગ ને ઉત્સાહ કે ના પૂછો વાત. ભીખુકાકા તો ખુશ થઈ ગયેલા.

અમે ત્રણ જણ ગયા હતા. રમાકાંત જોશી અને અમે બે. તે વખતે તો ઉંમર પણ અમારી જુવાન. લગભગ ૩૩ થી ૩૪ વર્ષની હશે. **અમે દક્ષિણ ભારત ગયા ત્યારે તિરૂપતિ બાલાજીમાં અમને ધ્રુવ જેવો ભાવ થયો હતો.** તિરૂપતિ બાલાજી ગામ પછી તિરૂપતિનું મંદિર આવે. ત્યાર પછી જંગલ શરૂ થાય. એ જંગલમાં જવા માટે ચાલતા જ જવું પડે. ત્યાં કોઈ સાધુ-સંતો પણ મળે. કોઈ ગુફા પણ હોય. ગુફામાં મંદિર પણ હોય. રસ્તે ચાલતા જવાની અને ફરવાની મઝા વધારે સારી. ચાલીને જવું પડે. વાહન કોઈ જઈ શકે નહિ. ત્યાં એક પીપળાનું ઝાડ હતું ને ત્યાં જમીનમાંથી ફુવારાની જેમ પાણી નીકળતું હતું. ત્યાં એક સાધુ હતા. તેને અમે પૂછ્યું કે, 'આ પાણી અહીંયાં કેવી રીતે નીકળે છે ?' ત્યારે એમણે

અમને એમ કહ્યું કે, 'ધ્રુવ જ્યારે પાંચ વર્ષનો હતો ને જંગલમાં નીકળી ગયો હતો તે આ જગ્યા છે. ઘેરથી નીકળીને અહીંયાં આ જગ્યાએ તપ કરવા તે આવેલો. પછી એને તપ કરતાં કરતાં તરસ લાગી, પણ પાણી તો મળે નહિ. એટલે ધ્રુવને પાણી પાવા માટે ભગવાને જમીનની અંદરથી ગંગા ઉત્પન્ન કરી.' ત્યાં ફુવારા જેવું ચાલુ છે. તિરૂપતિ બાલાજી જતી વખતે અમે બસમાં ગયા હતા પણ પાછા ફરતી વખતે ચાલતા આવેલા.

**અમે પછી બસમાં બેસીને કન્યાકુમારી ગયા, ત્યારે ધ્રુવ પાંચ વર્ષની ઉમરનો હતો ને તપ કરવા જંગલમાં જતો રહ્યો એ જ મનમાં ભાવ થયા કરે ને એ જ દૃશ્ય દેખાયા કરે. એવો ભાવનો ઊછાળો અમને અમે કન્યાકુમારી પહોંચ્યા ત્યાં સુધી રહેલો.**

## ૮. ઉત્તર ભારતની યાત્રા

એલ.આઈ.સી.માં નોકરી કરતા તે નગીનભાઈ, ભવાની વડ પાસે રહેતા તે અનિલભાઈ અને અમે, એમ ત્રણ જણા લગભગ એક મહિનો ઉત્તર ભારતની યાત્રાએ ગયા હતા.

ઈ.સ. ૧૯૬૪ની સાલ હતી ને **મોટા**એ અમને યાત્રાએ મોકલેલા. **મોટા**એ કહેલું એટલે નડિયાદ સ્ટેશને અમે ગયા. નડિયાદ સ્ટેશને ટ્રેનમાં ખાવા માટે લાડુ, ભજિયાં, ગોળપાપડી વગેરે એટલું બધું ખાવાનું ભેગું થયેલું કે ઊંચકવાનીય તકલીફ પડેલી ! અને ત્યારે **મોટા**એ એવું પણ કહેલું કે, 'તમારે મજૂર

નહિ કરવાના. બધું જાતે જ ઊંચકવાનું ને ધર્મશાળામાં રહેવાનું.'

સૌ પ્રથમ અમે અમદાવાદ ગયા. અમદાવાદથી આબુ, આબુથી બહુચરાજી ગયેલા. અને પછી ઉદેપુર, ચિતોડગઢ, દિલ્હી, આગ્રા, વૃંદાવન ગયા. વૃંદાવનમાં શ્રીરામકૃષ્ણ પરમહંસનો આશ્રમ છે તે જોયો. ત્યાં ગયા ત્યારે અમને **મોટા**એ ચિઠ્ઠી પણ લખી આપેલી. **મોટા,** મુંબઈવાળા નટવરભાઈ ચિનાઈની સાથે ત્યાં એક વખત ગયેલા. ચિનાઈ શેઠે તે જમાનામાં હૉસ્પિટલ બાંધવા માટે વૃંદાવન રામકૃષ્ણ આશ્રમને ૩૬ લાખ રૂપિયા આપેલા. એટલે ચિનાઈ શેઠને લીધે તે લોકો **મોટા**ને ઓળખે. **મોટા**નો પરિચય પણ આશ્રમવાળાઓ સાથે થઈ ગયેલો, એટલે અમે ગયા ત્યારે અમારી સારી વ્યવસ્થા એ લોકોએ કરેલી. જમવાનું સરસ બનાવેલું અને હૉસ્પિટલ પણ અમોને બતાવેલી. તેઓની જીપમાં જ અમોને બધે ફેરવેલા.

પછી ત્યાંથી અમે દિલ્હી ગયા, દિલ્હીથી ચંદીગઢ ગયા. ચંદીગઢ હજુ નવું નવું શહેર બનેલું. પછી ભાખરાનંગલ ડેમ જોવા પણ ગયેલા. ત્યાંથી બનારસ ગયેલા. બનારસથી અલ્હાબાદ, પછી લખનૌ થઈને પાછા ફરતા જબલપુર થઈને જલગાંવ ગયેલા. જલગાંવમાં ચંપકભાઈ ભૂતવાળાનાં ફોઈને ત્યાં સામાન મૂકીને અમે ઔરંગાબાદ, દૌલતાબાદ, શિરડી સાકુરી ફરીને પાછા જલગાંવ આવી ગયેલા અને જલગાંવથી પાછા સુરત આવ્યા.

અમને ઈ.સ. ૧૯૬૧માં દક્ષિણ ભારતની યાત્રાએ **મોટા**એ મોકલ્યા હતા અને ઈ.સ. ૧૯૬૪માં ઉત્તર ભારતની યાત્રાએ મોકલ્યા હતા.

## ૯. મારે પગે પણ બહુ મોટો સાપ અથડાયો

ઈ.સ. ૧૯૫૬ની સાલમાં **મોટા**એ મને અહીં આશ્રમમાં રહેવાનું કહ્યું. તે વખતે જમીન તો હતી, પણ રહેવા માટે કોઈ મકાન કે એવું કાંઈ નહોતું. એટલે **મોટા**એ મને કહ્યું હતું કે, 'અહીં ધર્મશાળા છે તેમાં રહેજે.'

ચોમાસાના દિવસોમાં નદીમાં રેલ આવવાને લીધે નદીનું પાણી ડહોળું થઈ જતું. એટલે આશ્રમમાં **મોટા**એ કૂવો કરાવેલો. જોકે પીવા માટે તો નદીનું જ પાણી વાપરતા. પણ એ પાણીને પહેલાં માટલામાં ભરી રાખવું પડે. માટલાને તળિયે નીચે કચરો ઠરી જાય પછી બીજા માટલામાં પાણી કાઢી લેવાનું. બાકી, નાહવા માટે તો કૂવેથી પાણી લાવવું પડતું.

ચોમાસું હતું એટલે મોટું મોટું ઘાસ ઊગી નીકળેલું. હું કૂવેથી બાલદીમાં પાણી ભરીને આવતો હતો, ને પાછળથી સાપ દોડતો આવ્યો અને પવનના જેવો સુસવાટો સંભળાયો. મને મનમાં થયું, 'આ શું સંભળાય છે પવન જેવું ?' પાછળ જોયું તો સાપ ! એય એકદમ દોડતો આવે ધસમસતો ! મોટો સાપ જોયો એટલે હું ગભરાઈ ગયો. સાપ એટલે બીક તો લાગે જ. એ સાપ મારા પગે અથડાયો ને અથડાઈને ચાલ્યો ગયો. હું બાલદી સાથે નીચે પડી ગયો. પછી બેઠો

થઈને ફરીથી કૂવે જઈને પાણી લઈ આવ્યો, પણ મનમાં બીક લાગ્યા કરી કે, 'સાપ મારી પાછળ દોડ્યો ને મારા પગે અથડાયો.'

બીજે દિવસે મેં **મોટા**ને કાગળ લખ્યો. **મોટા** તે વખતે કુંભકોણમ્ હતા. મેં કાગળમાં લખ્યું કે, હું કૂવેથી પાણી ભરવા જતો હતો, ત્યારે આવી રીતે સાપ મારી પાછળ દોડ્યો ને મારા પગ સાથે અથડાઈને જતો રહ્યો. **પછી કુંભકોણમ્થી *મોટા*નો કાગળ મારી ઉપર આવ્યો કે, ભાઈ એ જ દિવસે મારા પગે પણ મોટો સાપ અથડાયો, પણ આપણે તો ભયમાંથી અભયમાં જવાનું છે, એટલે ગભરાવું નહિ.**

## ૧૦. કૂતરાને રોટલો નાખવા બાબતે

કોઈને પણ એમ થાય કે, 'બારણે કૂતરું આવે તેને રોટલો નાખવો.' **મોટા** અહીં ત્રણ દિવસ લલિતાબહેન પૂજારીના મકાનમાં રહ્યા, ત્યારે અમે કૂતરાને રોટલો નાખતા. **મોટા**એ એક દિવસ મને કહ્યું, 'કૂતરાને રોટલો નહિ નાખવાનો, કેમ કે કૂતરાને પાળવો હોય તો બરાબર માવજત કરવી પડે. કૂતરાને ટેવ નહિ પાડવી. હવે રોટલો નાખવાનું બંધ કરી દેજે.' મેં કહ્યું, 'સારું, **મોટા**, હવે રોટલો નહિ નાખું.' ત્યારે **મોટા** બોલેલા કે, 'તું કૂતરાને રોટલો નાખવાનું બંધ કરશે તો એનું પાપ મને લાગશે. તને નહિ લાગે. બસ.'

## ૧૧. તારા વતી હું બધું કરી લઈશ

શરૂઆતમાં હજુ મૌનમંદિરો ચાલુ થયાં નહોતાં. ત્યારે ચંપકભાઈ, બાબુભાઈ, શાંતિભાઈ ને બધાં રાતના બાર વાગ્યા સુધી જપ કરતા. અમે પણ જપ કરવા બેસતા. વારાફરતી બેસતા ને જપ કરાવતા. એટલે આશ્રમમાં વસ્તી પણ રહે ને ચોરી થવાનો પણ ભય ના રહે.

ત્યારે મને એકવાર મનમાં થયેલું કે, ભગવાનનું નામ સરસ લેવાય છે ! એટલે એ પણ અહમ્ કહેવાય. એટલે બીજે દિવસે ગળું બેસી ગયું. **મોટા**એ પૂછ્યું, 'કેમ ગળું બેસી ગયું ?' અમે કહ્યું, 'બધાં જાગ્યા ને સાથે અમે પણ જાગ્યા. બાર વાગ્યા સુધી નામસ્મરણ કર્યું.' ત્યારે ***મોટા*** **બોલ્યા હતા કે, 'તારે કાંઈ કશું કરવાની જરૂર નહિ. તારા વતી હું બધું કરી લઈશ.'**

## ૧૨. મારા કાનમાં કોઈ કહ્યા કરે છે.

લગભગ ઈ.સ. ૧૯૬૧ની સાલમાં અમારા ગામથી એક ભાઈ ચોખા ઉઘરાવીને આશ્રમે લઈ આવેલા. પછી તેમણે ચોખા બધા ખાલી કર્યા. મને મનમાં એવું થયું કે, એ ચોખા લઈને આવ્યા છે તો આપણે કાંઈ ચાનાસ્તો કરાવવો જોઈએ, પણ તે વખતે આપણે નવા નવા એટલે **મોટા**ને પૂછવું પડે. એમ ને એમ **મોટા**ને પૂછ્યા વગર ચાનાસ્તો કરાવાય નહિ. મને મનમાં એમ થયા કરે છે કે, જો **મોટા** કહે તો ચાનાસ્તો કરાવીએ.

તે વખતે **મોટા** કાગળ લખતા હતા. **મોટા**એ કાગળ

લખતાં લખતાં મને કહ્યું કે, 'ઝીણાભાઈ, મારા કાનમાં કોઈ કહ્યા કરે છે કે ચાનાસ્તો કરાવ પેલા ભાઈને, ચોખા લઈને આવેલા છે તેને !'

## ૧૩. આશ્રમ ફરતે દીવાલ

**મોટા**એ મને કહ્યું કે, 'આપણે આશ્રમ ફરતે દીવાલ બનાવી દઈએ.' પછી **મોટા**એ ભીખુકાકાને પણ વાત કરી કે, 'હવે આપણે આશ્રમ ફરતી દીવાલ કરી લઈએ. આપણે મરી જઈશું પછી ઝીણાકાકાને કોઈ ગાંઠશે નહિ.' એટલે દીવાલ બનાવવાનું નક્કી થઈ ગયું. પછી થોડા દિવસ થયા ને **મોટા**એ વિચાર ફેરવ્યો. **મોટા**એ કહ્યું, 'આપણે દીવાલ નથી બનાવવી પણ સિમેન્ટના થાંભલા સાથે કાંટાળા તારની ફેન્સિંગ બનાવી દઈએ.' મને મનમાં થયું કે, પહેલાં **મોટા** દીવાલ બનાવવાના હતા ને હવે કાંટાના તારની વાડ બનાવવાનું કહે છે. એ બરોબર નહિ. ફેન્સિંગ તારમાંથી તો તાર ઊંચકીને કોઈ પણ અંદર આવી શકે. એવું મનમાં થયા કરતું હતું.

પછી એક દિવસ વહેલી સવારે સાડા પાંચ વાગ્યે **મોટા**એ મને એમને ઓરડે બોલાવ્યો. **મોટા**એ મને કહ્યું કે, 'આપણે હવે કાંટાની વાડ નથી બનાવવી. આપણે હવે દીવાલ જ બનાવી દેવી છે.' એમ **મોટા** મારો વિચાર જાણી ગયા કે કાંટાની વાડવાળી વાત આને પસંદ નથી. **મોટા** બોલ્યા, 'હવે આપણે ભીખુકાકાને કહી દઈએ કે દીવાલ ચણવાનું કામ શરૂ કરી દો.'

## ૧૪. અમને બધું *મોટા*એ જ શિખવાડેલું

એક દિવસ **મોટા**એ મને કહ્યું, 'આપણે બે જણા રોટલા કરીએ.' અમને બધું **મોટા**એ જ શિખવાડેલું. તે દિવસે ભીખુકાકા અને બીજા બધા માણસો આશ્રમની ખાડીમાં કામ ચાલતું હતું ત્યાં હતા. અમે **મોટા** સાથે રસોડામાં હતા. **મોટા** ચૂલામાં લાકડાં મૂકે અને અમે રોટલા કરીએ. અમે ઘડીને પણ રોટલા કરતા અને ટીપીને પણ કરતા. બેઉ રીતે અમને આવડતું. અમે આજે પણ ઘડીને રોટલા બનાવીએ ખરા.

## ૧૫. રસોડામાં સાપ

તે વખતે રસોડાની દીવાલ વાંસની હતી. એટલે એમાં ઉંદરડાં ને ખિસકોલાં અંદર ભરાઈ રહેતાં. એને ખાવા માટે સાપ પણ આવીને ઇલેક્ટ્રિક બોર્ડ ઉપર બેસતો ગૂંચળું વળીને. સાપ ઉંદર બહુ ખાય. લગભગ બારથી એકના ગાળામાં રાત્રે ઉંદરડાં ને ખિસકોલાં નાસભાગ કરે. અવાજ થાય એટલે હું જાગી જાઉં. પછી લાઇટ સળગાવું. સૂતાં સૂતાં જ લાઇટ સળગે એવી **મોટા**એ ગોઠવણ કરાવી હતી. એક વખત લાઇટ સળગાવીને જોયું તો એક સાપ સ્વિચબોર્ડ ઉપર બેઠો હતો. પછી અમે ઊઠીને બારણાં ખોલીને ભીખુકાકાને ઉઠાડ્યા ને બધી વાત કરી. ભીખુકાકાએ કહ્યું, 'તું અહીં મારી પાસે સૂવા માટે ચાલ્યો આવ. ત્યાં નહિ સૂવાનું.'

પછી ભીખુકાકા અને બીજાં છોકરાંઓએ વાંસને ગોદે ગોદે સાપને બહાર કાઢવાની કોશિશ કરી, સાપને મારેલ નહિ. સાપ તો ફૂંફાડા મારે ફૂં... ફૂં... કરીને. એટલે પછી અમે વરંડામાં જઈને સૂઈ ગયા. આવી રીતે દર વર્ષે સાપ આવતો. પાંચ-છ વર્ષ સાપ આવેલો. પછી અમે **મોટા**ને વાત કરેલી કે, '**મોટા**, આવી રીતે રસોડામાં સાપ આવે છે ને હું વરંડામાં સૂવા જતો રહું છું.' ત્યારે **મોટા** કહે, 'ત્યાં વરંડામાં સૂવા માટે નહિ જવાનું. અહીંયાં રસોડામાં જ સૂવાનું. અભય કેળવવાનો છે ને તું દૂર ભાગે તે કેમ ચાલે ? સાપ હોય તોપણ અહીં રસોડામાં જ સૂઈ રહેવાનું.' પછી **મોટા**એ એમ પણ કહ્યું કે, 'હું ભગવાનને કહી દઈશ કે સાપ નહિ આવે.' તે દિવસથી સાપ આવતો બંધ થઈ ગયો. બીજે કશે આશ્રમમાં જોવા મળે પણ રસોડામાં આવતો તે દિવસથી બંધ થઈ ગયો !

## ૧૬. હું તારા કરતાં વધારે કામ કરતો

એ વખતે અમે રાતના દસ વાગ્યા સુધી કામ કરતા. આશ્રમમાં કામ બહુ રહેતું. રસોડામાં પણ દસ વાગ્યા સુધી કામ ચાલતું.

અમને એકવાર મનમાં એવું થયું કે 'સવારમાં વહેલા ઊઠીને અમે ઘણું કામ કરીએ છીએ.' એ પણ અહમ્ કહેવાય. **મોટા**ને તો ખબર પડી જાય ! **મોટા** મને કહે કે, 'હું તારા કરતાં વધારે કામ કરતો. સવારે પાંચ વાગ્યે ઑફિસે પહોંચી જતો ને રાતના અગિયાર વાગ્યે ઘરે આવતો.'

## ૧૭. ત્યારે ખાતરી થઈ કે *મોટા* ને ભગવાન એક

*ગાંડાભાઈ નીરામંડળીમાં કામ કરતા હતા. અમે અનાજ ઉઘરાવવા ગામડાંઓમાં ગાંડાભાઈની સાથે કીમ સુધી (૩૦ કિ.મિ.) સાઈકલ ઉપર જતા. **મોટા** મને કહેતા કે, 'ભાઈ, આપણે ગામડાંઓમાં જઈને અનાજ ઉઘરાવી લાવવું.'

ગાંડાભાઈ પાસે જમીન ખરી પણ બહુ ઓછી. કુદિયાણા ગામમાં એમની જમીન. કુદિયાણા થઈને લવાછા જવાય. એમણે વાત જાણેલી કે પાંચ વીઘો જમીન કોઈની વેચવાની છે. એમણે મને વાત કરી. મેં કહ્યું, 'લઈ લો.' તો કહે, 'મારી પાસે પૈસા નથી.' ત્યારે મને મનમાં એમ થયું કે, ગાંડાભાઈને જમીન મળી જાય તો સારું. ગરીબ માણસને ચાર-પાંચ વીઘોનું ખેતર મળી જાય તો કેવું સારું ! અમને મનમાં એમ પણ થયેલું કે, 'આપણે **મોટા**ને વાત કરીએ જમીન લેવા માટે.' પછી તરત જ વિચાર આવ્યો કે, આપણે **મોટા**ને જમીન માટે કહીએ તો સ્વાર્થી ગણાઈએ. આપણે **મોટા**ને એમાં વચમાં નહિ લાવવા જોઈએ, પરંતુ ભગવાનને કહીએ કે ગાંડાભાઈને પૈસા મળી જાય અને જમીન એમના નામે થઈ જાય.

થોડા દિવસ ગયા ને **મોટા**એ મને બોલાવ્યો ને કહ્યું કે, 'પેલા ગાંડાભાઈ જમીનની વાત કરે છે તો આપણે પાંચ હજાર રૂપિયા આપીએ એને. તમે પૈસા લઈ જાવ. આપણે વ્યાજ નહિ લેવાનું. મુદ્દલ પૈસા આપણને આપે ધીમે ધીમે, એવું તમે કહેજો.'

---

* જુઓ પાનાં નં. ૮૫

પછી તો ગાંડાભાઈને મેં વાત કરીને પૈસા એમને આપ્યા. ગાંડાભાઈએ જમીન રાખી લીધી. પોતાના નામે કરાવી લીધી. ગાંડાભાઈ થોડા થોડા પૈસા ભરે. ગરીબ માણસ એટલે પૈસા એટલા બધા એમની પાસે બચે નહિ. વધારે ટાઇમ થઈ ગયો. જોકે અરધા ઉપર તો પૈસા ભરી દીધેલા.

પછી એક દિવસ **મોટા**એ મને કહ્યું, 'ગાંડાભાઈને કહે કે હવે પૈસા ભરી દે. આ તો તેં કહેલું એટલે મેં પૈસા આપ્યા.' ત્યારે મને ખબર પડી કે આપણે **મોટા**ને વાત તો કરી નથી, તોપણ મારા મનની વાત **મોટા** જાણી ગયા ! ત્યારે મને ખાતરી થઈ કે, **'*મોટા* ને ભગવાન બેઉ એક !'** આવી રીતે મારા મનમાં જે વિચારો ઊઠે તેને **મોટા** જાણી લેતા !

## ૧૮. જો મગન ટાંકી ભરાઈ ગઈ

હું પહેલવહેલો નડિયાદ આશ્રમે ગયેલો. ત્યારે ત્યાં પાણીની ટાંકી ભરવા માટે હૅન્ડપંપ હતો. ત્યાં આશ્રમમાં મગન કરીને કામ કરવાવાળો એક ભાઈ રહેતો હતો. એકવાર **મોટા**એ એને કહેલું કે, 'પાણીની ટાંકી ભરી દે, મગન.' ત્યારે મગને કહેલું, '**મોટા**, એ તો નહિ ભરાય. *કોઈથી નહિ ભરાય.' પછી **મોટા**એ ધ્યાનમાં રાખ્યું હશે કે શું હશે તે ખબર નહિ આપણને. હું નડિયાદ પહોંચ્યો ને **મોટા**એ મને કહ્યું, 'આ ટાંકી ભરવાની છે, ભરી દે.' મેં કહ્યું, 'સારું.' અમે તો 'હરિઃૐ' કરતાકને લાગ્યા ને ટાંકી ભરી દીધી.

---

* ત્યારે હેન્ડપંપથી ટાંકી ભરવી પડતી.

**મોટા**એ મગનને કહ્યું, 'જો મગન, તું ના કહેતો હતોને પણ ભરાઈ ગઈ કે નહિ ટાંકી ?'

## ૧૯. આપણી તો આ જ હિમાલયયાત્રા

અમને એકવાર હિમાલય જવાની ઇચ્છા થયેલી. પછી જવાનું તો રહી ગયું. ને હવે તો જવાય પણ નહિ. ગઈ વાત. તબિયત સારી નહિ એટલે જઈ શકાય નહિ. **મોટા**એ કહેલું તેવું જ થયું કે, 'આપણે ક્યાં હિમાલય જવાના ? આપણું તો આ જ હિમાલય !' આ બાબતનો અમારે એક પ્રસંગ બનેલો.

દર વર્ષે તાપીમાં રેલ આવે. એટલે કૂવામાં માટી જામી જાય. પછી માટી કાઢવા માટે અમે છોકરાંઓને સાથે લઈને કૂવામાં ઊતરીએ. બાલદીએ બાલદીએ કૂવામાંથી માટી કાઢીએ. જોકે એ કૂવો તો અત્યારે પુરાઈ ગયો છે. પછી દિવાળીના મહિનામાં અમારે એ બધી માટી કાઢીને કૂવો સાફ કરવો પડે. મજૂર કરીને માટી કાઢવી પડે. એ કામને માટે હરિલાલ સેલરનાં બા અને એમના મહોલ્લાના બીજા કોઈ કોઈ આવતા. આશ્રમનું કામકાજ કરવા માટે એ બધાં પહેલેથી જ આવતા. તેઓ પહેલેથી જ આશ્રમ સાથે જોડાયેલા.

એક દિવસ અમે કૂવામાંથી માટી કાઢીને આવ્યા. મને ઠંડી બહુ લાગી. એટલે શરીર આખું ધ્રૂજવા માંડ્યું. **મોટા** મને કહે, 'શું થયું ઝીણાભાઈ ?' મેં કહ્યું, 'કૂવામાંથી માટી કાઢવા ગયો, એટલે ઠંડી લાગી **મોટા**.' તરત ***મોટા*** **બોલ્યા કે, 'ભાઈ,**

**આપણે ક્યાં હિમાલય જવાના ? આપણું તો આ જ હિમાલય !' તે સમયે *મોટા*ની આંખમાંથી આંસુ પડી ગયેલાં. એ આંસુ દુઃખનાં ન હતાં, પ્રેમનાં હતાં.**

## ૨૦. મોટાએ ગલેલી ખવડાવી !

અમે બધા અહીં વરંડામાં બેઠા હતા. ડભોલી ગામના લોકો ગલેલી લઈને આવેલા હતા. ભીખુકાકા અને બીજા પણ ઘણા બેઠા હતા. **મોટા** માટે ડભોલીના ભાઈઓ ગલેલીમાંથી પાણી કાઢી આપતા હતા. ગલેલી કુમળી હોય એટલે પાણી નીકળે.

તે દિવસે **મોટા**એ મને કહ્યું, 'અહીં બેસ, પાટ ઉપર.' પણ આપણને તો **મોટા** જોડે પાટ ઉપર બેસવાનો સંકોચ થાય. અત્યારે જે પાટ છે એ જ પાટ હતી. અમે થોડી વાર **મોટા** જોડે બેઠા ને પછી ઊઠી ગયા. ત્યારે **મોટા**એ આપેલી ગલેલી ખાધેલી ખરી.

## ૨૧. માફ કરવું તે બહુ મોટી વાત

આશ્રમની બાજુમાં મહાદેવના મંદિરના પૂજારીનો પરભુ નામનો એક નોકર આપણા આશ્રમના આંબાની કેરીઓ ચોરવા આવતો. એ જાણતો હતો કે આશ્રમમાં બધાં સાંજે પાંચ વાગ્યે જમવા બેસે છે. અમે બધાં પાંચ વાગ્યે જમવા બેસીએ, ત્યારે તે કેરી ચોરવા આવતો. એક દિવસ મેં વહેલું જમી લીધું. જમીને હું આંબા પાસે આવ્યો. આવીને જોયું તો પરભુ કેરી તોડતો હતો. મેં એને પકડી લીધો. પકડીને ભીખુકાકા પાસે લઈ જતો હતો, ત્યારે તે મને કહેવા લાગ્યો કે, 'ભીખુકાકા

મને મારશે.’ ભીખુકાકા તો મારે એવા હતા. અમે એને ભીખુકાકા પાસે લઈ ગયા. તેઓ જમીને વરંડામાં આવીને બેઠા હતા. તેઓ તો ખૂબ જ ગુસ્સે થઈ ગયા હતા. વળી, તે દિવસે વણેસા ગામના શ્રી ઠાકોરભાઈ પટેલ પણ ત્યાં હાજર હતા. ભીખુકાકાએ કહ્યું પકડો અને તે ભાગી ન જાય તે માટે તેને બાંધી દો. તેથી, શ્રી ઠાકોરભાઈએ તેને બાંકડા સાથે દોરડાથી બાંધી દીધો. તે બાદ પોલીસને સોંપી દેવા માટે પોલીસને બોલાવી લાવવા મને સૂચના આપી. તેથી, મારે રાંદેર પોલીસ સ્ટેશને જવાનું થયું. તે દરમિયાન ભીખુકાકાએ ખૂબ ગુસ્સામાં આવી જઈને રાયણની લાકડીથી ઘણા સપાટા માર્યા. શ્રી ઠાકોરભાઈની સમજાવટથી તેને મારવાનું બંધ કરાવ્યું અને તે વખતે અમને ચોર લોકોનો બહુ ત્રાસ હતો. રાંદેરના માછીમારો બગીચામાં ઘૂસીને કેળાંની લૂમો, ફણસ વગેરે કાપી જતા અને ગામના સ્થાનિક હળપતિઓ દ્વારા પણ ઘણો ત્રાસ હતો. તેથી, રજનીભાઈને સૂઝયું કે આ ચોર પકડાયો છે. તેને એવું કાંઈક કરીએ કે ફરી ચોરી કરવા ન આવે. તેથી, તેમણે તો તે ચોરને નગ્ન કરીને સાઈકલ પર બેસાડીને જહાંગીરપુરા ગામમાં લઈ ગયા ને ઢંઢેરો પિટાવ્યો કે **હરિઃૐ આશ્રમમાં જે કોઈ ચોરી કરવા આવશે તો તેના આવા હાલ કરીશું. પછી પાછા આશ્રમમાં લઈ આવ્યા. તે દરમિયાન હું પોલીસને બોલાવી લાવ્યો હતો. તેથી પોલીસને સોંપી દીધો. પછી એવું જાણવા મળેલું કે તેને થોડી ધમકી આપીને પોલીસે છોડી મૂક્યો હતો.**

**મોટા** નડિયાદથી આવ્યા ત્યારે **મોટા**ને અમે વાત કરી. ત્યારે **મોટા**એ મને કહ્યું, ‘ઝીણાભાઈ, તમે આ છોકરો પાછો આવે, તો ફરી આશ્રમમાં રાખો ?’

મેં કહ્યું, ‘**મોટા**, ચોરી કરે તેવા માણસને ના રખાય.’

ત્યારે ***મોટા*** **બોલ્યા, ‘હું તો રાખું. જુઓ આપણે ભગવાનના કેટલા બધા ગુના કરીએ છીએ તોપણ ભગવાન આપણું જતું કરે છે કે નહિ ?’ માફ કરવું તે બહુ મોટી વાત છે. ભગવાન દયાળુ છે. ભગવાન આપણું બધું ચલાવે છે. આપણને ખબર ના હોય તેવું પણ બધું એ ચલાવે છે.**

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનના પ્રસંગો

**ભગવાન જે કરે તે સારા માટે કરે.**
**ભગવાન જે કરે તે સારું કરે,**

**- ઝીણાકાકા**

## ૧. મૂળજીકાકાને સ્મશાનમાં બીક લાગી

**મોટા** સાધનાકાળ દરમિયાન સ્મશાનમાં સૂવા જતા ત્યારે એક દિવસ એમના નાના ભાઈ મૂળજીભાઈ કહે કે, ‘મારે સ્મશાને સૂવા આવવું છે.’ **મોટા**એ કહ્યું, ‘તને બીક લાગશે.’ તેઓ કહે, ‘ના, મને બીક નહિ લાગે.’ પછી **મોટા** સાથે સ્મશાને સૂવા ગયા ને ગભરાઈ ગયા. તેઓએ **મોટા**ને કહ્યું કે, ‘મારાથી તો નહિ રહેવાય. મને બીક લાગે છે.’ **મોટા**એ કહ્યું, ‘કેમ, હું છુંને ?’ તો કહે ‘તમે છો તોય નહિ રહેવાય.’ ત્યારે **મોટા**એ કહ્યું કે, ‘તો જાવ.’ મૂળજીભાઈ બોલ્યા કે, ‘મને એકલા જતાં બીક લાગે છે.’ ત્યારે પછી **મોટા** સંતરામ મંદિર સુધી મૂળજીભાઈને મૂકવા ગયેલા.

## ૨. અમે તો એમની પાસે ચાના કપ ધોવડાવતા

મહીપતરામ વૈદ્ય કરીને એક ભાઈ હતા. વડોદરા કૉલેજમાં તેઓ **મોટા** સાથે ભણતા. એ વખતે **મોટા** મહીપતરામને ચા બનાવી આપતા. ચા પિવાઈ જાય એટલે ચાના કપ **મોટા** ધોઈ કાઢતા. એ મહીપતરામ અહીં આશ્રમે ઘણી વાર આવતા. એ પછીથી **મોટા**ને સમજેલા. એ મહીપતરામે અમને કહેલું કે, 'અમને ખબર નહિ. અમે તો એમની પાસે ચાના કપ ધોવડાવતા !'

## ૩. ચંપલનું પોટલું માથે લઈને *મોટા* સુરત આવતા

સુરતમાં હિંદી વસ્તુ ભંડારના માલિક ચંપકલાલ નામના એક ભાઈ હતા. તેઓ સાકુરીવાળાં ગોદાવરીમાતાના ભક્ત હતા. એમને ત્યાં **મોટા** (નવસારીથી) ચંપલનું પોટલું માથે મૂકીને આપવા આવતા. એ ચંપકભાઈ તે વખતે **મોટા**ને **મોટા** તરીકે નહિ ઓળખતા. ઓળખાણ ખરી પણ **મોટા** તરીકેની નહિ.

## ૪. આપણે એની કદર કરવી જોઈએ

મગન કરીને એક ભાઈ નડિયાદ આશ્રમમાં કામ કરતો. પછી એ એની સાસરીમાં રહેવા ગયો. એટલે પછી આશ્રમમાં એને આવવા-જવાનું બંધ થઈ ગયું. દિવાળીનો સમય હતો એટલે **મોટા**એ ફટાકડા મંગાવેલા. **મોટા** સુરત અને નડિયાદ બન્ને આશ્રમોમાં, દિવાળીમાં ફટાકડા મંગાવતા. **મોટા**એ ઈંદુકાકા શૅરદલાલને કહ્યું, 'ચાલ, સ્કૂટર લઈને આપણે મગનના ગામ જવું છે.' પછી **મોટા**એ થેલીમાં ફટાકડા લીધા ને મગનના ગામ

જવા નીકળ્યા. મગનનું ગામ નડિયાદથી ૧૫ કિલોમિટર દૂર હતું. ત્યાં ફટાકડા આપવા ગયા. ગામને પાદરે પહોંચ્યા અને ત્યાં ઊભા રહ્યા. **મોટા**એ થેલીમાંથી ફટાકડા બહાર કાઢીને તેના બે સરખા ભાગ કર્યા ને પછી મગનને ઘેર જઈને બન્ને છોકરાંઓને જુદા જુદા આપી દીધા.

**મોટા**એ કહેલું કે, 'આપણું કેટલું બધું કામ કરેલું મગને ! ભલે આજે જતો રહ્યો પણ આપણે એની કદર કરવી જોઈએ.'

## ૫. ઈચ્છામૃત્યુ આપ્યું

નડિયાદમાં હરિઃૐ પેટ્રોલ પંપવાળા વૈકુંઠભાઈનાં બા પથારીવશ હતાં. ત્યારે **મોટા** મળવા ગયેલા. **મોટા,** બાને મળ્યા. ખબરઅંતર પૂછ્યા ત્યારે બાએ કહ્યું, 'હવે મને મૃત્યુ આવે તો સારું, હે ભગવાન મને લઈ લે !'

**મોટા**એ બહાર આવીને વૈકુંઠભાઈને કહ્યું, 'જા, બાને પૂછી જો કે મરવાની ઈચ્છા ખરેખર છે કે ખાલી ખાલી કહ્યા કરે છે ?' પછી વૈકુંઠભાઈએ પૂછ્યું ત્યારે બાએ કહ્યું, 'મારે હવે મરવાની ખરેખરી ઈચ્છા છે.'

પછી **મોટા**એ હીરો મંગાવ્યો અને બાના કપાળમાં હીરો અડાડીને કંઈ વિધિ કરી. બાને કહ્યું, 'બા, તમે સંકલ્પ કરો.' માજીએ સંકલ્પ કર્યો ને માજીનું શરીર તે દિવસે કે બીજે દિવસે છૂટી ગયું. **મોટા**નો સંકલ્પ હતો એટલે એ સિદ્ધ થયો.

## ૬. તોપણ તેઓને લાભ તો ખરો જ

લલિતચંદ્ર દલાલ* ગુજરાત રાજ્યના ચીફ સેક્રેટરી હતા. એકવાર **મોટા** એમને ત્યાં ગયેલા, ત્યારે ઑફિસના બીજા માણસો પણ **મોટા**ને પગે લાગવા આવેલા. તેઓ બધા જતા રહ્યા. પછી લલિતચંદ્ર દલાલે **મોટા**ને પૂછ્યું, '**મોટા**, આ બધાં જે માણસો આવેલા હતા, તે કંઈ તમારાં દર્શન માટે આવ્યા નહોતા, પણ મને સારું લગાડવા માટે આવ્યા હતા. તેઓ ફક્ત મને સારું લગાડવા માટે જ આવ્યા હોય, તેમાં એ લોકોને લાભ ખરો કે નહિ ?'

**મોટા**એ કહ્યું, 'લાભ ખરો, કારણ કે અનુભવી પુરુષ હોય, તેની પાસે કોઈ આવે, ત્યારે એનામાંથી જે કિરણો નીકળતાં હોય, તેનો સ્પર્શ આવનારને થવાનો જ.'

## ૭. આપણને તો ભગવાન અંદરથી બોલ્યા જ કરે

એકવાર તો **મોટા** અને બધા પ્રૉફેસરો અમદાવાદમાં ભેગા થયેલા. દસ-બાર પ્રૉફેસરો હતા ને તે લોકોએ જ **મોટા**ને બોલાવેલા. એ બધા તૈયારી કરીને આવેલા. તેઓ **મોટા**ને પ્રશ્ન પૂછતા અને **મોટા** તેનો જવાબ આપતા.

**મોટા** કહે કે, 'એ બધા વારાફરતી પ્રશ્નોની ઝડી વરસાવતા. અમુક તો એવા હતા કે તંત્ર વિદ્યાય ચલાવે, પણ આપણને કશું ન થાય. આપણને તો ભગવાન અંદરથી બોલ્યા કરે !'

ચેતન જેનામાં વ્યક્ત થયેલું હોય, એની અંદરથી તો બધું નીકળ્યા જ કરે ! એને કંઈ વિચાર કરીને બોલવાનું નહિ રહે !

---

* પૂ. શ્રીમોટા વિરચિત 'જીવનગીતા'ની પ્રસ્તાવનાના લેખક

## ૮. આપણે ટિફિન ભરી લેવું

એક વખત ડૉ. રમેશ ભટ્ટ અને **મોટા** એક લગ્નમાં ગયા હતા. **મોટા**એ રમેશભાઈને કહ્યું કે, 'જે લગ્નવાળા માણસો છે, તેઓ તો નવાં કપડાં પહેરીને પોતપોતામાં ગુલતાન હશે. આપણે આપણું કામ પહેલાં કરી લેવું. સૌથી પહેલાં ટિફિન ભરી લેવું અને પૈસા જે કાંઈ આવે તે ભેગા કરીને બાંધી લેવા.'

## ૯. સહજાનંદ સ્વામી અને *મોટા* મળ્યા

કપડવંજની આગળ ને નડિયાદથી પંદર વીસ કિ.મિ. દૂર ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાં **મોટા** એકવાર ગયા હતા. ભીખુભાઈ, **મોટા**, અમદાવાદવાળા ચંદુભાઈ મુખી ને બીજા એક બે જણા વગેરે બધા સાથે હતા ને એક રાત ત્યાં રહેલા. ત્યારે **મોટા**એ ચંદુભાઈ મુખીને એમ કહેલું કે, 'જાણવું હોય તો જાગતા રહેજો, જાણવું હોય તો જાગતા રહેજો.' પણ કોઈ જાગ્યું નહિ. બધા જ ઊંઘી ગયા ને રાત્રે સહજાનંદ સ્વામી **મોટા**ને મળ્યા, પ્રત્યક્ષ શરીરધારી ! અને **મોટા** સાથે ઘણી બધી વાતો કરી. **મોટા** કહેતા કે, 'એટલું બધું તેઓનું રૂપ હતું કે રૂપરૂપનો ભંડાર જાણે !' આમેય ફોટામાં તેઓ રૂપાળા દેખાય છે.

## ૧૦. મૃત્યુ સમયે *મોટા*નું દર્શન

સુરતના એક શાંતાબહેન ગલિયાવાળા હતાં. તેઓ વર્ષમાં એકવાર મૌનમાં બેસતાં. એક વખત તો સળંગ ચાર મહિના મૌનમાં બેઠેલાં.

તે સમયે આશ્રમની દીવાલનું કામ ચાલતું હતું ને **મોટા**

અહીં આશ્રમના દરવાજા પાસે જ ઊભેલા હતા. બરાબર એ સમયે જ શાંતાબહેન ગલિયાવાળા આવ્યાં ને **મોટા**ને પગે લાગ્યાં અને બોલ્યાં, '**મોટા**, હું પૈસા આપું, તમે નવું રસોડું બનાવો.' **મોટા**એ કહ્યું, 'તું પૈસા આપશે તે પૈસાને હું બીજા કામમાં વાપરીશ. રસોડું તો છે તેમ જ રહેશે.' પછી શાંતાબહેને પૈસા નહિ આપેલા.

બરાબર એ જ દિવસે શાંતાબહેને **મોટા**ને કહેલું કે, '**મોટા**, તમે મારા મૃત્યુ વખતે હાજર રહેજો.' **મોટા**એ કહેલું કે, 'જા, હું તારા મૃત્યુ વખતે હાજર રહીશ.' તેઓ જ્યારે મરણપથારીએ હતાં ત્યારે તેઓને **મોટા** દેખાયેલા ! તેઓએ એમનાં છોકરાંઓને કહેલું કે, 'જુઓ **મોટા** અહીં ઊભેલા છે !'

શાંતાબહેનનાં મરણ વખતે **મોટા** તેઓની સામે આવીને ઊભા હતા. એવું એમનો છોકરો અહીં આશ્રમે આવીને અમને કહી ગયો હતો. મૃત્યુ વખતે **મોટા,** શાંતાબહેનને દેખાયેલા ખરા.

## ૧૧. પરદેશમાં સુખાભાઈને મદદ

સુખાભાઈ પરદેશમાં હતા તોય **મોટા**ની મદદ એમને મળતી હતી. એકવાર સુખાભાઈને **મોટા**એ કહેલું કે, 'ત્યાં તારી એક પંજાબી ડૉ. બહેન કેટલી બધી સંભાળ રાખતાં હતાં.' સુખાભાઈને એ લોકોએ એમની હૉસ્પિટલમાં જ દાખલ કરેલા. રોજ જમવાનું પણ આપતા. રોટલી, દાળભાત, શાક વગેરે ને સાથે દવા પણ આપતા.

એકવાર **મોટા**એ અહીં રસોડામાં જમતાં જમતાં કહેલું કે, 'એક મહિના સુધી પંજાબી કુટુંબે સુખાભાઈની દવા કરી. એ સેવા કોણ કરતું હતું ?'

(સુખાભાઈ જીવણભાઈ પટેલ, ગામ લવાછા. તા. ઓલપાડ, જિ. સુરત. સુખાભાઈ સ્ટીમરમાં નોકરી કરતા ને એ કામે જ પરદેશ ગયેલા. ત્યાં બીમાર પડેલા ને હૉસ્પિટલમાં દાખલ કરેલા તેની વાત અહીં છે.)

## ૧૨. સંતનું અવળું બોલીએ તો

હીરાભાઈ કરીને અંગ્રેજી વિષયના એક શિક્ષક હતા. તેઓ દર રવિવારે આશ્રમે આવતા પણ શહેરમાં જાય, ત્યારે ઊંધી જ વાત કરતા. પ્રભાબહેન પણ ઘણી વાર કહેતાં કે, ‘હીરાભાઈ અહીં આવે, ત્યારે **મોટા**ને પગે લાગે, પણ શહેરમાં જઈને **મોટા**ની વિરુદ્ધ વાતો કરે છે.’

**મોટા**, ભીખુકાકા અને હું, અમે બધા એક દિવસ ચોતરા પર ઊભેલા હતા ને હીરાભાઈ આવ્યા. ત્યારે ***મોટાએ* ભીખુકાકાને કહ્યું, ‘ભીખુભાઈ, આપણે આ સંસારી લોકો પર પ્રેમ રાખવો પણ વિશ્વાસ કોડીનોય ના રાખવો. આ લોકો આપણું ખૂન કરે છે !’** હીરાભાઈ વાતનું તાત્પર્ય જાણી ગયા. પછી તો **મોટા** પાસે એમણે માફી માગેલી. ખરી રીતે તો એવું કરવું જ ના જોઈએ.

ખરેખર તો ભલે આપણે એને માટે કંઈ કરીએ નહિ. પણ તેનું ઊંધું કે અવળું તો બોલવું જ નહિ. ***મોટા* એમ કહેતા કે, ‘દેવતા પર પગ મૂકીએ તો શું થાય ? દાઝીએ કે નહિ ?’ સંત વિશે અવળું બોલવું એ તો દેવતા પર પગ મૂકવા બરાબર છે.**

## ૧૩. હે ભગવાન ! અમારી લાજ રાખજે

અમદાવાદના ડૉ. જગન્નાથ મૌનમાં બેઠેલા. એમનું

મગજ જરા હતું જ એવું. એટલે કોઈક વાર છટકી જતું. એની ડૉ. ઓચ્છવલાલ ગાંધીને ખબર. ડૉ. જગન્નાથ લશ્કરમાં જઈ આવેલા. તેઓ મૌનમાંથી નીકળીને પ્રાર્થનામાં બેઠા. પ્રાર્થના ચાલુ હતી. શ્રાવણ મહિનો હતો ને વરસાદ પડતો હતો. ડૉક્ટર તો ઊઠીને નદીમાં નાહવા ચાલ્યા ગયા. કોઈને ખબર નહિ. પ્રાર્થના પૂરી થઈ એટલે તપાસ કરી પણ ડૉ. જગન્નાથ તો મળે જ નહિ ! એ તો નદીમાં પડેલા ને એમને તરતા તો આવડે નહિ. તે સમયે નદી આ કાંઠાથી પેલા કાંઠા સુધી ભરપૂર વહેતી. ઉકાઈ બંધ ન હોવાથી નદી ભરપૂર વહેતી.

ડૉ. જગન્નાથની તપાસ માટે કોઈ ઓલપાડ ગયા, ભીખુકાકા રાંદેર ગયા અને જેભાઈ ડૉક્ટર વરિયાવ તરફ ગાડી લઈને ગયા હતા. પણ પત્તો લાગ્યો નહિ. એથી બધા પાછા ફર્યા. ફરીને ભીખુકાકા જેભાઈ ડૉક્ટર સાથે રાંદેર ગયા, ત્યારે રાંદેરમાં કોઈ માછીએ કહ્યું કે, 'ગાંડા જેવો કોઈ માણસ મંદિરમાં છે.' ત્યાં જઈને જોયું તો ડૉ. જગન્નાથ ! માછી લોકોને એમ કે કોઈક તણાઈ જાય છે એટલે દોરડું નાખીને બહાર કાઢેલા. એવી રીતે જગન્નાથ બચી ગયેલા. ત્યાંથી ભીખુકાકા ડૉ. જગન્નાથને આશ્રમમાં લઈ આવેલા. પછી આશ્રમેથી ડૉ. ઓચ્છવભાઈ ગાંધી તેમને ઘેર લઈ ગયેલા.

તે સમયે **મોટા**એ પ્રાર્થના બહુ કરેલી. એ રવિવાર*નો દિવસ ને સ્વજનો માટે ચા બનાવવાની હોય એટલે અમે

---

* મંગળવાર હતો. ત્યારે મૌનની પૂર્ણાહુતિ અને આરંભનો દિવસ મંગળવાર હતો.

અહીં રસોડામાં જ હતા. ***મોટા* અહીં એક આંબાના ઝાડ નીચે બેસીને ભગવાનને પ્રાર્થના કરતા હતા ને મોટે મોટેથી બોલતા હતા કે, 'હે ભગવાન ! અમારી લાજ રાખજે !'**

અમદાવાદ ગયા પછી એમનું મગજ શાંત થઈ ગયું, એટલે પછી ડૉ. જગન્નાથ **મોટા**ને મળવા નડિયાદ ગયા હતા, ત્યારે **મોટા**ને એમણે બધી વાત કરી કે, '**મોટા**, મૌનમાંથી નીકળીને પ્રાર્થના વખતે હું બેઠો હતો અને મને મનમાં થયું કે, ચાલ નદીમાં સ્નાન કરી આવું. હું તો નદીમાં નાહવા ગયેલો પણ તરતા આવડતું નહોતું !'

## ૧૪. મહાદેવ તો તમારી સામે જ બેઠેલો છે

છગનકાકા નામના એક બંગાળી+ ભાઈ **મોટા**ને મળવા આવતા. એક વખત બપોરના ટાઈમે તેઓ અહીં આશ્રમે આવેલા. તેઓ થોડી વાર **મોટા**ની પાસે બેઠા. પછી ઊભા થઈ કહ્યું કે, '**મોટા**, મારે જવાનો સમય થઈ ગયો છે. થોડી વારમાં બસ આવી જશે. હજુ મારે મહાદેવના મંદિરે પણ જવું છે. બસ આવી જશે તો મહાદેવના મંદિરે જવાનું રહી જશે.' ત્યારે **મોટા** બોલ્યા, 'મહાદેવ તો તમારી સામે જ બેઠેલો છે, પણ તમને દેખાય નહિ એમાં અમે શું કરીએ ?'

## ૧૫. રાજગરી ગામના નીરાબનમાં *મોટા*

હજીરા પાસે રાજગરી કરીને એક ગામ છે. મોરા ટેકરાથી સીધા જઈએ એટલે જમણી બાજુએ ગામ આવે છે. ત્યાં નીરાબનમાં **મોટા** ત્રણ દિવસ રહેલા. એ વખતે **મોટા**એ

---

+ બંગાળી ન હતા પણ અટક બંગાળી હતી.

અમને કહેલું કે, 'અહીંથી આશ્રમેથી તમારે કોઈએ રાજગરી આવવાનું નથી.'

રામભાઈને અમે પૂછેલું કે, '**મોટા** રાજગરી આવેલા ત્યારે તમે ત્યાં હતા કે નહિ ?' તેઓએ જણાવેલું કે, 'હા, હું ત્યાં જ હતો.' નીરાવાળાઓની સાથે પહેલેથી જ ગાંડાભાઈને સંબંધ એટલે ગાંડાભાઈ પણ **મોટા**ની સાથે ખરા. ગાંડાભાઈને તો **મોટા** સાથે પહેલેથી જ પરિચય.

અમે **રામભાઈને** પૂછેલું કે, 'ત્યાં **મોટા** ક્યાં સૂતા ?' ત્યારે રામભાઈએ કહ્યું હતું કે, 'સૂવા માટે માંચડા બનાવેલા, તેની ઉપર **મોટા** સૂતા. એ માંચડામાં માંકડ પણ હતા. તોય **મોટા** તેમાં સૂતા !' ત્યાં એક ઘોરમાતાનું મંદિર છે. ત્યાં પણ **મોટા** ગયેલા.

## ૧૬. મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર

મહાદેવના મંદિરના જીર્ણોદ્ધાર વખતે **મોટા** ત્યાં આગળ પાણીની પરબ માંડીને બેઠેલા. તે સમયે અમારે તો કપડાં ધોવાં ને એવું બીજું આશ્રમનું કામ રહેતું હોવાથી અમે પરબ પર નહિ બેઠા હતા.

**મોટા** પરબ માંડીને બેઠેલા. એટલે જે જે લોકો આવે તે બધાં પાણી પીતા જાય અને તે સમયે **મોટા** એવું પણ કહેતા કે, 'ભાઈ, પાઈપૈસો નાખતા જજો. રોજ તો નીકળવો જોઈએને અમારો ?'

**મોટા** પાણી પાતા હતા એ વખતે કોઈએ **મોટા**ને પૂછ્યું હતું કે, '**મોટા** ક્યાં છે ?' ત્યારે **મોટા**એ જવાબ આપેલો કે,

'**મોટા** ત્યાં આશ્રમમાં છે, ત્યાં જાવ.' એવું **મોટા**એ કહ્યું હતું પેલા ભાઈને ! (હાસ્ય)

## ૧૭. વિનાયકભાઈ બહુ મસ્તી અને આનંદમાં

વિનાયકભાઈ જરીવાલા ગુજરી ગયા ને બે-ત્રણ મહિના પછી એમની દીકરી પન્નાબહેન **મોટા**ને મળવા માટે આવેલાં. તેની સાથે ધીરેશભાઈ જોગી પણ હતા. ત્યારે પન્નાબહેને **મોટા**ને પૂછ્યું કે, 'મારા બાપુજી ઉપર શું કરતા હશે ?'

ત્યારે **મોટા**એ કહેલું કે, 'વિનાયકભાઈ બહુ મસ્તી ને આનંદથી રહે છે.'

વિનાયકભાઈમાં **મોટા** તરફની ભક્તિ હતી. એટલે પરિણામ સારું આવ્યું.

## ૧૮. મૌનમંદિરના રસ્તા વિશે

મૌનરૂમો તરફ જવા માટેનો રસ્તો **મોટા** વખતે છારું નાખીને તથા ટીપીને બનાવેલો. એકવાર મૌનમાં જમવાની થાળી આપવા *જયાબહેન જાની ગયાં. તેમના પગમાં કાંકરા ખૂંચ્યાં. તેમણે **મોટા**ને કહ્યું, '**મોટા**, મૌનમાં જમવાની થાળી આપવા જતાં પગમાં કાંકરા ખૂંચે છે તો ત્યાં પાકો રસ્તો બનાવી દેવો જોઈએ.' **મોટા**એ કહ્યું, 'તું પૈસા આપ તો બનાવીએ, અમારી પાસે પૈસા નથી.' જયાબહેને કહ્યું, 'આપું.'

---

*શ્રી વ્રજલાલ જાનીનાં પત્ની. શ્રી વ્રજલાલ, પૂ. શ્રીમોટાના પરમ મિત્ર, સાધક જેમને કૅન્સર થતાં પૂ. શ્રીએ જયાબહેન સાથે પત્રવ્યવહાર કરેલ જેની અલગ પુસ્તિકા 'કૅન્સરની સામે' ગુજરાતી, હિંદી, અંગ્રેજીમાં પ્રકાશિત થઈ છે.

ને તેમણે સાતસો રૂપિયા આપેલા. સાતસો રૂપિયામાં રસ્તો થઈ ગયેલો.

રસ્તો બનાવવાનું માપ આપીને **મોટા** સાયલા ગયા હતા. અમે ને ભીખુકાકાએ રસ્તો બનાવવા માંડેલો. **મોટા**ના કહેલા માપ પ્રમાણે રસ્તો જરા નાનો ને સાંકડો જણાયો, એટલે અમે પહોળો બનાવવાના હતા, પણ **મોટા**ને તો ખબર પડી ગઈ કે, આ લોકો રસ્તો પહોળો બનાવવાના છે ! એટલે **મોટા** નડિયાદ પણ ના ગયા ને સાયલાથી સીધા મોટરમાં સુરત આવ્યા અને બોલ્યા, 'રસ્તો આપણે આગળના માપ પ્રમાણે જ બનાવવાનો છે. તમારું માપ બરોબર નથી.'

## ૧૯. લોકો આ માટી લઈ જશે

ઈંદ્રવદન શૅરદલાલ એક વખત નડિયાદ આશ્રમમાં પગથી બનાવવા માટે પથ્થર બેસાડવાનું ને એવું કાંઈ કરતા હતા. **મોટા**એ તેઓને પૂછ્યું, **'શું કરે છે ઈંદુકાકા ?'** **ઈંદુકાકાએ કહ્યું, 'થાળી આપવા જતી વખતે પગ કાદવવાળા ન થાય તે માટે અહીં પથ્થર બેસાડું છું.'**

ત્યારે **મોટા**એ કહ્યું કે, **'રહેવા દે આ માટી. એક કાળ એવો આવશે કે આ માટી લોકો લઈ જશે. લોકો કહેશે કે, 'આવો તો કોણ મહાન સંત પાકી ગયો અહીંયાં ?' એમ કહીને લોકો અહીંની માટી લઈ જશે !'**

કેટલી પવિત્ર ભૂમિ. એ સમય આવશે ખરો.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# શ્રી ભીખુકાકાના પ્રસંગો
# : આશ્રમનું નિમિત્ત ભીખુકાકા :

## ૧. આમ, મારું પેટ ક્યારે ભરાય ?

કુસુમબહેન ભીખુકાકાનાં સગાં બહેન હતાં. એની પાસે એક વાણિયાની છોકરી ભણી ગયેલી. તે છોકરી મદ્રાસમાં રહેતી હતી. એક વખત ભીખુભાઈ કામ અંગે મદ્રાસ જવાના હતા. ત્યારે કુસુમબહેને તે છોકરીને કાગળ લખેલ કે, 'મારા ભાઈ મદ્રાસ આવવાના છે, તો તું એમને જમાડજે.' અને કુસુમબહેને ભીખુભાઈને તેમનું સરનામું આપેલું, એટલે ભીખુભાઈ તો મદ્રાસ તેમને ઘેર પહોંચ્યા. બધી વાત કરી ને પછી જમવા બેઠા.

પેલી બહેન તો એક રોટલી લઈને આવે ને બીજી રોટલી લેવા જાય ત્યાં તો ભીખુકાકા રોટલી ખાઈ જાય. નાની નાની રોટલી. ભીખુકાકાએ પેલી બહેનને કહ્યું કે, 'તમને કુસુમબહેને કાગળ લખેલોને કે મારા ભાઈ આવે તો એને જમાડજો, તો

આમ તમે મને એક એક રોટલી આપો તેમાં મારું પેટ ક્યારે ભરાય ?'

## ૨. હું અહીં બોર્ડ મારવાનો છું

તે વખતે મોરારજીભાઈ દેસાઈ મુંબઈમાં મહાગુજરાતના મુખ્ય પ્રધાન હતા. સુરતના ઘરમાં તેઓ પહેલાં ભીખુકાકાનું દૂધ લેતા હતા. ભીખુકાકા દૂધનો વેપાર કરતા હતા. મુંબઈ જઈને આદર્શ સોસાયટીવાળા મોરારજીભાઈને ત્યાં દૂધનું નક્કી કરી આવ્યા એટલે તેઓએ આદર્શ સોસાયટીનું દૂધ લેવા માંડ્યું.

એક વખત ભીખુકાકાના નોકરો અંદરોઅંદર વાત કરતા હતા કે, 'હવે આદર્શ સોસાયટીવાળાનું દૂધ મોરારજીભાઈએ લેવા માંડ્યું છે ને આપણું દૂધ બંધ કર્યું છે. આપણા શેઠનું એટલે કે ભીખુકાકાનું પહોંચ્યું નહિ ત્યાં સુધી !' આ વાત ભીખુકાકા સાંભળી ગયા. ભીખુકાકા તો અંદરથી રાતાપીળા થઈ ગયા અને મોરારજીભાઈને મળ્યા ને કહ્યું, 'તમે જે અમારું દૂધ લેતા હતા તે તમે બંધ કર્યું, તે તમે બરાબર નથી કર્યું. એટલે હું કાલથી અહીં બોર્ડ મારવાનો છું કે, 'મોરારજીભાઈનું તેમની પત્ની ગજરાબહેન આગળ ચાલતું નથી.' પછી મોરારજીભાઈએ ભીખુકાકાની માફી માગેલી ને ફરીથી દૂધ લેવા માંડેલું.

## ૩. હું વકીલનો મોટો ભાઈ

અમદાવાદમાં વકીલોની એક સભા ભરાયેલી. મોરારજીભાઈ દેસાઈ પ્રમુખપદે હતા. એ સભામાં ભીખુભાઈ પણ હતા. ભીખુભાઈ બોલવા ઊભા થયા, ત્યારે મોરારજીભાઈએ એમ કહ્યું કે, 'તમે વકીલ નથી. તમે બેસી

જાવ.' ભીખુકાકાએ કહ્યું, 'હું વકીલ નથી, પણ વકીલનો મોટો ભાઈ છું.' લલ્લુભાઈથી ભીખુભાઈ મોટા હતા. ભીખુભાઈએ સત્યાગ્રહમાં પણ ભાગ લીધેલો.

## ૪. આવા હતા ભીખુકાકા !

ચોમાસું હતું ને શ્રાવણ મહિનો હતો. એક પરિવારનાં પતિપત્ની અને બીજા બે-ત્રણ જણ અહીં આવ્યાં હતાં. તે બધાં આશ્રમે આવ્યાં ને રસોઈ કરીને બધાં જમવા માટે બહાર ચોતરા ઉપર બેઠાં. **એક બહેનને નાનું છોકરું હતું. લગભગ સવા વર્ષનું હશે. રસોડું ત્યારે વરંડામાં જ હતું. એમાં પેલા છોકરાએ જાજરૂ કર્યું. એ બહેને મને કહ્યું કે, 'ઝીણાભાઈ, આ સાફ કરી આપોને !' તે સમયે ભીખુકાકા પણ ત્યાં હાજર હતા. ભીખુકાકા તો એટલું બધું ઊછળી પડ્યા ને બોલ્યા કે, 'પોયરાં તમારે જણવાં છે ને સાફ કરવાનું ઝીણાભાઈને કહે છે ! કેવી વાત કરે છે ?' એ બહેન તો ચૂપ થઈ ગઈ. આવા હતા ભીખુકાકા.**

## ૫. ભીખુભાઈએ આ વાત કરી હતી

આશ્રમ બન્યો તે પહેલાંના સમયે એક જ થાળીમાં એક તરફ કૂતરું ખાય અને બીજી તરફ ભીખુકાકા ખાય ! એઠું નહિ પણ ચોખ્ખું. આ વાત ૧૯૫૪ની સાલની છે. મને ભીખુકાકાએ આ વાત કરેલી. વાત કરતી વખતે ભીખુકાકાનો એટલો બધો ભાવ હતો કે એકધારું હરિઃૐ, હરિઃૐ બોલ્યે જ જાય. હું આ જગ્યાએ એકલો હતો, ત્યારે ભીખુકાકાએ આ વાત કરેલી.

# ૬. આશ્રમનું નિમિત્ત ભીખુકાકા

શરૂઆતમાં ભીખુકાકા કેરી વેચે ને પછી દર વર્ષે દક્ષિણ ભારત કે ઉત્તર ભારતની જાત્રા કરવા નીકળી જાય. પરિવારમાં તે લોકો પતિપત્ની બે જ જણા હતાં. એમનાં પત્નીનું નામ વિદ્યાબહેન હતું. તેઓ બન્ને એ વખતે દક્ષિણમાં જાત્રા કરવાં ગયાં. તેઓની સાથે તેમના મિત્ર રણછોડભાઈ પણ હતા. રણછોડભાઈ ગોદાવરીમાતાના* ભક્ત હતા. તેઓએ ભીખુભાઈને કહ્યું કે, 'મારે જાત્રા તો કરવી છે પણ સાથે સાથે વેપાર પણ કરવો છે. એટલે તમારો ખર્ચો બધો હું આપી દઈશ.' ભીખુકાકાએ કહ્યું, 'સારું.' એ રીતે ભીખુકાકાને વગર ખર્ચે જાત્રા કરવાનું મળી ગયું.

સૌ પ્રથમ તેઓ રમણ મહર્ષિના આશ્રમે ગયા. ત્યાં એક ચિઠ્ઠી ભીખુકાકાના હાથમાં આવી. તેમાં લખ્યું હતું કે, 'કોઈ ગુજરાતી ભાઈ આવે તો મને મદદ કરે.' ભીખુભાઈને મનમાં એમ થયું કે કોઈ ગુજરાતી છોકરી તકલીફમાં લાગે છે. પછી એ છોકરીને શોધી કાઢી. એ છોકરી પોરબંદરની હતી. એનાં માબાપ આફ્રિકા રહેતાં હતાં અને એને મદ્રાસ ભણવા માટે મૂકેલી. એને એક છોકરા સાથે પ્રેમ થઈ ગયેલો ને એ છોકરો પણ પોરબંદરનો હતો. એ છોકરીને તે છોકરા સાથે લગ્ન કરવાં હતાં, પણ છોકરાનો વિચાર નહિ હોય એટલે એ છોકરો ભાગી ગયેલો.

એ છોકરીને ભીખુભાઈએ પૂછ્યું કે, 'તારે અમારી શું

---

* શ્રીઉપાસનીબાબાનાં શિષ્યા. સાકુરી, શિરડી પાસે શ્રીઉપાસનીબાબાનો આશ્રમ.

મદદ જોઈએ છે ?' છોકરી કહે કે, 'મને તમે પેલો છોકરો શોધી આપો. એટલે બસ ! એ મદદ જોઈએ મારે. મારે તેની સાથે લગ્ન કરવાં છે.' ભીખુભાઈ કહે, 'તે ક્યાં ગયો એની અમને કેવી રીતે ખબર પડે ? અમે કાંઈ ભગવાન થોડા છીએ કે આમતેમ ગમે ત્યાં ભાગી ગયો હોય તે મળી જાય.'

પછી પેલી છોકરીના કહેવાથી ભીખુકાકા ને બધાં મદુરાઈ ગયાં. મદુરાઈમાં સાંઈબાબા નામે એક ફકીર હતો. તેને છોકરીએ પેલા છોકરા વિશે પૂછ્યું, પણ કાંઈ જવાબ મળ્યો નહિ. પછી ભીખુભાઈ એ છોકરીને તે ફકીર પાસે મૂકીને મદુરાઈ શહેરમાં બધું જોવા ને ફરવા ગયા. એટલામાં પેલા ફકીરે તે છોકરીને રૂમમાં પૂરી દીધી, કારણ કે છોકરી જુવાન અને બહુ રૂપવતી હતી. એટલે એ ફકીરની દાનત બગડેલી.

ભીખુભાઈ મદુરાઈમાં બધું જોઈ ફરીને આવ્યા અને પેલા ફકીરને પૂછ્યું, 'પેલી છોકરી ક્યાં ગઈ ?' ફકીરે કહ્યું, 'એ તો ગઈ.' પરંતુ ભીખુભાઈની બુદ્ધિ સરદાર પટેલ જેવી હતી એટલે સમજી ગયા ને એ ફકીરને કહ્યું કે, 'છોકરીને તેં જ સંતાડેલી છે. તું એને અત્યારે જ આપી દે. નહિતર હું પોલીસને લઈને હમણાં આવું છું.' ભીખુકાકાની વાણી બહુ જોરદાર હતી. એટલે એ ફકીર ગભરાયો. તેણે છોકરીને સોંપી દીધી.

પછી એ છોકરીએ ભીખુભાઈને કહ્યું, એક સંત 'મોટા' કરીને કુંભકોણમ્‌માં છે, તે બધું જાણે, આપણે એમની પાસે જઈએ.' એ છોકરી **મોટા**ને જાણે. મદ્રાસમાં **મોટા** ઊતરતા, ત્યાં એક છોકરી પરણેલી, તે આ છોકરીની બહેનપણી થાય,

એથી એ **મોટા**ને જાણે. એટલે પછી તેઓ બધાં ત્યાંથી સીધા કુંભકોણમ્ ગયાં. કુંભકોણમ્ સાંજના ચારેક વાગ્યે પહોંચ્યાં એ સમયે **મોટા** અને નંદુભાઈ ફરવા જવાની તૈયારીમાં હતા. નંદુભાઈ ગાડી ચલાવે ને **મોટા** ગાડીમાં બેઠેલા. ત્યારે આ લોકો ત્યાં પહોંચી ગયાં. પછી ભીખુભાઈએ **મોટા**ને પેલી છોકરીની બધી વાત કરી. એ છોકરીનું નામ કુસુમ હતું. ***મોટા*એ છોકરી સાથે વાત કરતાં કહ્યું કે, 'કુસુમ, તારાં લગ્ન પેલા છોકરા સાથે થવાનાં હશે તો થશે, પણ મારાં અને ભીખુભાઈનાં લગ્ન થયાં.'** ભીખુભાઈએ મને કહેલું કે, 'ઝીણાભાઈ, મને તો તે ઘડી મનમાં એવો વિચાર આવેલો કે, 'પુરુષ પુરુષનાં વળી કેવાં લગ્ન ? હું તો ત્યારે આધ્યાત્મિક બાબતનું એવું કાંઈ જાણું નહિ.' પછી **મોટા**એ ભીખુકાકાને કહ્યું કે, 'તમારે ઢેબરભાઈ અને નારણદાસકાકા સાથે ઓળખાણ છે અને સંબંધ છે તો તમે કુસુમને ત્યાં લઈ જાઓ ને તેમને સોંપી આવો.' એથી ભીખુકાકા સીધા રાજકોટ આવ્યા ને તે છોકરીને ઢેબરભાઈને સોંપી દીધી.

ત્યાર બાદ ભીખુભાઈએ કતારગામ ઘરે પરત આવીને **મોટા**ને કાગળ લખ્યો કે, '**મોટા,** કુસુમના કામમાં પડ્યો, એટલે મારી જાત્રા અધૂરી રહી ગઈ.' **મોટા**એ જવાબ આપેલો કે, **'એને જાત્રા નહિ કહેવાય, એ તો બધી ઘેલછા કહેવાય. જાત્રા તો એને કહેવાય કે ભગવાનનું ભજન કરીએ. માટે તમે મૌનમાં બેસો.' મોટા**એ ભીખુભાઈને બધી વિગત લખી મોકલી કે મૌનમાં શું શું કરવું વગેરે. પછી ભીખુભાઈ એક અઠવાડિયું કતારગામ પોતાના ઘેર મૌનમાં બેઠા. મૌન પૂરું

થયા પછી ભીખુભાઈએ **મોટા**ને તાર કર્યો કે, '**મોટા,** હવે લગ્ન થયાં તે સમજાયું.' **મોટા**એ ઉત્તરમાં લખ્યું કે, '**લગ્ન થયાં એ તો સમજાયું, પણ ચોવીસે કલાક મન ગુરુમાં રહેવું જોઈએ, ત્યારે લગ્ન થયાં ગણાય.**'

પછી અમદાવાદ ગાંધી આશ્રમની મીરાંકુટિરમાં **મોટા**એ ભીખુભાઈને મૌનમાં બેસાડેલા. એ ઓરડી વિનોબાજીની ઓરડી તરીકે જાણીતી છે. એ ઓરડીમાં બે-ત્રણ વાર ભીખુભાઈને મૌનમાં બેસાડેલા. પછી અહીં સુરત આશ્રમની જગ્યા છે, ત્યાં સ્મશાન પાસે બેસવાનું કહ્યું. ત્યાર બાદ આશ્રમની સ્થાપનાનો વિચાર આવ્યો ને આ બધું ચાલ્યું. આવી રીતે ભીખુકાકા **મોટા**ને મળ્યા.

**ચૂનીભાઈ તમાકુવાળા કહેતા કે, 'ખરી રીતે તો આપણે ભીખુકાકાનો જ આભાર માનવો જોઈએ. આપણને *મોટા* મળ્યા, તેનું નિમિત્ત ભીખુકાકા છે અને સુરત આશ્રમ બન્યો તેનું નિમિત્ત પણ ભીખુકાકા છે.'**

## ૭. ભીખુકાકાને લીધે લોકોને *મોટા*ની જાણ થઈ

ભીખુકાકાને ઘરે જ **મોટા** પહેલવહેલા આવેલા. આમ તો વાડીફળિયા પગથિયા શેરીમાં રહેતાં પ્રભાબહેનને ત્યાં **મોટા** આવતા. પ્રભાબહેન **મોટા**નાં આગલા જન્મનાં બહેન હતાં. તે સમયમાં **મોટા**ને કોઈ ઓળખે નહિ ને જાણેય નહિ. પછી **મોટા**એ એવો માર્ગ શોધી કાઢ્યો કે બધાં **મોટા**ને ઓળખતા થઈ ગયા.

જે કોઈ આવે તેને ભીખુભાઈ કહે, 'આવજોને, અમારા ગુરુમહારાજ આવ્યા છે.' **મોટા** પાસે શહેરમાંથી લોકો આવે

ત્યારે ભીખુકાકા બોલતા કે, '**મોટા**, આ ફલાણાંનો વેપારી છે. આ ભાઈ ફલાણાંનો વેપાર કરે છે.' એવી રીતે **મોટા**ને બધાંની ઓળખાણ કરાવી દે. પછી તે બધાંને બે હાથ જોડીને **મોટા** કહેતા કે, 'અમારા આશ્રમે આવજો.'

આવી રીતે ભીખુકાકાને લીધે લોકોને **મોટા**ની જાણ થઈ. પછી તો બધાં આવવા માંડ્યા. **નિમિત્ત તો ભીખુકાકા જ.**

## ૮. ભીખુભાઈનું તેજ અને રૂપ હનુમાનદાદા જેવું

ભીખુકાકા ૫૧ દિવસ માટે મૌનમાં બેઠા ને નવ દિવસ થયા ત્યારે તેઓને પ્રેરણા થઈ કે, બહાર નીકળ, બહાર નીકળ. એટલે તેઓ મૌનમાંથી બહાર નીકળી ગયા. તે સમયે ભીખુકાકા બહુ મસ્તીમાં હતા. જાણે કે **મોટા**ની ચેતના કામ કરતી હતી ! તેઓએ નરસિંહ મહેતાની માફક માથા ઉપર ફાળિયું બાંધેલું અને ખાખી ચડ્ડી પહેરેલી. શરીર ઉઘાડું હતું. હાથમાં કરતાલ ને હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ કરતાંકને તેઓ ડભોલી ગામ આવેલા. અમે ત્યારે ડભોલી ગામ હતા. ભીખુભાઈ આવતા હતા, તે અમે જોયું, ત્યારે અમને ભીખુભાઈ હનુમાનજી જેવા દેખાયા હતા. અમે તો એમને પગે લાગવા માટે એકદમ દોડતા ગયા. એટલે અમને તેઓએ બાથમાં લઈ લીધા. તે સમયે તેમનું તેજ અને રૂપ બરોબર હનુમાનદાદા જેવું જ હતું ! ડભોલીમાં થોડી વાર રોકાયા પછી તેઓ તેમનાં બાને પગે લાગવા માટે કતારગામ ગયા. ત્યાંથી સીધા તેઓ સુરતના એક કૉંગ્રેસી નેતા વૈકુંઠભાઈ શાસ્ત્રીને ત્યાં સગરામપુરા ગયા. પછી તેઓ મગનભાઈ કરીને એક હોમિયોપેથિક ડૉક્ટર હતા તેમને ત્યાં ગયા. માથા ઉપર ફાળિયું

ને ચડ્ડી પહેરીને જ બધે ગયા હતા. બસ એટલું જ પહેરેલું ! પછી મગનભાઈ ડૉક્ટરની ગાડી તેઓને અહીં કુરુક્ષેત્ર મૂકી ગઈ.

## ૯. એના ભાગ્યમાં નહિ

પાટીદાર આશ્રમવાળા નરોત્તમભાઈ બી.એ. પાસ થયેલા. ભીખુકાકા અને નરોત્તમભાઈ બન્ને બહુ સારા મિત્ર હતા. એક દિવસ ભીખુકાકાએ નરોત્તમભાઈને ‘જીવનપોકાર’ ચોપડી વાંચવા માટે મોકલી આપી. નરોત્તમભાઈએ એમને ચોપડીમાં સમજણ નથી પડતી એમ કહીને એ ચોપડી પાછી મોકલી આપી. **મોટા**ની ચોપડી વાંચવાનું એમના ભાગ્યમાં નહિ.

એક દિવસ કતારગામ ભીખુભાઈને ઘેર **મોટા,** ખાટલા ઉપર બેઠેલા હતા, ત્યારે નરોત્તમભાઈ **મોટા**ને મળવા આવ્યા. તે સમયે **મોટા** તો એકદમ ખાટલા ઉપરથી ઊભા થઈ ગયેલા અને બોલેલા કે, ‘આવો, નરોત્તમભાઈ.’ **મોટા** આગળ વધ્યા, પણ નરોત્તમભાઈ નીચે બેસી ગયા. નહિતર **મોટા** એમને ભેટતે. તે પણ એમના ભાગ્યમાં નહિ.

## ૧૦. *મોટા*ને ટપલી મારીને વાત કરતા

શરૂઆતમાં તો ભીખુકાકા **મોટા** સાથે બેસીને વાત કરતા ત્યારે ટપલી મારીને વાત કરતા. એકવાર **મોટા**ના નાના ભાઈ મૂળજીભાઈએ કહ્યું, ‘ભીખુભાઈ, અત્યાર સુધીમાં તમે એક જ ટપલી મારીને **મોટા** સાથે વાત કરો છો.’ ત્યાર પછી ભીખુકાકાને સમજાયું કે, સાલું ! આ ખોટું થયું. આપણે **મોટા**ને ગુરુ તરીકે માનીએ છીએ તો મર્યાદા રાખવી જોઈએ.

## ૧૧. કામ મારું છે કે ભીખુકાકાનું ?

કિરણભાઈને ત્યાં હતા તે અનિલભાઈ **મોટા**ને કહે કે, '**મોટા**, હવે હું ભીખુકાકાનું કહેલું કરવાનો નથી. એ તો એક મિનિટ પણ નવરા પડવા નહિ દે.'

ત્યારે **મોટા**એ કહ્યું, **'કામ ભીખુકાકાનું છે કે મારું ? તું જો, કામ કોનું છે ? ભીખુકાકા ભલે ચીંધે પણ કામ મારું છે.'**

## ૧૨. જમીન ફાડીને અનાજ નીકળશે

ઈ.સ. ૧૯૬૧-૬૨માં ચીન સાથે લડાઈ થયેલી, ત્યારે ભીખુકાકાને વિચાર આવેલો કે, 'બહુ મોંઘવારી થઈ જવાની અને આશ્રમને ચલાવવાની પંચાત થઈ જશે.' **મોટા** તો બધાંના વિચાર જાણે ! ભીખુકાકાના વિચાર પણ જાણી ગયેલા. બીજે કે ત્રીજે દિવસે આ જગ્યા પર બેઠાંબેઠાં જમીન તરફ હાથ લંબાવીને **મોટા**એ ભીખુકાકાને જોરથી કહ્યું કે, 'ભીખુભાઈ, આપણે આવા વિચાર નહિ કરવા. **આપણે માટે તો જમીન ફાડીને અનાજ નીકળશે.'**

## ૧૩. ભગવાનને ધરાવીને જ ખાવું

એક ભાઈ રસોડામાં ફરસાણનો ડબ્બો લઈને આવ્યા. ભીખુકાકાએ તો એ ડબ્બો લઈને ખોલીને બીજા ડબ્બામાં ફરસાણ ભરતા જાય ને સાથે સાથે એક હાથે ફરસાણ ખાતા પણ જાય. તે સમયે **મોટા** પણ રસોડામાં હતા. **મોટા** બોલ્યા, **'ઓ ભીખુકાકા ! તમે આ શું કરો છો ? પેલા ભાઈ જે કંઈ લાવ્યા તે મને ધરાવ્યું કે ? ભગવાનને ધરાવીને ખાવું જોઈએ.**

**નહિ તો ઝાડા થઈ જશે. જેમણે આપેલું છે, તેમની આશા-ઈચ્છા શું તમે પૂરી કરશો ?'**

**ભગવાનને ધરાવવાનો હેતુ એ છે કે, 'ભગવાનને માટે જે કોઈ લાવે એનું પછી ભગવાન બધું સાચવે.'**

## ૧૪. તમારાથી આટલું ખાવાનું છૂટતું નથી

ભીખુકાકાને **મોટા** એમ કહેતા કે, 'ભીખુકાકા, તમે ધરાસણા સત્યાગ્રહમાં ગયા ને આટઆટલી લાઠીઓથી તમારાં માથાં ફોડાવ્યાં પણ તમારાથી આટલું ખાવાનું છૂટતું નથી !'

ભીખુકાકાએ ધરાસણા સત્યાગ્રહમાં માથું ફોડાવ્યું હતું. માથું ફોડાવ્યું એટલે મોટું કામ કર્યું કહેવાય. એટલે રૂવાળા ટેકરે જ્યાં ભીખુભાઈનો ઉતારો હતો, ત્યાં બધાં લોકો ભીખુભાઈની ખબર લેવા જાય. લાઇન લાગે લોકોની અને બધાં જ લોકો ફળની ટોપલી ભરી ભરીને આવે. એ ટોપલીઓ ભીખુભાઈને ભેટ આપે. મોસંબી, સફરજન એમ બધું ટોપલા ને ટોપલા ભરાઈને આવે. ભીખુકાકાના સન્માનમાં સુરતમાં લાંબું સરઘસ પણ તે સમયે લોકોએ કાઢ્યું હતું.

## ૧૫. બન્ને ભાઈઓ ખાવાના ભારે શોખીન

ભીખુભાઈના નાના ભાઈ લલ્લુભાઈ વકીલ હતા. તેઓ ઓલપાડથી લાડુ ખાઈને અહીં આશ્રમે આવેલા. **મોટા** પણ અહીં હતા. મને **મોટા**એ કહ્યું, 'લલ્લુભાઈને નાસ્તો આપો, લાડુ કે એવું કંઈ લઈ આવો.' અમે તો નાસ્તામાં લાડુ આપ્યા ને એ લાડુ ખાઈ ગયા. તેઓના ગયા પછી **મોટા**એ કહ્યું : 'લલ્લુભાઈ લાડુ ખાઈને આવેલા હતા, તેમ છતાં અહીં આવીને

લાડુ ફરી ખાધા !' લલ્લુકાકા અને ભીખુકાકા બન્ને ભાઈઓ ખાવાના ભારે શોખીન.

## ૧૬. વિદ્યાકાકીનું મોત માગવા ભીખુકાકા *મોટા* પાસે ગયા

વિદ્યાકાકી ભીખુકાકાનાં પત્ની હતાં. આશ્રમમાં જ રહેતાં. એ બહુ બીમાર પડી ગયેલાં. વાંસામાં ચાઠાં ને ઘારાં પડી ગયેલાં. એટલે ભીખુકાકા **મોટા** પાસે વિદ્યાકાકીનું મોત માગવા ગયેલા. ભીખુકાકાએ મને કહ્યું, 'હું **મોટા** પાસે વિદ્યાનું મોત લેવા જાઉં છું.'

ભીખુકાકા તો નડિયાદ આશ્રમે ગયા ને **મોટા**ને વાત કરી કે, '**મોટા** ! વિદ્યા બહુ હેરાન થાય છે. વિદ્યાનું મોત આપો તમે !' **મોટા**એ કહ્યું, 'તું જાણે છે કે મારી પાસે મોત છે ?' **ભીખુકાકા બોલ્યા, 'હા, *મોટા* ! મને ખબર છે કે તમે જન્મ પણ આપી શકો ને મૃત્યુ પણ આપી શકો.' મોટાએ** કહ્યું, 'તું લાકડાં લાવી રાખજે.' ભીખુકાકા તરત ગાડીમાં બેસીને સુરત આવ્યા. તે વખતે સ્મશાનમાં લાકડાં કે એવું કંઈ હતું નહિ. જ્યારે કોઈ મરી જાય ત્યારે ગાડામાં લાકડાં લઈને આવવું પડતું. ભીખુકાકા બીજે દિવસે જ સવારમાં રાંદેરથી લાકડાં લઈ આવ્યા ને આશ્રમમાં મૂકી દીધાં. શહેરમાંથી લોકો વિદ્યાકાકીની ખબર લેવા આવે ને લાકડાં જોઈને એમ કહે કે, 'ભીખુકાકા તો વિદ્યાકાકીનાં મોતની રાહ જોયા કરે છે કે શું ? લાકડાં પણ આગળથી લાવી રાખ્યાં છે !' એમ કહે બધાં હોં ! બીજે કે ત્રીજે દિવસે વિદ્યાકાકી ગુજરી ગયાં. **મોટા** કહે કે, 'વિદ્યાકાકી પાછળ સરાવવાનું કે બારમું તેરમું કંઈ કશું

કરવાનું નહિ. કોઈ પણ વિધિ કરવાની નહિ. બધું હું કરી લઈશ.' એથી વિદ્યાકાકી પાછળ કાંઈ કરેલું નહિ.

**મોટા** ધારે તે કરી શકે. આપણને પહોંચાડવા હોય તો પહોંચાડીય દે તરત !

## ૧૭. ખાવાનું ખૂટ્યું નહિ

ભીખુકાકાનાં પત્ની વિદ્યાબહેન ગુજરી ગયાં, ત્યારે ત્રીસ માણસોને પૂરું થાય એટલું ઊંધિયું બનાવેલું અને માણસો થઈ ગયા લગભગ સવા સો ! ને તે લોકો આવીને બધાં રસોડામાં બેસી ગયા. **મોટા** બોલ્યા, 'તમે બધા આવીને જમવા બેસી ગયા છો તે શું અમે તમને કંઈ નોતરું આપેલું છે ? આ તો ભજન કરવાની જગ્યા છે. ભોજન કરવાની જગ્યા નથી.' ભીખુકાકા તો વિચાર કરવા લાગ્યા કે, હવે શું કરવું ? પછી તેમણે **મોટા**ને પૂછ્યું, '**મોટા**, અમે રાંદેર જઈને કોપરાપાક લઈ આવીએ ?' **મોટા** બોલ્યા, 'ના ભાઈ, આપણે કંઈ લેવા જવું નથી, એ તો બધું થઈ રહેશે.' પછી તે ઊંધિયું ચાલી રહ્યું બધાંને ! એટલા બધાં માણસો હતા તોપણ બધાંને ચાલી રહ્યું ! ખૂટ્યું નહિ !

## ૧૮. હસતાં હસતાં ભીખુભાઈનું ડોકું ઢળી ગયું !

ભીખુભાઈ ઈ.સ. ૧૯૭૭ના ઑગસ્ટ મહિનાની ચોથી તારીખે બપોરે ભટ્ટની હૉસ્પિટલમાંથી આશ્રમે આવ્યા. ત્યારે અહીં આશ્રમમાં ગાંધીવિચારધારાના બારડોલીના એક ભાઈ આવેલા હતા. તે ભાઈએ સરદાર વલ્લભભાઈ પટેલ વિશેની બહુ વાતો કરી અને વલ્લભભાઈ વિશેની વાત કરતાં કરતાં

ભીખુભાઈ રડી પડેલા. ભીખુભાઈને સરદાર પટેલ પ્રત્યે એટલું બધું માન હતું.

રજનીભાઈ હિસાબ લખતા હતા. સાંજના સાડાસાતના સમયે અમે બધાં ઑફિસમાં બેઠા હતા. આશ્રમનાં છોકરાંઓ પણ બેઠા હતા. ભીખુકાકા એમ બોલેલા કે, 'અમે તો ત્રણ અધિક મહિના જોયા. તમે શું જોયું ? અધિક માસમાં બે કે ત્રણ છોકરાંઓ આ ઓવારા પર ડૂબી ગયા હતા એવું બોલતા હતા. તમે તો કશું જ જોયું નથી.' છોકરાંઓ ને ભીખુકાકા હસતા જાય ને વાત કરતા જાય. હસતાં હસતાં ભીખુભાઈનું ડોકું ઢળી ગયું, બસ !

ભીખુભાઈને કાંઈ ભોગવવું ના પડ્યું. **મોટા** કહેતા કે, 'ભીખુભાઈનું ભારે શરીર અને બીમાર પડી જાય તો પંચાત થાય. કોણ સેવા કરે ? આપણી પાસે કોઈ સેવા કરનારો માણસ પણ નહિ મળે.'

તબિયત સારી નહિ હોય ને પથારીમાં પડી રહેવું પડે તે બહુ ખરાબ. મને ઘણી વાર ભીખુકાકા યાદ આવે. અહીં આ ઑફિસમાં બેઠાં બેઠાં ગમ્મત કરતાં ને હસતાં હસતાં એમનું શરીર છૂટી ગયું. ભીખુકાકાને ગભરામણ કે એવું કાંઈ નહિ થયેલું. એટલું સારું મૃત્યુ આવ્યું.

॥ હરિઃॐ ॥

॥ હરિઃૐ ॥

# અન્ય પ્રસંગો

## 'જીવનસંગ્રામ' પુસ્તકમાં મેં મારું દિલ રેડ્યું છે.
**- શ્રીમોટા**

## ૧. એ જ ગીતાજીનું રહસ્ય - ગાંધીજી

એકવાર ગાંધીજી કૂવે પાણી ભરતા હતા. એક ભાઈ આવ્યા. એમણે ગાંધીજીને પૂછ્યું, 'બાપુ ક્યાં રહે છે ?' બાપુએ કહ્યું કે, 'ત્યાં બેસો, ત્યાં બાપુ મળશે.'

ગાંધીજી તો પાણી ભરીને ત્યાં ગયા. પેલા ભાઈ બેઠેલા હતા. તેની પાસે જઈને કહ્યું, 'ભાઈ, હું જ ગાંધીજી છું.' પછી પેલા ભાઈએ બાપુને પૂછ્યું કે, 'બાપુ, મારે તમારી પાસેથી ગીતા વિશે સમજવું છે.' ત્યારે બાપુએ કહ્યું કે, 'જુઓ પેલી ઈંટો છે, તેને ત્યાંથી સામેની જગ્યાએ લઈ જવાની છે.' એ ભાઈએ તો આખો દિવસ ઈંટો ઊંચકી. પછી એણે ગાંધીજીને

કહ્યું કે, 'બાપુ, હું તમારી પાસે ગીતાજીનું રહસ્ય જાણવા માટે આવેલો હતો. તમે તો મારી પાસે આખો દિવસ ઈંટો ઊંચકાવી.' બાપુએ કહ્યું, નિઃસ્વાર્થ ભાવે 'આ જે ઈંટો ઊંચકવાનું કર્મ તમે કર્યું એ જ ગીતાજીનું રહસ્ય છે.' પારકાંનું કામ નિઃસ્વાર્થ ભાવે કરવું એ ગીતાજીનું રહસ્ય છે.

## ૨. નથ્થુરામ એ જ મગરમચ્છ

મગરમચ્છ બતાવ, મગરમચ્છ* બતાવ, એમ બાલયોગી મહારાજ **મોટા**ને બોલેલા. તેનો ખ્યાલ હવે આપણને પેલી વાત પરથી આવ્યો !

સંજય હમણાં ડાકોર જઈને આવ્યો. ત્યાં ૯૧ વર્ષના એક મહારાજ છે, તે મહારાજ નથ્થુરામની સાથે હતા. નથ્થુરામ એટલે જ મગરમચ્છ ! નથ્થુરામનો દેહ છૂટી ગયા પછી ગોમતી નદીમાં ૯૧ વર્ષના એ મહારાજને મગરમચ્છરૂપે નથ્થુરામ દેખાયા. એની લંબાઈ આ કિનારાથી સામેના કિનારા સુધીની હતી. જ્યારે મગરે પાણીમાં ડૂબકી મારીને ઉપર જોયું, ત્યારે પેલો ૯૧ વર્ષનો સાધુ ગભરાઈ ગયો, પરંતુ પછી તે સમજી ગયો કે આ મગરમચ્છ નથી. આ તો નથ્થુરામ જ છે. પછી મગરમચ્છ અદૃશ્ય થઈ ગયો.

---

* શ્રીમોટાએ મગરમચ્છનો અર્થ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે મગર જ એક એવું પ્રાણી છે કે જે ઘણો ઊંડો શ્વાસ લઈને પાણીમાં રહી શકે છે. એટલે કે તેનો પ્રાણ પર ઘણો ભારે સંયમ છે. એટલે શ્રી નથ્થુરામજીનો પણ પ્રાણ પર ભારે સંયમ હતો. તેથી શ્રીબાલયોગીજીએ તેમને મગરમચ્છ કહ્યા હતા.

**-શ્રી રજનીભાઈ બર્માવાળા**

એટલે આમ નથ્થુરામે મગરમચ્છનું રૂપ ધારણ કર્યું હશે. એ ઉપરથી મને એમ લાગે છે કે, 'બાલયોગી મહારાજ એવું ધારતા હશે.' અને એટલે જ **મોટા**ને 'મગરમચ્છ મને બતાવ' એમ કહેલું હશે. એવો અંદાજ કરી શકાય.

## ૩. શ્રીધૂણીવાળાદાદાએ બાળકને ધૂણીમાં ફેંકી દીધું

એક બહેનને ધૂણીવાળાદાદાની કૃપાથી છોકરું થયું. એટલે તે લોકો દાદાને પગે લગાડવા આવ્યાં. બાળકને દાદાના હાથમાં આપ્યું. દાદાજીએ બાળકને તરત જ ધૂણીમાં ફેંકી દીધું. પછી પેલી બહેન તો ગભરાઈ ગઈ. જાણે કે એમનો જીવ જ ઊડી ગયો. થોડી વાર પછી દાદાજીએ કહ્યું કે, 'તું પેલી ઊભેલી મોટર પાસે જા.' એ બહેને કાર પાસે જઈને જોયું તો છોકરું કારમાં રમતું હતું !

## ૪. મોહનકાકા વૈદ્ય બહુ દાનેશ્વરી

રાંદેરમાં એક મોહનકાકા વૈદ્ય હતા. બહુ દાનેશ્વરી હતા. કોઈ પણ સાધુ આવે તો ખવડાવે. મને પણ કહી રાખેલું કે, 'કોઈ સાધુ આવે તો સાધુને તમારે દૂધ આપી દેવાનું. પૈસા હું આપી જઈશ.' આ વાત ઈ.સ. ૧૯૫૫ની છે.

અમુક સાધુ તો એમને ઘેર પહોંચી જ જાય. ખબર જ હોય કે એમની પાસે જઈશું તો ખાવાપીવાનું મળી જ જશે. બહુ ભાવિક અને સરસ માણસ હતા. તેઓને **મોટા**એ કલકત્તા જવાની ના પાડેલી. છતાંયે કોઈ કારણસર ગયા ને ત્યાં જ ગુજરી ગયા.

## ૫. ભગવાન તરફ બિલકુલ મોં નહિ

જેમ આપણી આ પૃથ્વી છે તેવો કોઈ બીજો ગ્રહ છે. તેમાં વસ્તી છે. અત્યારે આપણી આ પૃથ્વી ઉપર જે વસ્તી વસેલી છે તેવી. તેમાં એટલા બધા લોકો સુખી ! બહુ સુખી ! ખાધેપીધે પણ બહુ સુખી, પણ ભગવાન તરફ બિલકુલ મોં નહિ. **મોટા**એ આ વાત જયરામભાઈ વડોદરાવાળાને કરેલી. જયરામભાઈએ અમને આ વાત કરી હતી.

## ૬. શ્રીકૃષ્ણ ભગવાનની કેટલી નમ્રતા

કૃષ્ણ ભગવાન બહુ મોટા રાજા હતા ને મહાન પુરુષ પણ હતા. તેમ છતાં તેમનામાં અહંકાર હતો નહિ. એમણે યજ્ઞમાં બધાંની એઠી પતરાળી પણ ઊંચકેલી અને તેઓએ અર્જુનનો રથ હાંક્યો. અર્જુનના રથના સારથિ બનીને રથ હાંક્યો હતો. ભગવાન હોવા છતાં કેટલી બધી એમનામાં નમ્રતા હતી. શ્રીકૃષ્ણ ભગવાન એટલે બહુ મોટી વાત !

## ૭. એક ભાઈ સાજા થઈ ગયા

એક ભાઈ એકદમ પથારીવશ થઈ ગયેલા. દવાઓ બહુ કરી પણ સારું થાય નહિ. એટલે પછી એમણે **મોટા**ને પ્રાર્થના કરી. જેવી પ્રાર્થના કરી કે તરત જ તેઓને શરીરની અંદર કંઈ ફેરફાર થતો જણાયો. તે ભાઈ મને એવું કહેતા હતા કે, 'મેં તો **મોટા**ને પ્રાર્થના જ કરી. તેને લીધે મને એકદમ સારું લાગ્યું, કારણ કે મારાથી ચલાય તેવું તો હતું જ નહિ. મારું શરીર જુઠ્ઠું પડી ગયેલું હતું.'

પછી તો એ ભાઈ ઘેરથી ચાલીને અહીં આશ્રમે **મોટા**નાં

દર્શન કરવાં આવ્યા. આવીને અમને કહ્યું, 'તમે કંઈક માગોને !' અમે ત્યારે કહ્યું, 'પચાસ કિલો ચોખા અને પચીસ કિલો દાળ આશ્રમ માટે લઈ આવજો.'

## ૮. અહીં પ્રેમનું ઝરણું ફૂટેલું છે

બારડોલી સ્વરાજ આશ્રમવાળાં નિરંજનાબહેનના પિતાજી ઉત્તમચંદભાઈ શાહે **મોટા**ને પૂછેલું કે, '**મોટા** ! તમારી પાસે કઈ એવી ચીજ છે કે બહુ લોકો તમારી પાસે આવે છે ?' ત્યારે ***મોટા*****એ કહેલું કે,** 'ઉત્તમચંદભાઈ ! **મારી પાસે અહીં મારા હૃદયમાં પ્રેમનું ઝરણું ફૂટેલું છે. એટલે બધાં મારી પાસે આવે છે.'**

ઉત્તમચંદભાઈને અમે પાંચેક મિનિટ મળેલા, ત્યારે અમે આટલું એમના મોઢેથી સાંભળેલું.

●

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# ‘લવાછાના ભગત’

**- રમેશ મ. ભટ્ટ**

હરિઃૐ આશ્રમ, સુરતનાં પ્રથમ દર્શન ૧૯૫૮માં થયાં. સુરતમાં જાણીતા વકીલ મુ. અનિરુદ્ધભાઈ સ્માર્તને ત્યાં રહેવાનું બનેલું, ત્યારે એમણે કહ્યું કે, ‘રાંદેર પાસે તાપી નદીને કિનારે એક સરસ આશ્રમ છે.’ એક સવારે અમે આશ્રમે પહોંચ્યા. ઝાંપામાં પ્રવેશ કરતાં જોઈને ઊભા નાળિયેરીનાં ઝાડ પર કામ કરી રહેલા એક યુવાને ઝડપથી નીચે ઊતરીને અમને હસતાં હસતાં આવકાર આપ્યો.

ખુલ્લું શ્યામ શરીર, આશ્ચર્યજનક તરલતા અને સ્ફૂર્તિ, બોડકું મસ્તક અને સહજ હાસ્યથી ચમકતા સફેદ દાંત, એક જ ક્ષણમાં આવી આકૃતિ સ્પષ્ટ થઈ. અમે ઑફિસ સુધી પહોંચીએ ત્યાં સુધી તો એ યુવાને હાથપગ સાફ કરીને અમને પાણી આપ્યું.

તાપી નદીના કિનારાને અડીને ઊભેલા આ આશ્રમની રમણીયતા, વૃક્ષો તથા પુષ્પોનું સૌંદર્ય, સાદાઈ અને પવિત્રતાના સંસ્કાર મને સ્પર્શેલા એ આજેય યાદ છે.

પછી એ ભાઈએ અમને કહ્યું, ‘મોતા હમના અહીં નથી.’

સુરતી ઉચ્ચારવાળા આ શબ્દોમાંથી ‘મોટા’ શબ્દ મેં અહીં પહેલી જ વાર સાંભળ્યો.

થોડીક વાર રોકાઈને અમે આશ્રમ જોઈને પાછા ફર્યા.

એ પછી ૧૯૬૪ના ડિસેમ્બરમાં સુરતમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન ભરાયું હતું. ત્યારે ત્રણ દિવસનો મૌનપ્રયોગ શરૂ થાય એ પહેલાં સ્વ. શ્રી અનંતરાય રાવળ સાથે હું આશ્રમે ગયેલો. એ વખતે પૂજ્ય શ્રીમોટા અને અનંતરાય વચ્ચે કેટલીક વાતો થયેલી. મેં **મોટા**ને બીજી વખત જોયા. થોડીક વાર રોકાઈને અમે આશ્રમમાંથી બહાર નીકળતા હતા, ત્યારે જે ભાઈને છ વર્ષ પર જોયેલા એ મને ખાદીની લુંગીને અડધી ઊંચી ચઢાવીને દોડતા હોય એટલી ઝડપથી પસાર થતા જોયેલા.

એ સમયગાળામાં ત્રણ દિવસ આશ્રમના મૌનઓરડામાં હોવાથી કોઈનો પરિચય નહોતો થયો. માત્ર શ્રી નંદુભાઈ અને શ્રી ભીખુભાઈનો આછો પરિચય થયેલો.

• • •

એ પછી બીજાં ચાર વર્ષ પસાર થયાં. ૧૯૬૮માં પૂજ્ય શ્રીમોટા સાથે નડિયાદથી સુરત આવ્યો હતો. આશ્રમના મધ્યભાગમાં આવેલા ખુલ્લા ચોકમાં પૂજ્ય શ્રીમોટા પલંગમાં સૂતા હતા અને વાતો ચાલતી હતી. એ દરમિયાન પેલા ભાઈ તગારામાં કશુંક ઊંચકીને પસાર થયા. બે-ત્રણ આંટા એમણે માર્યા હશે ! મારું ધ્યાન એમના તરફ જતું હતું, ત્યારે **મોટા**એ એમનો પરિચય કરાવ્યો.

**'આ ઝીણાભાઈ આશ્રમનું બધું જ કામ કરે છે. સતત કામ જ કર્યા કરે છે. મારી સામું જોવાનો કે મારી પાસે બેસવાનો પણ એને સમય નથી. આ આશ્રમ સ્થપાયો ત્યારથી મેં સોંપેલું કામ એ કર્યા કરે છે. શું એ માણસને કોઈ દિવસ માથું નહિ દુખ્યું હોય ? એને તાવ નહિ આવ્યો હોય ? પણ કોઈ દિવસ એણે ફરિયાદ કરી નથી.'**

એ વખતે આશ્રમના કામકાજમાં, વહીવટી કામમાં શ્રી નંદુભાઈ અને શ્રી ભીખુભાઈ હતા. 'ભીખુકાકા' તરીકે ઓળખાતી એ વ્યક્તિ એમની પ્રચંડ કાયા અને બુલંદ અવાજથી આશ્રમમાં છવાયેલી અનુભવાય. જ્યારે શ્રી નંદુભાઈ જેમને સૌ 'ભાઈ' કહે એ સતત લેખનમાં ખૂંપેલા જ જણાય. ભલે એ એક ખૂણામાં એમના કામમાં લીન હોય, પણ એમની હાજરી વાતાવરણમાં અનુભવાતી. પેલા 'ઝીણાભાઈ' એ આશ્રમમાં અવિરત ગતિશીલ વ્યક્તિ હતા. મેં તો એમને ૧૯૫૮માં બોલતા સાંભળેલા એ પછી ભાગ્યે જ બોલતા સાંભળેલા.

એ પછી અવારનવાર થોડોક સમય સુરત આશ્રમમાં રહેવાનું બનતું હતું. ઘણુંખરું તો **મોટા** સાથે હોય ત્યારે જ બનતું.

**એક વખત ઝીણાભાઈ વિશે બોલતાં *મોટા* ગદ્‌ગદ થયેલા. આજેય મારી નજર સમક્ષ એ દૃશ્ય સુરેખ બને છે અને *મોટા*એ કહ્યું, 'ઝીણાભાઈએ મારું સોંપેલું કામ જે રીતે કર્યા કર્યું છે, એનું મૂલ્ય મારા દિલમાં છે, છતાં મને એમ થાય છે, એના ગામ લવાછામાં એક નિશાળ એના નામથી**

**બંધાવવી જેથી ગામના લોકો ભવિષ્યે જાણે કે અમારા ગામમાં એક 'ભગત' થયેલા.'**

પૂજ્ય શ્રીમોટાના આ શબ્દો બરાબર યાદ રહ્યા છે.

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૬માં દેહત્યાગ કર્યો એ પછી સુરત આવવાનું ખાસ બનતું નહિ. પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કાર દિનની ઉજવણી એપ્રિલમાં થતી. એમાં પણ કૉલેજની ફરજને લીધે આવી શકાતું નહિ, પણ ૧૯૯૧માં સ્વૈચ્છિક નિવૃત્ત થયા પછી સુરત આવવાનું શરૂ થયું. એ વખતે જાણ્યું પેલા ૧૯૫૮માં જોયેલા ઝીણાભાઈ હરિઃૐ આશ્રમ, સુરતના વ્યવસ્થાપક ટ્રસ્ટી બનેલા છે, પણ જે ત્વરાથી અને પ્રસન્નતાથી અમને એ વખતે પાણીનો પ્યાલો આપેલો એટલા ઉત્સાહ અને ઉમંગથી આજેય એ કામ કરે છે.

૧૯૯૧ પછી ત્રણ વાર લવાછા ગામમાં પણ જવાનું થયું. ગામલોકોનો **મોટા** પ્રત્યેનો પૂજ્યભાવ જેટલો હૃદયસ્પર્શી હતો, એટલો જ શ્રી ઝીણાભાઈ માટેનો પ્રેમાદર સંવેદ્ય* હતો. ગામલોકોએ પૂજ્ય શ્રીમોટા લવાછા આવીને કઈ જગાએ રહેલા એ બતાવ્યું. એ સ્થાન પર આજે શાળાનો પ્રાર્થનાખંડ છે. પૂજ્ય શ્રીમોટાને નીતર્યા પ્રેમભાવથી યાદ કરનારને જોઈને **મોટા**ના પ્રેમરૂપની ઝાંખી મેં કરી છે. સુરત જિલ્લાના લવાછાના ગ્રામજનો તથા અમદાવાદના નરોડાના ગ્રામજનોનું જૂથ તો 'મોટા'નું ગોકુળિયું છે.

• • •

જુદાં જુદાં ફળિયાંમાં વહેંચાયેલું લવાછા સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનું સમુદ્રકિનારાથી નજીક વસેલું ગામ છે.

---

* સંવેદ્ય = લાગણીસભર, સંવેદનશીલ.

ત્યાં તા. ૬-૫-૧૯૨૬ના રોજ મકનજીભાઈ પટેલને ત્યાં ઝીણાભાઈનો જન્મ થયેલો. ત્રણ પુત્રો અને બે પુત્રીનો પરિવાર મૂકીને મકનજીભાઈનું અવસાન થયું. એ વખતે ઝીણાભાઈ પ્રાથમિક શાળામાં ભણતા હતા. ઝીણાભાઈના પૂર્વજો ઘણા સંપન્ન હતા, પણ સમયસંજોગો પલટાતાં ગરીબી આવી. પિતાના દેવામાં જમીન પણ વેચી દેવી પડી. માતા જીવીબહેનને માથે કુટુંબનું ભરણપોષણ કરવાની જવાબદારી આવી. ઝીણાભાઈએ પ્રાથમિક શાળાનાં ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો. માતાને સહાયરૂપ થવા માટે દસ વર્ષની બાળવયથી એમણે ઘરનું તમામ કામ તથા ઢોર ચરાવવાનું કામ શરૂ કર્યું. પછી ઘાસ કાપવાનું તથા માઈલ બે માઈલ સુધી દૂર દરિયાકિનારેથી ભેંસો માટે ઘાસ ઊંચકીને લાવવાની મજૂરી કરી. ૧૫-૧૬ વર્ષની ઉમરે તો લાકડાં કાપવાં, જમીનમાં ખોદકામ કરવું જેવી આકરી મજૂરી કરવાના કામમાં જોડાયા. વીસ વર્ષની યુવાન વયથી નીરો કાઢવા માટે તડવાડા તરીકેની મજૂરીનું કામ કર્યું. સત્તર વર્ષની ઉંમરે મા ગુમાવી. ૧૯૪૯-૫૦માં નીરામંડળમાં જોડાયા. નીરામંડળીમાં ભીખુભાઈ પટેલ (શ્રી ભીખુકાકાના) નિમિત્તે ૧૯૫૪માં **મોટા**નો પહેલો પરિચય થયો.

બાળપણથી જ ઝીણાભાઈને સાધુસંતો માટે બહુ પૂજ્યભાવ હતો. ભગવાં વસ્ત્ર પહેરેલી કોઈ પણ વ્યક્તિને જોતાં જ એમને હરખ થઈ જતો. ગામમાં આવનાર સાધુ-સંતોની એ બનતી સેવા કરતા. લગ્ન કરવાનો એમનો વિચાર નહોતો પણ કુટુંબીજનોની લાગણી તો ઝીણાભાઈનાં લગ્ન

કરાવવાની હતી. એમના મોટા ભાઈ ઘરભંગ થયેલા. એક વખત ઝીણાભાઈ માટે કન્યાની પસંદગી કરવા ગયેલા, પણ મોટા ભાઈ પોતાનાં બીજાં લગ્ન માટે કન્યા પસંદ કરી લાવ્યા. એટલે ઝીણાભાઈ ખૂબ રાજી થયા ! જીવનભર કોઈ સંત-મહાત્માની સેવા કરાય અને એ રીતે ભગવાનની ભક્તિમાં જીવન વ્યતીત થાય એવી ભાવના રહ્યા કરેલી. અઠ્ઠાવીસ વર્ષની ભરયુવાન વયે એમણે જ્યારે **મોટા**ને જોયા ત્યારે **મોટા**માં એમને રામનું દર્શન થયેલું. **મોટા**એ ઝીણાભાઈની સામે જોયા કરેલું.

ઝીણાભાઈ **મોટા**ને મળ્યા કે **મોટા** ઝીણાભાઈને મળ્યા ? આ પ્રશ્ન તો **મોટા** સાથે સંપર્ક અને પરિચયમાં આવનાર સૌને પોતા માટે પણ થયા કરે છે. **મોટા**ને સુરતમાં જહાંગીરપુરા પાસેના કુરુક્ષેત્રના સ્મશાનના ઓવારાની બાજુમાં જમીન મળી. આ જમીનમાંનાં રાડાં, કાંકરા, કાંટા, બાવળાં ખોદીને જમીનની સફાઈનું કામ **મોટા**એ ઝીણાભાઈને સોંપ્યું. ઝીણાભાઈ નીરામંડળીની પોતાની ફરજ બજાવવા ઉપરાંત આ કામ કરતા. ૧૯૫૫માં **મોટા**એ ઝીણાભાઈને ૨૧ દિવસનું મૌન અપાવ્યું. ઝીણાભાઈ હરિઃૐના જપ સાથે સાથે પોતાને સોંપાયેલું કામ કર્યે જતા હતા.

૧૯૫૬ના માર્ચ મહિનામાં નીરામંડળીમાંથી રાજીનામું આપીને ઝીણાભાઈ હરિઃૐ આશ્રમના સેવક તરીકે જોડાયા. પૂજ્ય મોટાના આદેશ પ્રમાણે આશ્રમનું નિર્માણ કરવામાં તથા આશ્રમમાં આવનારની સેવા કરવામાં તલ્લીન બન્યા.

છેલ્લાં ચાળીસ વર્ષથી અવિરત સખત કામ કરતા ઝીણાભાઈ માત્ર સેવક કે કર્મચારી નથી, પણ **'ભગત'** છે.

આશ્રમની સેવા એમની ભક્તિ છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો એમનો ભાવ તેઓશ્રીએ ચીંધેલા કાર્યને પાર ઉતારવાની તત્પરતા અને ખંત દ્વારા વ્યક્ત થાય છે. આમ છતાં પોતે કશું જ કરતા નથી એવા ભાવને લીધે **મોટા** પ્રત્યેની ભક્તિ પ્રતિષ્ઠિત થાય છે.

આજે ૬૭મે વર્ષે ઝીણાભાઈને જોઉં છું, ત્યારે પણ બત્રીસ વર્ષના ઝીણાભાઈને ૧૯૫૮માં જોયેલા એવા જ ત્વરિત પગલે ચાલતા દોડતા જોઉં છું અને એવા જ હાસ્ય સાથે સતત **મોટા**ના જ કાર્યમાં લાગેલા જોઉં છું. પૂજ્ય શ્રીમોટાએ હરિઃૐ આશ્રમના 'પ્રાણસમા' ઝીણાભાઈને જે ભાવાંજલિ આપી છે, એને આ સ્મરણાંજલિ સાથે જોડીને સમર્થન મેળવું છું.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# ભાવાંજલિ

# વહાલા ઝીણાભાઈને ચરણે....

## (અનુષ્ટુપ)

આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,
કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કરી. ૧

નિર્મોહી પૂર્ણ નિર્લોભી, સદ્‌ભાવધારી જીવને,
જે જે મળે બધાંનેયે ચાહ્યા કરે ખરા દિલે. ૨

પ્રત્યેક કર્મને માટે શી તે તત્પરતા ધરે !
જેનું તેનું ચીંધ્યું કર્મ ઉત્સુક કરવા હૃદે. ૩

ભાગીને છૂટવા વૃત્તિ કશામાંથી ન એમને.
પૂરા ઉત્સાહી ખંતીલા મળેલાં કર્મને વિશે. ૪

ગમે ત્યારેય શા પોતે તૈયાર, સાબદા રહે,
નીરોગી, સાવ નિષ્ક્રોધી, કર્મની પટુતા દિલે. ૫

**બધાંયે કર્મની કેવી શી આવડત એમને !**
**ના કશું કરવાની ના એમને મુખ નીકળે.** ૬

આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,
ફરિયાદતણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી. ૭

જેના વિના કદી ચાલે નહિ આશ્રમ કો રીતે,
સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને ૮

જાત નીચોવી નાખી છે સમર્પણે જ ભાવથી,
જેને સમયની ટાંચ વર્તાતી જ કદી નથી. ૯

**ગમે તે કામ છો સોંપો છતાં તત્પર શા સદા !**
**લેવા ઉપાડી પ્રેમેથી ને તે પાર ઉતારવા,** ૧૦

સર્વને રાખવા રાજી પોતે શા વિજયી જ છે !
નિરભિમાની શા જેને, માનકેરી પડી ન છે ! ૧૧

સદાયે હસતા કેવા ! કર્મ વ્યાસંગમાં રમે,
નવરું બેસી ર્‌હેવાનું જેને કદીય ના ગમે. ૧૨

કશા વિશે ન ચિંતા છે, કશાની ચણચણાટી ના,
કોઈનુંયે નકારાત્મક પોતે બોલ્યા નથી કદા. ૧૩

'પ્રાણ આશ્રમના પોતે, છતાં પોતે ન કૈં જ છે.'
એ રીતે જીવને વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે. ૧૪

'મરતાંનેય કદી ક્‌હે ના મેર' એવા મનુષ્યને,
સંસારે વિરલા કોક ઝીણાભાઈ સમા મળે. ૧૫

પ્રતિષ્ઠા, કીર્તિની જેને સ્‌હેજે પડી નથી જગે,
સંબંધ આગવો પોતે બાંધવાનું ન તે ચહે. ૧૬

મહત્ત્વ આગવું ક્યાંયે પોતાનું દેખવા ન દે,
અન્યાય કેટલા કેવા પ્રેમે સહ્યા કરેલ છે. ૧૭

ખોટી રીતે થયા જેઓ ગુસ્સે તો એમના પરે,
તેવાની પર સદ્‌ભાવ, પ્રેમ તે નિત્ય ઠાલવે. ૧૮

વઢીને ધૂળ કાઢી છે ઝીણાભાઈની જેમણે,
સેવા એવાનીયે પોતે હર્ષે હર્ષે કરી જ છે. ૧૯

ભણ્યા ભલે ન છે પોતે, કિંતુ સાચું ભણેલ છે,
જીવન જે રીતે જીવે તે ભણતર, યોગ્ય છે. ૨૦

કળા, કુનેહ સૌ કર્મે, હોશિયારી બધી રીતે,
છતાં ચ્હેરા પરે એવું કળાયે છે ન કો' રીતે. ૨૧

કોઈને કૈં કહેવાની સ્પષ્ટ ચોખ્ખું ખરેખરું
હિંમત તેમનામાં ના એવા છે સાવ શા ભીરુ ! ૨૨

વિનયશીલ, મર્યાદા ઓળંગે નવ કોઈની,
નમ્રતા એમના જેવી મળે ભાગ્યે જ કોકની ૨૩

એવા મને મળ્યા પોતે સંભાળવા જ આશ્રમ,
એવાને ચરણે હર્ષે ધરું ભાવાંજલિ પદ. ૨૪

પુસ્તક : કૃપા
પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૭૩ પૃ.૫ — **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦01 |
| ૭. | મોટા - મારી મા | ૨૦03 |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) ૨૦૧૪
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭


●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

।। હરિ:ૐ ।।

ઝીણાકાકા.....ઘણો વખત ગયા પછી 'મોટા' સાથે સારો સંબંધ બંધાયા પછી મેં મોટાને વાત કરેલી કે, 'મને ટ્રેનમાં તમારામાં રામનું દર્શન થયેલું.' મોટાએ કહ્યું કે, 'આપણામાં ભક્તિ જાગે ત્યારે એવું થાય ને દેખાય, પણ આપણે જેને ને તેને વાત ન કર્યા કરવી.' તેથી અત્યાર સુધી કોઈને મેં વાત કરેલી નહિ. હમણાં હમણાં જ વાત કરું છું.*

*પૂજ્ય શ્રીમોટાનું પ્રથમ દર્શન વર્ષ ૧૯૫૪ માં થયેલું. અને ૧૯૯૦માં ટેપરૅકોર્ડમાં વ્યક્ત થયા.

'શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ', બી. આ., પૃ. ૭૦

કિંમત : રૂ. ૫/-